
વીદ્વાન આર્ટીસ્ટ



મી. જાહંગીર એસ. તારાપોરવાલા. બી એ

(ને આ નાતીમાન 'નોવેલ' અર્પણ કરવામા આવી છે)

દગાખોર નકલીઆ.

રાજા રજવાડામાં વખણાતી "**બાદશાહી યાકુતી અનંગ વિલાસ**" ને મલતેજ નામે બીજી નકલ નીકળેલી છે માટે એવા નકલીઆની દગા ભરેલી જાહેર ખબરથી સાવચેત રહેજો અમારી બનાવેલ **યાકુતી** માત્ર રાજકોટમાં અમારાં ઔષધાલયમાજ મલે છે.

બાદશાહી યાકુતી

અનંગ વિલાસ.

ગમે તે કારણથી ગુમાવેલી તાકાત પાછી આવે છે. પુરૂષાતન કાયમ રાખે છે, આ રાજવંશી યાકુતી વીર્ય વીકારના તમામ વ્યાધી મટાડે છે અને વીર્ય ઘટ્ટ બનાવી ખરૂં પુરૂષાતન આપે છે ખરી મરદાઇ આપનારે અને નબલા માણસને પણ જુવાની માફક જોરાવર બનાવનારા આ દવાનો લાભ લેવા અમારી ખાસ ભલામણ છે. આ દવા વાપરવામા કોઇ પણ જાતની પરેજીની જરૂર નથી. ૪૦ ગોળીની ડબી એકના રૂ. ૧૦

બાદશાહી ચુનાની લેપ.

ઉમદા દવાઓમાથી આ લેપ બનાવેલો છે અને તે ગુપ્ત ભાગની નસોને પુરતી તાકાત આપે છે. ખરૂ પુરૂષાતન લાવવા માટે આ લેપ ફતેહમંદ ઇલાજ છે. આઉંસ એકની દબીના રૂપીઆ આઠ. તમામ દવાઓનું પોસ્ટ ખરચ જુદું.

ડાકટર કાલીદાસ મોતીરામ.

રાજકોટ--કાઠીયાવાડ.

टेलीग्राफीक એડ્રેસ "મેન્નેલીકાઝ"

એમ. એમ. કોપટીની કું.



આરશ તથા ટાઈલ્સના વેપારી તથા કંત્રાકટર્ગ જમીન દીવાલ અને ફરનીચરને બરના સફેદ તથા ફેન્સી લાદીઓ (ટાઈલ્સ) મારસેલ્સની રંગીન તથા લાલ લાદીઓ માગરોલી નળીઆ, આંરસના સફેદ તથા કાળી લાદીઓ તથા પાટીઆ ટેબલને માટે આરસના ચોકઠા પોટલેન્ડ સીમેન્ટ શાહબાદી લાદી બરોફન મોઝેક ટાઈલ્સ વગેરે જથાબધ ત્થા છુટક હમારે ત્યાંથી કીફાયત ભાવે મલશે. આરસ ઉપર કોતરકામ કીફાયત ભાવે કરી આપવામાં આવશે.

એમ. એમ, કોપટીની કું.

૪૮ કસ્ટમ હાઉસ રોડ મુંબઈ

નાગપુરના એજન્ટ

મી. તૈયબઅલી બદરૂદીન બસરાય.

ઠે० આદીતવારી બજાર—નાગપુર

બી૦ અરદેશરની કુંપની.

એડીશન ફોનોગ્રાફ એજનશી

કાલબાદેવીરોડ મુંબઇ.



પ્રખ્યાત એડીશન ફોનોગ્રાફનાં તમો શોખીન છઓ કે? ત્યારે ગાયનની મોજ તમો સાંભળતાં કાંય નથી?

ફોનોગ્રાફ તેનાં ગાયણોની પ્લેટો સીનેમેટોગ્રાફ તેને લગતો દરેક સામાન મધુર અવાજના હારમોન્યમો તેમજ દરેક વાજીંત્રો ઇંગ્રેજી તેમજ દેશી સ્ટોકમાં ત્યાર રહે છે એક વખત મુલાકાત લેવા ભલામન કરવામાં આવે છે.

બે દોસ્તનો ઓચીંતો મેલાપ!

કેખશરૂ—કેમ રતનશાહ ભાઈ ઉતાવલમાં કયાં જાઓ છો?

રતનશાહ—મારકીટમાં જાઉછું.

કેખશરૂ—મારકીટમાં શા માટે જાઓ છો?

રતનશાહ—મારકીટમાં સેન્ટ, શાબુ, લવન્ડર, કોલનવાટર તથા ખોરાકીની ચીજો લેવા માટે જાઉં છું.

કેખશરૂ—અરે ભલા માણુસ છેક ચાલી ચલાવીને મારકીટમાં શું કામ જાઓ છો, ગ્રાંટરોડ ટ્રામ તરમીનસ આગળ શેઠના બીલ્ડીંગમાં પીરોશાહ નસરવાંનજી ની કુંપનીમાં દરેક ચીજો મારકીટનાજ ભાવે આપે છે!

રતનશાહ—ત્યારે તો ઘણુંજ સારૂં થયું.

કેખશરૂ—હમેશાં ત્યાંથીજ લેશો તો કાંઇ લાભજ મેળવશો.

અર્પણ.

ફોટો ગ્રાફી હુનરના ઉસ્તાદ

અને

આર્ટને ઉતમ સ્થીતાએ ચહડાવનાર

મારા

ભલા દીલસોઝ હુનરમંદ દોસ્ત

જાણીતા ફોટો ગ્રાફર

મી૦ જાહગીર એસ તારાપોરવાલા

બી૦ એ૦ ને

આ પુસ્તક હું, તેમની તરફના

મારાં

માન અને ચાહની હંયાતીમાં અર્પણ

કરવાની રજા લઉછું.

દુવાગો સેવક, દીનશા એદલજી કરકરીઆ.

ઢોંગ - સોંગ.

પુરાણું માસીક ચોપાન્યું.

રમુજી ઢોંગ-સોંગ ચોપાન્યું

મુંબઇ તેમજ દેશાવરોમાં સારો ફેલાવો પામેલું છે.

૧૯૧૪ ના પતેતી નંબરની

જરૂર તપાસ લેજો.

પતેતી નંબરથી મરહુમ કવિ દાદી તારાપોરવાલાની
વાર્તા શરૂ થાય છે.

વારસીક લવાજમ રૂ. ર

(વી પી. અને પોસ્ટેજ ખરચ સાથે.)

લખો · મેનેજર ઢોંગ--સોંગ.

ગ્રાંટરોડ—મુંબઇ.

મરહુમ લેખક મી૦ સોરાબ પાલમકોટનાં પ્રખ્યાત “માસીક મજાહ” ચોપાનિયાંમાં શું પારસી, હિંદુ કે મુસલમીન કુટુંબોમાં ઘેરેઘેર વખણાયલી અને અત્યંત લોકપ્રીય થયલી જાણીતા કવી-લેખક મરહુમ મી૦ દાદી તારાપોરવાલાની કસાયલી કલમથી લોકપ્રીય પારસી સંસારી મોટી વાર્તા નામે—

“દુઃખી દાદીબા

અથવા

પરીનનો પસ્તાવો.”

મરહુમ મી૦ તારાપોરવાલાની આ વખણાયલી વાર્તામાં મુમ્બઇના નામાંકિત આર્ટીસ્ટ મી ધુરંધરે ચિતારેલા અતિ સુંદર ૨૫) ચિત્રો ઉંચા આર્ટ પેપર પર છાપેલાંછે.

તમારાં વહાલાંઓને “ભેટ” કરવા સારૂ એનાં કરતાં બીજી સરસ “પ્રેઝન્ટ” કોઇ મલવાની નથી.

કીમત માત્ર રૂ. 3) V.P.P. થી મોકલવામાં આવશે

તમે સેંકડો વાર્તા વાંચી હશે પણ એકવાર “દુઃખી દાદીબા” વાંચી જુઓ કે એક વાર્તા સંસાર સંબંધી કેવું ઉમદા શિક્ષણ આપી શકેછે. નીચલે ઠેકાંણે લખો.

મિસ. જરબાનું દા૦ એ. તારાપોરવાલા—

તારાપોર—(ડીસ્ટ્રીકટ થાણા.)

"વીસ લાખનો વારસો."

પ્રગટ કરનાર તરફનો ખુલાસો.

મારા મરહુમ માનવંત મીત્ર કવી દાદી એ. તારાપોરવાલાની આ નીતીનું શીક્ષણ આપનારી તથા નેકીની સમજ દેનારી "નોવેલ" મારા હસ્તકમાં પ્રગટ થવા પામીછે જે વીષે બે બોલ બોલવાની હું રજા લઇશ

પારસી કોમમાં તેમજ બીજી સઘળી ભાઇબંધ દેશી કોમમાં કવી દાદી તારાપોરવાલા એટલાતો જાણીતા થયલા હતા કે જોકે તેવણ મરણ પામ્યા છે તોપણ તેવણ નામે અને કામે અમર રહી ગયા છે અને આવતી ઘણીક ઓલાદો વચે તેઅણનું નામ જાણીતું માનીતુજ રહેશે એમ સઉ કોઇ ખાત્રીથી માની શકશે. મરહુમના લખાણો તરફ સઉ કોઇ દીલસોજી અને વખાણની લાગણીથી જોતુ હતુ અને તેવીજ મારી પણ લાગણી તે વખાણો તરફ હતી મરહુમ દાદી તારાપોરવાલાના લખાણમાં એવો મીઠાસ સમાયલો ઘણાઓએ તેમજ મે જોયો હતો કે જેને માટે એટલુંજ કહેવુ પુરતું થઇ પડશે કે કોઇ વાત આપણે અકલમંદ માણસ સાથે વાતચીત કરતા હોઇયે તેવુંજ તે વાચતાં આપણને લાગતું હતું.

મરહુમ ભાઇ દાદીના ઘણા લખાણો બહુ બારીકીથી તપાસની મેં હંમેશા કોશેશ કીધી છે અને મે જોયુ છે કે ખુદા પરસ્ત સાચ્ચા બંદા તરીકે, પરવર દેગારની રાહબરી હેઠળ રેહનાર પ્રાણી તરીકે, મહઝબી ફરમાન ને માન આપનાર માણસ તરીકે, રાહ રસમ અને રીવાજપર સુપ્પી રહેનારા જરથોસ્તી તરીકે અને નીતી નેકી અને [illegible] ઉપર પસંદ રહેનારા પારસી તરીકે તેવણે દરેક લખાણમાં

પોતાના ગુણો અને ઉતમ ખાસયતની સાબેતી આપી છે. અફસોસ એવો એક ઉધરતા લેખકોનો ગુરૂ, ભાઇબંધ લેખકોનો દીલસોઝ અ ઓલમાઓનો ચેલો ક વખતે આપણુને છોડી ગયો છે; જો વ વખત આપણા વચે રહેતે તો આપણુને સાહીત્યના બાગમાં વધુ કીમતી ખજાનો આપી જતે.

આ "વીસલાખનો વારસો" દરેક સંસાર મંડળમાં અને દરેક કુટુંબી ઘરમાં રહેવી જોઇયે અને દરેક બાલ બચ્ચાં બુઢાં અને બાનુથી વંચાવી જોઇયે એવું મારૂં નાકેશ મત છે. તેથીજ આ ચોપડી છપાવી પ્રગટ કરવાની હામ મેં બીડી છે અને તે કામ મેં માથે ઉઠાવ્યું છે. અને તે કામ બજાવતી વેલા મને ભરૂસો છે કે આ કામમાં મને ફતેહ મેળવી આપવામાં મરહુમના હજારો મીત્રોની મદદ મને મળશે.

આ વાર્તાનો દીબાચો મરહુમના મીત્ર અને મારા દીલસોઝ દોસ્ત "ગુલફામ" ને હાથે લખાયલો જોઇને મને સંતોષ ઉપજે છે. મી० "ગુલફામે" પોતાની બહોલી રોકાણુ હોવા છતાં આ દીબાચો લખવાની તસ્દી લીધી છે તે માટે હું તેમનો આભાર માનુ છું અને ખાત્રીથી ધારૂં છું કે મરહુમને આ મી० "ગુલફામે" ઓચરેલા મરહુમને માટેના બોલો તે દરેક વાંચનાર તથા મી० દાદીને ઓળખનાર ટેકો આપ્યા વના રહેશે નહીં.

મી० દાદી તારાપોરવલાના પુસ્તકોને જે રીતે હમણા સુધીમાં આમ અને આલમથી આસરો મળયો છે તેજ રીતે આ ચોપડીને પણુ મળશે એવી મને ઉમેદ છે.

લી० દુવાગો સેવક,

દીનશા એદલજી કરકરીઆ.

તા० ૧-૯-૧૪.

વીસ લાખનો વારસો.

લખનાર—કવિ દા. એ. તારાપોરવાલા.

પ્રગટ કરનાર,

દીનશા એ. કરકરીઆ.

મરહુમ કવિ "દાદી એદલજી તારાપોરવાલા"ની આ "વીસ લાખનો વારસો" નામની વાર્તાની ચોપડી મુંબઈ ગ્રાંટરોડ ગ્રામ તરમીનસ નજદીક ત્રીભોવનદાસ બીલડીગમાં આવેલાં, પોતાના

"માણેક પ્રીન્ટીગ પ્રેસમાં એના માલેક

શી૦ દીનશા એદલજી કરકરીઆએ

આ ચોપડી પોતાને માટે છાપી છે,

અને ઉપલેજ ઠેકાણેથી

પ્રગટ કરી છે.



વીસ લાખનો વારસા નામની આ વાર્તાના
લેખક, મરહુમ કવિ દાદી એ. તારાપોરવાળા.

"વીસ લાખનો વારસો."

કથા માટે બે બોલ.

——:૦:——

લખનાર—ગુલફામ.

જ્યારે એક માણસ પોતે લખેલી ચોપડીનો દીબાચો પોતાને હાથે લખવા બેસે છે ત્યારે પોતાના લખાણ બાબે તારીફના સુખન બોલતાં લખતાં ખુદરતી રીતે અચકાય છે. પણ વળી મેં કેટલીક વાર એવું પણ જોયું છે કે કોઇ કોઇ લખનાર પોતાના દીબાચામાં પોતાની વાર્તા કે નાટક કે કોઇ બીજા લખાણ માટે આડકત્રી રીતે રણસીંગડાં ફુંકે છે; અને 'હું કહેતો નથી પણ ગામ એમ કહે છે' એવાં ઓઠાં હેઠળ પોતાની અને પોતાનીજ તારીફ કરવાનું જીખ્યા કરે છે. એવી તારીફના અને હુંપણાંનાં લખાણ વાંચીને ઘણાઓને રમુજ ઉપજતી હશે. જેઓ ઠરેલ અને "સોબર-માઈંડેડ" છે તેઓ એવી નબળાઇથી દુર રહેછે. પણ એક લખનારને હમેશાં એવી હોંશ રહેવી જોઇએ કે તેના લખાણ બાબે સ્વતંત્ર અને સાચ્ચા વીચારો તેની જાણમાં આવવા પામે અને તેની નોંધ પણ રહેવા પામે. એમ હોવાથીજ ઘણાક લખનારાઓ પોતાની ચોપડીના દીબાચા પારકે હાથે લખવાનું પસંદ કરે છે. આજે આ દીબાચો લખવાનું મારે હાથે આવ્યું છે માટે પ્રમાણીકપણે અને ખરી નીષ્ટાથી મારા વીચારો દર્શાવવાની હું મારી ફરજ વીચારીશ.

મરહુમ મી○ દાદી તારાપોરવાળા મરણ પામ્યા છે; તેવણના અકાળ અને કવખતના મરણ ઉપર આપણે વીલાપ કીધો છે, પણ તેજ વખતે આપણને એટલો સંતોષ ઉપજ્યો છે કે મરહુમ જેવા એક કુશલ અને કળાબાઝ માલીને હાથે વવાયલાં બી અને રોપાયલા રોપાથી એક ગંજાવર ખુશનુમા બગીચો ગુજરાતી વાંચનારી આલમને ભેટ મલ્યો છે અને તેવણના મરણ પછી પણ નવા રોપા અને ઝાડ ઉંચતા અને ખીલતાં જાય છે મારા સાંભળવામાં આવ્યું છે કે મરહુમનાં હજી બીજાં દગલા બંધ લખાણો પ્રગટ થયા વનાનાં રહેલાં છે; જો તે ખરી વાત હોયતો વાંચનાર આલમને તે વાત એક ખુશ વધાઇ સામાન થઇ પડવી જોઇયે.

મરનાર મી○ દાદી તારાપોરવાળાની જીંદગીનો હેવાલ આ મારા દીબાચામાં હું સમાવી શકતો નથી, એ મારી દલગીરી છે. જો તેમ બની શકતે તો એક 'વોલ્યુમીનસ' લખનાર, એક ચુનંદા નોવેલીસ્ત, એક બાહોશ તવારીખ નવેશ, હજારો બાબતોનો અભ્યાસ કરી ચોકસ કલાસનું ચેપટર ઉભું કરનાર શોધક, ઉંચ મઝમુનના સમાવેશ સાથની ચહડતા પ્રકારની કવીતા જોડનાર કવી, ખરી ગણત્રી કરનારો એક ચંચલ જોતીશ, વગેરે મરનારની ખુબીનું થોડું ઘણું વર્ણન આપવાની આ નાચેશ કલમ કોશેશ કરતે પણ હવે મારે તો આ ચોપડીની હદમાંજ રહેવાનું છે

"વીસ લાખનો વારસો" નોવેલ આપણી આગળ નીતીના નમુના અને દુખ સંકટના ભોગના ચીતાર રજુ કરે છે. કેટલાક માણસો એક વાર્તા વાંચી ને અથવા એક નાટક જોઇને દુર અંદેશ ઉપાધ્યા બની જડી ચતુરાઇથી માથુ ધુનાવી અકલમંદી સાથે ટીકા કરે છે

કે, " કેવું વાહીયાત ! આવું તે કાંઇ સંસારમાં બનેછ કે !" ખરી વાત છે, નાટક અને વાર્તામાં બનતા બનાવો કદાચજ સંસારમાં જોવામાં આવતા હશે. પણ દરરોજ સંસારમાં બનતા બનાવો કેવા હોય છે! સવારના જાગ્યા, ચાહ પીધી, નાસ્તો લીધો, આફીસમાં ગયા, સાંજે ઘેર આવ્યા, રાતના જમીને ઉંગાઇ ગયા, કોઇ વાર નાટકમાં ગયા, કોઇવાર કોઇ સાથે ચીઠડાં કાઢયાં, અને કોઇવાર કોર્ટમાં જઇને જુબાની આપી. આવા બનાવો સંસારમાં હમેશાં બને છે. પણ તેજ બનાવો ફકત એક વાર્તા કે નાટકમાં દાખલ કરવામાં આવે તો તે "નાટક" કે "વાર્તા" ગણાયકે! 'નોવેલ' એટલેજ નવી ચીજ. કાંઇક નવુ. સેનસેશનલ અને અસાધારણ હોય ત્યારેજ તે નોવેલ ગણાય. એ વાત ઉપલા ઉપાધ્યાઓ ભુલી જાય છે, અને પોતાની ચતુરાઇ દેખાડવા કાંઇ બી નુકતેચીની કરવી એવી મતલબે કાંઇ આંકરો-ધતુરો ભરડી દે છે. સંસારમાં નહીં બન્યા હોય તેવા ઘણા બનાવો આ "વીસ લાખનો વારસો" માં સમાવેલા છે; પણ હું સવાલ પુછીશ કે તેવા બનાવો સંસારમાં બની શકે કે નહી ! અલબતાં બની શકે; તે નથી બન્યા તેથી એમ ઠરતું નથી કે તે બનાવોની વાર્તા પણ બનવી નહીં જોઇયે. આ વાર્તામાં ઘણા નવા બનાવો છે જે દરેક બનાવ સંભવીતપણું દેખાડે છે અને તે ગોઠવવાની કાબેલીયત પુરવાર કરી આપે છે. આ વાર્તાનું વણું ગોઠવવાના હુનરની જેઓ કદર બુજશે તેઓ વાહયાત ખ્યાલો પર મનને રોકશે નહીં પણ લખનારની ખરી ખુબીનીજ પીછાણ કરવા પર ભેજાને તકલીફ આપશે.

આ આખી વાર્તાનો પાયો એક વરસતનામા માહેલી એક કરડી

સખ્ત કલમ ઉપર રચાયો છે. આપણે જાણ્યે છીયે કે ઘણા તવંગર ઘરડા માણુસો દાધાબલ્યા હોય છે અને એક નેમ પાર પાડવા કાજે વસ્યતનામા મધે એવું કાંઇ લખી જાય છે કે જેથી પોતાના વારસો સુખી થાય અને સુધરે એવી નેમ રાખે છે પણ તેઓ ઢાલની બીજી બાજુ જોઇ શકતા નથી અને જે વારસોને સુખી કરવાની તેઓ ઉમેદ રાખે છે તેજ વારસો તે કઢંગી કલમથી હેરાન પરેશાન થાય છે જેનો તે ઘરડાઓને દુરઅંદેશી વીચાર રહેતો નથી. આ વાર્તા, તેવા ઘરડા, દાધાબલ્યા, તવંગર, અને હઠીલા માણુસોને એક કીમતી ધડો શીખવે છે અને દોલતમંદોને એક સારો વારસો આપે છે.

બીજી તરફ આ વાર્તા પ્યાર અને પઇસા વચેની લડાઇનો એવો નીતીમાન દાખલો રજુ કરે છે કે સંસારમાં પોતાનો કારોબાર ચલાવતાં ઘણાં સંસારીઓને તે ઉપરથી ઓસ્તવાર અને સાબેત કદમ રહેવાને દોરવે છે. રૂસ્તમ રોમર અને નાજાં વચેનો નાટક વાચતાં ઘણા હેત-વંતાં જોડાંઓ પ્યારના ભોગે પઈસા ઉપર ધસડાવાની હલકી ખાસી-હતનો ખ્યાલ કરી સકશે.

વીસ લાખ! એ કાંઇ નાની રકમ નથી—એક ગંજાવર દોલત છે. તેવી રકમને ઠોકર મારનારી, યકીનદાર, અને ખરી મનસ્વીવાળી છોકરી આખરે સુખી નહીં થાય તો ખુદરતની રમત અને રચના પોતાની મોતેબરી જાળવી શકે નહીં. પઇસાને તુચ્છકારનારા, એ એક પાપ છે, એવી રીતે તુચ્છારવાના ફીલસુફીથી બોલનારાઓને ઝાઝું વજન મળતું નથી કારણ કે તેઓ માહેલા ૯૯ ટકા જેટલા માણુસો મોહડે જે બોલેછે તે જીગરમાં ધરાવતા હોતા નથી. પણ પઇસાને કાજે પોતાના

સુખનો ભોગ આપવો અથવા કોઇ પારકાંનાં સુખનો ભોગ લેવો એ અજીમ ગુનાહ છે. આ સીધાંત આએ ચોપડી સાબેત કરી આપે છે અને તેથીજ દુન્યાદાર માણુસોને આએ નાનકડી કીતાબ અભ્યાસ કરવાજોગ થઇ પડે છે.

કાવા દાવા! કયાં તે નથી ચાલ્યા! સંસારમાં કાવા દાવા તો જાણે એક રગો રગમાં દાખલ થયલી ચીજ છે અને તે નાનાં કે મોટા પ્રમાણે સંસાર દાખલ થવાનેજ સરજી છે. પણ કાવા દાવા એક હીચકારાનું હથ્યાર, એક હલકાનો હુનર, એક છકેલનું છટકું અને એક ધાટકીનો ધાટ છે; એ આપણે જોયું છે, જાણ્યું છે, અને સંસારમાં અનુભવ્યું છે. તેવા કાવાદાવાને નવાં અને ખેંચાણકારક રૂપમાં રજુ કરવા અને તેનો ખરો ખ્યાલ આલમ આગળ રજુ કરી તેમાં સમયલી બદી અને નુકસાન કરનારી અસરનો ખયાલ આપવો એ એક જાહેર લેખકની ફરજ છે. મી૦ દાદી તારાપોરવાળાએ તે ફરજ આ નોવેલ અવે બજાવી છે અને તેવા કાવાદાવાનો આશરો લેનારા કોઇ આડો રસ્તો લેનારા મુર્ખાને રસીલી ભાષા અને કલ્પીત કથાથી સારે માર્ગે દોરવવાની કોશેશ કીધી છે.

મ્હોબત! જેઓ નાંખે જીભ લગાડીને કહે છે કે "પ્યારના પીંજણ અને મ્હોબતની માહેતમ વાંચતાં કંતાળો આવ્યો છે; એવી વાર્તા હવે લખાવી જોઇયેજ નહી"—તેમને પુછી જોવો કે કયો સંસાર મ્હોબત વના ફતેહમંદ ઉતરશે? કયો વહેવાર પ્યાર વના પાર ઉતરશે! કઇ કારસાજી અને કારવાઇ દીલલગી વના ઉત્તમ પરીણામ નીપજાવશે! મ્હોબત, ખુદ ખુદરતની કરામત છે, પ્યાર તે પવીત્ર લાગણી

છે; અને તે મ્હોબતને મહઝબમાં મોતેબરી મળી છે, ખુદાઇ ફરમા-નમાં તેને એપ્રાઇ આપવામાં આવી છે. "ફ્લરટેશન" અને "લવ" વચ્ચે ફરક છે અને જે વાર્તામાં મ્હોબતનો મસાલો આમેજ નહીં હોય તે મીઠાં વગરના મીષ્ટાન જેવી ગણાવી જોઇયે. આ "વીસ લાખનો વારસો" કથામાં મ્હોબતનો ખરો રાસ્ત રોહ વહેતો કરવામાં કરવામાં આવ્યો છે અને મ્હોબત, જ્યાં ખરી સાચ્ચી અને ખુદ જીગરની હોય ત્યાં એક સ્ત્રી જેવી કોમળ કાયનાત પણ શું કરી શકે છે, શું કરવા ચાહે છે, અને તે મ્હોબતની બરખત અને મદદથી કેમ ફતેહમંદ ઉતરે છે તે આએ વાર્તા વાંચનારને શીખવે છે.

આએ વાર્તાનો દીબાચો લખતાં મને મળેલી જગાની હદથી હું બહાર ગયો છું એવી મને ધારતી છે માટે હવે છેવટ ઉપર આવીશ.

મરહુમ મી૦ દાદી તારાપોરવાળાએ આ વાર્તા એક કીમતી વારસા તરીકે આપણને આપી છે અને જીંદગીભર સાહીત્યના સાચા સેવક તરીકે તેવણે જે તારીફ લાયક કારકીર્દી ગુજારી હતી તેની કાયમની જે યાદગીરીઓ તેવણ મુકી ગયા છે તેમાં આએ વાર્તા એક ઓસ્તવાર સ્થંભ તરીકે ઉમેરો કરે છે. આ વાર્તાની ફતેહ તેનાં નમુનાદાર વળાં ઉપર, તેની ઝમકદાર ઝબાની ઉપર, અને તેમાં સમાવવામાં આવેલા નેકી, નીતી, મ્હોબત અને કાવા દાવાની અસર અને પરીણામોના ધડો લેવા જોગ સમાવેશ ઉપર રાખે છે એમ કહેવાની હવે મારે માટે જરૂર રહીજ નથી.

વીસ લાખનો વારસો

અથવા

પ્યાર સરસ કે પૈસા ?

[લખનાર—કવિ દા. એ. તારાપોરવાળા.]

[એક પારસી સંસારી વાર્તા.]

પ્રકરણ ૧ લું.

જાલકાકાનો "તાર."

તે દિલનો દિલદાર છે, તે ધર્મી છે પૂર:
તે સૌ પર રાખે નજર, તે બક્ષે છે નૂર.
તે નિજનું ચાહ્યું કરે, તે ઇચ્છે તે થાય,
તે માલિકને નમ સદા, તે આપે નિત સાથ.

[દિલજાન.]

ચાલો છોકરીઓ, ઘેરમાં જઇયે, વરસાદ આવેછ."

"કયા છે વરસાદ, માયજી, જરા ઝીણી ઝીણી છાંટી આવેછ તે કે? અરે, બંગલામાં ને બગલામાં તો એક અઠવાડીયું થયું ગોંધાઇ રેહેતાં મને તો બા જીવપર આવ્યુંછ"


"અરે હારે, મારોએ જીવ ધભરાઇ રહયોછ. કાલે બાલે વરસાદ ઉઘાડ આપતે તો જરા બાહેર જતે."

ઉપલી વાતચીત મહાલક્ષ્મીના દરીયા કીનારા તરફ વસ્તા એક સુખી કુટુંબની મા–બેટીઓ વચ્ચે સાંજે ૭ વાગ્યાને અમલે થતી હતી. તેઓ બંગલાની બાહેર પોર્ટીકોમાં ખુરસીઓ મુકાવી, ખુશ વાતચીત વચ્ચે પોતાનો વખત વેરતાં હતાં.

હજી તો તેઓ વચ્ચે આ વાત ચાલે છે તેટલા વરસાદનું એક મોટું ઝાપટું આવી લાગ્યુ અને તે ત્રણે જણને દીલની કાંઇક નારાજી વચ્ચે બંગલાનાં નીચલાં દીવાનખાનામાં જઇ બેસવાની ફરજ પડી.

"ફીરોજ દીકરો વેહેલ્લો આવે તો સારૂ, નહી તો વળી ગેઇ કાલની માફક બધા ભીનાઇને તરબોળ થઇ જશે" પેલી અઘોર માતાએ એક માયાળુ માવતરને છાજતી કાલજી બતાવી દીવાનખાનાની વચ્ચેની ગોળ મોટી ટેબલ નઝદીક એક ખુરસીપર જગ્યા લેતા ફીકર કીધી.

"મમ્મા, તમે નાહક ફીકર કાંય કરોછ?" પેલી બે બેટીઓ માહેલી વડી બેટી બોલી. "જાણે તમારો દીકરો પગે ચાલીને વરસાદમાં ભીંજાતો કોટવેરથી અહીં આવવાનો હોયની! ખોદાયની દીધી



લેવો, સાહેબ ! તમારા નિમિત્ત આ વસ્ત્ર વણી લાવ્યા છે !
નામ દેતાંની સાથે જ અવાજ આવવા લાગ્યો.

(જુવો પાનું ૩ જું.)

આપણી ગાડીમા એ તો આવશે, ત્યારે ફીકર શાની કરવાની ? બંધ ગાડીએ મજાહનું આવવાનું તેમાં તરબોળ તે કેમ થતો' તો ?"

"તુ કહેછ તે ખરૂ છે, દીકરી આલાં, પણ મારો જીવ માનતો નથી." તે માયાલુ માવતરે જવાબ આપ્યો "ગેઇ કાલે વરસાદનું થોડું તોફાન હતુ ? ગાડીમાં હોય તેથી શું થયુ ! મારમારના વરસાદમાં આવવા-જવાનું એટલે જોખમતો ખરોજ તો ! નહી દીકરી, તારા જેવું મારૂં હૈયું સખત નથી."

"નહી મમ્મા, એમા સખત હૈયાંનો સવાલ નથી ' આલાએ હસીને જવાબ આપ્યો. "મારા વ્હાલા ભાઇને માટે મને ઓછું વ્હાલ નથી, પણ તમારી ફીકર ફોકટની હોવાથી તમે નાહક વગર કારણે ચીંતાતુર બનોછ. વીચાર કરો, માયજી, ખોદાની મેહેરથી આપણે વાડી ગાડીએ ફરીયેછ, પણ જે બીચારાંઓને એવા સાધનો નહીં હશે તેઓની ચોમાસાના ચાર મહીનામાં સ્થીતી કેવી હશે ? કોણ કોણ બીચારાં કમનસીબોનાં બાપ, દીકરા, ભાઇ કે ભરથાર પોત-પોતાની આફીસો કે મીલોમાથી એવા સખત વરસાદ વચ્ચે પગે ચાલતા ને તમામ ભીજાઇને તરબોળ થઇ જતા ઘેરે જતા હશે તેઓના વ્હાલાઓ તે ત્યારે કેમ ધીરજ રાખતા હશે ? તે માલેકનાં શુકર કરો માયજી કે તમારો દીકરો તો ગાડી ઘોડે ફરેછ"

તે માય-દીકરી વચ્ચે આ વાટ ચાલે છે તેટલાં બંગલાના આગલા દરવાજામા બે કાળા સુદર આરબ ઘોડાની એક ફાંકડી લેન્ડો ગાડી દાખલ થઇ, જે જોતાંજ બીજી બેહેન નાજા બોલી ઉઠી, "લેવો માયજી તમારા દીકરાના આવરદા લાબા છે ! નામ લેતાને વારમાજ

એવણુ આવી લાગાછ"

તે માયાળુ માવતર આ ખબર સાંભળી ખુશ થઇ.

"ભલે- ભલે! ભલે આયો મરૂં સો વરસનો થવાનો!" અને એમ બોલી તેઓ આગલા દરવાજા તરફ ગયાં.

બાગમાં દાખલ થયલી તે ગાડી બગીચાનો ચકરાવો લઇ બંગલાના પોર્ટીકોમાં આવી ઉભી અને તેમાંથી એક દેખાવલો જવાન હસતે ચેહેરે સીહડી ચઢી ઉપર આવ્યો

"આજે કોટમા ઘણો વરસાદ છે, માયજી" તેણે દીવાનખાનામા દાખલ થતાંજ પોતાનાં આગપરનો ઓવરકોટ કાઢતાં ચલાવ્યુ. "અહી એટલો વરસાદ જણાતો નથી."

"અહીબી હમણાજ એક મોટું ઝાપટું આવી ગયું, દીકરા, પણ ગેઇ કાલના જેટલો આજે નથી" તે ભલી માતાએ હરખાયલે હૈડે જવાબ આપ્યો.

"મમ્મા, એક ખુશ ખબર કહું? તે કેહવા માટે તો હુ આજે એટલો જલદી ઘેર આયોછ." તે ખુબસુરત જવાને માથાપરથી ફેટો ઉતારતાં એક ખુરશીપર જગ્યા લઇ કહ્યું. મને હમણાંજ ચીનથી જાલકાકાનો તાર મલ્યોછ તેવણુ મુંબઇ આવેછ."

"જાલકાકા મુંબઇ આવેછ!" તે ત્રણે બાનુઓ અચરત થઇ એક અવાજે પુછવા પડી.

"હા! આજની મેલ સ્ટીમરમાં તેવણુ હાંગકાંગથી ઉપડયાછ" ફીરોઝે ખુલાસો કીધો "તારમાં જણાવેછ કે આએ મેલ ઉપડવાની

આગમચના મેલમાં એવણે આપણુને એક કાગળ લખ્યોછ. જો તેમ હોય તો તે એક બે દહાડામાં આપણુને મળવો જોઇએ "

"કેવુ અજબ જેવુ ! આજે વીસ વીસ વરસ થયા એવણ ચીન સીધારેલા છે તો કોઇ દહાડે નહીં ને હમણા અચણુછ અહીં આવવાનું કારણ શું હશે ? ઉમરબી મોટી થઇ તેથી કદાચ પોતાનો પાછળો દહાડો વીચારીને પોતાને ઘેરબારે બાપીકાં વતનમા આવી રેહે-વાનો વીચાર કીધો હોય એમ હું તો ધારૂંછ" તે અઘોર બાનુ બોલ્યાં "એજ વીચારથી આવતા હોય તો ઘણું સારૂં હવે એવણનો ધંધાધાપાથી 'રીટાયર' થવાનોજ વખત છે."

"હું નહીં ધારતો, મમ્મા, કે એવણ 'રીટાયર' થવાના ખ્યાલથી આવતા હોય." ફીરોજે મત આપ્યું.

"ત્યારે આવે શાને સારૂ ? ન્હાની બેહેન નાજાંએ સવાલ કીધો.

"મને તો લાગેછ કે તમો બેઉ દુકતીઓને ઠેકાણે પાડવાનો ધખારો લાબા વખતથી એવણ લેઇ બેઠેલા છે તેને સારૂ એવણ અહી આવતા હોય !" ફીરોજ રમુજ કરતા બોલ્યો.

"ધુલ ને ધમાસો !" વડી બેહેન આલાં ચટકી ઉઠી. "એ વાત કઇ માનવાજોગ લાગતી નથી."

"હવે જે હશે તે એવણનાં કાગળથી એક બે દહાડામાં જણાઇ આવશે." પેલી માતા, જેણીનું નામ ધનબાઇ હતું તેણીએ મત આપ્યું.

"માયજી, આપણા ફીરોજને કેની તે પોતાની બેહેનોની મસ્તક-

મશ્કરી કરવા મુકયો હોયની, તો એ ખાવા–જમવાનુંબી વીસરી જાય જો !" આલામાયે ઉભરો કાઢયો "જાલકાકા ચીનથી અચણુચ મુંબઇ આવેછ તેમાબી એને અમો બેઉ બેહેનોમાં પરણવા અદગાવાનો સુધાડો આયો ! જો વાત લાયોછ તે !"

"હાથ કંકણુ ને આરસી–તો તેને જોતાં વારશી ?" આલાં ચીરડાઇ ગઇ તે જોઇ ફીરોજ વધુ રમુજ પામી બોલ્યો. "હવે જે વખત જાએછ તેમાં જાલકાકા મુંબઇ આવી લાગશે ને પછી આપણા બાઇજીમાયની આપોઆપ ખાત્રી થશે ! હુ જ તુંને સાહેબજી કરશ–આલાં ! તુ બીહેછ શું કામ ! એક થોડા દહાડા સબર કર ! મારા બોલમાં જો ફરક પડે તો—"

"અરે બેસ બેસ,—જોઇ તારી ફીલ્સુફી !" આલાંએ ફીરોઝને હસી કાડયો " કાકાજીનેબી કઇ કામ ધંધો નથી કે તેવણ ચીન વેરથી મુંબઇ ભત્રીજીઓને પરણાવવા દોડી આવે ! કંઇ ખુદા ખુદા કરો ! ઇમપોસીબલ !"

"એવું 'ઇમપોસીબલ' હોય તેજ કોઇવાર જોતાંજોતામાં 'પોસીબલ' થાયે આલાં." ભાઇએ બેહેનના સવાલનો જવાબ આપતાં ધુમ હસીને કહ્યું. "આજે હું ખરો છેઉ કે બધુ તે જાલકાકા મુંબઇ આવેથી પોતાની મેળે જણાઇ આવશે." અને અહીં જવાન ફીરોજે ટેબલપર પડેલો એક ચંગ દાબ્યો, જેનો અવાજ સાંભળી એક નોકર દોડી આવ્યો, તેને "ગરમ કૉફીનું એક કપ" લાવવાનો હુકમ કરી તે પોતાની વાર્તાની વાતમાં આગળ વધ્યો

પ્રકરણ ૨ જું.

વીસ વરસની વાતો.

[દોહરો.]

નરમી આપે નામના, ગરમી આપે ગર્વ;
નર રાખે નરમાસ તો, શોભે સદગુણ સર્વ.

["દા૦ એ૦ તા૦']

"મમ્મા જાલકાકા કેટલે વરસે મુંબઇ આવેછ ?" ફીરોઝે પોતાની માને પુછ્યું.

"વીસ વરસે, દીકરા !"

"વીસ વરસે !" તે અજબ થયો.

હા, વીસ વરસ ! એવણુજ અહીંથી રીસાઇને સધાવ્યા તેને બરાબર એ દાહેકા થયા" ધનબાઇ બોલ્યાં.

"એવણ અહીંથી ગયા ત્યારે શું શું બનાવો બન્યા હના તે હું જાણુતો નથી, પણ મેં એવણુને સારી રીતે જોયલા એવી મને ઝાખી યાદ છે" ફીરોજ બોલ્યો. "તે વખતે હું સાતેક વરસનો હતો"

"બરાબર છે, દીકરા હાલ તુંને ૨૭ મું વરસ ચાલેછ"

"મરેરે ! ત્યારે અમે એ બેહેનોજ કાકાજીને જોયા વગરના રહી ગીયાં કે ?" નાજાંએ પરીયારો કાઢ્યો

"તમે બેઉએ કાકાજીને જોયલા નહી એમ તો કેહવાયજ નહીં,

દીકરા," તે માયાળુ માતાએ ઝટ જવાબ આપ્યો.

"અરે નહીં રે મમ્મા ! અમુને તો જરાબી યાદ નથી !" આલાંએ નાજાનાં બોલવાને ટેકો આપ્યો

" ખરી વાત છે, દીકરી, પણ તમે બેઉ તે વખતે ૪ ને પાંચ વરસની ઉમરની બચુકલી છુચીઓ હતી તે તમુને યાદ કાંહથી રેહ ?" ધનબાઇ બોલ્યા. "જી ભરૂં મારો ફીરોજ જરા સમજની ઉમરનો હતો તે એને કાકાજીનો ચેહરો ધ્યાનમાં હોય એ ખુદરતી છે. તમે લોક ના કહવોછ તો શું થયું પણ એ તમારા જાલકાકાએ તો તમો ત્રણુડેને તમારાં બચપણમાં રમાડેલાં. એવણુને પેટે બચ્ચા નહી હોવાથી તમો ત્રણુડે ભુલકાંઓ પર એવણ કોઇ દુશમેન જીવ-પ્રાણ કાહડી આપતા હતા. ખુદા એવણુને સલામત રાખે, મારાં વ્હાલાંઓ, એવણ વડે તો આપણુ જીવતર છે"

"ખરૂં છે, મમ્મા, એવણ નહી હતે તો આજે આપણી સ્થીતિ કઇ જુદીજ હતે." તે ભલા જવાને પુર વફાદારીથી પોતાના કાકાનુ હેશાન અહીં યાદ કીધું. " મરહુમ પપા તો અમુને બચપણમાંજ નાનાં નાનાં મુકીને ગુજર પામેલા ને તેવણુ બીચારા પાસ-તમારા કહેવા મુજબ-કંઇ ઝાઝી પુંજી નહીં હોવાથી જાલકાકાએજ આપણુને પોતાના આશરામાં લઇ આજની સુખી હાલતે પુગાડયાંછ, એ વાત છેની, મમ્મા ?"

' તારૂ બોલવુ બોલેબોલ વાજવી છે, ફીરોજ. આપણે જાલ કાકાના હેશાનમા ગરક ગયલા છઇયે. આજે કીયા કાકા ને મામા એમ પોતાના ગરીબ ભત્રીજાઓને પોતાનાં બચ્ચા સમાન ગણી આવા મોતે-

બર સુખથી નવાજેછ ? આજકાલના કરપીણ કાકાઓ ને મુંજી મામા-ઓમાં તમારા જાલકાકા એક અપવાદ જેવા છે કોઇના કાકા એવા નહી થાય, મારા દીકરા !"

અહી પેલો નોકર ફીરોજે ફરમાવેલુ "કૉફીનુ કપ" લઇ આવ્યો, જે પીના પીતાં તેણે ફરી એક વાર પોતાની બેહેનોની મજાક કરવા માંડી.

પણ એ મજાકપર ધ્યાન આપયા વીના આલાએ પોતાની માને પુછ્યુ "મમ્માજી તમે હમણાજ બોલ્યા કે વાસ વરસની વાતપર જાલકાકા અહી થી રીસાઇને ચીન સુધાવ્યા'તા, તે બનાવ શુ હતો ? એવણ કોણ સાથ રીસાયા હતા. ?"

"દીકરી, એ બધી તવારીખ તો 'રાવણની કથા' જેવી લાંબી છે, પણ હુ અહી ટુકમા તેનો સાર તમો મારા વાહલાઓને કહી જાઉંછ, તે સાભળો." ધનબાઇએ ચલાવ્યુ "તમારા બાવા ઉપરાંત મારા સસરાને બીજા બે દીકરા હતા વડા નવરોજી, વચલા તમારા પપા પેસતનજી, ને સૌથી નાધલા જાલભાઇ તમારા બપાવા પાસે સારી પુજી હતી. તેવણ ગુજર્યા પછી ત્રણે ભાઇઓ છુટા પડવા પણ છુટા પડતી વખતે એક ચોક્કસ બાબદમાં નવરોજજી ને જાલભાઇ વચ્ચ એક મોટી મારામારી થઇ. એનુ કારણ એ હતુ કે જાલભાઇ તે વખતે કુમારા હતા અને તેવણના બાવા (એટલે તમારા બપાવા) એ તેવણ વિષે પોતાના વીલમા એક ચોકકસ કુટુબમાં તેવણે નહી પરણવુ એવી સરત લખી હતી અને જો તે સરત મુજબ જાલભાઇ ચાલવાને ના પાડે તો તેવણના બાપીકા હીસ્સો બેઉ ભાઇઓએ તેવણને નહી આપતાં પોતે વેહેચી લેવો એમ ફરમાવ્યું હતું. પાછળથી સસરાજીના મરણ પછી જાલ

ભાઇએ તેજ કુટુંબમાં પરણવા માગવાથી એ ખટપટ ઉભી થઇ હતી. તમારા પીતાનો વિચાર નાખતી કરવાનો હતો. તેવણે વડા ભાઇને સલાહ આપી કે બાપીકી દોલત આપણે ત્રણે ભાઇઓ સરખે ભાગે વેહેંચી લઇએ અને જાલભાઇ પોતાની મરજીમાં આવે ત્યાં પરણે–તે બાબે આપણે વાંધો લઇ નાહક કુટુબમાં કલેસ જગાડવો નહી પણ નવરોજજીએ તે માન્યુ નહીં અને જાલભાઇને બાપનાં વીલ મુજબ વરતવાની ફરજ પાડી. પરીણામ એ આવ્યું કે જાલભાઇને બાપીકી દોલત માંથી એક બદામ મળી નહી અને બેઉ ભાઇઓએ ત્રણ ત્રણ લાખની રોકડ રકમ અને ચાર બંગલામાંથી બબ્બે બગલા વેહેચી લીધા જાલભાઇએ પોતાનો હીસ્સો મેળવવા માટે ઘણો પ્રયત્ન કીધો, પણ જે કુટુંબમાં નહીં પરણવાની સસરાજીએ તેવણને મનાઇ કીધી હતી તેજ કુટુંબમાં તેવણ પરણવાથી વીલની શરત મુજબ તેવણનુ કાઇ ચાલ્યુ નહી. નવરોજજી કાકાનો સ્વભાવ ઘણો આપમતલબી ને લોભી હતો. પૈસાની બાબદમા તેવણ નીચા હતા. પોતાના સગા ભાઇનેબી રડાવીને પોતાને વધુ હીસ્સો મળતો હોય તો તે મેળવવાને તેવણ ચુકે નહી એવા હોવાથી વીલની એવી શરત જોઇ તેવણની દયાનત બગડી. તમારા પપાની મરજી ઉદાર દીલથી નાખતી કરવાની તથા સુલેહ સપજથી કામ લેવાની હતી, પણ વડા ભાઇના લોભી સ્વભાવ આગળ તેવણનું કાઇ ચાલ્યુ નહી અંતે દોલત વીલમાં ફરમાવ્યા મુજબ બે ભાઇઓ વચ્ચે વેંહચાવાથી જાલભાઇ રખડી ગયા.

"અરે મરેરે ! ગરીબ બીચારા જાલકાકા ! પછી–પછી, માયજી ?" આલાં કદર ખાઇને પુછવા પડી.

૫૨૧૪

"પછી શું? પોતાનો બાપીકો હીસ્સો જતો રહેવાથી તેવણુ હરણફાર થઇ ગયા."

"પીટી! પીટી!" નાજાં કગળવા ખડી. બપાવાજીએબી એવી કરડી શરત શું કામ કીધી હસે? તેવણે ત્રણે દીકરાઓ તરફ સરખા નજરે જોવુ જોઇતુ હતુ."

"જાલભાઇના સસરા સાથ બપાવાજીને હાડ વેર હતું અને જાલભાઇની નજર તેવણની દીકરી ગુલબાઇપર છે એમ તેવણને ખબર પડવાથી તેવણે તરત વીલ કરી એવી રીતે તેમા ભટકાવ નાખ્યો હતો." ધનબાઇ બોલ્યા.

"જાલકાકાએ ભુલ કીધી.' અહી ફીરોઝે મત આપ્યુ. "આટલુ બધું છે એમ જાણવા છતા તેવણે ગુલબાઇ સાથ પરણવું નહી હતુ"

"નહી દીકરા, એમ નહી બોલ્યે. ધનબાઇએ ફીરોઝને તુરત બોલતો અટકાવ્યો. "તારા જાલકાકાનો જે વારસો ખોહવો પડયો તે તેવણના પ્રમાણીકપણાનો તેવણને થયલો દંડ હતો

"એટલે તે શુ?" તેણે પુછયુ

"તે એમ કે જાલભાઇ પોતાની પરણેતરને આગમચથી વચન આપી બંધાઇ ચુકેલા હતા અને તેમની વચ્ચે સાચો પ્યાર બંધાયો હતો"

"શાબાશ છે જાલકાકાને!" અહી નાની નાજાં બોલી ઉઠી. "પોતાના સાચા પ્યારને ચીવટાઇથી વળગી રહી તેવણે બાપીકા વારસાને ઠોકરે માર્યો એ તેવણનુ નીખાલેશ હૈયુ પુરવાર કરેછ"

"પણ એમાં જાલકાકાએ કંઇ ડહાપણ વાપરેલુ કહેવાય નહી."

ફીરોઝ હજી પોતાના મતને વળગી રહ્યો.

"નહી ફીરોઝ, તમારી ભુલ છે" નાજાં ઉશ્કેરાઇને બોલી. "ખરૂં ડહાપણ વાપરવાની ફરજ તો આપણા બપાનાજીની હતી ગુલાંકાકીના બાવા સાથનું વેર ગુલાંકાકી સાથ વાપરવાનું તેવણ વાજબી નહી હતા. એમા જાલકાકાનો કશો કસુર નથી. બલ્કે તેવણને શાબાશી ઘટે છે કે એક બાનુને આપેલુ વચન તેવણે પોતાના બાપીકા વારસામાથી બાતેલ થવા છતાં 'પ્રમાણીકપણે પાળ્યું. કેમ મમ્મા, તમારૂં શું મત છે?"

"હું તારા વીચારને મળતી થાઉં છ, દીકરી"

"ને આલાંમાય! તમે?"

'મારૂં પણ એજ મત છે" આલાં બોલી ' ભાઇ ફીરોઝ જાલકાકાની ભુલ કહાડેછ, પણ હું તો કેહૂ છ કે જાલકાકાએ આપેલુ વચન પાળી પોતાના જીગરના પ્યારની સાચી પુરવારી આપીછ. પણ આપણે વાત કરતાં અસલ બાબદપરથી બીજીજ બાબદપર ઉતરી ગયાછ. પછી જાલકાકાનુ શુ થયું, મમ્માજી? નવલકાકાએ તેવણને વારસો નહી આપ્યાથી બીચારાની સ્થીતિ કેવી કગાલ થઇ પડી હશે?"

"હા, તેવણની સ્થીતિ તેવી થઇ પડી ખરી, પણ તેટલા એક માયાળુ ફરેસ્તો તેવણની મદદે આવ્યો"

"અને તે કોણ, મમ્માજી?" ફીરોઝ, આલાં અને નાજા એક અવાજે પુછવા પડયાં,

"તે તમારા પપા હતા, મારા વ્હાલાંઓ! પોતાનાં માય જાયા

નાના ભાઇને કાયદાની એક બારીકીનો લાભ લઈ વડા ભાઇએ રખડાવી માર્યો તે તેવણુથી સહન થઇ શકયું નહી." ધનબાઇએ તે જુની તવારીખ આગળ ચલાવતાં કહયું. તેવણે જાલભાઇને પોતાનાં હીસ્સામાંથી એક અમુક રકમ કહાડી આપી. શુ ધારોછ છોકરાંઓ, તમારા મરહુમ પપાએ તેવણુને શુ આપ્યું હશે ?"

"દસેક હજાર હશે!" ફીરોઝે ચુચી આંખે અટકળ કીધી, જ્યારે તે બેઉ બેટીઓ કશુ બોલી નહીં

"સુજમાં રહેશે સુજમાં, દીકરા ફીરોઝ, તારા પપા એક ખરેખરૂ હાતમ દીલ ધરાવતા હતા." ધનબાઇ ને પોતાના ધણીની યાદ થતાં તેવણુ ગમખાર જીગરે બોલ્યાં. "તમો સાભળીને અચરત થશો મારાં વ્હાલાંઓ કે મારા તે ઉમરાવ ખાવીંદે પોતાના નાના ભાઇની હાલત કોડી વગરની જોઇ ઉદાર દીલથી પોતાને મળેલા હીસ્સામાથી બરાબર અરધો હીસ્સો ખુશીથી બક્ષેશ કીધો હતો "

"એ શુ બોલોછ, માયજી ? ત્યારે સું પપાએ પોતાને હીસ્સે આવેલા ત્રણ લાખમાંથી દોઢ લાખની દોલત જાલકાકાને મોટા દીલથી આપી દીધી ?" ફીરોઝ અજબ થઇ પુછવા પડયો.

"હા દીકરા, દોઢ લાખની દોલતજ નહી પણ તેની સાથે પોતાને હીસ્સે આવેલા બે બાપીકા બંગલાઓ માંહેલા સઉથી સરસ બંગલાબી તેના રાચરચીલાં સાથે તેવણે દુલ્લા દીલથી તારા જાલકાકાને બક્ષેસ કીધો હતો !"

ધન છે મારા મરહુમ મુરબ્બીજીને ! એવા એક ઉમરાવ પીતાને પેટે પેદા થવા માટે હું મગરૂર છું, મમ્મા !" જવાન ફીરોઝે અ.

હેરતભરેલો કીસ્સો સાંભળી હરખાયલાં જીગરે આફ્રીન કરતાં કહ્યુ. "આજે ભાઇ કોણુના ને ભાડુ કોણુના? આજના ભાઇઓ તો સામ પોતાના નાના ભાઇઓને નહવાડવા તૈયાર થાએછ! ખચીત્ત આએ નવો ભેદ જાણીને હું આજે ઘણો ખુસી થયોછ. ખુદા મારા મરહુમ મુરબીજીનાં રૂહને સદા ખુશનુદી બક્ષે!"

પ્રકરણ ૩ જું.

"હવેથી મારા મરનાર ભાઈનાં બચ્ચાંઓને મારાં સમજસ."

[દોહરો]

સખી ન સૂમ બને કદી, સૂમ સખી નવ થાય,
થુવર આપે દૂધ પણ, ગોરસમા ન ગણાય
(દીલજાન)

"જાલકાકા જે આપણી સાથ આટલી ભલાઇ બતાવેછ, તેનો ભેદ તો કેથો આએ દેખું!" આલાંએ અચરતી બતાવી

"હા દીકરી, તારા મરહુમ પપાએ એવણુને દુનીયામા રખડી જતા બચાવી લીધેલા તેનો બદલો, તેવણુનાં તમો ફરજંદો સાથ, એઓ હાલ વરસો થયાં સારી વર્તણુંકથી વાળી આપેછ. જો બેહેસ્તીએ જાલભાઇ સાથ ભલાઇ બતાવી નહી હતે તો આપણી ઉપર એવણુ એટલા મેહેરબાન રહેતે નહીં." ધનબાઇ બોલ્યાં. "કોઇનીબી સાથે ચાલતા ચલણુમાં કીધેલી ભલાઇ આપણુને નહી તો આપણા વંશ-વેલાનેબી કોઇ દહાડે કેવી કામ આવેચ તે આએ દાખલાપરથી શીખવાનું છે."

"બચીત્ત, મમ્મા ડીયર," નાજાં બોલી. "તમારૂં કહયું હક વાજબી છે. પણ પપાજીએ જાલકાકાને એમ પોતાનો અરધો હીસ્સો આપી દીધો તે જોઇ નવલકાકાને તો જબરો થોબડો ચઢયો હશે!"

"એવા થોબડાની તારા પપાને થોડીજ દરકાર હતી આએ આપણે હાલ વાપરીયેછ તે "ધન લૉડજ"ના બંગલા કરતાંબી મોટો બાગ–બગીચા સાથનો ને રાચરચીલાથી ભરપુર બંગલો તેવણે જાલભાઇને આપ્યો હતો,"

ત્રણે ભાઇઓ છુટા પડયા પછી શુ બન્યુ મમ્મા?"

"પછી શુ બને? જાલભાઇ તારા પપાને મળી ભેટી ગુપચુપ મુબઇથી છુપાછુપ ચાલી ગયા. ખુદ તારા પપાનેબી પોતે કાંહ જાએછ તે કહી ગયા નહી પણ એટલુ જણાવ્યું કે હું જયાં જાઉંછ ત્યાં ઠરી પડયા પછી હુ ધીરજે તમોને લખસ. પણ તેવણ સધાવ્યા પછી ચાર પાંચ વરસે તારા પપાનું અચણુચ મરણ નીપજયું ત્યાં સુધી તેવણ કયાં હતા તે અમો જાણતાં નહીં હતા"

"ત્યારે પછી કેમ ખબર પડયુ?"

"તારા પપાનાં મરણની વર્તમાનપત્રોમાં છપાયલી ખબર વાંચીને ચીનથી તેવણે પ્રથમ મને દીલાસાનો તાર મોકલી પાછળથી દીલસો-જીભરેલો એક કાગળ લખ્યો હતો અને તેજ કાગળમા મને હીમત તથા સધ્યારો આપ્યો હતો કે 'આજથી હવે મારા મરનાર ભાઇના બચ્ચાંઓને મારાં સમજસ.' અને તે પછી આજ સુધી તેવણ આપણી સાથ તેજ મુજબ વરત્યાછ. ચીન જઇ તેવણ મોટા વેપારમા પડયા ને

એકજ દાહેકામાં લાખો રૂપીયાની ગંજાવર દોલત મેળવી પોતાની જાતી હુશીયારીથી પોતાના ભવિષને એક ઝળકતી રોશનીમા ફેરવી નાખ્યું. જુઓ ? વ્હાલાંઓ ! એમાથી કેટલુ બધુ શીખવાનુ છે કે ભોંયે પડેલાંઓ કાંઇ ભોંયેજ રહેતાં નથી. ખુદા જ્યારે મહેરબાન થાએછ ત્યારે જોતાંમાં એક માણસને પડતીનાં પાતાળમાંથી ઉચકી ચઢતીનાં ચોકમાં મુકી દેછ."

"મમ્મા, તમે બરહક બોલોછો" તે જવાન બેટાએ જવાબ આપ્યો. ખુદાના ગેબી ભેદ–ભરમોને કોઇ પુગી શકતુ નથી પણ પછી આપણા નવલકાકાનું શુ થયુ ? તેવણપર કઇ કુદરતનો ફટકો કે ?"

"તો નહીં કે ? ફટકા જેવો ફટકો ? ખુદા જાણે જાલકાકાની વખત બેવખતની હાય કેવી નીકળેલી હશે તે પાચ સાત વરસની અંદર પહાડ જેવા ત્રણ દીકરા ને બે દીકરીઓ ઉપર ને ઉપર ચટ ને પટ જોતાં જોતામાં ઉડી ગીયાં તે જે દોલત ને મીલકત તેવણ પાસ હતી તે જુગાર ને સટ્ટામા સાફ થઇ ગેઇ. બીચારા પાછળથી તદ્દન ખાખાવરખા થઇ જઇ બહુ દલદેશરીમા દહાડા કાઢી મારગ લાગા."

"નવલકાકા ગુજર્યા ત્યારે પપાજી હઇયાત હતા કે, માયજી ?" આલાંએ પુછ્યું.

"નહી દીકરી, તારા બેહેસ્તી પપાની વરસી વીતા પછી તેવણ હક થયા હતા."

"ત્યારે તેવણનાં બીજાં બચ્ચાં છોકરાંઓ કોઇ હશેની ?" નાજાંએ સવાલ કીધો.

"હા એક દીકરો ને એક દીકરી હૈયાત છે."

"ને તેવણુનાં ધણીઆણી?" ફીરોઝે યાદ આપી.

"તારા નવાજકાકી હજુર જીવેછ. નવલકાકાનાં મરણ પછી કઇ જુજબી હતું, તેબી વેચાઇ સટાઇ ગીયા પછી તેવણ થાણા તરફ જઇ વસ્યાં હતાં.'

"થાણે કાય માયજી?"

'તારા નવાજકાકીનું મહીરૂ થાણામા હતું, દીકરા." ધનબાઇ બોલ્યાં

"ગરીબ બીચારાઓ! નવલકાકાનુ પાપ તેવણુનાં ધણીઆણી ને બચ્ચાંઓને નડયુ! મરજી ખુદાની." એ લોક હાલ કેવી સ્થીતીમાં છે, માયજી?"

"ખુદા જાણે, દીકરા, હુ જાણતી નથી પણ થોડા વખતપર મે એમ સાભળ્યું કે તારો પીત્રાઇ ભાઇ રૂસ્તમ એક સારો ચચલ ને આબરૂદાર જવાન નીવડયોછ, ને આપબળથી આગળ વધી મમાવાની કુમકથી સારે ધંધે ધાપે લાગોછ. એ સીવાય એ લોક વીશે હું બીજું કઇ જાણુતી નથી. પણ સારી યાદ પડી છોકરાંઓ!" અને અહી ધનબાઇનું ધ્યાન એ ચાવાથી તેઓએ પોતાના ફરજંદોને એક સવેળાની ચેતવણી આપી. "છોકરાંઓ એક વાત ખુબ ધ્યાનમા રાખજો કે તમારા નવલકાકા વિષે કે તેવણુનાં કુટુબ વિષે જાલકાકા આવે ત્યારે તેવણ આગળ એક હરફબી કોઇ કહાડતાં ના હો? એવણુને નવરોજજી કે નવરોજજીનાં કુટુંબને નામે એટલો બધો

ધીક્કાર છે કે તેનો હુ તમુને ખ્યાલ આપી શકતી નથી."

"જાલકાકા એમ કાય કરતા હશે, માયજી? હવે નવલકાકા મરી ગીયા પછી એવણે એમ કરવું નહી જોઇયે." નાજા અહી બોલી ઉઠી. "વળી નવલકાકાનુ વેર નવલકાકાનાં બચ્ચાંઓ સાથ વાળવું એમાંબી ડહાપણુ સમાયલું નથી."

"તે ખરૂં છે, મારી માય, પણ તેવણે ચીન સધાવતી વખતે હરડતા કસમ ખાધા હતા કે આજથી હું નવરોજીનો નવરોજીની સાત પેહડીનો દુશ્મન છેઉં. જોની દીકરી, આપણી નજરે જાલકાકાનુ આએ બોલવું ગેરવાજબી લાગેછ, પણ જેની લાગણી દુ:ખાય તેને શું શુ દુઃખ થતાં હશે તે તેનુંજ જીગર જાણે. યાદ રાખજો હં, છોકરાંઓ કે જાલકાકા આવે ત્યારે તમારા નવલકાકાને લગતી કે તેવણનાં કુટુ-બને લગતી એક ઝાંખી યાદબી કોઇ તેવણુને આપતું ના—નહી—તો—"

"નહી તો શું, મમ્મા? નાજાંએ ઝટ સવાલ કીધો. નવલ કાકાને લગતી આ બાબતમાં નાજા કાંઇ નહીં સમજ પડે એવી ઉલટ લેતી હતી.

"નહીં તો શુ પુછેછ? તેવણનું નામ દેતાંજ જાલકાકા છેડાઇ પડી આપણા બગલામાંથી તે ને તેજ ઘડીએ ચાલી જશે ને અહી પાણી પીવાબી ઉભા રહેશે નહી!"

"ઓ માયરે! એટલું બધુ?" આલાં હેબતાઇને પુછવા પડી.

"હા—હુ જાણુછ તેથી તમુને કેહૂંછ જાણે નવલકાકાની હસ્તી-થીબા તમો અજાણા હો તેવી રીતે રહેજો." ધનબાઇએ પોતાનાં બચ્ચાંઓને તાકીદ કીધી.

" મુવો એ તે કઇ નાધલો સાધલો જુલમ?" અહીં નાજાં ચટકી પડી. " મરેરે ! એ મુવું દુ.ખ તે કેમ પરવડશે ? નવલકાકા સાથે જાલકાકાને વેર હોય તેથી આપણેબી તેવણુની યાદ નહી કરીયે કે ? કાલ ઉઠીને તો એવણુ કહેશે કે નવલકાકાના ફરજંદો સાથબી તમોએ કોઇએ " કશો સંબંધ રાખવો નહીં !"

" ઓહો ! ત્યારે તું જાણતી નથી કે, નાજાં ? એ હુકમ તો એવણે તારા પપા ગુજર્યાં ત્યારથી અમલમાં મુકીને મને લખી જણાવ્યો હતો !" ધનબાઇએ ખુલાસો કીધો. " આજે તું નવું શુ કહેછ ? તારા નવલકાકાનાં ફરજંદો સાથ તમો કોઇએ એક સેહેજબી સબધ રાખવો નહી એવો ' ઓરડર ' એવણુ તો કયારના કરી ચુકેલા છે '

નાજાંએ કાઇ જવાબ આપ્યો નહીં, પણ પોતાની માવતરન આ સખુનો સાંભળી તેણીનો ચહેરો કઇ અજબ જેવી રીતે ફીકકો મારી ગયો ! બધાનું ધ્યાન ધનબાઇના વાતપર હોવાથી નાજાંના ચહેરાપર થયલા આએ ફેરફારપર તુરત વેગા કોઇનું લક્ષ ખેંચાયુ નહી.

અહી થોડો વખત તે દીવાનખાનામાં ચુપકીદી ફેલાઇ.

" એ એક નહી ખમી શકાય એવો જુલ્માત કહેવાય, મમ્માજી, જાલકાકાએ મરહુમ નવલકાકાનાં નિર્દોષ ફરજંદો સાથ એમ વરતવુ નહી જોઇયે."

"બધી વાત ખરી, પણ ધણીનો કોઇ ધણી છે? કઇ જાલકાકા કંઇ બચ્ચું છે કે તેવણુને આપણે સમજાવીયે ? કુટુંબના વડા તરીકે તેવણુના હુકમની વિરૂધ્ધ આપણેથી એક સખુનબી બોલાય કે, દીકરી ?"

"કાંય નહીં બોલાય? વાજબી વાંધો લેવામાં હરકત શી છે?" નાજાંએ તકરાર લીધી. "એમ તો કાલ ઉઠીને જાલકાકા એમબી કહેશે કે તમો ભાઇ બેહેનોએ એકમેક સાથે વાતચીત કરવી નહીં. મરેરે! મુવો આએ જુલમ તે કેમ ખમાય!"

"એમાં જુલમ જેવું છે શું નાજાં?" અહી મા-દીકરીની તકરાર વચ્ચે ફીરોઝ બોલ્યો. "નવલકાકાનાં બચ્ચાંઓને આપણે થોડાં ઓળખયેછ કે તેની વાત! એવી વાહીયાત વાતોમા ફાયદો શું? કાકાજીની મરજીને માન આપવામાં આપણુને કંઇ ખોહવું થોડું પડેછ? જેવા જેના વિચાર!"

"નહી ફીરોજ એમ બોલવામાં તમે વાજબી નથી." સૌના વીચાર સૌને મુબારક હોવા જોઇયે. એમ કાકાજી નાક પકડીને ચલાવવા માગેથ તે આપણેથી તો બનશે નહી!"

"નાજાં-નાજાં, એમ નહીં બોલીયે." ધનબાઇએ તેણીને નરમાસથી ધમકાવી "તમારા બાપ તોલના કાકાનું માન તમો મારાં બધાં બચ્ચાંઓએ એકસરખું સાચવવું જોઇયે."

"કાકાજીનું માન સાચવવા ના કોણ પાડેછ, માયજી, પણ એવણ અમારી સ્વતંત્રતા પર એવી રીતે આકોશ મુકવા માગશે તો તે કેમ પરવડશે?"

"સૌ પરવડશે, દીકરી. વખત જોઇને વાત કરવી એમાં ડહાપણ છે. તુ જાણેછ નાજાં, તારા જાલકાકા સાથ આએ બાબદમાં તું અથડતી-બથડતી ના જો!"

"તે તો જેવો વખત હશે તેવી વાત !"

"માયજી હવે ટુકુ કરો—એ તો રાંન કેક છે !" અહીં ફીરોઝે વાત ફેરવી તોલવા ચાહ્યું "તમે બધી બીનાથી અમોને માહીતગાર કીધા, પણ એક અગત્યની બાબત તો હજી રહી ગઇછ."

"તે શુ, ફીરોજ ?"

"તે એ કે મારા પપાની દોલતનુ શુ થયુ તે તમે હજી અમોને કહયુ નથી. પપાજીએ અરધોઅરધ હીસ્સો જાલકાકાને આપયો પણ પોતાના ફાળાનુ શું કીધુ ? તે તેવણે કેવી રીતે ગુમાવ્યો ? શુ નવલ કાકાની માફકજ જુગાર ને સટ્ટાબાજી—"

"અરે અરે, ફીરોજ–ફીરોજ ! એ તુ શું બકેછ, દીકરા ?' ધનબાઇ કગળી પડયા. "તારા ફરેસ્તાઇ ખસલતના બાવાને વાસ્તે એવો હલકો વિચાર તુને આયોજ કેમ ? તેવણ તો બીચારા ભોળાઇમાં ફસ્યા હતા, તારા જાલકાકાને અરધો હીસ્સો આપ્યા પછી તેવણે પોતાનુ સઘળું નાણુ એક ખાનગી દેશી પેહડીમાં બ્યાજે મુકયુ હતું, પણ તે 'સુંદરજી ભગવાનજીની પેહડી' અચણુચ બરમાના ચોખાના વેપારમા બેસી જવાથી તારા પપાએ તે તમામ પુજી ખોઇ દીધી હતી."

"ગરીબ બીચારા મારા પપા !" ફીરોઝ અહીં દયા ખાઇ કગળી પડયો. "જાલકાકા સાથ કાંયબી નેકીબી તેવણને આડે આવી નહી ?

"એ તો સરજતની વાત છે, દીકરા. ખુદાના ભેદ ભરમો ખુદાનેજ ખબર હોય છે. જોકે આપણને તે બુરૂ લાગેછ, પણ એમાબી બક્ષેશગર બાપની કઇ કરમ બક્ષેશજ હશે તે આપને શુ સમજાય ?"

તે ડાહી માતાએ ડાહાપણભરેલો જવાબ આપ્યો. "બીચારાએ તે પછી પુરા પાધરા ૭ મહીનાબી કાઢયા નહી ત્રણ દહાડાની તાપમાજ તારા પપાનું મરણ નીપજયું હતું" અને પોતાના મરનાર ખાવીદની ગંભીર યાદ થતાં તે વફાદાર મોહોરદાગ્ની આંખ્યોમાં પાણી આવી ગયાં.

"બસ ! હવે આએ બધી ગઇ ગુજરી બંધ કરો, મમ્મા, ને ખુદાપર ભરોસો રાખો. તે માલેક આપણા જાલકાકાને સલામત રાખે તો આપણને ચિંતા કરવાનું કશું કારણ નથી" અને એમ બોલી ફીરોઝ તે દીવાનખાનુ છોડી ગયો. આલાં ઉઠીને પોતાનો પ્યાનો પ્લે કરવા ગઇ અને ધનબાઇ એ નવુ આવેલુ માસિક ચાપાન્યુ હાથમા લઇ તેની ચાલુ વાર્તા વાંચવા પડયા.

લગભગ સાત વાગવા આવ્યા હતા વરસાદ કયારનો ઉઘડી ગયો હતો અને વાદળાંઓમાંથી ઘેરાઇ આવેલુ આકાશ ખુલ્લુ થઇ ગયું હતું. આટલું છતાં રાતનો અંધકાર આસપાસ હળવે હળવે ફેલાવા માંડયો હતો

"મમ્મા, હું જરા બગીચામા ફરી આઉંછ," સઉને પોત-પોતાની મરજીનાં કામપર રોકાયલાં જોઇ નાજા બોલી

"હમણાં એવી સરદીમાં ફરવા જાએછ, દીકરી ?" ને માતાએ પોતાનો સેહેજ અણગમો બનાવ્યો.

"ઘેરમાં ને ઘેરમાં મારો જીવ ઘભરાઇ આયોછ–હુ હમણાં એક અરધા કલાકમાં આઉંછ, મમ્મા ડીઅર ! વરસાદ કયારનો ઉંઘડી ગયોછ."

" વારૂ જા, પણ ઘણો વખત ના લગાડતી.'

માયની રજા મેળવી નાઝા તુરતજ બગીચામાં ઉતરી પડી. તેણીના હાથમાં એક ન્હાની ફેન્સી છત્રી હતી અને સરદીથી બચવા માટે તેણીએ પોતાનો ઓવરકોટ ઓાળવી લીધો હતો

પ્રકરણ ૪ થું.

એક "લવ-સીન."

(દોહરો.)

પ્રેમ સ્વર્ગ સંસારનું, પ્રેમ પૃથ્વિનું રાજ;
પ્રેમ અપાવે પલકમા, તુચ્છ પુરૂષને તાજ

["**દિલજાન,**"]

નાઝા જેવી બાગમાં ઉતરી તેવીજ આગલા દરવાજા તરફ ગઇ અને ત્યાંથી કયારાઓમાંથી ચકરાવો લેતી બગીચાના પાછલા ભાગ તરફ ફરી. તેણીને બાગમા ફરવાનો ઘણો શોખ હતો " ધન લૉડજ" નો બગીચો ચારો તરફથી વીસ્તીર્ણ હતો. વડા બાઇ ધનબાઇની જાતી દેખરેખ હેઠલ તેની કાળજી પુર્વક સંભાળ લેવાતી હતી જાત-જાતના ફળો, ફુલો અને રોપાઓની રોનકદાર રચનાથી તે બગીચાનો બહાર આંખે ઉડી વળગે એવો હતો. મોટા મોટા રકમ રકમનાં ઝાડોની રળીયામણી ઘટા કોઇનુંબી જીગર જીતી લેવાની સંપુરણ સત્તા ધરાવતી ત્યા હસ્તી ભોગવતી હતી. " ધન લોડજ "ની ચારે

બાજુએ બગીચામાં સુંદર કારીગરીવાળા સોનેરી ફુવારાઓમાંથી સાંજને છેડે ફુટતી રૂપેરી સેરોનો દીલજીત દેખાવ જોવો એ એક જાતની દીલપઝીર મજાહ હતી વરસાદના દીવસો છતાં આજે પણ નાઝાં ફરવા નીકળી ત્યારે બગલાની ચારે બાજુના ફુવારાઓ પોત-પોતાની શેરો બુલંદ ઉંચાઇએ ઉરાડી રહયા હતા, જે દેખાવ બહુજ મનોરજક હતો ફુવારાઓમાંથી ઉડતું પાણી, તેની સામેના લોખડી બાંકોપર બેસી કલાકના કલાકો સુધી જોવામાં નાઝાં એક પ્રકારની મજાહ મેળવતી હતી. બગીચાના વડા માળી દાદુને પોતાની આ ન્હાની શેઠાણીના શોખની પુરેપુરી માહેતી હોવાથી આજે પણ સાંજે પાચ વાગ્યાથી તેણે ચારે ફુવારાઓ ફડકટા કીધેલા હજી સુધી તે તેમના તેમ ફુફાયા જતા હતા નાઝાં આજે ઘણે દીવસે બગીચામા ઉતરી હતી. શીરીજની ગાડી સાજે છ એકને અમલે બગીચામાં દાખલ થયા પછી વરસાદ તુરતજ ઉઘડી જવાથી દાદુ માળી ધારતોજ હતો કે “નાઝાંબાઇ આજ બાગેત આલ્યા શિવાય રહવાચી નાહી” અને તેની તે અટકળ ઉપર મુજબ ખરી પડી. છેલ્લા આઠ દીવસથી વરસાદ સાંજને છેડે ઉઘાડ આપતો નહી હોવાથી તેણી બગીચામા ઉતરી શકતી નહી હતી, પણ આજે તેવો મોકો મળી ગયાથી સહેજ અસુરેથી પણ તેણીએ તે કીમતી તકનો લાભ લીધો હતો.

શું નાઝા બાગ-બગીચાની શોકીન હતી! તેણી શોકીન નહી હતી એમ તો કહેવાશેજ નહી, પણ સાંજને છેડે તેણીને બાગમાં લગાર મોડે સુધી ફરવા હરવાનો એક ખાસ ખાણુગી સબબ હતો. જાહેરમાં તેણી પોતાનાં મા, બેહેન અને ભાઇને પોતાનો ઝાડપાન

ઉપરનો હદબહાર શોખ બતાવવાની કોશેષ કરતી હતી. પણ બાતેનમાં તેનું ખરૂ તે ખાસ કારણ જુદુંજ હતું, હવે નાજા સીવાય આજ સુધી બંગલામા બીજુ કોઇ જાણતું ન હતુ.

"ઓ ખુદા! આજે મમ્માને મોહડેથી સાંભળેલી જાલકાકાની વાતોથી મને જાણે ધુજરાં છુટેછ!" તેણી બગીચામાં ચાલતી પોતાના મન સાથ એકલી પટપટી. "રખેને એ બુદ્દાજી મારા મારગમાં કાંઇ મુશ્કેલી ઉભી કરે!"

તેણી આજે ચાર માહેલા એકબી ફુંવારા તરફ ફરી નહીં. ફુંવારાથી બીજા ત્રણ ચાર કયારાઓ છોડીને સઉથી છેલ્લા કયારામાંથી ધારેધારે મોટાં ઝાડોનો ઓથો લેતી લેતી તેણી ઝડપુ પગલે પાછળા ભાગ તરફ ગઇ. તેણી આઠ આઠ દશ દશ પગલા ભરી વારવાર પાછળ ફરી તેણીને કોઇ જોય છે કે નહી તે જોઇને આગળ વધતી' હતી એ શુ હતું? તે કયાં જતી હતી? તેણી કાઇ ડરતી જણાતી હતી તે શું હતું?

"એ આજેબી નહીં આવે!" તેણી ફરીથી મનમા પટપટી. ' આજે આઠ આઠ દહાડા થયા નખ્ખોદ ગીયો વરસાદ ઉઘાડજ કયા આપી મરેછ કે એ બીચારાને મને મળવા આવવાનો જોગ બને? એક અઠવાડીયું થયું એ મારા વ્હાલા જાનને મલવા સારૂ હું કેવી તરસી રહીછ?" તેણી એક મોહટા ઝાડની હેઠળ મેલેલા લોખંડી બાંક આગળ ઉભી રહી ઉપર મુજબ વમાસતી હતી, તેટલા, તેજ ઝાડની પાછળથી એક કાળો આકાર નીકળી આવ્યો અને તેણીની પીઠપર ધીમેથી પોતાનો હાથ મેલતાં બોલ્યો. "નહીં બાઇ સાહેબ, તમે ભુલ

કરોછ એક સાચ્ચો પ્યાર મારમારના વરસાદની તો નહીજ, પણ પોલાદી તનનાં કીલ્લા કોટનીબી દરકાર કરતો નથી. તેમાંથીબી તે દાખલ થઇ શકેછ !"

નાજાં ચમકી અને "ઓ માય ! એ કોણુ ? મારો રૂસી ?" એટલું કહી તેણી તેના પાસાંમાં વીંટળાઇ ગઇ

"તમે કયારે આવ્યા, રૂસી ડીયર ! મને આજે તમારી વકી નહી હતી અજબ જેવુ છે કે આવા મોટા વરસાદ છતાં તમે આજે બરાબર આઠ આઠ દહાડા થયા રોજ અહીં ધકા ખાઉછ, પણ તમો મોટા લોક બાઇ સાહેબને એક ગરીબડા જવાનની દરકારજ શાની હોય ?" એક પેલા કોઇ જવાને તે નાજાંના ખુબસુરત ગાલપર પ્યારથી હસીને પોતાની બે આંગળી ધીમેથી મારી !

"માઇ ગૅાડ ! તમે અહી રોજ આવોછ ? તે તેબી આવા મારમારના ધોધમાર વરસાદ છતાં ? મારા રૂસી ! મને માફ કરો ! હુ નિર્દોષ છું. મેં ધાર્યું કે આવા મોટા વરસાદને લીધે દુર ઘેરથી આવવાનુ તમોને બની શકેજ નહીં. ખરૂ માનજે, લવ, કે તુ ધારેછ તેવો હું તારી તરફ જરાબી બેદરકાર નથી. આએ મુવા ચાલુ વરસાદને લીધે આજે આંઠ દહાડે બંગલામાંથી બાગમાં પગ મુકયોછ. ઘેરમા ને ઘેરમાં હુ તો ગભરાઇ ગઇછ, ને સાંજેજ મેં મમ્મા પાસ તે વીશે પરીયારોબી કીધો."

" કંઇ ફીકર નહીં. મારી ડારલીંગ ! તારી મુસ્કેલી દેખઇતી હતી અને તે બાબે હું કંઇ તું વ્હાલીને ઠપકો આપતો નથી." પેલો જવાન નાજાંનો નાજુક હાથ હાથમાં લઇ બોલ્યો, 'આજેથી એક મીનીટ તુ

ડીયર મોડી થતે, તો હુ અહીથી ફરી એકવાર નીરાશ દીલે ચાલી જવાના વિચારમાં હતો. અહો આવ, આએ પડોસના બાંકપર ઘણે દહાડે સાથે બેસી કઇ સુખ દુખની બે વાતો કરીયે."

તેઓ બેઠાં.

"રૂસી, તુ આજે અહી કયારે આવ્યો, વહાલા?"

"બરાબર સાહડા છ વાગે! હું આયો ત્યારે જરા જરા છીપછાટ થતી હતી પણ તે પછી આકાશ ખુલ્લુ થઇ જવાથી મને ઉમેદ હતી કે આજે તુ વહાલી મને જરૂર મલશે, ખુદાનો ઉપકાર માનુ છ કે મારી તે ઉમેદ ખરી પડીછ. કેમ કેવી ખબર, નાજુ, તારાં માય ને ભાઇ–બેહેનો સૌ સારી પેઠે છે?"

"હા, મારા જાન, તેઓ ખુશીમાં છે અને આજે વલી એક ખુશીમા બીજી ખુશાલીએ ઉમેરો કીધોછ." તેણી બોલી

"તે શું?" પેલા જવાન પુરૂષે નાજાંને સવાલ પુછયો.

"રૂસી ડીયર, આજે ચીનથી આપણા જાલકાકાનો ફીરોઝને તાર મલ્યોછ કે તેવણ મુંબઇ આવવા ઉપડયાછ."

"ખરેખરને? શું જાલકાકા મુબઇ આવેછ? પેલા જવાને કગલાયલે ચેહેરે પુછયું.

"હા, હમણાં સાંજેજ અમોને એ ખબર ભાઇ ફીરોઝે કહી"

"એ ખબરને તુ ખુશ ખબર ગણેછ કે, નાજાં?" પેલા કોઇ રૂસીએ લગાર ગમગીન ચેહેરે અને ધીમા સાદે પુછયુ

"આપણા બાબમા નહી, પણ અમારાં આખાં કુટુંબના બાબમા

એમનું આવવું એક આશીરવાદ સમાન છે, મારા રૂસી !" નાજા બોલી. "તું આએ ખબરથી નાખુશ થયલો લાગેછ, પણ તેમ કરવાનું કશું કારણ નથી."

"નહીં, નાજા, હું એ બાબે જરા શકમંદ છુ"

"તમે શકમંદ છો ?–શાને માટે !"

"તારા માટે !–ત–ત–તારા માટે !"

"એટલે–એટલે ? રૂસી, એ તમે શું બોલોછ ? મેહેરબાની કરી ખુલ્લા બોલોમાં બોલશો ?" તેણી બેઠકપરથી એકદમ ઉભી થઇ ભવા ચઢાવી પુછવા પડી.

"બોલું ?–હું બોલુ ? પણ નાજા ડીયર, તને તે ગમશે નહી— ચાલ, એ બધુ માંડી વાળ, ને કંઇ બીજી વાત કર, ડારલીંગ !"

"નહી, તમોને મારા પોતાના કસમ છે, રૂસી–મારા રૂસ્તમ, જે કંઇ તમારા દીલમાં વસવસો હોય તે ખુદા ખાતર ખુલ્લા બોલોમાં ક્હાડી નાખો, તમો વ્હાલા, તમે મારે માટે કઇ બાબતમા શકમંદ છો ?" તે ખુબસુરત કુમારીકાએ હવે પેલા જવાનની દાઢીમાં હાથ ઘાલી પટામણે ચેહેરે પુછયુ

જાલકાકાની દોલતની બાબતમાં."

"એટલે કે જાલકાકા તરફથી મને પાંચે દહાડે જે કઇ વારસો મળશે તે જોઇ હું ધરતીએ પગ લગાડશ નહીં, એમ કે ?" તેણીએ હસીને પુછયું

"નહીં નહીં, એમ નહી" પેલા જવાને ખુલાસો કીધો. "જાલ-

કાકા તરફથી મળનારા મોટી દોલતનાં વારસાની ઉમેદપર—"

"હું તમોને ભુલી જવસ એમ તમે કહેવા માગોછ, નહી ? સમજી–સમજી–હુ એક તડાકે બધુ સમજી ગઇ !" તેણી ટચકાથી બોલી.

"હા, હુ તુંને એજ કહેવા માગુંછ અને તેનુ કારણ તું જાણતી હોય કે નહીબી હોય તો તે એ છે કે—"

"જાલકાકા તમારા બાવાનાં કટ્ટા વેરી છે, એમજ કેની ?–અને તેથી તેવણ પોતાના મરનાર ભાઇ ઉપરનુ વેર તેવણના ફરજંદો સાથબી લેશે ને આપણા સુખમા ખતરો નખાવશે કેમ, એજ કે બીજું ?"

એજ એજ–મારી વ્હાલી નાજુ, તું કેવી ચબરાક ને ચતુર છે ! મારા દીલના વિચાર તે કેટલા ઝડપથી વાચી લીધા ? એ બધુ તે કેમ જાણ્યુ. કયારે જાણ્યુ ?"

"આજે !" બધુ આજેજ જાણ્યુ !" પેલો જવાન અચરત થતો જણાયો

"હા, આજે !" "અને તેબી આજે સાંજે !–ફક્ત ગઇ ૧૦ મીનીટનાજ અંતરપર !"

"એ તુ શું બોલેછ, નાજાં ?"

"હું ખરૂજ કહુ છ રૂસી ! ભાઇ ફીરોજે જાલકાકાના ચીનથી ઉપડવાનો તાર આવવાની અમોને ખબર આપી તેપરથી અમે બધા ભાઇ બેહેનોએ મન્માથી જુની વાતોની પરપુછ કીધી ને અમારી અજાયબી વચ્ચે અમે આજેજ જાણ્યુ કે મારા નવલકાકાને આજથી વીસ વરસની વાતપર જાલકાકા સાથ એક મોટો ઝઘડો બરપા થયો

હતો અને તેનાં પરીણામે તેવણ મુબઇથી દેશવટો લેઇ છેક દુરદરાજ ચીન તરફ ચાલી ગયા હતા—આજેજ મે જાણ્યું કે **તમારા બાવાને** તેવણ પોતાના એક હાડવેરીની ઉપમાં આપી ગયા હતા અને આજેજ મે જાણ્યું કે—"

"કે શું ? તું અચકેછ કેમ, નાજુ ડીયર ! તે આજે બીજું વધુ શું જાણ્યું !' તે જવાન અધીરાઇથી પુછવા પડયો.

"નહીં, મારી જરા ભુલ થઇ" તેણી પસ્તાઇને પોતાના ગાલ-પર એક આગલી લગાવતાં બોલી "મેં જે વધુ જાણ્યુછ તે સાથ તમોને હાલ કામ નથી."

"નહી, મારી નાજા, જો ખરેખરજ તું મને ચાહતી હોય તો તે વધુ બીના શું છે તું મારેથી છુપાવતી ના હુ ખાત્રીથી માનુછ કે તે બીના કાંઇ મારે લગતીજ છે અને તેમ છે તેથીજ તુ બોલતી અચકી ગઇ. ખરૂં કે ?"

નાજુએ કાઇ જવાબ દીધો નહી. તેણીથી ખરેજ અહી કાચું કપાઇ ગયું હતું, પણ હવે તેમાથી બચવાને મારે બારી નહી હતી.



રૂસ્તમ—એકદમ આસનપરથી ફરી ઉભો થઈ તેણીના અડાઅડ
જઈ પુછવા પડયો—તારી આવી વર્તણુકથી તો મને વધુ વહેમ પડછે

(જુવો પાનુ ૭૧ મુ)

પ્રકરણ ૫ મું.

શુ "સ્ત્રીનાં વચનો રેતીપર લખાયલાં હોય છે"?

[દોહરો]

પ્રેમદા કેરાં પ્રેમનો, પમાય નવ રજ પાર,
ભાર્યાનુ સુખ ભોગવે, ભાગ્યવંત ભરથાર.

[દિલજાન.]

"નાજા, એ શુ કહેવાય? તારાથી કુદરતી રીતે ઉદગાર નીકળી ગયાછ તો તે પુરો કર!—અને મને જણાવ કે એ શું ભેદ છે? રૂસ્તમ-વાચનારને કહેવાની જરૂર નથી કે નાજાના મરહુમ નવલકાકાનો આ એકપુરો બચેલો વારસ રૂસ્તમ-એકદમ ખાકપરથી ઉઠી ઉભો થઇ તેણીની અડોઅડ જઇ પુછવા પડયો. "તારી આવી વરતણુકથી તો મને વધુ વહેમ પડેછ"

"નહી, રૂસી, એમાં વહેમ જેવુ શુ છે? અરે વાતમાં કાંઇ જીવ નથીરે!" તેણી જાણે નભરવસ દેખાવથી બોલતી હોય તેવી અદાથી બોલી

"તુ મને નથીજ કહેવાની, નાજુ! મારેથી આટલી બધી જુદાઇ?"

"રૂસી-મારા રૂસી, જાબા, તુ એમ જરાની વચ્ચે દલગીર થઇ જઇ તરીઆપાવપર આવી ના જા!" તેણી તેના હાથ વ્હાલથી હાથમાં

સેનાં બોલી. "હુ તુ વ્હાલાથી હરગેજ જુદાઇ કરવાની નથી, પણ પણ મને બોલતા ડર લાગેછ કે તે વાત સાભળી તુ ખુશી થવાનો નથી !"

"ખુશીની વાત તો એ નથીજ તે હુ પહેલાંથી–તું અચકી ગઇ ત્યારેજ–પામી ગયો હતો, પણ ખુશી–દલગીરીનો સવાલ અહી છેજ નહી. તે બીના શું છે તેજ બસ હું જાણવા ઇચ્છુછ."

હવે નાજાને બે વાર કહેવુ પડે એમ ન હતુ. તેણીએ તુરત પોતાની ભુલ જોઇ લીધી કે પોતાથી કાચુ કપાયા પછી હવે તેણીએ વધુ જીદ કરવામા સામી બાજી બગડતી હતી. આ ખ્યાલ પેદા થતાજ તેણીએ તુરત ખુલાસા કરી દીધો કે–એમજ છે તો હુ વધારેવાર તુ વ્હાલાને ઇંતેજાર રાખવા ચાહતી નથી હુ એમ બોલુછ ખરી પણ તે સખુનો કાઢતાં મારી જીભમા જાણે કાંટા ભોકાએછ ઓ રૂસી–રૂસી ! મને લાગેછ કે આપણે માટે એક સિહા ભવિષ્ય નઝ-દીકના પડદામાં ડોળા ઘુરકી રહ્યુ છ ! મે મમ્માથી જાણેલી તમામ હકીકતમા એકજ બીનાએ મારી છાતીમા છાગળા પાડયાછ કે આપણા જાલકાકાએ નવલકાકાને ને નવલકાકાના ફરજદોને પોતાની છાતી-માથી સદાના નીવારી નાખવાના હડહડતા સોગદ લીધેલા છે આએ બીના સાભળીને હુ તો ચમકીજ ગઇછ ! વળી મારા મમ્માએબી આજે અમો ત્રણેને ચેતવણી રૂપે ચેતાવ્યુ છ કે 'છોકરાઓ ! એ બાત ખુબ ધ્યાનમા રાખજો કે તમારા નવલકાકા વિષે કે તેવણના કુટુંબ વિષે જાલકાકા આવે ત્યારે તેવણ આગળ એક હરફબી કોઇ કહાડતા ના. એવણને નવરોજજી કે નવરોજજીના કુટુંબને નામે

એટલો બધો ધીકકાર છે કે તેનો હું તમુને ખ્યાલ આપી શકતી નથી.' મમ્માજીનાં આએ બે વાકયો મેં સાંભળ્યાંછ ત્યારનાં મારી છાતીમાં એક સરખા ખટકયા કરેછ."

"અફસોસ! નાજુ, થઇ ચુકયું ત્યારે!—તારી મારી પ્રીતપર પાણી ફરી વળ્યુ! અરે નસીબ!" અને અહી પેલા જવાન આશકે બાંકપર બેસી પડી પોતાનું કપાળ કુટયુ.

"રૂસ્તમ! એ શુ કહેવાય? હું સમજી નથી શકતી કે તને નારાજ ને ના ઉમેદ થવાનુ કારણ શુ છે?" નાઝા તેના ખભાપર હાથ મુકી વ્હાલથી સમજાવા લાગી

"શું? હજી સુધી તુ સમજી નથી શકતી?"

"નહી" તણીએ ટુંકો ને ટચ જવાબ બહુ ટેક સાથ આપ્યો

"ઓ નાજુ-નાજુ! યાતો તું મારી મઝાક કરતી હોય, યાતો જાલકાકા તરફથી મળનારા બાદશાહી વારસાની ઉમેદમા તારૂ મગજ–માફ કરજે, ડારલીગ! કે-બમી ગયુ હોય! જાલકાકાની એવી ઉઘાડી દુશમની ખુલ્લે ખુલ્લા શબ્દોમા જાણવા પછી મારાં દીલની મોટામા મોટી મુરાદે હું કેમ પુગી શકીશ તેટલું નહી સમજવા જેટલો શું હું છેકજ બેવકુફ ગધેડો છુ કે શુ? નાજુ ડીયર, તને તારા કાકાજીના હુકમને નમવુ પડશે અને તારી મારી મોહબતને છલ્લી સલામ કરવી પ—"

"સબર કર એકદમ, રૂસી" તણીએ ગુસ્સાના ઝનુનમાં રૂસ્તમનું ખભું ગોયા હલમલાવી નાખ્યુ "ખબરદાર, એવી ખરાબ વાણી વખત બે વખત કહાડ ના! તું શુ બોલ્યો? તારી ન મારી મહો-

બતને છેલ્લી સલામ ? મી૦ રૂસ્તમજી રોમર ! સાંભળો ! જે દહડો તમારી મારી મહોબતને છેલ્લી સલામ કરવાનો વખત આવશે, તે દહાડો મીસ નાજાં પેસ્તનજી રોમરનો ' ધન લોડજ 'માં છેલ્લોજ સમજજો !

પોતાની કમરને બન્ને હાથ દઇ, ઉડાવદાર છાતી સાથ, તે રૂપાળી છોડી ઉપલા શબ્દો કાંઇ એવા ઠસ્સાથી બોલી ગઇ કે રૂસ્તમ રોમર તો તેણીનું ઘડાભર કાહુ ટીકનો ડચાકાને બેસીજ રહયો !

જાણે આકાશપરથી કોઇ ફરેસ્તાએ અચબુચ ઉતરી આવી તેના કાનમાં કાંઇ મિનોઇ સાદ સમજાવ્યો હોય તેમ નાજુક નાજાનુ આ દાવદાર બોલવુ તેના ચગરા કાનને અસાધારણ હદ સુધી મધુર લાગ્યુ !

" ઓ મારી સ્વીટ નાજું ! શુ તુ એ બધુ ખરા દીલથી બોલેછ ?" તે અધીરો પડેલો જવાન આ આશાવંત ઇસારાથી એકદમ ઉશ્કેરાઇ જઇ બાંકપરથી ઉઠી લગભગ તેણીના કાન સુધી ધસી જઇ હરખાયલે હઇડે પુછવા પડયો.

" ત્યારે શું તમે એમ સમજોછ કે ખોટા દીલથી બોલુછ ?"

" ઓ નાજુ ! એનો જવાબ હું આજે આપી નહીં શકુ." તે જવાન કગળીને બોલ્યો. " મને માફ કરજે કે એમ બોલવામાં હું આડકતરી રીતે તુને એક અપમાન કરૂછ, પણ આએ દોરંગી દુનીયાના દર્શનોમા રકમ રકમના રંગો આ જવાન આંખ્યોએ ઘણા જોયલા છે. પઇસો—પાપી—પલીદ પઇસો—એ દુનીયામાં એક એવી ભુરાંમા ભુરી અને લલચાવનારી વસ્તુ છે કે ઇનસાનના વિચાર પલકારમાં બદલાઇ જાય છે. કવિ પોપ કહી ગયોછ કે સ્ત્રીનાં વચનો

રેતીપર લખાયલાં હોય છે !' હું કેમ માનું, મારી મધુરી માહબુબ, કે તારા આજના વીચારો આવતી કાલે નહીં બદલાશે ?

નાજાનાં નેણ રૂસ્તમ રોમરના આ શબ્દો સાંભળતાજ ફરી ગયાં. તેણીના ચતુર ચશમોમાંથી જાણે અંગારરૂપી ચમકારા નીકળતા હોય તેમ તેણી ચીચવાઇને બોલી;- "એમ છે કે રૂસ્તમજી શેઠ ? તમોને મારી વફાદારી માટે શક છે કે ? તમામ અબળા જાત પૈસા-ખરેખર પાપી પલીદ પૈસા-જોઇ ઝટ લલચાઇ જાય એવુ માનવાવાળા વર્ગ માહેલા તમેબી છો કે ? બધીજ 'સ્ત્રીઓનાં વચનો રેતીપર લખાયલા ધારોછ કે, હે ? પ્લીઝ, ડીયર મી, મી૦ રૂસ્તમ રોમર ' મારા સાચ્ચા પ્યારની તમે જે એવી ઉમદા ને ઉદાર કદર બાંધીછ, તેને માટે મીસ નાજા તમોને નમેછ ને આજે ઘડીએ પોતાના મુવા બાપના કસમ લઇ જાહેર કરેછ કે જયા સુધી મારા સાચ્ચા પ્યારની પુરવારી હું તમોને આપસ નહી ત્યા સુધી આજ પછીથી હુ તમોને અહી કે કેથે કદી મળવાની નથી-પછી તેમ કરતા દાહેડાઓ પસાર થાય તો શુ થયુ ? યાદ રાખજો. મારા આએ સુખન યાદ રાખજો કે જો હુ મારૂં બોલ્યુ પાળુ નહી તો હું મારા બાપની બેટી નહી !—અને દીલાવર બદનના એક પેહેલવાની તોરથી આટલુ બોલી તે ઉશ્કેરાઇ આવેલી અબળાએ ત્યાથી એકદમ ધસારાબંધ ચાલવા માંડયુ !

રૂસી આ મામલો જોઇ ઘભરાઇ ગયો. તેણે 'નાજા ! જરા ઉભા રહે !-પાછી ફર !-મારો એકજ સખુન સાંભળી જા !!! એવા અનેક પોકાર કીધા, પણ તે ચીચવાયલી કુમારીકા એક હરણી વીજળીને વેગે પસાર થઇ જાય તેમ રૂસીની નજર સામેથી પસાર થઇ ગઇ !

પ્રકરણ ૬ થું.

"માંજરી બીલાડી!"

[દોહરો]

ખવાસ તીખો કોઇનો, રાખે મધુરો કોય,
સ્વભાવ સરખો સર્વનો, હસ્તીમાં નવ હોય.

["દિલજાન,"]

પેલી તકરારમાં આલાં ખોટી અને પીરોજ ખરો પડયો હતો જાલકાકાએ ચીનથી ઉપડવા આગમચ લખેલો કાગળ તેમનાં મુંબઇ આવી પુગવાની કેટલાક દીવસ આગમચ પીરોજને મળવા પામ્યો હતો અને તેમનું મુંબઇ આવવું શા માટે થતું હતું તેના કારણમાં પીરોજે આગમચથી કીધેલી અટકલ ખરી પડી હતી કે તેઓ હવે દહાડે વારેની થયલી પોતાની આ ભત્રીજીઓને "ઠેકાણે પાડવા" આ ખસુસ મુંબઇ આવ્યા હતા! "દીકરા પીરોજ, તારા મરહુમ બાપની ગેરહાજરીમાં આએ તારી બે બેહેન કહું કે બલા કહું તેઓ તરફની મારી ફરજને લીધે વીસ વીસ વરસ પછી ચીન છોડી મુંબઇ આવવાનો મેં મનસુબો કીધોછ." તેવણે પીરોજ જોગાં તે કાગળમાં એક ઠેકાણે એમ લખ્યું હતુ. "મને તારી પીકર જરાબી નથી, દીકરા, કારણ કે તુ મરદની જાત છે, પણ આએ રાન તારી બેહેન થઇ મરતી બેઉ દુકતીઓનો ટાંટીયો આપણાં ઘેરમાંથી કયારે ખરતો થાય તે જોવાને જાણે મને અકરવકર થઇ રહીછ!" જાનકાકાનું રમુજી લખાણુ, ધનબાઇએ

પોતાનાં બચ્ચાંઓને સમજાવ્યું તેમ તેવણુનો ખુશ સ્વભાવ દેખાડનારૂં અને તે બચ્ચાંઓ તરફનાં તેમનાં અનંત વહાલની છધાણી દર્શાવનારૂં હતું પણ આલાં ને નાજાં તો તે કડક લખાવટથી ફફડી ચટકીને રાઇ–રતડીમાં પડયાં હતાં !

"અરે વાહરે !" નાજાંનુ કેવું ઉભાઇ આવ્યું હતું, તે તેણીનાં આ સખુનોપરથી સમજાશે "કાકાજી તો તે પેહેલાં મુહુરતમાં કાંઇજ લખતા નથી ? 'આએ રાંન તારી બેહેન થઇ મરની દુકતીઓ'-ને 'બેહેન કહું કે બલા ?' એવા એવાં વીશેષણોથી હમણાથીજ વધાવી લેવા લાગછ તો આગળ જતા પાટલો કેમ ફાવશે ? હુ મકુંજે કાકાજી વીસ વીસ વરસે આવેછ ને કોઇ દુશમેન અમારી ઉપર પોતાનો જીવ પ્રાણ કાહડતા આવશે–તેને બદલે એવણ તો 'બેઉ દુકતીઓનો ટાંટીયો આપણાં ઘેરમાંથી ખરતો કરવાની અકરવકરમાં અત્યારથીછ પડયાછ તે બા શુ છે ? કંઇ સમજ તો પડે ? હેં ?ીરોજ ?" નાજા પુછવા પડી. આલા કરતા તેણીને કાકાજીના શબ્દોથી ઘણો ચટકો લાગો હતો, પણ ધનબાઇએ તેણીને પટાવી સમજાવી અતે હડી પાડી કે જેમ કરતાં તેવણને બેઉ દીકરીઓ તરફનુ એક નાહનુ જેવું "લેકચર" સમજવુ પડયુ

ધનબાઇએ મન સાથ છુપો બળાપો કીધો કે જાલકાકા આવેછ ખરા, પણ આએ દુકતીઓ સાથ કંઇ "ચદરમાં નહી આજે તો સારૂં–નહી તો કાંઇ કાંટાનુ કટેસર થઇ જશે ? એક તો ડોસો વિચિત્ર સ્વભાવનો માણસ છે ને આએ દુકતીઓએ તોખ્ખી થઇ જઇ કંઇ ઘાણુ બગાડયો તો દીલની બધી ઉમેદ ધુલમાં મલવાની છે !"

તેણીએ ફરીથી તે બેઉ બેટીઓને પોતાના ઓરડામાં બોલાવી જાલકાકા આવે ત્યારે કેવી નરમાશથી તેવણુ સાથ વરતવું તે બાબેનુ સીફતથી શિક્ષણુ આપ્યું. તુરત વેળા તો છોકરીઓએ તે કબુલ કીધુ પણ ધનબાઇને ઉપજેલો શક સદનતર દૂર થયો નહી. તેવણને લાગ્યુ કે વડી દીકરી આલાં કદાચ પોતાના સ્વભાવપર કાબુ ગખશે પણ આએ નાજા દુકતી વશે મને મોટો વ્હેમ છે ! જે ખુદા કરશે તે ખરૂં ! હુ સુલેહ ચલાવવાનું ઘણુંજ ઇચ્છશ. પણ ખુદાની મરજી જુદીજ હશે તો મારૂં ત્યાં શું ચાલવાનુ છે ?”

અંતે જાલકાકા ચીનથી મુંબઇ સહીસલામત આવી પુગા, અને પોતાના મરહુમ ભલા ભાઇના કુટુંબને ભેટતાં તેવણે તન-બદનનો મોટો કરાર મેળવ્યો. જે બચ્ચાઓને તેવણે નાનાં નાનાં ભુલકાઓ તરીકે જોયલાં તેમને વીસ વરસનાં એક લબાણ ગાળા પછી ભર-જવાન ઉંમરમા ઉછરી આવેલાં તેવણની ઘરડી આંખોને ઘણી રાહત મળી જાલકાકા આવ્યા તે દીવસે “ધન લોડજ” ધામધુમથી ધમધમી રહયો. સર્વે નાનાં-મોટાંની ખુશાલીનો પાર ન હતો. ધનબાઇ રોમર અને તેવણનાં ફરજંદોએ પોતાના દેર તથા કાકાજીની વીસ વીસ વરસે થયલી આ પધરામણીને મહા નશીબવતી અને મુબારક-માની લીધી. “ધન લોડજ”નાં નોકર ચાકરો, હમાલ–સીપાઇઓ તથા આયા–દાયાઓની દોડાદોડી અને ધુમચકરીનુ પુછવુ પડે એમ ન હતું કારણ કે ચીનથી આવેલા તે “મોટા શેઠ”—તે ઉમરાવ દિલના શહસે મુંબઇમા કદમ મેલતા વાર તે ને તેજ દહાડે, ઘોડા-વાળાઓ અને માળીઓ સુધ્ધા પ્રત્યેક નોકરને પચીસ પચીસ રૂપીયા બક્ષેશ આપી ખુશ ખુશ કરી નાખ્યા હતાં !

* * * *

એ તકદીર !–તકદીર ! તારી તાસીરને પહોંચી શકે ? જે જાલ-ભાઇ આજથી વીસ વરસની વાતપર એક દહાડે એક કોડી વગરની કંગાલ હાલતના હતા, તેજ જાલભાઇએ આજે "ધનના ઢગ"પર બેસી પોતાની પધરામણીના પહેલાજ દીવસે માત્ર નોકર ચાકરોમાંજ પાંચસો–સાતસો રૂપીયા "મેરીમેરી"માં ખરચી નાખ્યા હતા ! લક્ષ્મી દેવીના આ લાડકા પુત્રને હવે શી કમતી હતી કે હાથ ખેંચે ? તેમની સ્થાવર અને જંગમ મીલકતોની આકણી કરે તો તેનો આંકડો **સવા કરોડ**ની ઉપર જતો હતો !

* * * *

જાલભાઇની અસલ બાપીકી અટક "રોમર" હતી, પણ ચીન દેશના એ દાહેકાના ચાલુ વસવાટથી સરવે કોઇ તેમને "શેઠ જાલ-ભાઇ ચીનાઇ"ની અટકે ઓળખતાં હતા મુબઇ આવ્યા પછી પણ આ ચીનાઇ પારસી શેઠીયા "જાલભાઇ ચીનાઇ" ને નામેજ ઓળ-ખાઇ ચુકયા હતા ચીન દેશમા પોતે મોટી દોલત ભેગી કરેલી હોવાથી તે દેશ તેમને બહુ વ્હાલો હતો, અને તેથી, પોતાના નામ પાછળ અટક તરીકે બાપીકી "રોમર" અટકને બદલે "**ચીનાઇ**" અટક જોવાને તેવણ ઘણું ખુશી હતા. તેવણ કાગળો, ઓર્ડરોમાં, ચેકો કે દસ્તાવેજોપર પોતાની "સહી" પણ જાલભાઇ રૂસ્તમજી રોમ-રને બદલે "જાલભાઇ રૂસ્તમજી ચીનાઇ" એમ કરતા હતા

જાલભાઇ ઘણા બાહોશ હતા. તેમની વેપારી કુનેહ નકલ કરવા-જોગ હતી. એક ગણત્રીબાજ શાહ-સોદાગર તરીકે ચીનમા તેવણે પોતાનું નામ એવુ પકાવ્યું હતું કે ગમે એવો અગ્રેજો વ્યાપારી

પણ એમનુ નામ-કામ સાંભળતા વાર આખ મીચીને વિશ્વાસ મેલતો હતો. મુબઇ અને મુફસીલ ઉપરાત ખુદ ચીન ખાતે હાંગકાંગ અને કંતાનમાં તેમની બોહોળી મીલકતો અને જાગીરો હતી.

જાલકાકા કદે ઠીગણા પણ બદનના બાંધામાં "બાવળની ગાંઠ" જેવા હતા. તેઓ લગભગ ૭૦ ની ભરતીમાં જવા છતાં તેમના ચેહેરાની પેસાની હજી સુધી જેવા ને તેવી લાલ બોકંડા જેવી હતી! તેમનાં ગોરા ગાલપર ગુલાબી રતાસ હજી જેવો ને તેવો જાળવાવા પામ્યો હતો તેમના બાલ તમામ રૂપેરી થઇ ગયલા હતા અને તેમા કાળો બાલ એક પણ બાકી રહેલો જણાતો ન હતો તેવણુની ભરાવદાર અને મરોડદાર મુછ પહેલીજ નજરે એક નવા જોનારપર એવો ખ્યાલ પાડવાને પુરતી હતી કે તેવણ એકજ ઠરાવના માણસ હતા અને જે બોલે તેજ બજાવે એવો આભાવ આબાદ તેઓનો ચેહેરો આપી શકતો હતો તેઓ મુબઇ હતા ત્યારે થેભીઆ રાખતા હતા. પણ આ બે દાહેકાના લાંબા ગાલા દરમ્યાન તેવણે થેભીયા કઢવી નાખી એક દીલચસ્પ લાંબી દાઢી રાખી હતી, જે તેમનાં ભરેલા અને ગોરા મોઢાપર વગર શકે બહુ શોભતી હતી. જાલકાકાની દાઢી ગોયા નરમ સફેદ દુધ જેવા રૂના ગળગોટા સમાન હતી. કોઇબી જોનારનું તે સોથી પહેલુ ધ્યાન ખેચતી હતી અને તેવણનો રોબદાર ગંભીર ચેહરો એ દાઢીથી બેવડો દીપી રહેતો હતો. તેવણની તબીયત 'પથ્થર જેવી સગીન' હતી બીજા વીસ વરસ પચીસ વરસ તેમના વાળને વાંક નહીં થાય એમ દરેક જણ ધારતા હતા.

વળી જાલકાકા આવ્યા ને ઘનબાઇએ તેવણના સ્વભાવમા પણ

મોટો ફરક પડેલો જોયો હતો. તેવણ છેલ્લાં વીસ વરસપર મુંબઇથી ગયા ત્યારે ગંભીર, તીખ્ખા ને જરાની વચ્ચે ચીરડાઇ જાય એવો ના પસંદ સ્વભાવ ધરાવતા હતા, પણ આજે? આજે શુ હતું?— આજે તેવણનો તે સ્વભાવ તમામ બદલઇ જઇને હસમુખો અને ટચકાબાજ બન્યો હતો તેવણ આવ્યા ને આવ્યા ને જાણે હસ્તી સુરત સાથે લેતાજ આવ્યા હતા. ફીરોઝ, આલાં ને નાજાંપરની તેમની ફીદાગીરી હદબહાર હતી. તેવણ તે ત્રણે બચ્ચાઓને એકપછી એક પોતાના પાસાંમાં દાબી દાબીને વહાલથી તરેહવાર રમુજી સવાલો પુછતા હતા.

"આલાં દીકરી તું છે કે? તારો બેસવા ઉઠવાનો ડસ્સો મને ઘણો ગમેછ—" તેવણે મુંબઇમાં પગ મેલતાજ આલાંનું દીલ જીતી લેનારો મીઠો સખુન વાપર્યો "ને આએ પોરી તે મારી નાનકડી નાજુ કે? અહીં આવ—અહી આવ, એ રાંન માજરી બીલાડીની માજરી માજરી આંખ તો ખોદાયજીએ એવી દીલજીત આંખ મને નથી આપી તે વિષે જાણે મને અદેખો પાડેછ! ખચીત્ત, એવા રમકડાં જેવાં બચ્ચાઓ ધરાવવા માટે ભાભીજી ધનબાઇ, તમોને મુબારકબાદી ઘટેછ."

ધનબાઇ પોતાની બેટીઓ બાલકાકાને મલી તે જોઇ ખુશ ખુશ થઇ ગયાં.

"આએ રાસ્કલ આપણો ફીરોજ દીકરો જુઓની!" હવે તેવણ ફીરોજપર ઉખડયા. "હજુ તો પુરી ૩૦ દીવાળી જોઇ નથી તેટલા વારે કરતાં દોઢગણો લાંબો વધી ગયોછ! નકરો જાણે બાપ! તેજ

ટાઇપ–તેજ હમછબ ને તેજ હસ્સો ! ધનબાઇ-ધનબાઇ–ખુદા એ મારી આંખનાં નુરને સલામત રાખે–એ દીકરાપર તો મારી બધી ઉમેદ ને આધાર છે જો !"

"તે હું કયાં ના પાડું છ, જાલભાઇ ? મારા ફીરોજ દીકરાના બાપબી તમે ને કાકાબી તમેજ છો," ધનબાઇ હરખાઇને બોલ્યા. દીકરો ફીરોજ તો આપણી ઘરડી આંખનો આરામ છે

"ખરૂં છે, ભાભીજી, તેમાં શક શું ?" અને અહીં તેવણુને પોતાની સ્થીતિની એક આગળી યાદ થઇ. આજે મારો પોતાનો દીકરો પેશોતન હૈયાત હતે તો ખાસ્સો પંદરેક વરસનો હતે ! તે બીચારો તો છ મહીનાની ટુંક ઉમરમાજ મારગ લાગો ને તેનો ગમ કરીને મારી બેહેસ્તણુ જરીબી મને એકલોઅટુલો બીજા છ માસમાં છોડી ગઇ. બીચારા બેઉ ચીનમાંજ દટાયાં." અને અહી જાલકાકાની ઘરડી આંખ્યોમાંથી બોર બોર જેવડાં આંસુઓ ખરી પડયાં.

"હવે એ ગઇ ગુજરી બધી ભુલી જાઓ, જાલભાઇ, તે ભલી ભાભાએ દીયરજીને દીલાસો આપ્યો એમાંબી તે મહાન માલેકનો કંઇ ભેદ હશે હવે તમારા મરહુમ ભાઇનાં બચ્ચાંઓ છે તેને તમારાં પોતાનાંજ સમજી તમારી પાંખમાં રાખો એટલે બસ. મને બીજું કઇ જોઇતું નથી." અલબતાં, બુઢાજીને આ સખુનોથી ઘણીક રાહત મળી

એ રીતે, જાલકાકા આવ્યા પછીના બે ચાર દીવસો તો પાણીના રેલા મીસાલ પસાર થઇ ગયા. "ધન લોડજ"માં વસનારાં એકેએક જણનો તેવણે તુરત વેળા ચાહ જીતી લીધો હતો—હવે આગળની વાત તો ઇશ્વર જાણે !

પ્રકરણ ૭ મું.

" રાંધણકળાનો હુન્નર સ્ત્રી-જાતિનો એક સણગાર છે."

[દોહરો.]

હુન્નર હોય હજાર પણ, રધક-હુન્નર ખાસ,
સ્ત્રી કેરો સણગાર છે, કરો ધીરજથી કયાસ.

(દિલજાન.)

જાલકાકા મુંબઇ આવ્યા પછી બોલ બોલતાં એક અઠવાડયુ પસાર થઈ ગયુ. આ એક અઠવાડયામા તો તે ઘરડા ગ્રહસ્થે સૌ કોઇના દીલ પોતા તરફ જીતી લીધાં હતાં. તેવણ ઘણીજ બારીક નજરે તે ત્રણે ફરજંદોની હીલચાલ મનમા ને મનમાં ગુપચુપ તપાસતા હતા. કોઇવાર તેઓ છોકરાઓને બાગમાં અચણુચ મલી જતા, કોઇવાર દીવાનખાનામાં તેમની કોઇ વાતચીત ચાલતી હોય ત્યાં એકદમ જઇ લાગતા તો કોઇવાર આલા અથવા નાજાના ઓરડામા નહી માગેલા આવી પુગી તે કુમારીકાઓને અજાયબ કરતા હતા

ડોસાજીની આ વીચીત્ર રીત બધાંને અચરત કરતી હતી, પણ તેવણ સામે બોલવાની મકદુર કોણની હતી? ખરૂ પુછો તો તેવણ શુ નેમથી એમ કરતા હતા તે ફીરોઝ, આલાં કે નાજાં કોઇ પણ કલપી શકયાં ન હતા જો તેવણનો આ ભેદ થોડો ઘણો કોઈ ચેતયુ હોય તો તે ચેતનાર ધનબાઇ હતા "જાલભાઇ મારા બચ્ચાને તેઓ કેવી કાસમના છે તે બાબે કસી જોતાછ એમ લાગે જ." તેવણ એકલા

મન સાથ પટપટયાં. "પણ એ વિષે મને ચીતા રાખવાનું કશુ કારણ નથી એવણ ઘરના વડા મુરંબ્બી તે-ભલે એક છોડી તે એક-વીસ વખત મારા બચ્ચાંઓની ચાલચલણ તપાસે! મારાં ફરજંદો કાંઇ બીજાં જરદારોને હુલ્લડ કે ચીબાવલાં નથી-મેં તેમને દરેક રીતે વિવેકી ને સદગુણી બનાવેલા છે."

ઓ માવતરો! જો તમે ખરી હેતાળુ માવતરો હો, તો તમારાં ફરજંદો તરફની ફરજ હરગેજ ભુલતાં ના. જે માવતરો પોતાની ફરજ બરાબર રીતે અદા કરે છે તે માવતરની છાતીમાં એક પ્રકારનો એવો અંખડ સંતોષ પેદા થવા પામે છે કે સંસારનાં બીજા તકલીફી સુખો કરતાં તે સંતોષ સેંકડો દરજ્જેનું ચઢતુ ને બુલંદ સુખ બરપા કરે છે. આહા, જુઓ-ઓ વ્હાલી માદરો, ઉપલાં ચિત્રમા જુઓ, જાલકાકા તેણીના બચ્ચાંઓને તપાસની કસોટીપર કસવા ઇચ્છે છે તે છતાં તે બહાદુર માતા કેવા શાંત સંતોષથી ઉભી છે? તેણીને ડર લાગતો નથી-છાતીમાં ફીકર ઉત્પન્ન થતી નથી, કે નથી તેણીને કોઇ રીતનો ધભરાટ પેદા થતો, એ બધું શા માટે છે? એટલાં માટેજ કે તેણીએ પોતાનાં ફરજંદો તરફની ફરજ બહુ સાહુચેનીથી પુરતી બજાવેલી છે તેણીના છેલ્લાં સખુનો યાદ કરો, તેમાં તેણી શું કહે છે? તેણી કહે છે કે "મારાં ફરજંદો કાંઇ બીજા જરદારોના જેવા હુલ્લડ કે ચીબાવલાં નથી-મે તેમને દરેક રીતે વિવેકી ને સદગુણી બનાવેલાં છે." આજે કેટલી માતાઓ છાતીપર હાથ મેલી હીમતથી એમ કહી શકશે કે હમારી છોકરીઓનેબી હમે એવુંજ શીક્ષણ આપ્યું છે?

આતવારનો દીનસ હતો "ધન લૉડજ' મા નાસ્તાની ટેબલપર જાલકાકા પોતાનાં વ્હાલાંઓ જોડે ખુશ મીજાજમાં નાસ્તો લેતા હતા, ત્યાં અરધોક નાસ્તો થવા પછી તેવણે ધીરજથી વાત કહાડી. "ધનબાઇ!"

"જી, કંઇ જોઇએછ, મરૂં?"

"નહી, મને કશું જોઇતુ નથી" જાલભાઇએ 'રોસ્ટ' મરઘીની એક ટાંગ છરીથી કાપતાં-કાપતા કહ્યું. "હું તમુને એમ પુછવા માંગતો'તો કે મારી બેઉ દીકરીઓને તમે ઘેર-સસારી કેળવણી આપીછ કે?"

"હાજી."

"કેવી રીતની કેળાવણી?"

'ભરવા સીવવાની-ગુંથણકળાની-મ્યુઝીકની. વગેરે." તે માતાએ અહી કાઇંક ડઘાઇને ધીમા સાદે જવાબ આપ્યો.

"ને રાધણકળાની?" પેલા વરડા અહસ્થે છરીપર સેહેજ નીમક ખેંચતાં પુછ્યું.

"નહીજી—એ લોકમા એટલી એકજ ખામી છેજી."

"કાંય વારૂ, એમ કાય? એ તો ઘેર સંસારમા સોથી અગત્યની કેળવણી છે—ને તેજ તમે આપણી આલાં-નાજા ને આપી-અપાવી નથી?"

'જી, આપણાં સુખવાસી બચ્ચાં—ખુદાએ આપણને શું ઓછું આપ્યુ કે તેઓને એવી મેહનતમા મુકીએ?"

"અહીંજ ભુલ છે તો! નહી—નહી, આપણને બા એ પસંદ

નહીં !" જાલકાકાએ હસ્તે ચેહરે તોપણ રોકડું પરખાવ્યુ. "અબળા જાતીને રાંધકળાના કેળવણી તો પેહેલ્લી જોઇયે. કેમ દીકરા ફીરોજ એ વિષે તારૂ શું મન છે બા? જોજે હો. અહીં બટરફ્કિેશનની કસ્સી જરૂર નથી !"

"મુરબ્બીજીનું કહેવુ ગસ્ત ને દુરૂસ્ત છેજી." ફીરોઝે વધુ કાંઇ પણ બોલ્યા વીના લાયકાથી જવાબ આપ્યો. તે હસમુખા જવાનને તો જાલકાકાએ કહાડેલી આ વાતથી પોતાની બેહેનોને ચીડવવાનું એક નવું "બોટુ" હાથ લાગ્યુ ! "ઓરતજાતનો રાધણુકળા તો સણગાર છે, કાકા."

"જીવતો રેહેજે, દીકરા, કેવો મારો ડાહયો ને સમજદાર દીકરો છે !" જાલકાકાએ ફીરોઝની વખાણ કીધી. "એકજ સખુનમાં સમજી જાય, તેનું નામ ને તાબેદાર બચ્ચા ! કેમ આલાં-નાજા ?" અને અહીં તેવણ પોતાની ભત્રીજીઓ તરફ ફરીને પુછવા પડયા "શું તમોને રાધવા—સીધવાની તરબીઅત બીલકુલ મળી નથી ?"

"નહીંજી" આલાએ શરમાઇને નીચી નજરે જવાબ આપ્યો.

"વેરી બૅડ '" બુઢ્ઢાજી બબડયા અને તળેલા પાપડનો એક ટુકડો મોંમા નાખી પોતાના બનાવટી દાંતની બત્રીસીથી કુરૂમ-કુરૂમ ચાવતા બોલ્યા. "વારૂ એક ચાળવેલું ઇડુ બનાવતા કે ભુમલા ભુજતાંબી આવડેછ કે નહી ?"

આલા શરમાઇ ગઇ ! તે બેઉ બેહેનોનો ચેહરો સેફ બીસાલ ફીકકો મારી ગયો !

"કંઈ ઇંડાંનો પોળો ?-કંઇ ઇંડાંની અક્કુર ?" જાલકાકાએ સવાલપર સવાલ જારીજ રાખ્યા.

જવાબ નદારદ !

"તમારી આએ બાબદની નબળાઇ જોઇ હું ઘણોજ દલગીર છું, છોકરીઓ, જાલકાકાએ ચલાવ્યું, "યારે બધી તમારી ટીપટાપ તો ઉપરનીજ કે, હેં ? નહીં દીકરીઓ, રાંધણકળા તો તમોને શીખવીજ પડશે."

"પણ કાકાજી એ કંઈ અમારૂં કામ છે કે અમે શીખીયે વારૂ ?" અહીં તીખ્ખી નાજાંએ જરા હીંમત એકઠી કરી જવાબ આપ્યો.

"તમારૂ નહીં તો કોણનું જી ? શું એ માતીડાનું કામ છે ? ચાલ તેમ હોય નો જલદી બોલી દે કે આવતી કાલથી હું ને ફીરોજ બેઉ બબરચીખાનામાં કામ બજાવીયે !" જાલકાકાએ હસ્તે ચેહેરે જવાબ આપ્યો "જો એ ફરજ હમારી હોય તો અમુને કબુલ છે! બોલી દે જલદી ! ચાલ ફીરોજ, જો તારી બેહેનનું મત એવુંજ હોય કે રાંધણકળાનો નામીચો હુન્નર કુદરતે બૈરાંઓ સારૂ નહી પણ મરદોને માટેજ બનાવ્યોછ તો કાલથી આપણે બેઉ જણા રાંધણી માસાથે જઇશું. હુ જાણે શાહ બાવરચી ને તુ મારો મદદનીશ ! બઇરાંઓ ખુશાલ આગલા દીવાનખાનામાં કોચ—ખુરસી—સોફાપર આલોટશે ને આપણે એ લોકન સારૂ રકમ રકમનાં મોંહ સવાદીયાં પચરંગી પકવાનો—પકાવીશું. વઘારેલા ચાવલ—મુરણમાં ગોસ્ત, વેંગણાંની બુરીયાંની, તળેલા પાપડ—માછલીનો સાસ—ઓનપીઝપર ઇડાં—ઘઉની ઘી ગગળતી રોટલી—તળેલી ગરભ ખીમાના ગરમાગરમ પેટીઝ, સોહરમદાર કવાબ-કોલમીનો તતરેલો

પાટીયા—મસાલેદાર કલેજી બુક્કા—પપેટાનાં ડીપલીંગ્સ-કાકડીનું રાયતું આંબલેટ—આંબાકલીઓ—ભગવાન ઇસ્ટુ, ઇત્યાદી, ઇત્યાદી જે બયરાંઓ માગે તે ઘડી ચપકામા તૈયાર! ચાલ, બોલ, દીકરી નાજાં, હવે તા તુ ખુશી થઇ?"

"જા બા, કાકાજી, તમે તા અહીં નાશ્તાની ટેબલપર બધ નોકર ચાકરોની સાંએ અમારી મજાહ કરોછ" નાજાંને કાકાજીના ટપકાથી ચટકો તો જબરો લાગ્યો. પણ સામેજ મમ્માજી બેઠેલાં હોવાથી અને તેવણે ડોળા કકડાવી છોકરીઓને નરમાસથી જવાબ આપવાની ઇશારત આપેલી હોવાથી તેણી માથું નીચુ નમાવી શરમાઇ જઇને કાંઇક રીસામણી ટપે પરીયારો પકડવા પડી.

"શું તું એમ ધારેછ કે હું તમો બેઉ બેહેનોની મજાક કરૂંછ દીકરી?" જાલકાકા એક ગરમાગરમ તળેલી રામસપર સફાઇથી હાથ મારતાં હસીને પુછવા પડયા. "નહી મારી કલેજી! તેવો ખ્યાલ હરગેજ તમો મારા વહાલાંઓ મારે વિષે રાખતા ના. હુ જેવી કઇ કેહવશ રાંધણકળાનો નાદર હુન્નર સ્ત્રીજાતીનો એક સણગાર છે, એવો ઉમદા હુન્નર ઓરતજાતે શીખવો ને સ્પાડન કરવોજ જોઇયે ખુદાએ આપણને આજે પૈસાવાળાં કીધાંછ તેથી શું થયુ?—કાંય નહી આવતી કાલે પાછા આપણે ગરીબ થઇ જઇયે? શુ પૈસાવાળાં થયા તેથી રાંધણીમાં જવામા એબ છે? જો તમો બેઉ દીકરીઓ તેમ સમજતી હોય તો હું તમારી બીજી બાબતની ગમે એટલી બાહોશી છતાં તમોને અભણ ને અજ્ઞાન સમજસ. તું ચુપ કેમ થઇ ગઇ નાંજાં? બોલની, રાંધણકળાનો હુન્નર ઓરતજાતનો છે કે મરદ જાતનો?"

"વગર શકે ઓરત જાતનો." અહીં પોતાની દીકરીઓ વતીથી ધનબાઇએ જવાબ આપ્યો.

"જો એમ છે તો પછી તમે ભુલ કેમ કીધી, ભાભીજી?" જાલભાઇએ તળેલા ગરભની એક 'સ્લેસ' કાપી તેનો 'ટેસ્ટ' કરતાં હવે ધનમાયને પકડી પાડયાં. "દીકરીની જાતને ઘેરસંસારી કેળવણી તો પેહેલ્લી જોઇયે–પછી તે ગરીબની દીકરી હોય કે ભલા તાલેવંતની! તાલેવંતની દીકરીઓને કંઇ બે માથાં હોતાં નથી. તવંગરીના તોરમાં તેઓ મન ચાહે એવી મોજ ભલે મેલવે, પણ અબળાજાતીનો રાંધણ કળા જેવો નાદરને નામીચો હુન્નર શું તેથી ભુલી જઇયે? નહી! હું તો બા તમુને સાફ સાફ બોલીને ખુલ્લું ફરમાઉંછ કે મારી ભત્રીજીઓને રાંધણકળાની કેળવણી આપવીજ પડશે જો મારા સુખનને માન આપવાને એ લોક નારાજ હોયે તો પછી મારી તરફનાં વ્હાલના કે કસાની ઉમેદ રાખે નહી! હા બા, આપણે તો ચોખ્ખો રોટલો ચોકમાં બેસીને ખાવાના!" અને અહી જાલભાઇએ પોતાનું બોલવું કેટલું મુસ્તકીમ છે તે જાણે તેઓના મગજપર ઠસાવવા માગતા હોય તેમ હાથમાં પકડેલા ચમચા કાટા જોરથી 'પ્લેટ' સાથ વજાડયા.

"કાકાજી, જુવો આએ એક નજીવો હુન્નર અમુને નથી આવડતો તેથી શું થયું? શું અમે એ શીખવોજ જોઇએ." નાજાંએ ઓસકાઇ ઓસકાઇને પુછ્યું.

"જરૂરજ શીખવો જોઇયે." જાલકાકાએ કટલેસનો એક કકડો કાંટા વડે મોંમાં લેતાં ડોકું નમાવી જવાબ આપ્યો.

"પણ તમે અમારી કંઈ બીજી પરીક્ષા લેવાની, કાકાજી?" હવે

આલાંએ બોલવાની હીંમત કાધી. "હમણાં નવા ટાંકાનું નવી શેશનનું ભરતકામ નીકળ્યું છ તેના અમારા નમુના તપાસો—અમારી તરેહવાર જાતની અપ–ટુ–ડેટ ફેશનની લેસીસોનું ગુંઠણકામ જુઓ—કંઈ મ્યુઝીકની પરીક્ષા લેવો!—અમારી વીનીશીયન લેશની હેરતભરેલી ઝીણી હુન્નરમંદી જોઇને અમે તેપર કેવી મેહનત ને ઝેહમત ખેંચીછ તેને તપાસો!–મુવા રાંધણકળાના ગંદા ને ગલીચ હુન્નરને શુ દાળ–દોધીમાં નાખોછ? અમારેથી બધું બનશે, કાકાજી, પણ ખુદા ખાતર આએ રાધવા–સીધવાની બાબતનુ તો માફ્જ કરજો! તમે હજી કંઇ બીજો હુન્નર લેવા કહેશો તો અમો અમારી શરોચશમથી તમારો હુકમ માથે ચડાવશું"

"શુ બોલી? આલાં! એમ છે કે જી? અહીં હવે જાલકાકા ખુરસીપર તડા થઇ એક હાથે પોતાની દહાડી પસવાળનાં અને બીજા હાથે પાણીનો એકેક ઘોટ પીતાં લગાર ભવાં ચઢાવી કાંઇક દેખઇતા તીખાસથી બોલ્યા. રાંધણકળાનો હુન્નરની કદર કરૂ છ, તે દાળ–દોધીમાં નાખવા જેવો હુન્નર લાગેચ કે? સારૂં–સારૂ !–બહુ સારૂ, બેરાંજી!"

"પણ અમારા ભરતકામ–મ્યુઝીક ને વીનીશિયન લેસ—"

"જાહનમમાં નાખ તારાં ભરતકામ–ફરત કામને" જાલકાકા ચીરડાઇ ગયા. એ હુન્નર ખરા પણ સુખવાસી હુન્નર છે. એવા લાખ હુન્નર કરતાં રાંધણકળાનો ઉમદા હુન્નર અબળાજાતી માટે એક આશીરવાદ સમાન છે એમ હુ માનુછ હુ ભાર મુકીને કહેવા માગુછ કે જે મા—બાપે પોતાની બેટીઓને રાંધણકળાની કેળવણી આપી અપાવી નહી હોય, તેઓ ગમે એવાં શાણાં ને સમજદાર છતા ગામનાં

ગમાર જેવાં છે. હા, હુ તમારી સ્ત્રીજાતીને શોભા આપનારા બીજા અનેક પ્રકારના હુન્નરોને કંઇ વખોડતો નથી, પણુ મારૂં કહેવું એ છે કે રાંધણુકળા શીખ્યા વગરની કેળવણી ઘરસ સારી કેળવણીમાં ગણાયજ નહીં તમે બૈરાંઓ ગમે એટલા શીખો ભણો, બી એ. ને એમ એ થાઓ, ડાક્ટર બનો, કે એલ એલ. બી થઇ ધનસાફની દરબારમાં દાખલ થાઓ પણુ એ બધાની આગમચ તમોએ રાંધણીનો હુન્નર હાંસલ કરવો જોઇએ. જે બૈરીને રાંધતાં સીધતા નહીં આવડે તે બૈરી કામની શુ ? હાથે ને જાતે રાંધી જાણુનારાં કોઇબી દહાડે ભુખ્યા મરતાં નથી. તમો સેકડો હુન્નર શીખેલાં હો, પણુ રાંધણકળા આવડતી નહીં હોય તો એક પરાયાં પરદેશમા તમે શુ કરો ? ધારો કે આજે તમારી ચલતી છે—કાલે એજ ચલતીનુ ચક્કર ફરી જઇ પડતી આવે તો તે સમે બબરચી—બુટલેર તમો કયાંથી લાવી શકો એવી વખતે એ હુન્નર જાણતાં હોય તો કેવો કીમતી થઇ પડે ? દીકરીઓ. કાલે ઉઠીને તમે સાસરે જશો. સમજો કે તમો પરણો તે વખતે આપણી સ્થીતિ સારી નહીં હોય તો કુદરતી રીતે બનવાજોગ છે કે તમોને કોઇ ગરીબ ઘેરે પરણી જવું પડે, ને તેમ થાય તો ત્યાં બબરચી-બુટલેર માગશો તે કયાંથી મલશે ? મા—બાપ કે ધણીની સ્થીતિ ગમે તેવી હોય—પછી તે તાલેવંત હોય કે ગરીબ હોય—પણ દરેકે દરેક ઓરતજાતની ખરેખરી ફરજ છે કે સંસાર—સાગરમાં સૌથી વધુ ઉપયોગી થઇ પડનારો એ રાંધણકળાનો હુન્નર તેણીએ હાંસલ કરવોજ જોઇએ. તોજ તે એક બેટી તરીકે બાપને ત્યાં, ધણીઆણી તરીકે ધણીને ત્યાં, અને માવતર તરીકે બેટાને ત્યાં ખીલી, શોભી અને દીપી નીકળે કેમ બોલ્યા નહીં, ભાભીજી ?"

"તમો મુરબ્બીજીનો એકએક સખુન ગોહર સમાન કીમતી છેજી." ધનમાયને કાકાજીનું રાસ્ત બોલવુ કબુલ્યા વિના ચાલ્યુ નહીં.

"તમારી ઇચ્છાજ છે, જાલભાઇ, તો હું મારી દીકરીઓને આટલું મોહું થવા છતાં રાંધણકળાનો આએ નાદર હુન્નર—"

"નહી નહીં, માયજી તેવું—એવું કઇ તમે કાકાજી આગળ કબુલ કરીને બંધાઇ જતા ના" નાંજાએ નસકોરૂં ચઢાવી પોતાની માતાને બોલતાં અટકાવી કહ્યુ, "મરેરે! ઓવારી નાખ્યો એવો મુવો નાદર હુન્નર મારાં નામ—ઉપરથી! ખોદાયનું દીધું આવું બાદશાહી એશ—આરામનું સુખ છોડી રાંધણીમાં ધુમાડાથી આંધળા થવા ને સુના સરખા હાથ બગાડવા કોણ જાય? મરેરે! મુવા કાંદા-લસણ ને આદુના વાસથી હું તો બીજેજ દહાડે મરવા પડું જો?"

હા! બાઇ સાહેબ, હા, હુંબી એમજ કહેતો'તો જી?" નાસ્તો પુરો થવે હાથ સાફ કરી રહી રૂમાલથી મોહડુ લુછતાં જાલકાકાએ નાજાંના ટચકા કીધા. "એ તો બધી મુલ્યાની મકરકુંદી છેજી, સમજ્યાં કે બઇરાંજી? પણ તેના રસ્તા કરવા તે મને પુરેપુરા ખબર છેજી. ચાલો, હાલ તુરત તો આએ વાત માંડી વાલોજી. પણ હું તમારાં મમ્માજી સાથ એકાંત્તમાં કંઇ વાત કરવીછ તે કરીને આઉછ તેટલાં આગલા દિવાનખાનામાં ત્રણે ભાઇ—બેહેનો બેસજો—જોજો હો, કંઇ હીલ્લાં બીલ્લાં બતાવી પોતપોતાના ઓરડામાં ખસ્રી ના જતાં!"

નોકરોની છુપી પણ ધુમ હસાહસ વચ્ચે જાલભાઇ ચીનાઇ ડાઇનીગ રૂમ છોડી ગયા, તેવણુની પાછળ ધનબાઇ પણ ગયાં.

પ્રકરણ ૮ મું.

" ઉથ્થારી ! ચેલ્લીનાં ઘેરભા તો ચુથેઇ ગેઇ ! "

(દોહરો.)

જેનાં તેનાં કાર્યમાં, જે તે હોય પ્રવીણ;
સુગંધ આપે સેવતી, આપે કેફ અફીણ.

[**દીલજાન.**]

જાલ કાકાની આજની વરતણુકથી નોકરો પણ અજબ અજબ થઇ ગયા તેઓ પ્રથમ તો સમજી શકયા નહી કે આ ચીનાઇ શેઠીયો શુ કરવા માગે છે ? પણ નાસ્તાની ટેબલપર થયલી ખુલ્લી વાતચીત બધી સાંભળ્યા પછી તેઓમાં ઉપજેલી રમુજની હદ રહી નહીં !

પણ એ રમુજ પામનારા નોકર—ચાકરો અને બાવરચી–બુટલેરોમાં સઉથી વધુ રમુજ તો ધનબાઇના ઘરાની બાવરચી જવાંમર્દને ઉપજી. જાલભાઇ શેઠ નાસ્તાની ટેબલપરથી ઉઠી ગયા બરાબર બીજા નોકરો ટેબલપરની 'પ્લેટ' ઉંચકે તેટલાં તે પાછો રાંધણીમાં દોડયો અને જાણે આજના બનાવથી તેને કેવીએક ખુશાલી છુટી હોય તેમ અહીંથી તહી કુદવા ને નાચવા લાગ્યો !

" ઉથારી ! ચેલ્લીના ઘેરભા તો ચુથેઇ ગેઇ !—નારથાકુર નાઙ્ગુબોઇ ઘેભરાઇ ગઇ !—ને આલુબોઇ લેજવાઇ ફેજવાઇ ગઇ ! " તે ગમાર જાણે છાકટો થઇ પગ ફેરબા લેતા હોય તેમ એકેક પગે ગોળ કુદી હાથના ને માથાંના તરેહવાર ચાલા પાડતો કઇ અજબ ગેલમાં આવી

પોતાનાં મન સાથ એકલો પટપટવા લાગ્યો. " વાહુવા ! ઘેનાં મેજેનાં થેઇ !–ઘેનાં સોરસ થેઇ !–ઘેના ખુબ બેની ! મે ખુસી મારા ખુદા ખુસી થેઈ ! મોથા સીથ વીસ વોરસે ચીનથી ઓવી–ને ઓવી ને ઓવી થોફલા સફરા ભેરી ભેરી પેઇસાબી લોવી ને ઓકકલથી લાવીછ ! મે ગેરીબ ઇરન મારી સીથનાં સામજદારીપર ઓફરીન કારીછ ! મારી સીથથી બરી પોકકી ને નોહચલની ખુત્તી છે, અ ? હા ! એક આઠ-વારીયા સુદી તેઇ ગુપચુપ જેમી–ગુપચુપ બોધી–ગુપચુપ ફરી–ગુપચુપ ચોલી, ને ગુપચુપ જેઇને ફોતાનાં ઉદ્દામાં મજાના પુચ્ચા પુચ્ચા માંખ-મલી બીછુનાપર સાગ સારા રાત સુઇ ઉથી–પન ગેઇ કાલથી ?–ગેઇ કાલથી મારી ગોથ જેરા જેરા ફોતાના પાની દીખારવા લાગીછ ! ઉ જવાંમર્દ મારી સીથના બેધા મોતલબ સમજી ગેઇ ! સુ ઉ કંઇ નાદાન બચ્ચા છે કે મારી સીથ સુ કરેછ તે સમજેછ નેઇ ?–નેઈ ઉ બેધા મોમલા સેમજી ગઇ ! મારી સીથની મોરજી આલુબોઇ ને નાજુબોઇ રાન્નીમા રોધવા સીખવવાનાં છે ! હા હા હા હા હા હા–ઘેનાં મોજેના ' બઇરા જેવા બઇરા થયા ને ચારવેલા ઇંદા બનાવતાં તો આવરતા નેથી ! કેવી અફસુસની વાત છે ! પન મારી સીથ જબરા લાકીટના માકીટ છે એ કંઇ આલુબોઇનાં ઇતરાટ કે નાજુબોઇના નોંખરા ચાલવા દેવાની નથી !–બરાબર પુરા પરીને વધસે ! ઘેના મેજેના થેઇ કે મારી સીથને એવા અકકલ સુજયા. અવે બેઉનાં ઇતરાટ ભોંગી જશે–હી હી હી મને કેવી ગીલગીલી આવીછ !–હી હી હી !" અને અહીં તે જરા ચુપ થઇ કંઇ વિચાર કરતો ઉભો. "ઠીક ઠીક, ઉં એમજ કરેછ ! હવે એ બેઉ બેન પર ઉં મારા વેર લેછ ! જરા સીથનાં સીરવા ખોરી થેઇ તો એજ નાજુબોઇ મને ગોર દેઇછ મોતાંબાઇના કાતલીસ જરા દાજી ગેઇ તો

એજ આલુબોઇ મને 'જેંગલી પ્રકૃતની ઉપમાં આપીછ' અને ઉ જોએછ કે મોતા સીથનાં કાતલીસ ને કબાબ ને ખીમાં ને છાપ એ એઉ બેન કેવા કરીછ!–હી હી હી!"

અહીથી નીકળેલો તે પાછો જમવાના ઓરડામાં ગયો, ત્યા જોય છે શુ કે બધા ટેબલ છોડી ગયાં હતા. પણ નાજાં એકલી ટેબલપર માથુ ટેકવી આંખ્યો મીચી ગમગીન દેખાવે વીચાર–સાગરમાં ગરક ગયલી જણાતી હતી!

તે એક પળ થોભ્યો–તેણે ધીમા સાદે સેહેજ ખખાર માર્યો– પણ નાજાં પોતાના ખ્યાલોમાં એવી મસ્ત, હતી કે જવામર્દનુ જમ- વાના ઓરડામા આવવુ તેણી જાણી શકી નહી.

"ઓહો! નાજુબોઇ ગીરફતારે ખયાલ અસ્ત" તે તેણીના "દેખાવ" જોઇ બારણામાજ ઉભો રહી સેહેજ હસીને મન સાથ પટપટયો. "ગફલતનાં ખાબે ગલબા કીધાછ કે શુ? જરા ફાસે જઇ તફાસ તો કરૂ!" એમ વિચારી છરાની જવામર્દ પગનાં અંગુઠાઓપર ચાલી હલકાં કદમે તેણીની ખુરસીની બરાબર પાછળ આવી ઉભો.

"એની નોંખરા બેધ્ધા કેવી નરમ પડી ગેઇ?" તે ફરી એક વાર મનમાં ને મનમા પટપટયો કે જ્યારે તેનું ટચકાબાજ હસ્તુ મો અને બેઉ હાથના અણકા–ચરકા એક ચિતારાના ખોરાક માટે બહુજ 'નેચરલ' (કુદરતી) હતા! "હી હી હી હી મારા નાજુબોઇ અઇંજ પોહરી ગયા કે સુ? હેં? ખાખાજીએ આજે સબક આપીયા તે આલુ- બોઇ ખરતાં નાજુબોઇને એટલા બધા ગેરમ ખેમ પરી ગેઇ વોઓરૂ ઉં ઉં?" અને અહી એક પલ થોભી ને પાછો વિચાર કરવા પડ્યો.

"એ સુઇ નેથી ગીયા—એતો મારી સાથે રાંધવાનાં સીખવા કહયા કેની તે વિચાર કરતી ઉસે જે ખીમાં કેટની વખત ધુસે ને આદુ લસનનાં ઇદામાં એતલા સેર મરચાં નાખશે! પન છપ એ સુતીલા કામનાં નેથ મેં તો એના સાથે વાત કરવા મોગેછ! મેં એને ઉથારેછ." અને એમ બબડી તેણે "હી હી હી—હી હી હી હી—હી હી હી હી—હી ઈ ઇ હી ઇ ઇ હી ઇ ઇં ઇ હી ઇ ઇ ઇ ઇ હી ઇ!" એમ રફતે સાદે શુરૂ કરી કરી મોટા સાદપર જઈ ધુમ કળવાઇ કળવાઇને હસવા માંડયું, જાણે હસતાં હસતાં પેટમાં કળ મારતી હોય તેમ વાંકો વળી એક હાથ પેટપર દાબી બીજે હાથ નાજાની ખુરશીની પીટપર મેલી જાણી જોઇને તેણીને સજાગ્રત કરવા માટે તેણે એક ધીમો આંચકો માર્યો. જે લાગનાં સમેત "ઓ માયરે! એ કોણ?" કરતી તેણી પોતાના ખ્યાલી તુરંગોમાંથી અચણુચ જાગી ઉઠી!

"હી હી હી હી!" તેણીને ચમકી ઉઠેલી જોઇ ઇરાની જવાંમર્દે પોતાનાં હસવાનાં ચેણચાળા ચાલુજ રાખ્યા. "મારા નાલ્લાં ને ગરીબરા સીથાંની! મને થારી કેવી દયા ઓવીછ! એ મોટા સીથને સું સુજ પરીયા?—હી હી હી—કેતારા ને તારા બેહેનના પીછા પકરીયાછ? હી હી હી હી!—દેલગીર છે, ઇરૂંન તારા આએ મોત્તા દુઃખથી ધેનાં દેલગીર થયલા છે.—હી—હી—હી—હી!"

દીલાસો આપવાની આ સુરીયાણી રીત જોઇ નાજાંનું એવુ પાકી આવ્યું કે તેણી ચીરડાઇને કાંઇ બોલવા જતી હતી, પણ તેટલાં પોતે જે ખ્યાલોમા મસ્ત હતી તે ખ્યાલોપર પાછું ચીત્ત ભમીત થવાથી તેનાં દુઃખની અસર તળે તેણીને ઉપજેલો ગુસ્સો ગોયા દબાઇ

ગયો અને તેણીનાં ભવાંની ચઢેલી કમાનો જોઇ જવાંમર્દ જે લગાર અચકી ગયો હતો તે તેટલીજ ઝડપથી તેણીનો ગુસ્સો સમી ગયલો જોઇ પાછો હીમતવાન બન્યો.

તેણીએ પેહલી વખત તો આંખના એક કરડા ઇશારાથી તેને ચુપ રાખવા ઇચ્છયો હતો, પણ ઇરાની જવાંમર્દને પોતાની ન્હાની શેઠાણીપર છુપ્યુ વેર વાળવુ હતું એટલે તે આટલા ન્હાનકડા દાબ ધાકથી દબી જાય એમાંનું માણસ ન હતો. તે ગમે એટલો જંગલી કે અવિચારી હોય, પણ તેની બાજુમા એક કયાની બાહદુર લોહી ફરતું હતું.

"સુ છે, નાજુબોઇ, ફોલા સાના કાકરાવીછ?–હીહીહીહી" જવાંમર્દ તેણીની લગભગ અડોઅડ જઈ ચાકો વળી હસતે ચેહેરે અને ટકોરબાજ રૂપે પુછવા પડયો "શુ ઘભરાએછ, સાના? મેએેત્રા છે? હીહીહીહી!–મેં થુને દારેક રીતે મદત કરસે!–હાહીહીહા–ખાખાજીબી બડી ઉસ્તાદ છે, હ? ઓવી ને ઓવી કંઇ નેઇ મલીયા થારે મારા નાલ્લા સીથાણીને ઓખી ને ઓખી રોંધી નાંખવા–અરે તુબાહ–તુબાહ! અવાક્ષે પશેમાન!–નાપાક સીથાનપર લીયાનત પરીયા તે મારાથી સુનાં સુ બોલાઇ ગીયા–ઉ–એમ ખેવા મોગીછ, મારી બોઇ, કે ખાખાજી ઓવી ને ઓવી કંઇ નેઇ નેઇ મલીયા થારે માગ નાલ્લા સીથાનીને અમસથા રેનજીદા કરવા પરીછ!–ફ્રન તું ઘોભરાયછ નહીં નાજુબોઇ, મેં થુંને બેધા મારી–મસાલ્લા ખેમ નોખીછ ને તારા બાખાજીને કેમ તરી કાહરીછ–અરે નેઇરે–ઉ કેમબખ્ત ફ્રાછા ભુલીયા–તારા ખાખાજીને સારૂ ખબાબ–ખાતલીસ રામસ બોઇ ને હાઈ!

ચૅાપ ખેમ તરી કાહરીછ તે મેં તુંને ઘેએઅંએએનાં સેહલાઇથી સીખવેછ—ફ્ન તારા ખાખાજી—હીહીહી !—મારા સમ ! થારા દુઃખ જોઇ મારા કાલીજા ફ્ાતી ફ્ાતી જાએછ ફ્ન થારા ખાખાજી—હી—હી-હી—હી !"

હવે નાજાંની ધીરજ રહી નહી. તેણીને ચેતી જતાં વાર લાગી નહી કે "એ મુવો તો મારી ઉપર મીઠ્ઠું ઝેર વાળેછ ! કાકાજીએ આજે હમુને રાધણકળાનો હુન્નર હાસલ કરવાનો હોકમ કીધો તેનો આએ મુવા છાલકીનાં અધરણને હરખ-વા થઇ આવેલો લાગેછ !" તેણીને ગુસ્સો તો ઘણો આવ્યો, પણ પોતાનો પી-તો દાબી (જીવ દલગીર હોવાથી !) તેણી માત્ર એટલુજ બોલી: "જવાંમર્દ ! જરા અક્કલ પકડ ! છેકજ જંગલી નહી બન્યે !—સારો નથી લાગતો ! ચાલ, ચાલ્યા કર, રાધણીમા !' અને તેણીએ ઠરસાથી બારણા તરફ આગળી બતાવી.

જવાંમર્દને આ શબ્દોથી ચાંઇ તો લાગ્યુ, પણ તે આટલાંથી ફીટે એવી પોચ્ચી મટોડીનો ન હતો.

"સું ખેછ ? સું બોલીયા ? અક્કલ- પાકર ? ખેમ, મારા આક્કલનાં સાંછાખામમાં કંઇ ભોંજફેર થયાછ કે ?—પન, નાજુબોઇ, ખાખાજીની પેલી વોત—હીહીહીહી !"

"મરી ગોયા મુવા શોખ, જરા સાન પકડ, શુ કહેવા શુ માગેચ તે હું સમજુંછ જવાંમર્દ; આજે મારો જીવ કુહડેલો છે તેથી ભરી આબરૂમા અહીંથી ચાલી જશે તો શોભામાં રહેશે ને નહી તો—"

નહી તો થું મેંને સું કરસે, નાજુબોઇ ?" છેક તેણીનાં નાકની અડોઅડ પોતાનુ નાક લાવી જવામર્દે આજે તો ,ગોયા જવાંમર્દીજ બતાવી "ફાંસી દેસે ?-પન ખાબરદાર વધારે લતપત નેઇ કરેછ-નેઇ તો ફોફેતામા ધુસ કેમ રોધેછ તે થુને જવામરદ દેખારવાના નેથી,-હીહીહીહી-થારા કાકાજીનાં—"

"મરી જાયરે મુવો એ બેશરમ ! આટલું આટલુ કહુંછ પણ નફ્ફોદ ગીયો જરા થઇને સમજતો નથી ? ઓ તું મરેરે એમનો એમ !—તારી કેઇ આઇ-બાઇનાં સીનાં સેરવવા અહી આયોછ ?", અને એમ બોલતાની સાથે નાજાંએ ચીગડાઇને પોતાના પગમાનુ સ્લીપર કાઢી જવાંમરદનાં આગપર ફેંકયું !

પણ તે ઠાવકો ઇરાની પોતાની નાનકડી શેઠાણીને આમ ચીડવી તેનાં કોઇ એવાજ પરીણામ માટે આગમચથી હુશીયાર રહેલો હોવાથી સ્લીપર ઉંચકાતા વાર સીફતથી ,પાછળ હઠી ગયો અને સ્લીપર બારણાની બરસાખને અથડી ત્યાંજ પાછું પડયુ !

શાબાશ !—શાઆબાઆશ !—શું થો કોઇ ઘેનાં પકકા નીશાનબાજ છે !—આજે જરૂર મારા ખાત્રી થયા ! હીહીહીહી-બેરી વાત-?-" અને એટલું બોલી એકવાર ફરીથી ડાચાંના ને હાથના કાંઇક ચાળા પાડી નાજાંને તે ચીડવતો હતો તેટલા તે જવાન કુમારીકા શિરીંરાઇને ખુરસીપરથી ઉભી થવાથી જવાંમરદ ઘુમ રમુજ પામતો રાણીજી તરફ ન્હાસી ગયો.

પ્રકરણ ૯ મું.

મોહબતની "મંઝલ!"

[દોહરો]

પાકું બંધન પ્રેમનું, પરાક્રમી પકડાય;
ભમરો કોરે કાષ્ટ પણ, સરોજમાં સપડાય.

[દિલજાન.]

પેલી તરફ આગલાં દિવાનખાનામાં આલાં ભાઇ ફીરોજ આગળ આજના નાસ્તાની ટેબલપર કાકાજીએ કાહડેલી "રાંધણકળા"ની નકામી માથાફોડ ને ખોટ્ટી જીદ" (?) ઉપર પોતાના બખાળા કાઢતી હતી, તેટલાં નાજાં ત્યા આવી લાગી.

આલાં જરાની નરમાસથી બોલતી હતી, પણ નાજાનો મીજાજ તો આજે હદબહાર ચસકેલો હતો. તેણી દીવાનખાનામાં પગ મુકતાં વાર ફીરોઝ સાથ અટકી પડી.

"આજે ટેબલપર એટલીજ લાયકી કીધી કેની, પીલુ?" તેણીએ ભરડાટથી પુછ્યુ. "મોહટે મોહડે કાકાજીને કહેવા સાનો નીકલ્યો કે રાંધણકળા એ આં જાતિનો સણગાર છે!" છેલ્લા સબ્દો નાજા ફીરોજની ચીચ પાડતી ઢપે બોલી "શોભ્યા તો ઘણા! તારી આએ ફીલસુફી જોઇને અમે બેઉ બેહેનો તો હેરત ને દગ થઇ ગયાં!"

"કેમ, નાજાંબાઇ? કઇ કાકાજીનો કેહેર મારી ઉપર કાઢવા

માગેછ કે શું ?" ફીરોજ તેણીના અણકા– ચરકા પામી જઇ અરધી રમુજી અને અરધી ગંભીર ઢપે નરમાસથી બોલ્યો. "મને જે વાજબી લાગ્યુ તે મેં હા કહ્યુ. સોનાને સો વાર અંગારમાં નાખે, પણ સોનુ તે સોનુંજ ! કાકાજીએ એ નાદર હુન્નરની જે કદર બુજીછ તે તમારાજ ફાયદાની છે, નાજુ, અને નહી કે તેવણના."

"બેસ–બેસ ,–જોયું તારૂં ડાહ્યપણુ , આપણેથી તો બા એવા ચાકલેટ ડોસા સાથ નહીં વસાય ,–હું મરી જવસ પણ રાંધણીમાં તો નથી જવાની ," નાજા ફરીથી ચટકી ઉઠી.

"નાજાં—નાજાં , તારી જીભનાં નખ લેવાડ ," ફીરોઝ અહો લગાર ગરમ થઇને બોલ્યો "તું એવો હલકો બોલ કોણને બોલેછ તેનો વિચાર કર ,—આજે આપણે આએ સુખી હાલતે કોણથી પુગ્યાંછ તેનું ભાન રાખ , એવા મરડાટમા મરી જશે પણ પતો નહીં લાગશે, સમજી ? તારા પેટને ખાલી કરવું હોય તો રીતથી કર , શું નમ્ર બોલોમાં તારી લાગણી દર્શાવતાં તને આવડતી નથી ? આજે તો માફ કરૂંછ. પણ ખબરદાર ,–ફરીથી એમ 'ફકી' બનતી નાં , "

નાજાં શરમાઇ ગઇ. તેણીથી ગુસ્સાનાં ઝનુનમાં કાકાજીને 'ચાકલેટ ડોસા'ની ઉપમાં અપાઇ ગઇ ખરી, પણ ફીરોજના અસરકારક શબ્દોથી તેણીની શુધ્ધિ ઝટ ઠેકાણે આવી ગઇ

" મારી ભુલ થઇ, ભાઇ, માફ કર–મારેથી ભુલમાં બોલાઇ ગયું !" તેણી નરમ પડી બોલી. " પણ જાલકાકાબી છેકજ એમ અમો બેઉ બેહેનોપર સખત થશે તો અમારેથી 'ધન લૉડજ'મા જીવાશે ને રેહવાશે કેમ, હું ફીરોઝ ? તું તો કઇ અમુને સલાહ આંપ '

પ્યારા ભાઇ ?"

"જો મારી સલાહ તમુને જોઇતીજ હોય તો તે એ છે, મારી પ્યારી બેહેનો કે તમે આપણા કાકાજીને રાજી રાખવાની કોશેશ કરો એમાં એક તો આપણાં કુટુંબના વડા તરીકે તેવણને માન આપી તાબેદાર બચ્ચાંમાં ગણાવાનો સંતોષ મળશે ને બીજુ એકે એવી સારી વર્તણુકથી કાકાજી તરફથી ભવિષમાં આપણું ભલુ જ થશે."

"તે બધુ ખરૂ, પણ આએ મુવું રાંધણીમાં ગોંધાવાનુ બલ્યુ એકજ દહાડાનું હોય તો ધુલ નાખી–પણ રોજનુ લાગું તે કેમ પરવડશે?'

"સો પરવડશે, નાજુ, જરા મન મોટુ કરીને ઝડપથી ધ્યાન લગાડી શીખી જશે તો આપમેલે પછી કાકાજી પોતે થઇને તમોને રાંધણીમાં જવાની ફરજમાંથી મુક્ત કરશે.' તે ડાહયા જવાને પોતાની નહાની બેહેનોને નરમાસથી નેક રાહ બતાવતાં કહયું. "શરૂઆતમાંજ તમે કાકાજીનો અણગમો ખેંચી લેશો તો તે તમારા હકમા આગલ જતાં તમોનેજ નુકશાન કરનારો નીવડશે, એમ મને લાગેછ, માટે મારૂ માનો તો તમે એકદમ તમે કાકાજીને તાબે થઇ જાવો–ને તેવણ જે કાંઇ કહે તે 'હાજી હા' કરો."

"અરે વાહ ? વાત તો ખાસ્સી ! તેવણ જે કઇ કહે તે "હાજી હા કરો ? તે કાંય જે ? દરેક વાતમાં એવણ ગેમ નાક પકડીને ચલાવવા માંગશે તે કેમ બનશે ?" નાજાંએ તકરાર લીધી.

"નાજા તું હજી નાદાન છે ! વખત જોઇને વાત કરવી એમાં ડહાપણ છે, એ રાંધણકળાનો હુન્નર વગર શકે ઓરત જાતને ઉપયોગી છે. કાકાજીની લડત હાલ તમોને કડવી લાગેછ, પણ એ બધું તમારા જ ફાયદાનું છે. નહીં નાજુ–અંજુ, કોઇને માટે નહી, તો મારા સખુ-

નને માન આપવા માટે કાકાજીની મરજીને તમે એકદમ તાબે થાઓ!'

ફીરોઝની આ સમજાવટ ભરેલી નમ્ર સલાહ તે બેઉ કુમારિકા-ઓનાં ટીચકાખોર, સ્વભાવપર અસર કર્યા વીના રહી નહી તેઓ કાંઇ પણ જવાબ આપ્યા વિના ચુપચુપ નીચી મુંડીએજ ઉભી રહી આ જોઇ પોતાનાં કહેવાની તેમનાં મગજપર કાંઇક અસર થયલી ધારી તેણે ફરીથી એક વાકય વધાર્યો.

"હજુર તમોને તમારી ભવિષની મોટી ઉમેદોએ પુગવાનું છે. ને જો તમો અત્યારથીજ કાકાજીનો અભાવ ખેંચી લેશો તો તમારી તે આશાઓ આસાનીથી પાર ઉતરવાની નથી."

ફીરોજના આ છેલ્લા સખુનોએ કાંઇ એવડા તલેસમની અસર ઉપજાવી. આલાં કરતાં નાજુંએ આ તેનાં છેલ્લાં વાકયને બે ત્રણવાર મન સાથ બોલી ફરી ફરીથી મગજમાં ઉતાર્યો "તમારા ભવિષની મોટી ઉમેદો" આ શબ્દો સાંભળતાં તેણીને પોતાનો વ્હાલો દીલદાર રૂસ્તમ રોમર હૈયે ચઢી આવ્યો! ખચીત, તેજ પળે તેણીને લાગ્યુ કે 'રાધણકળા જેવા એક મુકીને દશ અણગમતા હુન્નરો શીખવાની કકાજી ફરજ પાડે તો પાડે, પણ તે જાન કરતા જયાદા વ્હાલાને તેણીથી વિખુટો નહીં પાડે–અને પોતાનું આગલુ વેર સરવે વિસરી જાય–તો તેણાં જેવી ભાગ્યવંત અબળા બીજી કોઇ કહેવાય નહીં!"

બે ચાર મીનીટ તેઓ તદન શાંત ઉભા. પણ પછી નાજનએજ ખોટી તે ચુપકીદી એક નવો ખ્યાલ પેદા થતાં તોડી નાંખી.

"વ્હાલા ભાઇ, તું કહેછ તે ખરૂં છે કે કાકાજીનો અણગમો

શરૂઆતમાંજ ખેંચી લીધેલો સારો નહી. હું તારા આએ મતને મલતી થાઉં છ, પણ એમ કીધાથી એવું તો નહીં થાય કે એવણ દરેક બાબદમાં પોતાનોજ કકકો ખરો કરાવવા માગે ?"

"વારૂં તેમળી થયું તો તેમાં તારૂં ને મારૂ શું લુંટાઇ ગયું. નાજુ ડીયર ?" પીરોજ તેણીને રાહ પર આવેલી જોઇ મનના છુપા સંતોષ વચ્ચે હસ્તે ચેહરે પુછવા પડયો, "એમ નકામી જીદ કરવાની ? યુ આર એ લરનેડ એન્ડ સેનસીબલ લેડી—તુંને એમ કરવુ શોભે કે ? જાલકાકા નહી હતે તો આજે આપણે કેવી ભીખારી સ્થીતિમાં હતે તેનો તને કઇ ખ્યાલ આવેછ કે ડીયર સીસ્ટર ? તું હમણાજ શાપરથી એમ ધારી લેછ કે કાકાજી દરેક વાતમા પોતાનોજ કકકો ખરો કરવાની જીદ પકડશે ? કાય નહીં એકુ બે જરૂરી બાબદમાં તમોને તાબ્બાર કીધા પછી એવણનેજ તમારી દયા આવે જે પછી પોતાની એ રીત તેવણ બદલી નાખે ? ખુદાના શુકર કર, નાજુ, કે કાકાજીથા" એક ચીજનો આપણને વધુ ડર કરવાનો છે તે ચીજથા ખુદાએ આપણુને હજી દુર રાખેલાં છે ? ને 'તું શાને સારૂં બોલેછ તે મને નથી સમજ પડતું, પીરોજ !" નાજાં આલુ ? માર્મિક ઇશારો નહી સમજવાથી પુછવા પડી. "કઇ ચીજથી ખુદાએ આપણુને દુર રાખેલા છે લયલે !" "હજી નહી સમજી ? અરે નાદાન ! વળી કેઇ ચીજ ?—આપણા મરહુમ નવલ કાકાના કુટુંબ સાથનું આપણું અલગપણું ! શુકર છે ખુદાના કે જે વાતનો કાકાજીને મોટામાં મોટો કેહેર છે. તે વાતથી આજ સુધી આપણે દરેક જણ દુર રહયાછ,"

નાજાં એકદમ ફીકકી મારી ગઇ ! તેણીના ગુલાબી રોખશાના ઉપ-

રનો આતશિયા રંગ જાણે એકાએક ઝંદ થઇ ગયો !-તેણી પડોશની ખુરસીમાં તુરત બેશી ગઇ !

"કેમ નાજુ ડીયર શું છે?-એમ કાંય-એકદમ બેસી કાંય ગઇ?" ચગરા ફીરોજનું ધ્યાન ખેંચાવાથી પુછવા પડયો. ", કઇ જીવ ભીવ તો નથી ફરતો?"

"નહી-ફીરોજ, મને કઇ નથી એ તો ત્યારથી ઉભી રેહતાં મારા પગ દુખી આયા તેથી જરા બેસી પડીછ !" તે ઠાવકી કુમારિકાએ બીજીજ પળે બાજી સભાળી લઇ બેદરકાર રૂપે જવાબ આપ્યા અને તે ભોળા જવાને, તે જવાબ સાચા દિલથી સ્વિકાર્યો !

"તું સમજી કેની?-આપણુને જે ડરવાનું છે તે એ છે !" પાછું ફીરોઝે ચલાવ્યુ. 'નવલકાકાના ફરજંદો જોડે આપણે સબધમાં કે વાતચીતના વેહવારમાં આવીએ તે એવણને પસંદ નથી-નહી તો બીજી બાબદોમાં એવણ એટલા બધા જીદ્દીબનવાના નથી એમ હું ધારૂ છ"

ગરીબ બીચારો ફીરોઝ ! તે શુ જાણે કે જે બીના તે તેણીના મગજપર ખાસ ઠસાવવા માંગતો હતો, તેજ બીના, તેણીનાં કોમળ જીગરને વધુ ચીરીને ચાક કરતી હતી

"ભલે કાકાજીને એ વાતનો કેહેર હોય તેનુ આપણને શુ?" અહી આલાં ઉમેરાઇ "આપણે તો બીચારા એ નવલકાકાના ફરતમને કે તેની બ્હેન માણેકને નજરેબી નથી જોયા ! જે ચાજનો ખ્યાલ નહી તેની વાતબી કેવી કરવી?"

આલાએ ભોળાઇમા બાળેલો આ અભાડો નાજાંનાં દુખમા

એવડો ઘાયલ થઇ પડયો-પણ તેણી શું બોલી શકે ?-તેણીને મોહડે તો મોહબતની મઝલ હતી !

આલાંનાં મુખમાથી તેણીના "વ્હાલા રૂસ્તમ" નું પ્યારૂં ને પનોતું નામ સાભળતાં તેણીએ પોતાનાં મન સાથ એક છૂપો નીસાસો નાખ્યો !

"ચાલ બોલ હવે નાજાં, તુ જે બાબતમાં મારી સલાહ પુછતી હતી તે બાબે અતે તું કીયા ઠરાવપર આવીછ ?"

"કીયો ઠરાવ ? રાંધણકળાને લગતો કે ?"

તે નહી તો વળી બીજો કીયો ? નવલકાકાના રૂસ્તમ-નાજાને માટે સમજી કે શું ?"

નિર્દોષીમા ફરી એકવાર ફીરોઝે આપેલી આ ગળે કાચકી બધાવે એવી યાદથી નાજા પાછી એક મીનીટ અચકી ગઇ !

"સાંભળોછ કે, નાજુ, એ આજે એમ શું કરેછ ?"

અરે કંઇ નહીંરે ! મહું જે તુ રાધણકળા શીખવા બાબેજ બોલેછ કેની ?"

"હા-હા-બીજી બાબત તે આપણી સામે આજે કેઇ છે ?' ફીરોઝ કાંઇક ચીચવાઇને બોલ્યો.

"ખુદા શાહેદ છે, ફીરોજ ડીયર, કે રાંધવા-સીધવાનું કામ મને કેટલું બધું અણગમતું છે, પણ તું એમ ભાર મુકીને કહેછ કે પેહેલીજ શરૂઆતમાં કાકાજીને એમ ચટકાવવા સારા નથી તો હુ તારા સખુનને માટે એવણુની એ ખાહેશને તાબે થવશ !'

"શાબાશ! હવે કેવી ડાહી લાગેછ?" શીરોઝે ખુશી બતાવી અને હવે તેણે આલાં તરફ ફરીને પુછયું. "ને તુ, આલા ડીયર? તું શું ઠરાવપર આવીછ?"

"એજ ઠરાવપર, શીરોઝ!" આલાએ ઝટ જવાબ આપ્યો અને અહીં તેઓ બીજી ત્રીજી વાતે વળગ્યાં.

પ્રકરણ ૧૦ મું.

એક માળુ માવતરની "કસોટી."

[દોહરો]

લલાટ ફેરા લેખનુ, બંધન સોપર હોય;
મો'ત મળ્યુ 'મનસૂર' ને કહ્યુ 'અનલ--હક' તોય

("દા૦ એ૦ તા૦")

પેલી તરફ જાલકાકા ભા જી ધનબાઇને પોતાના ઓરડામાં લઇ ગયા અને અંદરથી બારણાંને કળ ફેરવી મસલતે બેઠા

"જુઓ ધનબાઇ! પ્રથમ મારે તમારી પાસ એક ખુલાસો કરવોછ." તે દેર-ભોજાઇએ એક સોફા કોચપર આમેસામ બેઠક લીધી બરાબર જાલભાઇએ બલાવ્યુ "હું વીસ વરસના લબાણ ગાળા પછી મારા બાપીકા વતને પાછો ફર્યોછ, ને ખુદાની બક્ષેશથી મે એટલી બધી દોલત મેળવીછ કે હવે પાછો ચીન જઇ વેપારમા પડવાની મારી મરજી નથી. હવે હુ ત્યાંની મારી પેહેડીનો તમામ કારોબાર આપણા શીરો-જના હાથમા આપવા ઇચ્છુંછ ને હુ હવે ધનબાપથી 'શીટાગર્ડ' બાઇર

ભોગવવા માગુંછ હું લગભગ ૭૦ દીવાળી તો જોઇ ચુકયોછ. હવે જીવી જીવીને હું કેટલુક જીવવાનો હતો?

"નહીંરે નહીંરે–એવારૂ રે, તમારી ઉપરથી મરવાનું! તમે તો અબ્બાઇ રહયા મારાં ને મારાં ગરીબ બચ્ચાંઓનાં માથાપર સો વરસ જીવસો–તમારા તો સો વરસના ઉવા છે!" ધનબાઇનો જીવ ડોસાજીના ઉપલા રીમાર્કથી સુગાઇ ઉઠવાથી તેવણ કગળી પડયાં. "જાલભાઇ, જા બા, તમે એવુ એવું ના બોલો ને તમારી કોઈ દુશ્મનને વખત બે–વખત—"

"તે બધું ખરૂ, ભાભીજી, પણ મોતને કાંઇ મુહરત નથી–ની? જેમ જવાન જાણીને જીવવાનું નથી તેમ ઘરડા જાણીને મરવાનું નથી, એ હુ સમજુંછ, પણ આપણે આગમચથી આપણી હુશીયારીમાં રહેલા સારા. વિચાર કરો બેહેન કે હુ અહીંથી વીસ વરસની વાતપર ચીન ગયો ત્યારે કેવા કેવા બનાવો બન્યા હતા? જો મારા તે માનવંત મરહુમ મુરબ્બી ભાઇ અને તમારા વ્હાલા ધણી પેસ્તનજીએ મને પોતાના અંગત હીસ્સામાંથા અરધો હીસ્સો ઉદાર દીલથી કહાડી આપ્યો નહીં હતે તો આજે હુ કેની સ્થીતિએ હતે? અરે! બારણે બારણે ભીખ માંગીને કયારનો પોંહસ્તો પણ થઇ જતે!"

ધનબાઇએ અહી દીલ સાથ કચવાઇ પોતાના પગ માંહેલું એક સ્લીપર જમીન સાથ ઘસડયું!

"તેવી કગાલ હાલતમાંથી મને ઉગારી લેનાર મારો તે ફરેસ્તાઇ ખસલત ભાઇ, હતો" જાલકાકાએ ચલાવ્યુ. તે દોહડ લાખની બરકતથી હુ વેપારમાં વધ્યો ને ખોદાના હજાર હજાર શોકર કરૂ છું કે

આજે હું એક કરોડપતી કહેવાયોછ. પણ જ્યારે હુ વીચાર કરૂંછ કે મારી પાછળ મારી મોટી દોલતનું ખાનાર કોણ છે. ત્યારે મારી આખમા આંસુ આવી જાએછ. મારૂ પોતાનું તો કાંઇ રહ્યુ નથી! નહી મારી બેહેસ્તણ જર રહી કે નહી મારો એક પુરો દીકરો પેશોતન રહ્યો! જે દહાડે મેં તમારા ભરથારના મરણની ખબર પેપરમાં વાચી, તેજ દહાડે મારી બેહેસ્તણ જર હંમેલથી છુટી હતી, જેથી મે મારા દીકરાનું નામ મારા બેહેસ્તી ભાઇના નામપરથી પેશોતન પાડયું હતુ, પણ કમનસીબે તે મને ધાર્યો નહીં આજે હઇયાત હતે તો પંદર વરસનો મારી બાજુએ લાગે એવો થતે!" અને અહી તે ઘરડા ગ્રહસ્થે રૂમાલ લઇ આંખો નુછી.

"જે કાંઇ ખુદાનો હુકમ, ભાઇ. એવા કુદરતી બનાવમા ઇનસાનનું કશું ચલણ ચાલતું નથી." ભાભીજીએ દીયરને દીલાસો આપ્યો

"ખરૂં છે, બેહેન, પણ તે પછી વિચાર કરતા 'મારા ભાઇના છે તે મારાં છે' એમ મન મોટુ કરી મેં તમારાં બચ્ચાઓને ચાહવા માંડયાં." હવે જાલભાઇ પોતાના મુળ મુદાપર આવ્યા. "આટલો વખત તો હું દુર હતો પણ હવે હુ મારાં વ્હાલાંઓની અંકમાં હોવાથી મારે આપણા ઘેરસંસારમા થોડોક સુધારો કરવોછ હું ફીરોજ દીકરાને દરેક રીતે લાયક જોઉંછ, પણ આએ તમારી બેઉ દુકતીઓને રાધણકળાની કેળવણી બીલકુલ મળી નથી એ મને નથી ગમતું આએ બાબદમા આપણે ત્યાં સુધારો થવોજ જોઇએ. આપણે બીજા માતબરોને મોતે મરવાનું નથી પણ આપણાં બચ્ચાંના ફાયદા પેહેલ્લાં જોવાના છે. બોલો ભાભીજી, એમાં તમે મને મદદ કરશો?"

"નહીં કાંય ?—જાલભાઇ, તમે એવું શું પુછોછો ? શું હજુર તમોને મારે માટે કંઇ શક છે ?" ધનબાઇએ પુછ્યું.

"નહીં શક જેવુ કશુજ નથી પણ જુઓ સાંભળો, ધનબાઇ! હું ગમે તેટલો માગો છુવ જાકાટસ, તોબી, આખર કરેને એ બચ્ચાં તમારાજ કહેવાય, વાસ્તે પ્રથમ તમારી રાજી—રજાવંદી લેવાની મારી પહેલી ફરજ છે,"

"નહો જાલભાઇ, મારાં ગરીબ બચ્ચાંઓના બાપની ગેરહાજરીમા તમોજ તેના બાપ સમાન છો, એમા મારી રજા શાની પુછવાની ? તમોને જે ગમે તે સુખેથી ફરમાવો."

"મારે હાલ બીજું વધુ કાંઇ કહેવું નથી હું તુરતવેળા તો આપણી આલાં ને નાજાને ગધ્ધણુકળાની કેળવણી મળેલી જોવા ચાહુંછ એ છોકરીઓને શીખવવા માટે ખાસ હુશીયાર બાવરચી રાખવા માગુંછ જેની મારફતે એ ચગગ બચ્ચાઓ જો મનપર લઇ શીખવાજ માગશે તો બે-ત્રણ મહીનાની ટુંક મુદતમાં આએ ઉમદા હુન્નર હાંસેલ કરશે."

"તમો મુરબીજના વિચારની હું જરાએ બાહેર નથી." તે ડાહી માતાએ ડાહપણથી જવાબ વાળ્યો.

"નહીં-એમ નહી. એ બોલવાનુ સેહલુ છે, પણ બજાવવાનુ મુસ્કેલ છે." જાલકાકાએ અહીં રોકડું ચુકવવા માંડયું. "હુ સારી રીતે જાણુંછ કે આજે નાસ્તાની ટેબલ પરનું મારૂં બોલવુ તમારી દીકરીઓને રૂચ્યુ નથી માટે હુ એમ કહેવા માગુછ કે પ્રથમ તમે તેણીઓને મારો આ હુકમ સમજાવો અને નહી માને તો હર સુરતે મનાવો. તમોન નહીજ ગાદશે તો પછી જમાલ ગોટાના જુલાબ મારી

પાસે જાત જાતના તૈયાર છે. જુઓ, ધનબાઇ! એવા સંજોગમાં કદાચ મને આપણા બચ્ચાંઓપર થોડુંક સખત થવું પડશે અને તેમ થશે ત્યારે એક માવતર તરીકે તમોને તમારી દીકરીઓનું ચચદી આવશે ને હુ નાહક તમો બધાંઓની નજરમાં હલકો પડું તે કામનું નહી. માટે જો એટલી હદ સુધી મારી માફક તમે તમારૂં દીલ સખ્ત કરી શકતાં હો તોજ મને ખરાં દીલથી 'હા' કહેજો, મારૂ મન માત્ર મનાવવા સારૂં દીલમાં એક ને મોંહપર બીજું મને તો બા નહી ગમે!"

શું ધાર્યું?—વાચનાર! એક માયાળુ માવતરની અહી કસોટી થઇ રહી છે અને બચ્ચાંઓને સુધારવા માટે તેણી કેટલી હદ સુધીની લાયકાત ધરાવે છે તેની છુપી તપાસ થાય છે એમ માનવાને તમે શું ના પાડશો?

"નહી, જાલભાઇ, દીલમાં એક ને મોહપર બીજુ બોલનારી હું નથી. તમે સુખેથી મારાં બચ્ચાંઓને તમારાજ સમજી તમારી મરજીમાં આવે તે હુકમ ફરમાવો—અમે બધા તેને માન આપવાને બંધાયલા છૈયે."

"આફરીન છે તમારી સમજદારીપર, ભાભીજી!" તે ઘરડા ગ્રહસ્થે ખુશી થઇને કહ્યું. "હુ ઇચ્છુછ કે દરેક માતા તમારાજ જેવી સમજદાર હોય. જયારે એ બધુ તમોને કબુલ છે ત્યારે હુ શું કહેવા માગુંછ તે સાભળો. પહેલા તો એ લોકનો રાધણકળા શીખવા વિશેની મારી મરજી કહી સભળાવી તે મુજબ કરવાને કબુલ કરાવો અને બીજું એ લોકને એમ કહેજો કે આજથી હું મારા ઓરડામાં દરરોજ એકલો જુદો જમસ."

"કાંય-કાંય? એમ કાંય, જાલભાઇ?" ધનબાઇ એકદમ ચમકીને પુછવા પડયાં. જાલકાકાને આ બીજો ઠરાવ કરવાનું શું કારણ મળ્યું તે તેવણ સમજી શકયાં નહીં. "શાને સારૂ તમે જુદા જમવા ઇચ્છોછ?"

"એમ કરવાનાં કારણો છે, બેહેન" તેવણે સમજાવ્યુ, "મારા પહેલા ઠરાવની મજબુતી માટે મારો બીજો ઠરાવ ઘણો અગત્યનો છે."

"તમે શું કહેવા માગોછ તે હુ સમજી શકતી નથી" ધનબાઇએ ખુલ્લાં દીલથી કહયું.

'હું એમ કહેવા માગુંછ, બેહેન કે એ છોકરીઓ પોતે પોતાને હાથે દરરોજ એકેક વાની મને બનાવીને ખવાડે નહી તેટલી મુદત સુધી હુ મારાજ ઓરડામાં એકલો જમવા માગુંછ. એમ કીધાથી મારા પહેલાં ફરમાનને તેજ ઘડીએ માન મળશે"

બુઢ્ઢાજીની આ સીફ્ત જોઇ ધનબાઇ રોમર મનમાં હેરત થયાં!

"ઠીક છે—હવે હુ બધું સમજી ગઇ-ત્યારે હું એ મુજબનુ તમારૂ ફરમાન છોકરીઓને પુગાડશ."

"હા—પુગાડજો—કાલે સહવારનાં પોહોરમાં તેઓનો શાહ બાવરચી-'બાવરચી-મારતર" ટકોરાબધ આવી પુગશે."

"તમે કોઇ સાથ બદોબસ્ત કરાવ્યોછ કે?"

"હા-બધુ તૈયાર છે—તમારે તેની કશી કાળજી કરવી નહી-ફ્કત છોકરીઓને 'હા' ભણાવો, એટલે થયું! જુઓ, સાંભળો, એમથી કહેજો કે કાકાજીપર તેઓનુ હેત કેટલું છે તેની પાકી પરીક્ષા આએજ

સમજવી—પછી પાછળથી પાનાં સમારેલા કાકાજી કંઇ કબુલ કરશે નહીં."

'વારૂજી—બધું કહેવશજી" અને અહીં ધનબાઇ જવા ઉઠયાં.

'જરા ચપો ! હજી મારે એકાદ બે સવાલ પુછવાછ—જરા બેસો."

હજી દીયરજીએ ભાભીજાને જવા દીધાં નહી.

ધનબાઇ બેઠાં.

"હું એમ જાણવા માગુછ કે તમારી આએ બેઉ દુકતીઓમાં બેરડી કોણ છે ?" જાલકાકાએ પોતાની દાઢી પંપાળતા આંખનાં ડોપટાં બંધ કરી ધીમેથી સવાલ કીધો.

"બેરડી ? બેરડી તો બેમાંથી એકબી નથી, જાલભાઇ, મારાં ત્રણે ફરજંદોમાં એ અવગુણના જરાબી અંશ નથી, બાવા !" જાલ-કાકાના આ વિચિત્ર સવાલપર અજબ થઇ ધનબાઇએ જવાબ આપ્યો.

"તમે ભોળાં છો તેથી ભુલ કરોછ, ધનબાઇ, તમારી બે દીક-રીઓમા બેઉ તો નહી પણ એકને હું મહા બેરડી ધારૂછ."

"તે કોણ ? તમે કોણને ધારોછ ?"

"તમારોજ સવાલ હું તમોને પુછુંછ કે તમે કોણને ધારોછ ?"

'હું તો કહી ચુકી, ભાઇ, કે મારી દીકરીઓમાં બેરડી હું કોઇને જોતી કે ધારતી નથી !" ધનબાઇ અચકીને બોલ્યાં,

"તમારૂં વાજબી છે—એમા તમારો વાક નથી, કારણ કે ખુદાએ તમોને એક માવતરની નજરે જોવાનુ બક્ષેલું છે !—પણ—'

"પણ શુ ? ' તેણીએ ચીતાતુર ચહેરે પુછયું

"પણ એક બાહેરના જોનારને કે ત્રાહીત આંખ્યોને જુદુંજ દેખાય અને તે ખરૂ હોય તેજ દેખાય એ મારો વરસોનો અનુભવ છે !" જાલકાકા આમ બોલતા ખડખડ હસી પડયા. "આ વાત ખુલ્લી છે કે તમારી દીકરીઓ તમારી નજરે બેરડી કેમ દેખાશે ?"

"ઓ નહીરે મરૂં, હું કશ તમોને ખોટું નથી કેહતી, બાવા !"

"પણ હુ કયા કહુ છુ કે તમે ખોટું બોલોછ? તમે તમારા મતે ને તમારી નજરે બેશક ખરૂજ બોલોછ–પણ કમનસીબી એ છે કે તે ખરૂ. ખરૂ નથી ! તમારી બે દીકરીઓમાંથી એક મહા બેરડી છે, ધનબાઇ ! મે તો એકજ અડવાડયાંમાં જોઇ લીધું–માફ કરજો !"

"કશ નહીરે મારા મુરબ્બી ! મને તમારા બોલેલાંનો જરાબી ગુસ્સા નથીં ઉપજવાનો" તે ભલી ભાભીએ નરમાસથી જવાબ આપ્યો ' પણ હુ એમ પુછુ છ કે તમે કેઇ છોકરીને બેરડી ધારોછ ?"

"મુખ્ય સવાલ તેજ છે તો !–હું મારૂ મત તો કયારનો બાંધી ચુકયોછ, પણ તમારી સાથ મસલત કરીને એ બાબે હુ પકકા ઠગવપર આવવા માગુ છ. આગળ ઉપર ભવિષમાં એનુ ઘણુ કામ પડશે" તે બુઢ્ઢાજી આ છેહલો વાકય કાંઇ ભરમમાંજ બોલ્યા, જેનો ભાવાર્થ બીચારા તે ધનબાઇ શેઠાણી વટીક સમજી શકયાં નહી ! "વારૂ, એક બીજી વાત–તમારી છોકરીઓમાં બેરડુ કોઇ નથી તો ઘડીભર તે કબુલ રાખુ. મેહેરબાની કરી જરા કહેશો કે બેઉ બેહેનોમાં તીખખા ને તીસમારખા કોણ છે ?"

"ઓ માય ! હવે કાંહ જાઉં, જાલભાઇ ! તમે તો કંઇ આજે

અજબ સવાલો કહાડોછ ! મારી બેઉ દીકરીઓમાં તીખી ને તીમ-મારખાં કોણ, તે પુછોછ ?—મારા વિચાર મુજબ તો નહી ! મારી આલુ કે નાજુ કંઇ એવી છેજ નહીં !"

અહીં જાલભાઇ પાછા હસના પડયા.

"વારૂ તેમ તો તેમ—હવે જરા કહેશો કે બેઉ બેહેનોમા જીદ્દી ને મમતી કોણ છે ?

"ઉ હુ !—તેવુંબી કોઇ નથી !" તે માનાએ નાકનું ટીચકું મેહેજ હીલવી નકારદર્શક ડોકુ ધુણાવનાં જવાબ આપ્યો.

"ધનબાઇ—ધનબાઇ ! તમે એક માયાળુ માનતરનીજ નજરથી બોલોછ એમ મારી હવે ખાત્રી થઇછ—તો જોકે હું તમારા તેમા જરાએ કસુર જોતો નથી. પણ મારા વીચાર મુજબ મે એક સ્વતંત્ર પરીક્ષક પસંદ કીધેલો કહેવાય નહી ! તમે બધામાજ તમારી દીકરીઓનો બચાવ કર્યા કરશો તો આએ મસલત પછી કામની શુ ?"

"એમ કાય બોલોછ, જાલભાઇ ! શું મે મારા ખરા વિચાર દાબી દઇ તમોને રાજી કરનારા જવાબો આપવા જોઇએ, એમ તમે કહેવા માગોછ ?" તે ડાવજી આએ અહી જરા પોતાનુ પાણી બતાવ્યું.

"નહી—હું એમ કહેવા માગતોજ નથી.

"ત્યારે શુ કહેવા માગોછ ?

"હું એમ કહેવા માંગુંછ કે બેઉ બેહેનોને તમે એકજ મુકા-બલામા મુકોછ તે તમારી ભુલ છે. બેઉના સ્વભાવ, સદગુણ કે દુરગુણ

શું તદન એકસરખાં છે? શું કોઇબી બાબદમાં તેઓ જુદાં પડતાં નથી?"

"નહી, તેમ હું કહેતી નથી, બાવા, પણ તમે તેઓનુ બેરડાપણું કે તીખ્ખાપણુ કે જીદ્દીપણુ પુછયું ત્યારે મેં તે ત્રણે બાબદમાં તેઓ નથી એમ મારૂં ખરેખરૂં મત આપ્યું તમારો છેલ્લો સવાલ તદન જુદાજ રૂપનો છે. તેમાં તમે કહોછ તેમ, કેટલીક બાબદમા તેઓ જાદાં જુદા મતની હશે"

"અહીં મતનો સવાલ નથી—સ્વભાવ અને આચરણુપર આપણી તકરાર છે. પણ હવે ટુંક કરોની—હુ એકજ સવાલ પુછુછ—મેહેરબાની કરી મને તેનો સીધો જવાબ આપજો. કહો ભાભીજી, કે સ્વભાવમા તમારી દીકરીઓમાં કોણુ સારી? આલાં કે નાજાં?

"નાજાં!"

"નાજા?" જાલકાકા ચકીત થઇ પુછ્યા પડયા.

"હા. નાજા!—મારી એ સઉથી નાધવી દીકરીનો સ્વભાવ ગરવો છે- વડી તો જરાક માથાબળેલી છે'"

"ભાભીજી એ શુ બોલોછ?—તમારૂં મત આએ છે, ત્યારે મામલો તો કંઇ જુદોજ નજર આવેછ!" જાલકાકા ફરી ફરીથી પુછવા પડયા

"કેવો નજર આવેછ?"

"તમારા કહેવાથી ઉલટોજ હું એક અહવાડયુ થયુ આરાકાઇથી તમારા ત્રણે બચ્ચાંઓપર ધ્યાન આપતો આવ્યોછ, જેમા, કહેવાને ખુશ છુ કે મારો દીકરો પીરોજ મારા સંપુરણુ સંતોષ વચ્ચે



બાલકાકા ટેબલ પર હાથ થોભી બાબાજીને [illegible]—
[illegible] તૈયાર તો એ [illegible]

(જુવો પાનું [illegible] મું)

મારી તપાસમાંથી ફતેહમંદીથી પસાર થઇ ગએ૭. પણ આએ એ દુકતી-ઓમાં જરા કમ-પેશપણું મારી નજરમાં આવેછ. ધનબાઇ! તમે ધારોછ તેટલી નાઝાં દીકરી ગરવી નથી. તમે આલાં દીકરીને દાધાબળેલી કહોછ, પણ એ ગમે એવી દાધાબળી હોય તે છતાં તેનું હૈયું ભોળું ને મન ખુલ્લું છે. પણ આએ તમારી નાધલી દુકતી નાઝા !–ખુદા ખેર કરે !–માટી થતાનેબી કેમ ધ્યાન ખવડાવસે તે હુ આજે કહી શકતો નથી !"

" શુ જો તમેબી ! જો બા, જાલભાઇ ! મારી નાજુને વારતે એમ શુ બોલોછ, બાવા ?" ભાભીજી અહો અરધી રીસામણ ને અરધી હસતી રૂપે દીકરીનો બચાવ કરતાં બોલ્યાં "એનો સ્વભાવ જરા સ્વતંત્ર છે તેથી—"

હા, તેથીજ તો એ **તીખ્ખી** ને તીસ્મારખાં છે !" કાકાજીએ ઉમેર્યું

" ને એનો જીવ કોઇ વખત ઉશ્કેરાઇ જાએછ ત્યારે પોતાનાં બોલને જરા વલગી રેહવાની આદત છે તેથી—"

"હા, તેથીજ તો એ જીદ્દી ને **અમતી** છે !" કાકાજીએ વચ્ચે ટાહુકો પુર્યો.

" ને એ કોઇક વખતે પોતાનાં ભાઇ બેહેનો સાથની મતફેરીમાં મોટાં મનથી 'આપ-લે' નો નાદર 'નાખની-હુજર' સમજની નથી, તેથી—"

" હા, તેથીજ તો એ **બેરડી** છે !"–અને જાલકાકાએ અહીં પોતાના ત્રણે આગલાં અનુમાનો તેજ માવતરનાં-મુખમાંથી સીફતથી કઢાવી લઇ મન સાથ નક્કી કરી નાખ્યાં !

પ્રકરણ ૧૧ મું.

જાલુકાકાનો કાગળ-છેલ્લી "વૉરનિંગ"!

(દોહરો.)

રાજ, તાજ ને તખ્ત, તન, જર, જોબન જણાય,
હૈયુ બિલ્કુલ એકનુ, જતી નહિ જ શકાય.

(દિલજાન.)

છ માસ વહી ગયા. એ છ માસ દરમ્યાન દુનીયામાં છ કરોડ નવા બનાવો બન્યા, અને જુના વીસરાઇ ગયા. વખત કોઇને માટે થોભે છે? તે કદી થોભતો નથી. રાએ પછી થઈ, થઈ પછી સેકંડ. સેકંડ પછી મીનીટ. મીનીટ પછી કલાક પછી દહાડો એમ મહીનાઓ, વરસો, દાહેકાઓ, સદીઓ અને યુગના યુગ પસાર થઇ જાય છે. વખત કુદરતનો એક રખડતો-દોડતો-વિજળીને વેગે ધસતો કાયમનો કાસદ છે. તે કોઇને માટે થોભતો નથી-તે કોઇને માટે અટકતો નથી-તેનાં મનથી દુનીયાનો એક કંગાળમા કંગાળ ભીક્ષુક કે મોટામા મોટા શાહ સુલતાન બેઉ એક સમાન છે!

ઉપલા છ મહીનાના અરસામા "ધન લૉડ્જ" માં બનેલો એક ખાસ નોંધવાજોગ ફેરફાર એ હતો કે જાલુકાકાએ આઠેક દહાડા પોતાના ઓરડામાં જુદો નાસ્તો અને જુદુ ખાણુ લીધા પછી તેવણુના મનમા શું કાંઇ આવ્યુ હશે તે એ-હમ પોતાનો વાલકેશ્વરનો બંગલો સાફ કરાવી ત્યાં એકલા જઇ રહ્યા ગીગાડે તેવણુ સાથ આવવા માગ્યું

તેનેબી 'ના,' કહી અને ધનબાઇએ પોતાની બે માહેલી એક છોકરી-નેબી સાથે "વખત સોહવાવા સારૂ" મોકલવા માગી, તે પણ 'ના' પાડી નોકર ચાકરનાં એક રસાલા સાથ વાલકેશ્વર જઇ વસ્યા.

"છોકરીઓ ?" જાલકાકાની ગાડી "ધન લૉડજના આગલા દરવાજામાંથી નીકળી જાહેર રસ્તાપર નહી ગઇ તેટલાં ધનબાઇએ આલાં નાજાને પુછ્યુ. "કાકાજીને નારાજ થવાનુ તમો કોઇએ કંઇ કારણ તો નથી આપ્યુંની ?"

"નહીરે, મમ્મા અમો તો કઇ જાણુતા નથી" આલાં બોલી પડી

"ને નાજા તું ?"

"બેહેન આલાંનો જવાબ તેજ મારો જવાબ માયજી" નાજા બોલી. "અરે, ગેઇ કાલ રાત સુધી તો હૂ મારા પોતાંનાં હાથનુ બનાવેલુ 'કસ્ટર્ડ' એવણને ખવડાવી આવી–અમે તો કઇ કીધું નથી મમ્મા. એવણનેજ અહી કઇ ચેન પડયું નહી હશે તે એમ હીલ્લા બોલ્લાં બતાવી વાલકેશ્વર જઇ વસ્યાછ રે !–નહી તો બાકી બંજુ બીજુ શુ હોય ?"

મને શક છે !" તે માતા અંદેશામાં પડી. "વાલકેશ્વરનો એવણનો બંગલો એવણે બાહારોબાહાર સાફ કરાવ્યો તેબી આપણને ખબર પડવા દીધી નહી તે ત્યાનાં કારભારી મારફતે માલી, ઘોડાવાળા તથા બીજા નવા નોકરોને રાખી લીધા તેબી છતે રૂવે જણાવા પામ્યું નહી ! એ ગડબડ–ઘોટાળો ખુદા જાણે શું છે ? અહીથી સધાવ્યા તેબી ભરેલા ને ભરેલા હતા ! હુ તો જોઇને દંગ થઇ રહી કે બુદ્દાજી શુ કરેછ ? અરે, મારા ખુંજરા જાણે હજી નથી ભાગતાં ! રખે કુકલીઓ

તમે કાકાજીને કંઇ નારાજ કીધા હોય ? એ કાકા વડે તો આપણું જીવતર છે ને દાકરાંઓ !—"

"તે કોણ ના પાડેછ, માયજી, પણ અમે તો બા કાકાજીને કશું અપમાન કીધું નથી !" નાજાં નીર્દોષ ભાવથી બોલી.

"ને બા આપણેબી નહીં !" આલાંએ તેમાં ઉમેરો કીધો.

"ત્યારે કોણે ?—મેં ! ફીરોજે ?–મારા પરવરદેગાર ! આએ તો કંઇ અજબ ભેદ છે !" ધનબાઇને ચટપટ થવા લાગી.

"શું જો મમ્મા તમેબી ?–નકામી નકામી જીવ વગરની ફીકર કર્યા કરોછ !" નાજાં અહીં સેહેજ તીખ્ખી થઇ બોલી. "શું કાકાજી આપણા ધન લાડજમાંથી વાલકેશ્વરને બંગલે જાય તે આપણી તરફથી કાંઇ અપમાન મલે તોજ જાય ? શું તેવણ પોતાની મરજી કે મુનસરીથી નહીં જાય ? કાકાજીનો ચીનમાં ફરેલો હરેલો જીવ તે એકજ ઠેકાણે ગોંધાઇ રહેતા ગભરાઇ આયો–ને તેથીજ એવણે અહીંથી અચબુચ ઉઠાંગરી કીધી !"

હુ નહીં માનુ, દીકરી, હુ નહી માનુ" ધનબાઇ શેઠાણીની હજી ખાત્રી નહી પડવાથી તેવણ શકનું ડોકુ ધુણાવી બોલ્યાં "જો એવણ રાજીખુશીથી ને આપ મરજીથી જતે તો એવણનો ચેહેરો કંઇ જુદોજ હતે ! કેવા જરાક રામા હસનારા–બોલનારાને જતી વખતે તો તેમાંનું કંઇબી નહી ! એજ મુવુ મને ખટકયા કરેછ."

"ભાઇ ફીરોઝ એવણને બંગલા સુધી મુકવા ગયાછ તે બોય આવશે, એ સે ખરો મ૨લો શું છે તે થોડા વખતમાં ખબર

પડયા વગર રહેવાનો નથી." આલાંએ અટકળ કીધી. "જો તમે ધારોછ તેવુંજ કાંઇ હશે તો જાલકાકા પીરોઝના કાનપર તે વાત નાખ્યા વગર રહેવાના નથી."

' ખુદા જાણે !"

વચ્ચે એક કલાક પસાર થયો નહીં તેટલાં પીરોઝ જાલકાકાને વાલકેશ્વરને બંગલે મુકી "ધન લોડજ"માં પાછો ફર્યો.

તેનો ચહેરો ચીચવાયલો હતો.

તે મા–બેહેનો તુરત પામી ગઇ કે કાંઇ પણ બુરૂ બન્યું છે.

"કાંહુ ગઇ પેલી દુકની ?" તેણે દીવાનખાનામાં દાખલ થતાંજ કે ટો ટેબલપર પછાડી તગરો મુકયો. "અરે તમારી અકકલ બળે, આલાં–નાજાં. એ આએ તમે શુ કચુબર કાપી દીધી ?"

"ઓ માય ! અમે શું કીધું, હેં પીરોઝ ? બોલી હેની જલદી ?" તે બેઉ બેહેનો અચરત થઇને પુછવા પડી.

"હુ શું જાણું કે શુ કીધું ? તમે કીધુ હશે તે યાદ હશેની !" પીરોઝે ઉલટો તેમનેજ સવાલ કીધો.

"માઇ ગૉડ !" નાજાં કગળી પડી. "અમે શું કીધું ? અમે તો કઇ નથી કીધું "

"કંઇ નથી કીધું ત્યારે કાલે કાકાજીને લાલ મરચાં ભારોભાર ભેલું તીખ્ખું તમતમતુ ને આમ જેવુ કસ્ટર્ડ કોણે બનાડયું !"

"કસ્ટર્ડ તો કાકાજી સારૂ મેં પોતે મારે હાથે બનાવ્યું હતું,

પણ આએ તું શું બોલેછ? દુધનાં કસ્ટર્ડમાં લાલ મરચાં તે કોણ નાખી મરતું 'તું?"

"તે મને શું પુછેછ? જેણે બનાવ્યું હશે તેણે નાખ્યાં હશે!"

"ઓ ફીરોઝ! તું કોઇ દુશ્મેન દીવાનો તો નથી બન્યો? એ શું બોલોછ? કાકાજીનાં કસ્ટર્ડમાં હું મરચાં નાખું?' નાજા હેરત થઇ કગળીને પુછવા :પડી.

"એ સવાલ મને નહીં પણ કાકાજીને પુછ–મેં તો જે સાભ-ળ્યું છ તે કહુછ. ને પરમ દહાડે કાકાજી સારૂ ધારી કોણે' બનાવીતી, ધારી? ફીરોઝે અહીં બીજો સવાલ મુકયો અને એકકી ટગરે કાંઇક છુપાં હસવા સાથ પોતાની બેઉ બેહેનોના ચેહેરા એક પછી એક ઉપરાસાપરી ધારી ધારીને જોવા લાગ્યો!

"ધારીમાં મીઠું કેટલા મણ નાખ્યુ 'તું, આલાં?" અહી ફીરો-ઝનું ગંભીરપણું ટકી નહીં શકવાથી તેણે ધુમ હસી દેતા પુછયું. "દુનીયા ધારીમાં ખાંડ નાખેછ કે મીઠું?"

"ધારીમાં તે વલી મીઠું કોણ નાખી મરેછ જે હુ નાખું? નહી, અહીં કંઇબી ભેદ છે!" આલા ફફડી ચટકીને શકાશીલ થતાં બોલી

"ત્યારે કાકાજી કેમ કહેછ કે નગી જાણે ખારી અગર જેવી બનાવી હતી?" ફીરોઝે પુછયું.

"હદ થઇ ઓ મારા ખુદા! હવે તો હદ થઇ! જે હુન્નર ગમે તેવાં કચવાયલા દીલ છતાં અમે મેહેનત કરીને ફરજીયાત હાસેલ કીધો

ને તન તોડીને કાકાજીની સેવા બજાવી તેનો આએ બદલો ?" આલાં કગળીને પુછવા પડી.

"તેનો જવાબ હું શું આપી શકું ? કાકાજી તો તમો બેઉ ઉપર ઘણા ગુસ્સે થયલા છે ને અહીંથી વાલકેશ્વર જતા રહ્યા તેનો સબબબી એજ છે !" ફીરોઝે રાઇમાં મરચાં ઉમેર્યાં. "અરે પણ હુ શું ભુલ કરૂં છ–કાકાજીએ મમ્માજીપર કાગજ લખી આપ્યો છ તે તો મારાં ગજવામાંજ રહી ગયો. લેવો મમ્મા આએ રહયો તે કાગળ" અને એમ બોલી ફીરોઝે એક બીડેલું પરબીડું પોતાના માવતરના હાથમાં મેલ્યું.

ભારી ઇન્તેજારી સાથ ધનબાઇએ તે એનવીલોપ ઉખેડયુ. તેમા નીચે મુજબ લખેલુ હતું:—

જાલભાઇ પેલેસ,"

વાલકેશ્વર, તા૦ ૨૧ મી નવેમબર.

મહેરબાન ભાભીજી ધનબાઇ,

હું તમારો 'ધન લોડજ' અછબુચ છોડી ગયો તે બનાવે તમો બધાંને વધતાં ઓછાં અચરત કીધા હશે, પણ તે મકાનનો મેં શુ કારણથી અચબુચ ત્યાગ કીધો, તે દીકરા ફરામરોજથી તમો જાણશો. તમારા ઘેરમા મારૂં માન–ઇજજત સચવાયુ નથી. હું ઘેરનો વડો છતાં મારી ઠેકડી કરવામાં આવીછ અને મને અપમાન કરનારાઓ સીધી રીતે હીંમતથી મારી સાંમે બોલી શકયાં નથી, ત્યારે આડકત્રી રીતે મારી ઉપર છુપાં વેર વાળયાંછ. મેં રાધણકળા શીખવા કડી ને

કાઢી તમારી દીકરીઓ મારી ઉપર માછણની માફક છેડાઇ પડીછે. જાહેર રીતે તેઓ પોતાનો ગુસ્સો દેખાડી શકતી નથી ત્યારે છુપી રીતે મને સતાવવામા એઉ બેહેનોએ ગયા આઠ દહાડામાં કશુ બાકી રાખ્યુ નથી. મારા હુકમ મુજબ તમારી દીકરીઓ મારે સારૂ એકેક વાંણી રોજ બનાવતી હતી, પણ તે કેવી અદર કદરથી બનાવતી હતી. તે જો તમે જાણો તો હેરત થશો! જરા તમારી એ લાડકવાઇઓને પુછજોની કે ઇડાંના પોળામા કાકાજીને એળીયો ઓગાળીને ખવાડનાર કોણ હતું? જરા તમારી નાજુક દીકરી નાજાંને પુછજોની કે ગયા સોમવારે મારે સારૂ જે પુડીગ તેણીએ બનાવ્યુ હતું તેમાં ફકત બે ચાર તોલાજ હીંગ કાંય નાખી? કદાચ બજારમા વધુ મળી નહીં હશે. તમારી આલામાયને પુછી જોજોની કે બુધવારે કાકાજી શીક થઇ ગયા ત્યારે તેવણની કાજીમા ગાયનો તાજો નરો કાંય નાખ્યો?—કદાચ બે પાંચ દીવસનો ગંધાતો મળ્યો નહી હશે! ખરૂં લખુ છ, ભાનીજી, કે છેલ્લા આઠ દીવસમાં તમારી દીકરીઓએ મારી ઉપર આઠસો જાતની કહાણી પાડીછ! મે એ દીકરીઓને રાંધણકળાનો નામીચો હુન્નર શીખવવા સારૂ મોટે પગારે એક ખાસ કરવઇઓ બાવરચી શીક્ષક રાખી આપ્યો, તે શુ ભારોભાર મરચા નાખેલું તીખ્ખુ આગ જેવું સુરીયાણુ 'કસ્ટર્ડ' ખાવા સારૂ કે? ખીમાને બદલે લાકડાનો વેહેર ભરેલા પેટીસ ખાવા માટે કે?–પણ એક બીજી વાત તો વીસરી જાઉ છ. તમારી પેલી ગાય જેવી 'ગરવી' નાજુમાયને કેહજો કે આગલા આતવારે કાકાજીને રાંધી ખવડાવેલુ 'ધાનશાક' તેવણને ઘણુંજ ગમ્યુ છ, કારણ કે ધાનશાકની દાળમાં નાખેલા બાલનાં ગુછડાં તથા ચુહલાઓટીપરના 'પોતા'નાં છીછડાં

ખુદ ગોસ્તનાં બોટાં કરતાં મેં વધુ સવાદથી ખાધા હતાં. કહેજો કે ફુરસદ મળે તો એવુંજ બીજુ થોડું રાંધી મોકલજો. મેં મારી ડાયરીમાં તેની નોંધ લીધીછે. વ્હાલાં ભાભીજી, લખવાનુ તો ઘણુંબી છે, પણ વધુ લખવામાં હવે સાર નથી. હું એટલુજ કહેવા માંગુંછ કે મારી ભત્રીજીઓએ રાધણકળાના નાદર હુન્નરને એવી સરસ રીતે સંપાદન કીધો હોય તો તે માટે હું અફસોસ કરૂંછ. ખરૂં પુછો તો એ દુકતીઓને હજી કશુજ આવડતુ નથી. ઇંડાનો પોળો બનાવે તો બાળીને કોયલો કરી મુકે...પાપડ તળે તો અરધા કાચ્ચા ને અરધા છેક કરપાવી નાખેલા—કાંજી બનાવે તો નકરો જાણે જાડો જાડો દેશી કરીયાણાનો કાહવો !—તે દહાડે ખુમલાનો પાટીયો બનાવ્યો તેમા કોદેક ગ્યાલન સરકો નાખેલો કે શુ તે મારા દાત ચાર દહાડા સુધી અંબઇ રહયા ! એવી છોકરીઓથી મને સંતોષ મળશે એમ જો તમે ધારતા હશો તો ભુલમા રેહશો. આએ કાગજથી હું સાફ સાફ તમોને જણાવી દેઉંછ કે આજથી છ માહીનાની મુદતમાં એ છોકરીઓ એકે એક જાતના પકવાન કે મીષ્ટાનની જાતી માહેની નહી મેળવશે, તો એ છોકરીઓનો મારા વ્હાલ કે હેતપર કશો હક રહેશે નહી. આએ 'હેત' શબ્દનો અર્થ ઘણો બોહળો કરજો. જયા મારૂ હેત નહી ત્યાં મારૂ 'કે મારી તરફનુ' કશુ નહીં, મેં મારા મરનાર ભાઇ પેસ્તનજીના ફરજંદોને મારા તરીકે માની લીધાછ ખરા હેતપર તેમના હકનો આધાર તેઓની મારી સાથની-તથા મારાં ફરમાનને માન કે અપમાન આપવા અપાવવાની-વર્તણુકપર રહેશે ચીનથી ઉપડવા આગમચ મેં મારૂ વશિયતનામું તો કીધેળું છેજ, પણ અહી આવ્યા પછી અત્રેનો મામલો જોઇ મારા વિચાર ફેરવાયાછ, વાસ્તે હું મારૂ નવું 'વીલ' કરવા

પ્રકરણ ૧૨ મું.

"આજનો પેહેલ્લો પાઠ હુકકા બુમલા ભુંજવાથી શરૂ કરીયે !"

[દોહરો.]

ધણી, ધતુરો, ઢોર ને, ચતુરા, ચાકર, ચામ ,
કેળવશો જેવાં તમે, તેવાં કરશે કામ.

[દિલજાન.]

ધ્રુજતાં હાથે તે કાગળ ધનબાઇએ પુરૂં કીધું, કે જેમાં શું લખ્યું તે તે જાણવાને તેમની બેઉ બેટીઓ ગીદની માફક "મમ્મા કયારે વાંચી રહે" તેની વાટ જોતી તેમની ખુરસી પાછળ ટાપી રહી હતી !

"હુ તો મારૂ મોતથી ચેતસ. હવે ધનબાઇ ઉખડયા. "મે પેહેલ્લાથીજ કહયુ તુની કે જાંહ છે તાંહ જાલભાઇને તમો બેઉ દુક્તીઓએજ દુખવ્યાછ—ને અ તે તેજ ખરૂં પડયું !—લેવો આએ કાગજ વાંચો—ને તમારી ખાત્રી કરો !"

તે બન્ને બેહેનોમા પેલો કાગળ પેહેલા પોતે વાંચવાની એક જાતની હરીફાઇ ને હોજાતોજી ચાલી, તે મામલો જોઇ ડાહયા શીરોજે તે કાગળ તેમના હાથમાંથી લઇ મેલી પોતેજ મોટે સાદે વાચી સભળાવી પાછુ પોતાની માતાને સ્વાધીન કીધું.

જાલકાકાનુ કાગજ વાચી આલા ન નાજાંના મોનો રગ ફીકો મારી ગયો ! તુરતવેળા શું બોલવું ને શુ કહેવુ તે બાપડીઓ સમજી શકી નહી

માગુંછ. પણ તે આજે નહી—હજી એક છ મહીના હુ વધુ થોભવા માગુછ ને તે અરસામાં જો તમારી દીકરીઓ રાધણકળાની સપુર્ણ કેળવણી સંપાદન કરશે તો ઠીક છે, નહીં તો મારૂ મુન્યુ કરીશ વધુ લબાણ કરવામાં સાર નથી, પણ એટલો એકજ ઇશારો જણાઉછ કે આજે થઇ તા૦ ૨૧ મી નવેમબર—અને આજથી છ માસ ગણતાં આવતી તા૦ ૨૧ મી મેને દીને સહવારના પોહારમાં હુ 'ધન લોડજ'મા વગર તેડેલો આવી હાજર થવશ અને બેઉ છોકરીઓની રાંધણકળાની કેળવણીની હુ પોતે જાતે તપાસ લેવસ મારી મરજીમા આવશે તો દુધપાક ને હરીસો બનાવવા ફરમાવસ—મારી ખાહેશમા આવશે તો તીખ્ખા તમતમતા ભજીયાં કરવા કહેવસ કે મારાં દીલમા આવશે તો પલાવ-બુરીયાની રાંધવા હોકમ કરસ. એ બધુ જે છોકરી પાસે હુ બનાવી માગું તે તેણીએ મારે માટે દેખત કોઇનીબી મદદ કે સલ્લાહ લીધા વગર બનાવી બતાવવું પડશે હા! એમા જરાબી ચુક કે ભુલ પડવાની નથી અને એ બાબતમા નાખતીની નજરે હુ જોવાનોબી નથી જો એ કેળવણીમા તમારી દુકતીઓ ફતેહમંદીથી પસાર થશે તો સાત સેરની મોતીની એક માળા, કે જે ચીનથી ઉપડવા આગમચ એક લાખ રૂપીયાની કીંમતે હુ ખરીદી લાવેલો છેઉ, તે માળા, બેઉ બેહેનોમાથી જે કોઇ એ હુન્નરમા મને વધુ લાયક ને પાહવરદી જણાશે તેને, તે ને તેજ દહાડે બધાંની રૂબરૂમા હું બક્ષેશ કરસ—અને જો એ હુન્નરમા બેઉ બેહેનો ધોંડાબોટ' જણાઇ તો તે પછી 'નવું વીલ' કરતી વખતે મને લાબો વિચાર કરવાની કે કોઇની સલ્લાહ લેવાની જરૂર રહેશે નહી. હાલ એજ આશીશ દીકરી નાજુંને કહેજો કે તારા ફાંકડા ને ફેન્સી ડરેસ કરવામાથા કોઇ વાર ફુરસદ

મળે તો આએ ૭ માસની મુદતની વચ્ચે એકું વાર પેલું ફરમાસુ 'ધાનસાક' તારા કાકાજીને સારૂ જરૂર રાધી મોકલજે, કારણકે તે ધાન શાકનો સવાદ મારા દાંતમાં હજુર જેવો ને તેવો રહી ગયોછ. ચાલો, સાહેબજી !

લા૰ **જાલભાઈ રૂસ્તમજી ચીનાઈ.**

તાજે કલમ--ઉપલા ૭ માસની મુદત દરમ્યાન હું તમારા 'ધન લોડજ'મા કોઇબી દહાડે પગ મુકવાનો નથી અને તમારી દુકતી થતીઓને કહેજો કે ખોટી ખુશામતથી કાકાજીને પટાવી લેવા સારૂં કોઇ મારે બંગલે આવીને મને કંટાળો આપે નહી આજ ને કાલ તો મારૂ દીલ તમારી એ બેઉ અબછનાઓ પરથી ઉઠી ગયુ છ-હવે આગળ ઉપરની વાત ખુદાને ખબર ! ભાબીજી, કોઇવાર કામકાજ સારૂ તમોને હું તેડાઉં તો તમે મારે બંગલે આવી મને મળી જતા રહેજો-પણ ખબરદાર ! તમારી દુકતીઓ મને મળવા આવવાની કોશેષ કરે નહીં ! સાત સેરની મોતીની જે કીમતી માળા વિષે મે આએ કાગજમાં લખ્યુંછ, તે નજરે જોવાની તમારી કોઇ છોકરોની ખાહેસ હોય તો દીકરા ફીરોજ મારફતે એક દહાડો આગમચથી મને ખબર આપીને આવવુ ને કાગજમાં અહી આવવાનો વખત બરાબર નોધાવવો, કારણ કે તે વખતે હુ મારા ઓરડાનાં બારણાં બન્ધ રખાવસ, ને મારા સેક્રેટરીની મારફતે તે માળા તેઓ જોઇ શકશે. થોડું લખવે ઘણુ કરી જાણજોજી.

જા. રૂ. ચીનાઇ.

એક પળની ચુપકીદી અને નાજા બોલી; "મમ્મા, કાકાજી આએ બધુ લખેછ ખરા, પણ મનસ્ની-ગવસ્નીના કસમપર કેહુંછ કે મેં તેવણુ સાથ કે તેવણુ સારૂ બનાવેલાં કાઇબી પકવાન સાથ એવણુ જણાવેછ તેવાં કશાં ચેડાં કાદયાં નથી!"

"ને મેબી નહી, મમ્મા-હુ આ નાજાંને જેટલીજ નિર્દોષ છું!" આલાંએ અહીં પોતાના બચાવમા કહ્યુ. આ વખતે તેણીની આખ્યોમાં દેખતા પાણી આવી ગયા હતાં!

"હું માનુ છ, દીકરીઓ, કારણ કે મે નજરે નજર જોવલું છે કે કાકાજીની મરજી રાખવા વિષે દીકરા ફીરોજે ને મે તમોને આપેલી સલ્લાહપર તમો મારી કહયાગરી દીકરીઓએ તન-મનથી ધ્યાન આપ્યુ હતું, પણ કસ્ટર્ડમાં મરચાં ને ખીમાના પેટીઝમાં ખીમાને બદલે લાકડાંના વેહેર-એ બધુ એવણુ શું લખેછ? એમ કેમ બને? મારી અકકલજ કામ નથી કરતી"

"એજ અમારી અજાયબી છે, માયજી" તે બેઉ બેહેનો સાથે બોલી પડી.

"હવે ને ગમે તે હોય-પણ આટલી વાત તો ખરી કેની કે તમે હજીબી કાકાજીએ આપેલી છ માસની મુદતને માન આપસો?" ફીરોજે સવાલ કીધો.

"નહી કાય?-ફીરોજ, મારી ડાહી દીકરીઓ આપણુ બેઉને આએ બાબદમાં વચનથી બધાયલી છે તે શુ તું ભુલી ગીયો?" આલાં-નાજા કાંઇ જવાબ આપે તે આગમચ તેઓ તરફથી ધનબાઇ પોતે બોલી પડયાં એમ કરવામા તે હાવકી માતાએ પ્રસંગોપાત

સાહુચેતી વાપરી હતી. તેણીની નેમ છોકરીઓને કાકાજીના હુકમ તરફ દોરવવાની હતી અને ફીરોજે કીધેલા આ અચબુચ સવાલથી ઉશ્કેરાતની મારી આલાં કે નાજાં તેનો જવાબ નકારમાં આપી દે તો ફરીથી તેમની સમજુત કરવાનું ભારી પડી જાય તેનાં દેખઇતા ડર વચ્ચે ધનબાઇએ તેઓ વતીથી જવાબ આપી દીધો હતો !

"નહીં માયજી, મને વેહેમ પડેછ !" ફીરોજે અહી ઉલટ મત આપ્યું. "મને નહી લાગતું કે આલા કે નાજા કાકાજીનુ આજનું કાગળ સાંભલ્યા પછી મન મુકીને રાધણુકળાપર એવડુ ધ્યાન આપે ?"

"તમારો વેહેમ સદનતર ખોટો છે, ફીરોજ !" તે બેઉ બેહેનો એક અવાજે બોલી "અમારૂ વચન અમુને બરાબર યાદ છે !– આજનાં કાગળ પછી તો અમે એવડી ઉલટથી ધ્યાન આપશું."

"ધ્યાન આપે તેમા નવાઇ છે ? લાખ રૂપીયાની મોતીની માળા કંઇ મુફત મળેછ ?" ફીરોજે અહી રમુજમા ટકોર કીધી.

"કાકાજીએ અમોને ઉલટ આપવાને બેહેન–બેહેનો વચ્ચે હરી-ફાઇ પેદા કરવા સારૂ મોતીની માળાની લાલચ મુકીછ ખરી," અહી નાજાંએ આખ ચુચી કરી પોતાના સ્વભાવમાં કાઇક તીખાસ બતા-વતાં સવાલ કીધો. "પણ ફીરોજ, તું શું એમ ધારેછ કે એવું કંઇ ખેંચાણ નહો હતે તો અમો તેવણનો હુકમ નાકબુન કરતે ?"

"કરતેબી ?"

"કદી નહી" નાજાએ જુસ્સાથી જવાબ આપ્યો.

"એ તો હવે એમજ કહેવાય ! પણ જયાં ત્યાંથી કુકુ કરોની ?

કાકાજીની મરજીને માન આપી આવતી કાલથી તમે બેઉ જણી રાંધણીમાં ભરાવો ને રાંધણકળાનો હુન્નર છ માસની અંદર શીખી લઇ એમાથા એક જણીબી 'પાસ' થાઓની કે બધી પંચાતીનો છેડો આવી જાય! હુબી જોઉ છ કે મોતીની માળા કોણ જીતી જાએછ! સાંભળો, તમુને વધુ ઉત્તેજન આપવા સારૂ હુંબી મારી તરફનું એક નહાનુ જેવું ઇનામ જાહેર કરૂ છ તમો એમાંથી જે બેહેન કાકાજીની મોતીની માળા મેળવવાને ભાગ્યશાળી થશે તેને મારી તરફથી હુબી એક નહાનો જેવો હીરાનો બ્રાચ ભેટ કરસ."

"ભલે-ભલે!" અહી ધનબાઇજી પોતાના દીકરાની ઉદારતાના વખાણ ગાવા પડયાં. "અખઇ રહયો તું નહી તારી બેહેનોને વરતાવે તો બીજુ કોણ વરતાવાનુ હતુ જે? ચાલો દીકરીઓ, ખુદાનું નામ લઇ મન સાથ એકજ મજબુત ઠરાવ કરો ને પીરોજ કહેછ તેમ કાલથી શું કામ-આજથીજ તમારી કોશેષ ઉલટથી શુરૂ કરો!"

"અમોને કબુલ છે, મમ્માજી" એમ કહી તે બેઉ બેહેનો રાંધણી તરફ ગઇ.

"આજે કોઇ નવી વાની-બાની બનાવતા શીખવાનાં કે, બાઇ?" રાંધણીનાં દરવાજા આગળજ તેમનો બાવરચી-માસ્તર મેહેલ્લો સામો મલ્યો, તેણે પુછયુ

"હાસ્તો! અમે તેનેજ સારૂ આયાછ, પણ સાંભળોય કે મી૦ મેહેરવાનજી, દરરોજ જે એકેકી વાની બનાવી આપણે છુટા પડતા હતાં તેમ હવેથી કરવુ નથી' નાજા બોલી

"ત્યારે હું કરવા માગો જે?" પેલા પકવાન-માસ્તરે પુછયું.

તે એક સાઠેકની ભરતીનો ઘરડો પુરૂષ હતો, પણ બચપણથીજ આંગ રગડીને મેહેનત કીધેલી હોવાથી આ ઉંમરે પણ લાલ તોતી જેવો હતો ! તેનાં માથાં અને મુછના બાલ પાકી ગયલા હતા તેથીજ તે ઘરડો જણાતો હતો, નહીકર જો તે આજે 'કલપ' કરે તો પાછો ગબરૂ જવાનમાં ફેરવાઇ જાય એવો તેનો દેખાવ મજબુત હતો ! "જેમ તમે કેહો તેમ કરવા મારી કંઇ મનાઇ છે નથી મારાં બાઇ!"

"અમે બેઉ બેહેનોએ આજથી એવો ઠરાવ કીધોછ કે આખો દીવસ જુદી જુદી વાણીઓ ને પકવાનો શીખવામા ગાળવો, કેમ મેહેરવાનજી, તમુને તો કઇ વાંધો નથીની !"

"એ હુ બોલો, બાઇ ! મને હાનો વાંધો હોય ?" તે ભલા પકવાન–માસ્તર તુરત તાબેદારી બતાવી. "તમે કોઓ તો છે તે કે લઇ કરીને આખા દાહાડા હાથે આખી રાતઓ જાગીને તમારે ગમે એટલા વાંણી હીખોની ! તેમાં મારા બાપનું તે હું જવાનું હતુ જે ? એ તો ઉન્નર છે, બાઇ હાએબ, ને વળી એવો ઉન્નર છે, કે એનાં જાણનારા કોઇ દહાડે ભુખાં ની મરે ! જાલભાઇ હેઠ ૬૨ મહીને ખાઇ–પીને કેળાંની કાનળી જેવા પચાહ પચાહ રૂપૈયા આલે તે હું અરામના આવેલા કે ? ની બાઇ હાહેબ, એવો આથીનાં પગ જેવો પગાર પાળીને આળાહાઇ કેવી કરવાની ? તમે જ્યારે કેહો તીયારે તમારો નોકર તમારી હેવામાં તૈયાર છે. ચાલો, ભુલી દીઓ આજે હુ હુ બનાવાનું ?"

"જુઓની મેહેરવાનજી, અમે એવો વિચાર કીધોછ કે જેમ એક બચ્ચું સ્કુલમા જઇ પેહેલ્લા અ–આથી શુરૂ કરી ક–ખ–ગની બારાખડી શીખેછ ને પછી આગળ વધેછ તેમ રાંધણકળાની કેળવણી અમે

તની ઘણીજ સાદી ને સુતરી વાંણીઓથી શીખવા માગીએછ"

"બઉ હારૂં. હું બધું હમજી ગીયેલો. જાણે કે આખી દાળનું દંડું–ચાળવેલા ઇડાં–ઇંડાની અકુરી–ઇડાનો પોળો–બુમલાનો પાટીયો–તળેલા બુમલા–મોળુ ધાનદાળ–ખીચડી પાટીયો એવું એવુજ કેની?"

"હાજી–એવુજ. શાબાશ છે તમુને!–તમે કેવા ચાલાક છેવો?" આલાએ મેહેલ્લાને તાડપર ચઢાવ્યો "એવી નાની નાની સુતરી ને સાદી વાણીઓ પેહેલા અમોને સીખવીને પછી ભારી ભારી·ચીજોપર ધ્યાન આપજો"

"અવે મને કેવુ ની પડે તો, મારી શેઠાણી! ફકર કરતા રખે! તમારી ઉલટ જોઇને અવે મનેઓ વધુ ઓહ છુટેલી તો! અઉવે! ચાલો, આવો. આજનો પેહેલ્લો પાઠ હુકા બુમલા ભુજવાથી હુરૂ કરીયે! એ બુમલાજીને ભુજી કાઢવાનીઓ મોટી કળાને અથોટી છે, હમજેલા કે? દેખઇએ તો હુકડો ચામડાં જેવો, પણ જરા કાચ્ચો રીએ તો ધધ મારે ને વધુ હેક લાગે તો બળી જાય! એનુ દુ.ખજ એ છેની! એ તો રાધણુંની વાત પેલા કહે તેમ રાધણીગાજ જાણે તો! અઉવે!"

* * *

દીવસપર દીવસ વહેતા ચાલ્યા, પણ જાલકાકાકા વાલકેશ્વરથી મહાલક્ષ્મીના 'ધન લૉડજ'મા જરા ફૂટકયા નહીં રીરોજ દર ત્રીજે દહાડે તેવણને મળવા જતો અને વેપાર ધધાની તથા જાહેર સવાલોની વાતચીત કરી પાછો ફરતો, પણ એકબી દહાડે આલાકે નાજા વિષે તેઓએ તેને કશું પુછયુ નહીં. કોઇ કોઇવાર રીરોઝ કાકાજીને બંગલે જમીને આવતો. ધનબાઇનાં ઇશારાથી એક દહાડે રીરોઝે આલા તથા

નાજા આખો આખો દહાડો તન-મન પટકીને રાંધણીમાં તરેહવાર જાતનાં પકવાનો ને મિષ્ટાનો બનાવવા પાછળ ગુજારેછ એવી કાકાજીને ખબર આપી, પણ તેવણે તે વાતઆી ઉડાવી નાખી તે બાબે કશું મત ઓચર્યું નહી, જેથા તે પછીથી ફીરોજે તેવી વાત કહાડવાનાં અખાડાજ કરવા માંડયા

પેલી લાખ રૂપીયાની મોતીની માળાએ નાજા કરતા આલાંનું ધ્યાન વધારે ખેંચ્યું હતું. તે માળા કેવી છે, તે નજરે જોવા સારૂ તેણીનો જીવ ટપું ટપું થઇ રહયો હતો! એક દહાડે તેણીની ધીરજ નહીજ રહેવાથી એકાંતમાં, નાજાં નહી જાણે તેમ, તેણીએ ફીરોઝને ખબર આપી કે પેલી મોતીની માળા હું આવતી કાલે જોવા આવનાર છું એમ કાકાજીને આજથી ખબર આપવી ફીરોજે તે મુજબ કાકાજીપર કાગળ લખી પોસ્ટ કીધો અને બીજે દહાડે ફીરોજની સાથે આલાં વાલકેશ્વર જઇ તે મોતીની માળા કાકાજીના પ્રાઇવેટ-સેક્રેટરી મારફતે જોઇ આવી અલબત્ત, કાકાજીએ પેલા કાગજમા લખ્યા મુજબ આલા જયારે ઠરાવેલા ટાઇમે "જાલભાઇ પેલેસ"મા માળા જોવા ગઇ ત્યારે જાલભાઇ ચીનાઇ પોતાના ઓરડાનુ બારણું અંદરથી બંધ કરી પોતાના અસલ ઠરાવ મુજબ ભરાઇ બેઠા હતા!

આલાં પોતાની સહીને મળવાને મસે ફીરોઝ સાથે વાલકેશ્વર ગઇ હતી અને તેણીએ તે બીના જેમ પોતાની માવતરથી તેમ નાજાંથી છુપી રાખી હતી. તેણીએ ફીરોઝ પાસે તે વાત છુપી રાખવાનું "માગી લીધુ" હતુ! તે ભલા ભાઈએ તેણીની તે મરજી સાચવી હતી એમ કહેવાની કાંઇ જરૂર છે?



માનીતી માળા, શિકાગોના આર્કબિશપ મન્ડેલીન
માનપત્ર, આશ્રમે જેને ન નવી ખબર જાનારને મળી

(પાન ૯૮ મું)

પ્રકરણ ૧૩ મું.

" તે આપણો જવાંમર્દ ઇરાની હતો ! "

[દોહરો]

અવગુણ યાદ રહે બધા, સદગુણ જાય ભુલાઈ,
ગળે ન ઘંટી કાકરા, અનાજ જાય દળાઈ.

(દિલજાન.)

જાલકાકા બડા પક્કા ને પોંહચેલ હતા રાંધણકળાની કેળવણીમા જે ભત્રીજી વધુ પાકી ને પાહવરદી થાય તેણીને લાખ રૂપીયાની મોતીની માળાનું ઇનામ મળનાર હતુ, એટલે કુદરતી રીતે તે બેઉ બેહેનોમા હરીફાઇ ચાલે એ બનવા જોગ હતું એમ છતાં તે સંપીલી બેહેનોમા પોતાની હરીફાઇ ખુલ્લેખુલ્લી એકમેકને જણાવા ન દેતાં મનમાજ રાખીને એ હુન્નર રાત દહાડો શીખવા માંડયો હતો. ત્રણ મહીનાની ટુંક મુદતમાં તો જાતજાતનાં અને રકમ રકમનાં પકવાનો અને મિષ્ટાનો બનાવતાં શીખી ગયા હતાં. હવે નાજનના નાકમા કાંદાનો કે આદુ લસણનો વાસ આવતો ન હતો !—હવે તેણીને હાથની કળા પડી જવાની ફીકર ઉપજતી ન હતી !—હવે તેણી ધુમાડાથી આંખને નુકસાન થવાની ફરીયાદ કરતી ન હતી !

તેઓ દરરોજ કાંઇ ડજનબધ જુદી જુદી વાંણીઓ બનાવતી અને પોતાના ખપ જોગુ ઘરમાં રાખી બીજુ ખાણું ઓરફનેજમા

તેમજ એવાંજ બીજાં પરમાર્થી ખાતાંઓમાં માણસો જોડે મોકલી આપતી હતી. આ હુન્નર હાંસલ કરવા માટે જોઇની ચીજો ખરીદી મગાવવા સારૂ પૈસાનો સવાલ તો હતોજ નહીં. ગમે તે ખરચના ભોગે પણ એ હુન્નર હાંસેલ કરવો એવો જાલકાકાનો હુકમ હતો એટલે ધનબાઇએ પોતાની દીકરીઓને જુદાં જુદાં પકવાનો અને મિષ્ટાનો માટે જોઇતી તમામ સામગ્રી આપવામાં ખરચની જરાએ બખીલાઇ કે કજુસાઇ કીધી ન હતી.

ધનબાઇ પોતે પણ રાંધણકળાનો હુન્નર સારી પેઠે જાણતા હતાં. તેવણના બચપણથીજ તે તેમને શીખવવામાં આવ્યો હતો અને તેઓ પરણી આવ્યાં તે બારીમાં તેમના સસરા રૂસ્તમજી રૈમરને ત્યાં પૈસાની ગમે એવી રેલછેલ છતાં ઘરના બૈરાઓજ ખાણુ પકાવતાં હતાં. બાય-બુટલેરોનો જમાનો તો તે પછી શુરૂ થયો હતો અને ધન-બાઇએ પોતાની દીકરીઓને રાંધણકળાની કેળવણી આપવાની કાળજી નહી કરી તેનુ મુખ્ય કારણ એજ હતુ કે જમાનાને અનુસરી તે આબદની નાખતી કરી પોતાના સુખવાસી બચ્ચાઓને તેથી વેગળા રાખ્યા હતા.

પણ ધનબાઇને જો કોઇએ ૧૦ વરસ આગમચથી એમ ચેતાવ્યું હતે કે પાચે દહાડે જાલકાકાને તેવણની આ "નાખતી" પસંદ પડવાની નથી તો તેવણ એટલાં મુરખ નહીં હતા; કે આલા-નાજાને પ્રથમથીજ તેનો પરીપાઠ નહી પાડને, પણ બની તે બની!-બનવા કાળ કદી ચુકતો નથી!

જાલકાકાએ આપેલી મુદત ૭ માસની હતી, પણ ત્રણ મહીના

નહી થયા તેટલાં ધનબાઇએ જોઇ લીધું કે તેવણની બેઉ બેટીઓ પક-વાનશાસ્ત્રમાં પાકી ને પાહવરદી થઇ ચુકી હતી. ધાન-દાળ અને ખીચડી પાટીયાથી માંડીને આજની સુધરેલી અપ-ટુ-ડેટ ઇંગ્લીશ વાણીઓ વટીક હવે તેઓ સહેલાઇથી અને ફતેહમદીથી બનાવી શકતી હતી !

પહેલા ત્રણ માસનાં શિક્ષણ દરમ્યાન પેલા ધરાની બાવરચી જવાંમર્દ તરફનો આલાં તથા નાજાને ભારે કંટાળો થઇ પડયો હતો, પણ ખુદાએ તે પીડાને પણ દુર કીધી હતી. એક દહાડે સહવારના પહોરમાં વાલકેશ્વરથી ફીરોજપર જાલકાકાની ચીઠી આવી કે ચીઠી વાંચતાં વાર 'ધન લૉડજ'ના ધરાની બાવરચી જવામર્દને વાલકેશ્વરને બંગલે રાંધવા મોકલવો; કારણ કે તેવણનો બુટલેર અચખુચ સીક થઇ ગયો હતો આ ચીઠી મળતાજ જવાંમર્દ વાલકેશ્વરની હવા ખાવા ગયાથી બેઉ છોકરીઓ ઘણી રાજી થઇ. હવે તેઓ પોતેજ દરરોજ એટલું બધુ પકાવતી હતી કે ઘરની રાંધણીમાં જુદું રંધાવવાની ખરૂ પુછો તો જરૂરજ રહી ન હતી.

બુટલેર "સીક થઇ જવા"નું તો જાલકાકાએ માત્ર બાહાનું કાઢયું હતું. તેવણની ખરી નેમ તો રાધણશાળાના તમામ બોજો આંડ-કત્રી રીતે હવે તે બેઉ ભત્રીજીઓ ઉપર નાખવાનો હતો અને તેઓ જોવા માગતા હતા કે જવામર્દને બોલાવી લીધાથી તેઓ તરફથી કાંઇ ચીચવાટ બતાવવામાં આવે છે કે કેમ?

પણ તેવુ કશુ બન્યુ નહીં. ધરાની જવાંમર્દ 'ધન લૅાડજ'માં છોકરીઓને એક પીડારૂપ થઇ પડયો હતો, જેથી તેની આમ માહ-

રોગાહાર "કાસળ પટવાથી" ઉલટી; આલાં ને નાજાં ખુશી થઇ ગઇ હતી

જવામર્દ વાલકેશ્વર જવાથી નાસ્તો અને રાત દીવસનું બન્ને વખતનુ ખાણુ પણ "ધન લૉડજ"માં "છોકરીઓ"જ તૈયાર કરતી હતી! જે કામ પેહેલા તેણીઓને અતી ગંદીલું, ગલીચ ને કંટાળા-ભર્યું થઇ પડયું હતું, તે હવે બન્ને બેહેનોને ઉલટ આપનારૂં ને માનીતું લાગતું હતુ! વખતનો આ કેવો ફેરફાર! જે સુગાત્રી ને ટીચકાંખાર દુકતીઓ એક વખત "રાંધણી"નું નામ સાભાળતાંજ ઝઝણી પડતી હતી, તેણીઓ હવે આખો આખો દીવસ તન–મનથી રાંધણીમાજ રોકાઇને પસાર કરતી હતી! શીખો–ઓ ધનનાં ઢાગપર બેઠેલી માવતરો!–આ દાખલાપરથી શીખો! ગરીબ સંસારમાં તો એ કેળવણી ઘરેઘર હોય છે, પણ જરનું જોર ધરાવતા દોલતવાળાંઓને ત્યાનો આજનો મામલો કેવો છે તે કોણ નથી જાણતું? જાલકાકા ચીનથી વીસ વરસે મુંબઇ આવે નહીં તો "ધન લૉડજ"માં આ હેરતભર્યો ફેરફાર થાય નહીં એ વાત કોણથી ના પડાશે!

"મમ્મા!" એક દહાડે નાસ્તાની ટેબલપર નાજાં બોલી. "આટલું આટલુ જાત જાતનું દરરોજ ખાવાનું થાએછ. ઘેરમા વાપરવા ઉપરાંત ઓરફનેજમાં ને બીજાં અનાથોને માટે મોકલીયેછ, તોબી ખુટતાં ખુટતુ નથી ને બગડેછ તેથી મારો વિચાર એમ છે કે, દરરોજ તેમાની એકુ બે વાંની જાલકાકા સારૂ વાલકેશ્વરને બંગલે મોકલીયે તો કેવુ? તમે રજા આપો તો મોકલીયે."

ધનબાઇએ એક પળ વિચાર કરી જવાબ આપ્યો "દીકરી તારી સુચના ઘણી નેક છે પણ મારી રજા અહી કામ શું લાગવાની

હતી ? તમારા જાલકાકા તો તમો બેઉ સાથ મળવા-ભેટવાથી ના કહેછ ત્યારે તમારે હાથની પકાવેલી વાણી એવણ સ્વિકારશે કે ?"

"એ એક મોટો સવાલ છે!" ફીરોજે શક બતાવ્યો.

"મનેબી શક છે!" આલાં બોલી.

"તું એક કામ કર. દીકરી," જરા વધુ વીચાર કરી ધનબાઇએ માર્ગ સુચવ્યો. "નાસ્તો જમી રહી તુંજ તારા હાથે ટુંકમાં એક ચીઠ્ઠી જાલકાકાપર લખી પોસ્ટ કરાવ, ને તેમાં તારા વિચાર જણાવી તેવણની પ્રથમ મરજી પુછાવ!"

ધનબાઇએ સુચવેલો આ માર્ગ દરેકને પસંદ આવ્યો. નાજાને નાસ્તો કરવા તણુ ગમ્યું નહી! બીજાઓ નાસ્તો ખાતા હતા તેટલાં પોતે ઝડપથી બે ચાર બુક જમી લઇ, તેણી દીવાનખાનામા ગઇ અને જાલકાકાની ચીઠ્ઠી લખી કહાડી. તે નીચે મુજબ હતી —

"ધન લૉડજ."

મહાલક્ષ્મી, તા૦ ૧૮ મી ફેબરવારી.

મારા વ્હાલા મુ૦ કાકાજી,

જત-બીહતાં બીહતાં આએ લીટીઓ લખુ છ, કારણ કે આજ ત્રણ ત્રણ મહીના થયા તમારી ગરીબ ભત્રીજીઓ કાંઇ જીવેછ કે કાંઇ મરેછ તેની દરકાર કીધા વગર તમે ગોયા અમોને ઓવારનીવાર કરી મુકીછ, પણ અમારો જીવ તમારે લીધે કેટલો બળેછ તેનો જાણનાર ખુદા સીવાય કોઇ નથી. અમોને મલવા-ભેટવાનુંબી તમે મહીનાઓથા

બધ કીધું છ, તો, વ્હાલા કાકાજી, જેમ તમારી મરજી. આજે આએ ચીઠ્ઠી લખવાની બેઅદબી કરૂં છ તેની મને મારી બખશજોજી. તસદી આપવાનું કારણ એ છે જે અમે બેઉ બેહેનો તમારા હોકમ મુજબ દરરોજ નવી નવી વાંણીઓ શીખતાં જઇએછ, ને તે સીખવા સારૂ જે જે પકવાંનો પકાવીએછ તે એટલું બધુ વધી પડેછ, કે ઘેરનાં વપરાસમાં લઇ બાકીનું ઑરફનેજમાં કે બીજાં અનાથોમાં વેહચાવી-યેછ તે છતાં જાણે ખુંટતાં ખુંટતું નથી. મારો જીવ ઘણો બલી જાએછ કે જેવણુનાં પૈસા વડે એ બધું થાએછ તેવણુનાં ચાખવામા તો તેમાંની એક ફગરસબી આવતી નથી જેથી મને ઘણુ ખટકયા કરેછ, વાસ્તે, વ્હાલા કાકાજી, તમારી ગરીબ ભત્રીજીની એટલી અરજ કબુલ કરી મને પરવાનગી મોકલો તો હું તેમાંની એક બે વાણી દરરોજ વાલ-કેશ્વરને બંગલે મોકલતી રેહુ, મને ઉમેદ છે કે આએ બાબદમાં મને નારાજ કરશો નહીજી. મુ૦ મમ્માજી તથા ભાઇ બેહેન સાથ અમો સર્વે ખુશીમાં છૈયે. તમો મુરબીજીની ખુશી લખજોજી.

લા૰ તમારી તાબેદાર ભત્રીજી,

નાજાં.

નાજા ઉપલી ચીઠ્ઠી લખી કહાડે તેટલાં નાસ્તો ખાઇ દરેક જણ દીવાનખાનામાં આવી પુગાં નાજાંએ તે ચીઠ્ઠી મોટેથી વાંચી સંભળાવી અને બધાને તે પસંદ હોવાથી તેણીએ તુરતજ ને કાગળ ઝાલકાકાનું સરનામું કરી પોસ્ટ કરાવ્યુ.

તેજ સાંજે તેનો જવાબ નાજાંને સરનાગે ફરી વળ્યો. તે ચીઠ્ઠીએ

ધ્રુજતે હાથે એનવીલોપ ઉખેડયું. તેમાં નીચે મુજબ મોટા પપરડા જેવા અક્ષરે માત્ર થોડીક લીટી લાલ પેનસીલથી લખેલી હતી :–

વારૂંજી—બહુ સારૂંજી–મોકલજોજી–
તમે ઘણાં મેહેરબાન છેવોજી–પણ જરા
તપાસજોજી કે કાકાજીને મોહડાં આગળ
'તસ' પકડવી પડે નહીંજી–સાહેબજી!

જાલકાકા.

નાઝ્નંએ ઉપલી લાઇનો વાંચી તે કાગળ ઝટ પોતાની માવતરનાં હાથમાં મેલતાં ઉમેર્યું .–મમ્મા, કાકાજીએ જરા મારા ટચકા કીધાછ, પણ પરીણામ સંતોષકારક છે! એમણે 'ઑફર' કબુલ રાખીછ."

"બહુ સારૂં!" ધનબાઇ તે લાઇનો વાંચી બોલ્યાં. "પણ તપાસજો દીકરાઓ, વળી પાછું આગળની માફક કઇ 'કાંટાનું કટેસર' નહી થઇ જાય!"

"હવે નહી થાય, મમ્મા! ફીરોજ, જે આ વખતે વચલી ટેબલ પર બેસી પોતાની "ડાયરી બુક"માં કાંઇ નોંધ કરતો હતો તે બોલ્યો.

"શું નહી થાય?" આલાં–નાંજાંને બદલે ફેરોજે જવાબ આપવાથી ધનબાઇ ફરીથી પુછવા પડયાં.

"અરે મકુંજે તમે કહોછ તેવું કાંટાનું કટેસર હવે નહીં થાય!"

"એટલે? 'હવે નહી થાય' તે શા ઉપરથી તું કહેછ?"

"સારી સત્તાથી મેળવેલી ખબર ઉપરથી." તે જવાને ડાયરી બંધ કરી પાટલુંનનાં ખીસામાં સેરવતાં જવાબ આપ્યો.

'વલી એમાં સત્તા ને બત્તા સાની બલીછ ?" તે માતાએ અજાયબી બતાવી.

"ત્યારે હવે ભેદ ખોલું ?" ફીરોજ અહીં ધુંમ હસીને પોતાની ખુરસી મમ્માજીની ખુરસી પાસે ખેંચી લાવતાં બોલ્યો. "જેઇ કાલે હું કાકાજીને મલવા મારા રાએતા મુજબ વાલકેશ્વર ગયો હતો, તે વખતે તેવણુ પોતાના ઓરડાનું બારણું બંધ કરી કોઇ સાથ કાંઇ મોટેથી વાત કરતા હતા. હું કંઇ તે વાતચીતે ખાસ સાંભળવા ઉભો નહી. પણ મારી નારાજી છતાં મારે કાને તેવણુનાં આએ સખુનો પડયા હતા કે 'શાબાશ બચ્ચા તેં આઠ દહાડા સુધી ખુબ બજાવી હતી ! પેલા કસ્ટર્ડમાં ભારોભાર મરચાં ને ધારામા ભારોભાર મીઠૂ તેં માગ કેહ-વાથીજ નાખ્યું તું નહી ?–લે તે સેવા માટે આએ રૂ. ૫૦) નો કટકો છે–તુને ગરીબ માણુસને કામ લાગશે.' શું ધાર્યું માયજી–આલાં-નાજાં ? તમારો તે છુપો શટરૂં કોણ હશે ? થોડીજ વારમા બારણું ઉઘાડયું અને એક આદમી મને અંદરથી બહાર જતો મલ્યો–કહો જોઉં, તે કોણ હશે ? કંઇ અટકલ કરી શકોછ ?"

"નહીં !" તે ત્રણે જણા એકેકનો ચેહેરો જોઇ સાથેજ બોલી પડયાં.

"તે આપણો જવાંમર્દ ઇરાની હતો !"

"જવાંમર્દ ?-નાજુ ચમકી–ચપો માયજી '-લસ્કરકા ભેદ અબ પાયા, કે થેલેસે બીલ્લા બાહેર આયા ! અરે મરેરે મુવો એ નીમક-હરામ ! ત્યારે કેશું કાકાજીએજ તેને એવું કરવા ઉસ્કેરેલો એમાં હવે શક શું '

"એ મરેરે મુવો જેંગલી ઇરૂન ! મુવાપર જાણે એવી ઝાંઝ

અલેછ કે જાણે હમણાં જો એ મારી આગલ હોય તો મુવા નાપાકનું નસકોરૂજ ભાંગી નાખું !" આલાં ચીચવાઇ.

"હા-હા-હવે મને બરાબર યાદ આવેછ." અહી નાજાં બોલી ઉઠી. "જે દહાડે કાકાજી રાંધણકળાની વાત નારતાપર છેડી'તી, તે વખતે એ મુવો ગીડલો ત્યાં હાજર હતો ને પાછળથી મારી મજાક મશ્કેરી કરવાબી આયો હતો. વલી કાકાજીએ એવો હોકમ કીધો તેથી તે વીશે તેવણુને પોતાની ખુશાલી દેખાડવાબી એ જવાનો હતો ! મને લાગેછ કે તેજ વખતથી જાલકાકાએ એની સાથ એવી ગોઠવણ છુપા-છુપ કરી મુકેલી હશે. અરે મરેરે' મુવાએ તો પતાલ પાણી ચલાવી મોરી કોગટી રાખવા જેવું કીધું."

"એ મુવાને આવવા તો દે પછી એની વાત !" ધનબાઇ પણ ગરીબ બીચારા જવામર્દ "ઇરૂન" પર ચીચવાયા વિના રહ્યાં નહી !

પ્રકરણ ૧૨ મું.

મુદત પાકી !—જાલકાકા "વન લૉડજમાં !'

[દોહરો.]

પ્રેમ સબલ, સત્તા સબલ, સબલ સંતની સાન
ધીર સબલ, ધારા સબલ, સબલ રાજ-ધન-ધાન.

[દિલજાન.]

"મમ્મા, આએ 'ટેલીફોન'વાળા ઓરડામા આખો વખત પેલો ચીનો શું કર્યાં કરેછ?" એક દહાડો પીરોઝે ધનબાઇને પુછ્યું. "જયારે જોઉંછ ત્યારે એ તેજ રૂમમાં જણાએછ."

"કોણ આપણો 'ચીંગચોંગ' કે?" ધનબાઇએ પુછ્યું. "હા, એ ઘડી ઘડી ટેલીફોનમાં કોઇ સાથ વાત તો કરેછ–મેં એને તેમ કરતાં ઘણી વખત જોયોછ."

"પણ એને ટેલીફોન શીખવ્યો કોણે?" પીરોઝે અચંત થઇ પુછ્યું.

"વળી કોણ શીખવે!–તારા કાકાજી જાલકાકા 'ધન લૉડઝ'માં હતા ત્યારે અવારનવાર એને ટેલીફોન રૂમમાં લઇ જઇ કેમ વોરનિંગ આપવાની ને કેમ વાતચીત કરવાની તે બધું એને બતાવતા હતા."

"ત્યારે બરાબર છે–હું મકુજે એ ચીનો ઘડી ઘડી ત્યાં જઇ શું કર્યાં કરેછ? મેં કાલેબી એને ચીનાઇ ભાષામાં ટેલીફોનમાં બોલતો સાભળ્યો–પણ મને કાકાજીનો ખ્યાલ તો રહયોજ નહીં. રખેને અહીંના આબાદ પેગામ પુગાડતો હોય!"

અને ખરેખર તેમજ હતું. પીરોઝે કરેલી અટકળ ખોટી નહીં હતી. ચીના 'ચીંગચોંગ' જાલકાકાનો ઘણો માનીતો ને વીશ્વાસુ નોકર હતો. છેલ્લાં પંદર વરસથી તે તેવણની નોકરી તેમના ભારે સંતોષ વચ્ચે બજાવતો હતો. જાલકાકા ચીનથી તેને મુંબઇ પોતાની સાથે લેતા આવ્યા હતા. તેનું મુખ્ય કામ જાલભાઇ શેઠ કામકાજથી પરવારીને આરમ ચેર લેટેલા કે બીછાનાપર સુતેલા હોય ત્યારે

આખો વખત તેમના પગ દાબવાનું અને "ચંપી" કરવાનું હતું! જાલકાકા "ધન લોડજ"માં હતા ત્યાં સુધી ઉપલો મામલો ચાલુ હતો પણ તેવણ વાલકેશ્વરને બંગલે જઇ રહયા તે વખતે તેને સાથે નહીં લઇ જતાં "ધન લોડજ"માંજ રાખી ગયા હતા આ બનાવપર પ્રથમ કોઇનું ધ્યાન ખેંચાયું ન હતું, પણ "ચીગચોંગ"ને અહીં રાખી જવામાં જાલકાકાની નેમ કાંઇ જુદીજ હતી. પોતાની ગેરહાજરીમાં ધન લોડજમાં શું શું બને છે અને અકસર કરીને આલાં અને નાજાં કેવી રીતે વરતે છે તથા રાંત્રણકળાની તેવણની ખાસ ફરમાવેલી કેળવણી કેમ સંપાદન કરે છે, તે બારીકાઇથી જોવા તથા તેમની હીલચાલપર છુપી નજર રાખવા સારૂ તેવણે પોતાના આ વિશ્વાસુ ચીના નોકર ચીગચોંગને અહીજ રાખ્યો હતો!

"ભલેની પેગામ પુગાડે, દીકરા!" રોશનનાં "શ્એને અહીંના આબાદ પેગામ પુગાડતો હોય!" એવા સવાલના જવાબમાં ધનબાઇ બોલ્યા. "આપણે થોડીજ જાલકાકાની ગીબત કરયેછ કે આપણને ડરવાનું હોય?"

"પણ એ આપણી વાત કંઇ સમજી મરેછ કે, મમ્મા?" રોશને પુછયું.

"હારે, થોડી થોડી ભાંગી તુટી ગુજરાતી બોલેછ તો ખરો! મને લાગેછ કે પોતે બોલવા કરતાં એ આપણુ બોલેનું વધારે જલદી સમજી શકેછ."

"તેમ હોય તો તપાસજો હો, ને છોકરીઓનેબી ચેતાવી રાખજો નહીં તો કમબખત વગી એબી પેલા જવાંમર્દ ઇરાનીની માફક મોહડે

રામ પોકારી પગે માછલાં નહી મારે !

"ભલે મારે, આપણું દીલ સાફ છે તો ડરવાનું શુ છે ?" તે ધીરજવતી માવતરે ડાહપણભર્યો જવાબ દીધો.

*　　　*　　　*

"નાજાં !" એક દહાડે ધનબાઇએ નાસ્તા પછી નાજા આગલાં દીવાનખાનામાં એકલીજ હતી તેણીને પુછયું. હું આજ બે ત્રણ મહીના થયા જોઉંછ કે બપોરનાં ખાણા પછી તું દરરોજ બબ્બે કલાક બહાર જાએછ તે કાંહ જાએછ, દીકરી ?"

"કાંય મમ્માજી, તમારી દીકરીની ચાલચલણપર તમોને કંઇ વ્હેમ પડેછ કે શુ ?" નાજાએ હસીને સવાલ કીધો.

"એ નહીંરે, દીકરી, એવા ઘેલા–ગાંડા વિચાર મેં કદી કીધા નથી. તમો મારાં ખાનદાની બચ્ચાંઓ ઉપર એવો અવિશ્વાસ હુ કદી લાઇ નહી જાઉં, પણ હું તો સેહેજ પુછુંછ."

"મમ્માજી, હું ખોટું બોલીને તમુને ઠગવાની નથી" નાજા ઝટ બોલી ઉઠી. "પણ તમારી પાસ હુ હાથ જોડી માગી લેઉછ કે એક થોડો વખત એ ભેદ મને નહીં પુછો તો સારૂ–ચોકકસ 'ટાઇમ' પસાર થવા પછી હું પોતે થઇને તમોને કહેવસ."

"કંઇ ફીકર નહીં, દીકરી જેમ તારી મરજી !"

"મારા આએ જવાબથી તમારા મનમાં કંઇ ઓછું તો નહી આવશે. માયજી ?"

"જરાબી નહીં !"

ઑલ રાઇટ, થેંક યુ, મમ્માજી! ચાલો હવે જતે—અમારા પકવાન-મારતર મી૰ મેહેરવાનજી રાહ જોતા હશે! મમ્મા જાણોછ કે આજે કાકાજી સારૂ મોકલવાની મારી વારી છે. કાલે ફીરોજ વાલકેશ્વર જઇ આયા ત્યાથી સાભળી આયાછ કે આજે કાકાજીને બંગલે બે-ચાર ફ્રેન્ડો ખાવા આવવાના છે તેથી મેં આજે એક અચ્છુ 'મીનુ' તૈયાર કીધુછ ને તે મુજબ પકાવીને સાંજે મોકલવાની છેઉં."

"તેં કેઇ વાણી પસંદ કીધીછ?" તે માવતરે ઉલટથી પુછયું.

"તેગેરીડ ફીશ-પટેટાનાં હાડડી ચાંપ-રોસ્ટ કીધેલી બદામ દરાખ ભરેલી તરકી-બાલસાઉં-તીખ્ખી તીખ્ખી પતરેલ-ભાજીમાં ભેજા-કેસરીયો પલાવ-તુરમહાલી જરબીરીયાન-ને ચીનાઇ સફેદ ઘાસની જેલી ' કેમ મમ્માજી, એટલું બસ કેની?"

"હજી થોડું થયું કે એટલું બસ પુછેછ?" ધનબાઇએ હસીને પુછયું. "પણ એ બધું તું કયારે બનાવી રેહશે?"

"એક સપાટામાં-મમ્માજી! હવે એ હુન્નર મારે હાથે ચહડેલો છે અને હવે હું કોઇથી ડરવાની નથી. મે મી૰ મેહેરવાનજીને ગઇ સાંજનુ કહી રાખ્યુછ કે હું ઉપલુ 'મીનુ' તઇયાર કરૂં તે વખતે ફકત તેવણે ત્યાં હાજર રહીને જોયા કરવું, પણ વચ્ચે કશું બોલવુ નહીં!" અને તે ઉલટમંદ કુમારીકા એક હરણી પેરે નાચતી કુદતી રાંધણશાળા તરફ દોડી.

* * *

વગર શકે તે બેઉ બેહેનો એકમેક ઉપર હરીફાઇ કરતી હતી, પણ

સારાં નસીબે તેઓ સંપીલી હોવાથી જાહેર રીતે એકેકની અદેખાઇ કરવા જેટલી હલકી હદ સુધી ઉતરવા પામી ન હતી!

જેમ જેમ ૨૧ મી મેનો દીવસ પાસે આવતો ગયો તેમ આલાં ને નાજાં વધુ ને વધુ ઉલટથી પોતાનો રંધક–હુન્નર આગલ વધાર્યાં જતાં હતાં. બેઉ બેહેનો આળસાઇ છોડી ઉમંગી બની હતી અને તેથી પેલી મોતીની માળા બેમાંથી કોણ જીતી જશે તે કહેવું ધન-બાઇ અને ફીરોઝનાં બાબમાં એક રમુજી પણ મુશ્કેલ ઉખ્યાણું સમ થઇ પડયું હતું! નાજાનું દર રોજ બે કલાક બહાર જવાનું પણ તે દરમ્યાન ચાલુજ હતું. તે છોકરીએ પોતાનો બપોરનો આરામ વટીક મહીનાઓથી બાજુએ મેલ્યો હતો!

અતે ૨૧ મી મેનો પેલો યાદગાર દીવસ આવી પુગ્યો. તેની આગલી રાત્રે "ધન લૉડજ"માં બે ઇનતેજાર જીવોને આખી રાત ઉંઘ લાગી નહીં. જ્યારે ધનબાઇ અને ફીરોઝ પોતપોતાના રૂમોમાં શાંત નિંદ્રામાં પડયાં હતાં, ત્યારે આલાં ને નાજાં પોતપોતાના ઓરડાઓમાં આવતી સહવારનો સુરજ કોણુને માથે "નસીબદેવીનું તાજ" પેહેરાવે છે તેની અસહ્ય ઇનતેજારીમાં એક "કયામત જેવી લાંબી રાત" જાગીને પસાર કરતાં હતાં!

પણ વખત કોઇને માટે થોભતો નથી. તે "કયામત જેવી લાંબી રાત" બી પુરી થઇ, ને ૨૧ મી મેની સહવાર પડતાંજ બરાબર સાતને ટકોરે "ધન લૉડજ" ના બગીચામાં બે કાળા ને કદાવર સુંદર આરબ ઘોડાઓની એક ફેશનેબલ ભપકાદાર ગાડી દાખલ થઇ પોર્ટીકોમાં આવી ઉભી.

તે ગાડી દરવાજામાં દાખલ થતાજ નોકર ચાકરો અને સીપાઇ –રામોસીઓની દોડાદોડી ચાલી રહી. ધનબાઇ, ફીરોઝ, આલાં અને નાજાં જેઓ આગલાં બારણાં આગળ આગમચથી ઉભેલાં હતાં તેઓ દરેક જણાં ગાડી આવી પુગતાં સીડી ઉતરીને છેક નીચે સુધી ગયાં અને ગાડીમાંથી એક બુઝર્ગ ગ્રહસ્થને ફીરોઝે પોતાના હાથનો ટેકો આપી ઉતાર્યા.

તે ગ્રહસ્થ કોઇજ નહી પણ આપણા "જાલકાકા" હતા! તેવણ પોતાનાં વચન મુજબ આજે તા૦ ૨૧ મી મેની સહવારે આલા ને નાજાંની રાંધણકળાની પરીક્ષા લેવા સારૂ "ધન લૉડજ"માં વગર બોલાવેલા આપ મેળે આવ્યા હતા!

"આવોજી!–આવો મુરબીજી!" ભાભી ધનબાઇએ તેવણનાં "ઓવરણાં" લઇ આવકાર આપ્યો અને તેજ મુજબ આલાં, નાજાં તેવણની પાસે ગયાં, પણ કાકાજીએ કોટી કરવાની વાત તુરત વેળા બાજુ મેલી "શેકહેન્ડ"માં પોતાનો હાથમાત્ર લંબાવ્યો!

"કેમ વ્હાલાંઓ, તમે બધાં કેમ છેવો?" બુઢાજીએ ઓટલાની સીડી ચઢી દીવાનખાનાના દરવાજામા દાખલ થતાં ગંભીર અવાજે પુછયું. "અહી બધું "ઑલ રાઇટ" છેની?"

' હાજી, તમે કેમ છેવો, મરૂં?" ધનબાઇએ લાયકીથી જવાબ આપી તેવણની તંદરોસ્તી પુછી.

"મને શું છે? મારા દુશ્મનોને ખાઉ કડડ્ તેવો છેઉની!" વચ્ચેની ટેબલપર પોતાનું ચીનાઇ ખોખું મેલી માથાંપરની ટોપી સરખી

કરતાં બોલ્યા. "પણ આએ મારી ભત્રીજી થતીઓના ચેહરા આજે એમ ફીકકા ફૂચક જેવા કેમ છે ? મારા પરવરદેગાર ! અહીં આવ નાજાં !–શું છે દીકરી ? તુ એમ આજે બીધેલી જેવી કેમ દેખાએછ ?"

"ઓ નહીરે ! તમેબી એમ શું કરોછ જો ?" નાજાએ ઝટ કાકાજીની પાસે આવી બેસીને જવાબ આપ્યો 'તમારાં રાજમાં અમને શું કમતી છે કે એમ બીહ જઇય ?"

"ને તું. આલાં દીકરી, તું કઇ ધુજેછ જેવી તે ?"

"ધુજે સાનુ ને ધમકે સાનું, કાકાજી ? એ આજે એરા શું કરતા આવોછ ?–મરે, અમુને તો તમારા આજે અહીં કદમ મુબારક થવાથી ઓરબી સાબી ખુશાલી ઉપજેછ ?"

"ક્યાંથી બોલોછ, દીકરા, મોહડાંમાથી કે પેટમાંથી ? મારા સાંભળવા મુજબ તો જાલકાકાપર આજ ને કાલ લાખ-લાખ ગાલો પડેછ."

"જે ગાલ દે તે પોતાના અમસા જીવને. જા બા, જાલભાઇ. આજે તમે શુ મારી ગરીબ દીકરીઓને એમ હેબતાવી મારોછ ? " અહી ધનબાઇએ દીકરીઓ તરફથી પરીયારો કીધો.

"તમે તમારી દીકરીઓનો અમથો બચાવ ના કરો, ભાબીજી !" જાલકાકા પોતાની ખુરસીપર તડા થઇ હસ્તે ચેહેરે બોલ્યા. "એ તમારી અબજરાઓનું જો ચાલે તો જાલકાકાને કાપી તેની જીણીજીણી "રાઇ રાઇ બોટી" કરે !"

"કાકાજી—કાકાજી એમ ના બોલો," નાજાં કગળી પડી "તમે

અમારૂં શું બગાડયું છ કે અમે એવો નાલાયક ખ્યાલ કરીયે ?"

"કાંય ? મેં તમોને છ છ મહીનાથી ઓછાં દુ:ખી કીધાંછ ? જે ચીજનો તમુને સખત અણુગમો હતો તે ચીજ મેં તમો પાસ જબ રીથી કરાવી તેની કશીજ નાંજ નમોને ઉપજતી નથી ?"

"જરાબી નહી," આલાં-નાંજાં બેઉ સાથે બોલી પડી.

"હુ સાંભળીને ઘણો ખુશી છું, મારી દીકરી ?" અને અહી તેવણ તે બંને બેહેનોને બેઉ બાજુએ પોતાનાં પાસાંમા લઇ બોલ્યા

"આજની પરીક્ષા માટે તમે બેઉ જણી 'રેડી' તો છેવોની ?"

"હાજી,"

"ત્યારે ચાલો, નાસ્તાનો વખત થાય તેની આગમચ મારે સારૂ તમે હું કહું તે તે વાંણી તૈયાર કરો, કયા છે તમારો પકવાન-માસતર ?"

અહી જાલકાકા ઉઠી ઉભા થયા અને બધાં જણાં રાંધણી તરફ જવા લાગ્યાં.

"મી० મેહેરવાનજી રાંધણીમાં છેજી." નાજાંએ હસીને જવાબ આપ્યો.

"મી० મેહેરવાનજી ?-એ વળી 'મી० મેહેરવાનજી' કોણ છે ? જાલકાકા પુછવા પડયા.

"એમ શું કરોછ, કાકા ? તમે અમારા પકવાન-માસતર વીષે પુછોછ કેની ?-હું તેવણ વીષેજ બોલુંછ."

"કોણુ, મેહેલ્લા વાસ્તે ?–અરે તારી સાસુનો ટાંટિયો ભાંગેરે તારી, હું મકું જે એ "મી૰ મેહેરવાનજી" કોઇ કેવોક હશે," જાલકાકા મોટેથી ખડખડ હસી પડતાં બોલ્યા. "નાજા દીકરી, તારી અક્કલ બળે, એવા એક રેંજીપેંજી ચાકરીયાને મીસ્ટર ને ફીસ્ટર——"

"અરે–અરે, કાકાજી," મી૰ મેહેરવાનજી કેવા ભલા ને માયાળુ છે." નાજાં અહીં કગળી પડી. 'એવણુ બીચારા ગરીબ છે તેથી શું થંયુ, પણુ એનાવો અમારા માસ્તર કહેવાય તેથી અમે તેવણુને માન આપવુજ જોઇયે."

"અરે પણુ હવે એક નોકર–માણુસને મીસ્ટર ને ફીસ્ટર નહી કહયો તો તેથી શું તેની લાખ ગાડાં આબરૂ હતી તે ઓછી થવાની હતી, વારૂં," અહીં આલાં ડાહી થઇ નાજાને શીખામણુ દેતી રૂપે બોલી. "કાકાજીને એવું એવું નથી ગમતું, તે હું તો પસંદ કરૂછ બા. એ તારે લીધે આટલો વખત મને ,મી૰ મેહેરવાનજી ને મીસ્ટર મેહેરવાનજી' કરવું પડયું. હવેથી તો હું એને મેહેલ્લોજ કહેવશ !"

"શું બોલી ?–આલાં, એ તું શું બોલી ?" આલાનાં આ શબ્દો સાંભળતાં વાર જાલકાકાનાં નેણુ ફરી ગયાં. તેવણુના ચેહેરાએ લાલ રંગ પકડયો અને તેમની આંખ્યો કરડો દેખાવ આપવા લાગી. "તું તેને 'મેહેલ્લોજ કહેશે ?"

"ઓ કાકાજી ! એમ સું કરોછ જે ! નાજાં તેવણુને 'મી૰ મેહેરવાનજી' કહેછ તે તમે નાપસંદ કીધુ, તે ઉપરથી હું તો બોલી."

'કાંય બોલી ?–શું કામ બોલી ? ત્યારે તો એમજ થયું કેની કે તું મારી ખોટી ખુશામત કરી મને રાજી રાખવાની કોશેશ કરેછ ?"

જાલકાકાએ આલાને ઘભરાવી નાખી. "ઠીક બા-ઠીક! એતો તમારો એકેક અનુભવ મને મલતા જાએછ. ભલે એ બીચારાને મેહેલ્લોજ કહેજે! તું એને 'મેહેલ્લો' કેહેવા માગેછ તો હું હવેથી એને 'મેહેલ્લો' કેહવસ! વારૂ નાજામાય, તમે?–તમેબી કંઇ વિચાર બીચાર ફેરવ્યોછ કે જી?" અને આહી જાલકાકાએ સ્હેજ વાંકા વળી નાજાંનુ પાખડુ પકડી પુછ્યું.

"નહીંજી હું તો એવણને 'મી० મેહેરવાનજી' કરી કહેતી આવીછ તેમજ કહેતી રહેવસઉં." નાજાએ નરમાશથી જવાબ આપ્યો.

"જીવતી રહેજે, મારી દીકરી! ને એમજ ગરીબોને માન આપતી રહેજે. હું જોઇને ખુશી છું કે તમારાંમાં એ એક વખાણવા લાયક સદ્‌ગુણ છે."

"મને કોઇથી નોકરને તોછડે નામે બોલાવવા ગમતુજ નથી, કાકાજી."

"વેરી ગુડ–વેરી ગુડ!–આઇ એડમાયર યુ, માઇ યગ ગર્લ!" જાલકાકાએ નાજાંના ખભાંપર હાથ મુકી તેણીને શાબાશી આપતાં કહયું.

"ઘણાં તવગર ઘરોમા પોતાના ત્યાંનાં નોકર ચાકરોને તોછડે નામે બોલાવવાની ભુંડી આદત હોય છે, પણ મને તે બીલકુલ પસંદ નથી. કોઇ બરજોરજી હશે તો "બરજો–" ધનજીભાઇ હશે તો "ધનજી" અથવા "ધનજે–" કોઇ બેહેરામજી નામનો બબરચી હશે તો "બેહલુ" અથવા "બેહેલ્લો" ને મેહેરવાનજી નામનો પકવાન-માસ્તર હશે તો તે "મેહેલ્લુ–" "મેહેલ્લી" કે "મેહલ્લો"! માઇ ગૉડ, વેરી શેમફુલ! એ ગરીબો વડે તો આપણે મોટાઇ ભોગવીયેછ. ગરીબો હોય નહી

તો માતબરીને ગણે કોણ?" જાલકાકા તો રાંધણીમાં જવાનું માંડી વાળી અરધે રસ્તે ઉભા રહ્યા ગોયા એક 'લેકચર' જ આપવા માંડયું ખતબાઇ ફીરોઝ ને આલાં ઘણાં ફુગલાઇ ગયાં. "આલાં, ગરીબો તરફના તારા આએ વિચારો જોઇ હું અફસોસ કરૂં છ."

"માફ કરો, કાકાજી, મારી ભુલ થઇ.' આલાંએ દરગુજર ચાહી. "હવેથી હું એનાણનેજ નહી પણ કોઇબી નોકરને તોછડાં નામે બોલાવશ નહી."

"ઑલ રાઇટ ત્યારે. હુ ખુશી મારો ખુદા ખુસી. ચાલો તમારા મી૦ મેહેરબાનશાહ આપણે મારે ખોટી થતા હશે"

ખરેખર "મી૦ મેહેરવાનજી" તેઓ સારૂ ખોટીજ હતાં. રાંધણીમાં એક નહી પણ દશ—દશ ચુહલા કયારના સળગાવી મુકેલા હતા અને તરફા, મરઘી, માછલી, ગોસ્ત, તરકારી, ઘી, ખાંડ, નાળીયેર, આટો, દાળ, ચોખા, મરીમસાલો, અને "અણીથી તે પણી સુધી" ની તમામ વસ્તુઓ તઇયાર હતી!

પ્રકરણ ૧૫ મું.

પરીક્ષા.

(દોહરો.)

જરૂર જગમાં જશ જડે, કરે કુશળ જો કાજ,
દિવાન ડાહ્યા હોય તો રૂડું દિપાવે રાજ.

(હિઆબાન)

જાલકાકા બધાં જોડે રાંધણીમાં આવ્યા. "મોટા શેઠ" તે રાંધણીમાં આવેલા જોવાની નોકરોમાં તો વગર શકે "એક નવાઇ" જ હતી અને તે નવી નવાઇ આજે સાચી પડેલી જોઇ "ધન લૉડજ" નો એકે એક નોકર—ચાકર અને આયા દાયાઓ રાંધણીના દરવાજા આગળ એકઠાં મળ્યાં હતાં. તેઓમાં વટીક વીજળીને વેગે વાત પસરી ગઇ હતી કે ધનબાઇ શેઠાણીની બેઉ દીકરીઓમાંથી જે આજે રાંધણકળામાં સઘળેથી ફતેહમંદ રીતે "પાસ" થાય તેણીને મોટા શેઠ લાખ રૂપીયાની મોતીની માળા બક્ષેસ કરનાર છે, ખરૂં પુછો તો નોકર ચાકરોનું ત્યાં ઉલટથી એકઠા મળવું ખાખસુસ આલાંમાય કે નાસ્તમાંયમાંથી કોણ સરસ નીવડેછ ને કોણ અચ્છું પકાવેછ, તે જોવા માટે હતું નહીં, પણ લાખ રૂપીયાની "મોતીની માળા" તે કેવીક હોય ને કેવી હશે તે જોવા માટે અગત્ય કરીને ત્યાં ને મેળરૂં જામ્યું હતું।

"કેમ છેવો, મેહેરવાનજી?" જાલકાકાએ રાંધણીમાં દાખલ થતાંજ "મેહેલ્લા" એ વાંકા વળીને કીધેલી સલામ વળતી સલામમાં વળતા સાથ ખબર પુછી. "મારી દીકરીઓને તમે રાંધણકળામાં પાહવરદી ને પાકકી કીધીછ કે?

"મારા મુરબ્બી, ઉં તે હું કરી હકતો, તો પણ મને જે કંઇ ગાંડુ—ગોપાળું આવડે તે હંદુ હાચ્ચી મનહનીથી હીખવેલું!"

"ઠીક છે. મનેબી તેજ જોવાગેછ." અટી કાકાજી શું હુકમ કરેછ તે સાંભળવા સારૂં દરેક જણાની નજર તેવણુપર ટીકેલી હતી.

જાલકાકા તે મીનીટ ચુપ ઉભા અને પછી બોલ્યા "સાંભળો મેહેરવાંનજી આજે મારી દીકરીઓની હું પરીક્ષા લેવાનો છેઉં તથા

તમે ફક્ત અહીં ઉભા રહીને જોયા કરવાનું છે. તમોએ વચ્ચે એક હરફ પણ બોલવો નહીં–તેમજ બીજાંબી કોઇ કશુ બોલે નહીં"

"વારૂં મારા મેહેરબાન, તમે ના કીઓ તો ની બોલહું." મેહરવાનજીએ તાબેદારીથી નમ્ર જવાબ આપ્યો.

"અહી આવો છોકરીઓ! આએ બે 'મીનુ' મેં તઈયાર કીવેલાં છે એ બેઉ જુદી જુદી વાણીના છે. તમારાં નામ વાચી લઇ, તે મુજબ, ચાલો મંડી જાવો જોઉં!" જાલ કાકાએ હુકમ આપ્યો અને બેઉ મીનું વડી દીકરી આલાંના હાથમાં મેલ્યાં

"નાજુ આએ મીનુંપર તારૂ નામ છે, એ તુ લે, ને આએ મારૂં છે." આલાંએ નાજુનું "મીનું" નાજુને આપી પોતાનુ મીનુ પોતે રાખતાં કહયુ.

વાંચનારની સગવડને માટે તે બેઉ 'મીનુ' અહી ઉતારી લઇશુ –

આલાંનું "મીનુ"	**નાજાનું "મીનુ"**
૧. કોલમીના કવાબ.	૧ પટેટાના હાડકીચાપ.
૨. મસુરની દાળ.	૨ વઘારેલાં કંટાલાં.
૩. મુલકદાની.	૩. ચીકન પાઇ.
૪. મસાલાની મુડી.	૪. ખમણના લાડવા.
૫, કેળાંનું રાઇતું.	૫. મધરાગી કરી–ચાવલ.
૬ મલાઇનાં ખાજા.	૬. અલેટી–પલેટી.
૭. ઘઉનું દુધ તળેલું.	૭. છમણાનો સાશ

બેઉ બેહેનો હસ્તે ચેહરે ઉલટથી પોત પોતાનાં કામોપર મંડી ગઇ. રાંધણીમાં ચુહલાઓટીમાં દશ ચુહલા હતા તેમાંના પાંચ પાંચ

ચુહલા બેઉ બેહનોએ વેહેચ્યા લીધા જાલકાકા, ધનબાઇ અને ફીરોઝ ખુરસીઓ મુકાવી ત્યાં જોતાં બેઠા.

જે હુન્નરને આ બન્ને છોડીઓ એકવાર ધીકારતી હતી, તેમને, તેજ હુન્નરપર આજે ઉલટથી મંડી ગયલી જોઇ જાલકાકા ને ધનબાઇ પોતપોતાનાં મનમા છુપી રમુજ પામતાં હતા!

આલાનાં "મીનુ"માં સઉથી પેહેલા "કોલમીના કબાબ હતા તેણીએ જાતજાતની મચ્છીઓમાંથી કોલમી ચુટી કાઢી પ્રથમ તેને સમારીને કોટલા સાફ કીધા તે પછી નીમક લગાડી થોડો વખત એમજ રહેવા દીધા બાદ પાણીથી અચ્છી રીતે ધોઇ સોજી કરી પથ્થરની ખળમાં બારીક છુંદી કાઢી એ પછી તપીલી ચુહલે ચઢાવી ઘી રેડી બારીક કાપેલો કાંદો નાખી તળી કાઢયો પછી છરું, કોથમીર, મરચા અને લસણ પાટાપર પીસી ગરમ, હળદ તથા મરી સાથે કોલમીમા મેળવ્યુ બાદ એક ઇંડુ ભાજી કબાબ વાળી પેણામાં ઘી કકડાવી બેઉ બાજુના પડ કકરા તળી કાઢયા! કોલમીના આ કબાબ એવા મોહરમદાર બન્યા હતા કે આખા રાંધણીમાં તેનો મઘમઘાટ ફરી વળ્યો!

બીજી તરફ નાજાંના 'મીનુ"માં સૌથી પહેલી વાનગી "પટેટાના હાડકી ચાપ"ની હતી. તેણીએ કાકરનુ ગોસ્ત રતલ ૧ લઇ તેના બબ્બે હાડકાં સાથનાં એકેક ચાપ કાપ્યાં અને તેમાનું પાંસળીનું એકેકું હાડકુ ભાજી કાઢી એકજ હાડકુ ચાપની સાથે વળગેલું રાખી ખારાં ગોસ્તની માફક તદન સુકકા તતરાવી કાઢયા પછી પટેટા શેર બે લઇ તેને બાફીને સારી કાની મસળી નાંખી તેમા નીમક અરધો

તોલો, દસેક્ષાં મરી ૧ ચમચી તથા ૧ ઇંડાંની દાળ ભેળી જેટલા ચાપ હતા તે દરેકને, પટેટાના ગોળા કરી હાથની હથેલી પર થાપી ચાપનું હાડકું બાહેર છુટું રાખી માસવાળો ભાગ દેખાય નહીં એવી રીતે પટેટામાં લપેટી લીધો. પછી ઘઉંનો રવો લગાડી બેચાર ઇંડાં ડોહળીને તેમાં બોળી કહાડી કકડતા ઘીમાં તળી કાઢયા!

આ વખતની તે બેઉ બેહેનોની ચપળાઇ જોવા જોગ હતી. આલાં કરતાં નાજાંની પેહેલ્લી વાણી વધુ બીકટ હતી પણ આલાં કોલમીના કવાબ બનાવીને તળી કાઢે તે આગમચ નાજાં પટેટાના હાડકી ચાપ બનાવી રહી કયારની કટોલાં કાપવા અને તેનાં બીયાં કાઢવામાં મશગુલ થઇ ગઇ હતી!

એક પછી એક વાણી તેઓ ઝડપ અને સીફતથી બનાવતી હતી કે તે જોઇ જાલકાકાના "ફોરા" વેરાઇ વેરાઇ જતા હતા!

"આખરે હુકતીઓ શીખી તો ખરી! ખચીત્ત, એ લોકોએ તન-મન આપીને એ રંધક-હુનર હાસલ કીધેલો લાગેછે" એમ જાલકાકાને પોતાનાં મન સાથ મન બાંધવા વિના ચાલ્યું નહીં!

નાસ્તો તો નાસ્તાને જગેજ રહી ગયો. આટલી બધી બીકટ વાણી કાઇ કલાક ને અરધા કલાકમાં બને? સાહડા સાતના આઠ, ને આઠના નવ તથા નવના દશ થયા પણ જાલકાકાએ નાસ્તાનું નાન વટીક લીધું નહીં. પોતે તૈયાર કીધેલી બે ચાર વાણી પુરેપુરી થઇ રહેતાં નાજાંએ કાકાજીને તે ગરમાગરમ વાણીઓનો "નાસ્તો" આપના ચાહયો, પણ કાકાજીએ તે "ઑફર"બી ના પાડી! તેવણ તો ખાઇ પીઇને પોતાની ભત્રીજીઓની પુરેપુરી પરીક્ષાજ લેવા બેઠા હતા.

દશના અગીયાર થયા-અગીયારના બાર થયા-બારપર એક થયો અને જમવાનો તે વખત પણ વીતી જઇ ઘડીયાલે બેનો આંકડો બતાવ્યો તે છતાં જાલકાકાએ ત્યાંથી જરાએ સસળવાનુ નામ દીધું નહીં! અંતે અઢી વાગે સૌથી પહેલ્લાં નાજાં પોતાની સાતે વાણી તૈયાર કરી પરવારી રહી. જયારે આલાં હજી છેલ્લાંમા છેલ્લું ઘઉંનું દુધ તળતી હતી!

“શાબાસ!-મારી દીકરીઓ-તમે ખુબ બજાવી-હુ આજે તમારી બાહોશી જોઇ ખુશી થયોછ.” જાલકાકા હવે ઉઠી ઉભા થઇ બોલ્યા. “આજે મને એટલી મજાહ મળીછ કે નાસ્તો કે જમવાનુબી યાદ નહી આવ્યું. તમે બધી પાણી પાણી થઇ ગઇછ, દીકરીઓ? વાસ્તે એક અરધો કલાક તમારા ઓરડામાં ‘રેસ્ટ’ લઇ બીજાં કપડાં બદલી ધીરજથી આવો કે આપણે આજના તમારી વાણીઓને શાંતીથી ફરાગાત ઇનસાફ આપીએ.’

“બઉજ નેક બોલેલા, મારા મહેરબાન!” અહી પેલા ‘મીં૰ મેહેરવાનજી,” જેવણ કલાકો સુધી એકસરખા ઉભા ને ઉભા પગે તપી તપીને હમણાંજ “પોતાની ફરજયાત કેદ”માંથી છુટા હતા, તેવણે મોં ઉંચાડી મોટા શેઠને કહ્યું. “બાપડીઓ થાકી ની જાય તો શું કરે? એ કંઇ રમતગમતનાં કામ છે કે શું? ઇને તમે કંઇ પોર-ચેહટા હમજો કે શુ?—ની રે મારા મુરબ્બી ની! એ રંધવછીયો ઉપર બઉ મેહેનત ને માથાફોડનો છે! લઇ લીધારે, હેટ, લઇ લીધારો-એક તો છેઓ બાપડી મરકટીયાં-હરકટીયાં જેવાઓ તે થાકે ની તો શું કરે?—જાઓ તમે કોઇ અઇની ફકર કરતાં રખે! ઉં બધું નાહ-

નાની ટેબલપર તમે આવો તેટલે આલ-રીટ ?——"

"નહી, મેહેરબાનજી, તેવુ બેવુ કંઈ કરતા ના!" અહીં જાલ-કાકાએ એકદમ તરારા મુકયો. "જેનુ રાંધેલુ તેજ ટેબલપર લઇ આવશે—આજે આપણું ત્યાના બધા નોકર ચાકરોને છુટ્ટી છે!"

"જેવો હાએબનો હુકમ, વારૂ મુરબ્બી, એમ તો એમ!"

અરધા કલાકની "રેસ્ટ" પછી આલાં ને નાજાં પાછા તંદરોસ્ત ને તાજાં જમવાવાળી ઓરડામા આવી પુગ્યા તે નાજુક કુમારીકાઓએ પોતપોતાની વાની ટેબલની બેઉ બાજુએ જુદી જુદી લાવીને રજુ કીધી

હવે દરેક જણુ જમવા બેઠાં. જાલકાકા દરેક વાની જુદી જુદી 'ટેસ્ટ' કરી ધનબાઇ અને શીરોઝ તરફ અકકી પ્લેટ પસાર કરતા હતા. જ્યારે તેઓનું ધ્યાન આ પકવાન નમીબવંત નીવડશે તેને ખ્યાલ આ પકવાન પરીક્ષા તરફ ખેંચાએલું હતુ ત્યારે ધનબાઇ પોતાની કેમ દીકરી મોતીની માળા માટે નગીબવંત નીવડશે તેના ખ્યાલ કરતાં નાજાંને હાથના તીખા મધરાસી કરી–ચાવલ "લબ્બે" કરતાં હતા. શીરોઝ પટેટાનો લાડકી ચાપ દુરથી બેહેનોને બતાવી પોતાનાં ગળાની આસપાસ મુંગો હાથ ફેરવી પેલી મોતીની માળાની તેમને યાદ આપતો આંખ–નાકના તરેહવાર ચાળાથી તેમને ચીડવતો હતો, જ્યારે તે બીચારી બેઉ રૂપસુંદરીઓ કરેલી મેહેનતની થાકથી તથા કાકાજી તરફનાં 'રીઝલ્ટ'ની ઇનતેજારીમાં આવી સરસ ને સુંદર વાનીઓ છતાં બેસીને માત્ર ચુંથ્યા કરતી હતી!

"આય કોલમીના કસાબ," દીકરી આલાં, તે બનાંવ્યાછ, નહી?"

જાલકાકા જમી રહી ટુંવાલથી હાથ લુછતાં બોલ્યા.

"હા, કાકાજી"

"સારા છે મગોટના સ્વાદદાર છે, પણ એક સાઉડના જરા બળીને કરપાવી નાખ્યાછ. બારૂં, આએ કટોલાં કોણે વધારયાંછ? નાજુ, તે કે?"

"જી, હાજી."

"ખારાં થયાંછ. જોઇયે તે કરતાં સેહેજ ખારાસ લાગેછ."

"ને આએ મસુરની દાળ?"

"તે મેં બનાવીછ" આલાં બોલી.

"ફર્સ્ટ કલાસ! નંબર વન! બહુજ સરસ બનીછ." જાલકાકાએ મત આપ્યું ને આએ મસાલાની મુંડીબી દાતમાં સવાદ રહી જાય તેવી છે! વેરી ગ્રેસફુલ!—પણ સાંભળોછ કે, નાજુ! તારી બનાવેલી ચીજોમા મને શું શું નથી ગમ્યું તે કહું કે? એક તો વધારેલા કટોળા, કે જે હું કહી ચુકયોછ તેમ જરા ખારાં થયાછ—બીજી તો તારી અલેટી-પલેટી!—ને ત્રીજું?—ત્રીજું શું જને? હું હું, છમણાંનો સાસ—એ સાસ વગર શકે સવાદદાર ને સોઢરમદાર બન્યોછ પણ તારી ફૂવણ સાસુ મરે તે ઘભરાટમા સરકો નાખતાજ વીસરી ગઇચ!"

"નહી કાકાજી, મે સરકો નાખ્યો'તો જી બાટલીમાંથી પ્યાલામાં સરકો કહાડેલો તેનું પ્યાલુંબી હજી બગડેલું પડેલું હશે. ખાત્રી કરવીછ?—મગાઉ?"

"નહી દીકરા, તેમ કરવાની કશી જરૂર નથી. તે નાખ્યો હશે,

પણ થોડો પડયો હોય, ને મને ચીનમાં વધુ ખાટું ખાવાની આદત પડેલી છે, તેથી કદાચ મારા મોહડાંને તેટલી ખટાશ ઓછી જણાઇ હોય. ખરૂં પુછે તો તારે હાથના ખમણના લાડવા મને ઘણાજ ગમ્યાછ. ત્યારે તુંને ઇનસાફ આપવો જોઇએ—તારી ૭ વાનીમાં બેજ ભુલ પડેલી કહેવાય, ખરૂં કેની ? એક વઘારેલા કંટોલાંની ને બીજી અલેટી પલેટીની—અલેટી પલેટી કરતાં તે જરા ઉતાવળ કીધેલી લાગેછ- નો હાર્મ ! ને પેલો છમણાનો સાસ હું ધ્યાનમાં લેતો નથી."

જાલકાકા જરા થોભ્યા ને બોલ્યા "આંલાં તારી ૭ વાનીમા મારા વિચાર મુજબ ગોથા સાત દુ ચઉઃ ભુલ પડીછ ! ઘઉનું દુધ કોઇ એમ તળે કે ?-ઓ બાપરે ! કેળાના રાઇતાંમાં તેં કેટલા શેર રાઇ નાખીછ ? મેં ભરમમાં ખાસ્સો મજેનો જેવો બુક લીધો બરાબર નાકનો દાડોજ ફાટી નાખ્યો ! મસાલાની મુંડી ને મસુરની દાળ તો બેશક તારીફ લાયક છે, પણ મુલકદાની જરા બરાબર નથી બની કાલમીના કવાબમા કોલમી ધોવામા બી જરાક તારી ખામી હતી ! વળી તુ પકવાનનાં કામમાબી થાથી છે'-નાજાને જેવી ઝડપ મને તું જણાઇ નથી—પણ થોભ, એમ દલગીર થઇ જઇ મોહડું ઉતારી કેમ નાંખ્યું ?—તારે હાથનાં મલાઇના ખાજા—હું જુઠું નહી બોલુ, દીકરી મેં હોંસે હોંસે ખાધાંછ અને હવે ચાલો—બધા જણાં આગલાં દીવાનખાનામાં આવો—મેહરવાનજી પકવાન માસ્તરનેબી બોલાવો—નેસાંભલોછ કે ભાભીજી ?—આપણે ત્યાંનાં તમામ માણસો જો ત્યા આવવા ઇચ્છે તો સુખેથી તેઓને આવવા દેજો !"

મોટા શેઠની રજા મળ્યા પછી નોકર-ચાકરો આજની પરીક્ષાનું

"રીઝલ્ટ" જાણવાની રમુજ નહી મેળવે એમ ધારવું-મુર્ખાઇભરયું હતું. જાલકાકા જોડે બધું હાઉસન-જાઉસન, તેઓએ આપેલી રજાની વિજળી વેગે તે નોકર વર્ગમાં ખબર થતાંજ, આગલાં દીવાનખાનામા આવ્યું.

"એ વરંડા તરફ ફરંગી જેવો કોણ છે?" જાલકાકા બીજાંઓ બેગા ખુરસીપર ગોઠવાઇ તુરત પુછવા પડયા.

નાજાં ચમકી!

"એ મી૦ ફરનાનડીસ તો નહી હોય' તેણી મન સાથ પટપટી "ભલા આદમીને કયારનો તેડેલો તે હવડાં આવ્યો કે?

એક નોકર જઇ તે ફરંગીને અંદર તેણે આવતાં વાર ટોપી ઉતારી બાજુએ ઉભો રહી એક ગ્રહસ્થને છાજતી અદાથી મોટા શેઠ ફીરોઝ તથા "બાઈ લોકકુ" સલામ કીધી.

"તમે કોણ છો?-કોણને પુછોછ?" જાલકાકાએ તેને સવાલ કીધો.

"હું નાજુબાઇનો બુટલેર છેઉ, સાહેબ!"

"નાજુબાઇનો બુટલેર?" જાલકાકા સાથ (નાજા સીવાય) દરેક જાણ અજબ થઇ પુછવા પડયા. "એ 'નાજુબાઇનો બુટલેર' વળી કાહથી આવો! કેમ નાજા તુ બોલતી કેમ નથી, દીકરી, આએ વળી શું સોઘ છે!" જાલકાકાએ પુછયુ

"એ બરાબર બોલેછ, કાકાજી, એ સારો નજીશ પકવાન મારતર છે."

"પણ એ અહી આયો કાંહથી? એને તો હું ધારૂ છ કે કોઇએ જોયો નથી"

" જી, તે ખરી વાત છેજી. એને કાંઇએ તો નહીં પણ મેં છ મહીનાં સુધી હરરોજ બપોરે ૧૨ થી બે વાગા સુધી જોયોછેજી.

" ત્યારે શું નાજાં તું હરરોજ બપોરે બહાર જતી હતી ને એક વખત મેં તે વિષે તુને પુછયું તું બી, તે એને ત્યાં શીખવા જતી હતી ?' અહીં ધનબાઇએ અચરત થઇ સવાલ મુકયો

" એને ઘેરે નહી પણ એની પાસે હું શીખવા જતી હતી.'

' કોણુને ત્યાં !'

"મારી ફ્રેન્ડ પીલાંમાયને ત્યાં!' અને અહી તેણી જાલકાકા તરફ ફરીને બોલી. ' કાકાજી, મે તમારા હોકમ પછીથી એટલી બધી ઉલટ પકડી હતી કે મી૰ મેહેરવાનજી પાસે ઘેરમાં શીખવા ઉપરાંત પીલાંમાયને ત્યાં આગે મી૰ ફરનાનડીસ પાસે હું તરેહવાર ઇંગ્લીસ ડીસો બનાવતાંબી શીખીછ. અગર ઇચ્છા હોય તો ફરીથી મારી પરીક્ષા લેવો !'

'નહી !—દીકરા, નહી ! મને જે જોઇતું હતું તે પુરેપુરૂં હું મેળવી ચુકયોછ–તું તપાસની કસોટીપર પુરેપુરી કસાઇ ચુકીછ, બેટા !" અને અહીં જાલકાકાએ દીવાનખાનામાં ટાંગેલા એક પડદા તરફ જોયું.

તુરતજ પડદો ખસેડી તેવણુનો કાચમેન કાદરમીયાં, જે એક બુદ્દો પઠાણ હતો, તે પોતાના હાથમાં લાલ મખમલની અને સોનેરી ચાંપ જડેલી એક અતિ ભપકાદાર ઇરકોની લઇ " મોટા શેઠ " ની સામે આવ્યો, જે દાગીના ટેબલપર મેલી તેવણે તેમાંથી પેલી સઘળાની આંખ મેંચી રહેલી **લાખ રૂપીયાની મોતીની માળા** કાદી જાણું જોય તેમ ઉંદી હાથમાં ઉંચી પકડી !



' જીવતા નેહરુને નમાલાવના નાગનમાર ' કહી અંગ્રેજ નમાલાવતી નાગનાના ગળામાં તે માળા પહેરાવી દીધી

"બોલો છોકરીઓ—એ હું કોણુને પેહેરાઉં?" તેવળ આલાં ને નાજાં જે પાસે પાસેજ પંડાસમાં ખુરસીની વચ્ચે ઉભા રહી પુછવા લાગ્યા "આલાં દીકરા, તુને એ ગમેછ? તારી આંખમાં હું જોઇ શકુંછ? કે તુંને એ ગમેછ!–કાંય?–શરમાએછ કાંય?—પણ દલગીર ના થતી દીકરા, હું નાજાં દીકરીને કહી મુકસ કે કોઇ કોઇ વખત એ તુંનબી પેહેરાવે!'—અને તેજ પળે જાલકાકાએ વધુ કાંઇબી બોલ્યા વગર "જીવતાં રહેજો નસીબવંતાં નાજાંમાય!" કહી ખરેજ નસીબવતી નાજાંનાં ગળામાં તે માળા પેહેરાવી દીધી!

તેજ પળે તે આખુ દીવાનખાનું તાલી અને ખુશાલીના ગડગડાટ તથા પોકારથી એક રંગભુમીની માફક ગાજી રહયું!

નાજુ તુરતજ ઉઠીને હરખથી છલછલ થતી છાતી વચ્ચે કાકાજીને પગે પડી. ને બન્ડા બહુસ્થે તેણીને પાસામાં લઇ તેના કોમળ ગાલપર એક સાચા પીતાને પણ શરમાવે એવાં જોશ સાથ એક મીઠ્ઠી ચુમી લીધી!

ગરીબ બીચારી આલાં! તેણીની આંખોમાં પાણી આવી ગયાં હતાં!

"દીકરી અલાં, તને શરમાવાનું કે મનમાં ઓછું લાવવાનું જરાબી કારણ નથી." જાલકાકા તે મામલો પામી જઇ તેણીને હીંમત આપવા સારૂ બોલ્યા. "તેં કાંઇ ઓછી ચાલાકી બતાવી નથી. પેલો ફરમાસુ ખાજાં તો, રાતના આપણાં લગાર મોડેથી થનારાં ખાણાંપર હુ ફરીથી હોંસે ખાવાનો છું. હુ તુનેબી એક કીમતી દાગીનો આપસ પણ તે આજે અહીં અપાય નહી. નાજાં દીકરી, તુ ગડી સેહતાન

છે હો! આખરે તારી વડી બેહેનપર જીત મેળવી ત્યારેજ રહી નહીં? મી૰ મેહેરવાનજીનું શીક્ષણ તુંને શું ઓછું હતું આએ બીચારા કોઇ મી૰ ફ્રરનાનડીસ પાસેથી તું ઇંગ્લીસ વાણીઓ શીખી! હું ઠપકો આપતો નથી, પણ ઓરથી ખુશી છું કે મારા સખુનને માન આપી તેં એટલી બધી ઉલટ પકડી. પણ ખરૂ બોલ, દુકતી, હર સુરતે મોતીની માળા પચાવી પાડવા સારૂજ તેં તારા જીવપર એટલી બધી ઝેહમત બેચી કે, હેં મમલાં?"

"નહીં કાકાજી, એ માળા મેળવીશ એવા ખ્યાલથી નહીં, પણ જા બા,–તમેજ વીચારોની કે એવો મુવો કીમતી દાગીનો કોણને નહીં ગમે –"મમલાંજી" શરમાઇ જઇ ખુરસીપર નાજુક અદાથી અરધાં લેટી જતાં બોલ્યાં.

"હું તારો ખુલાસો માન્ય કરૂછ, પણ જો તારી જગે આજે આલાં આએ માળા જીતી જતે તો હું તેણીનો એજ બાબદનો ખુલાસો કદી માનતે નહી"

"કાંય? એમ કાંય, કાકાજી? મારો ખુલાસો માનો ને આલામા યનો કાંય નહીં?" તેણુ પુછવા પડી.

"તેનું કારણ છે, દીકરી, કે આલાંમાયનો જીવ એ માળાપર એટલો બધો તલપેલો હતો કે ધીરજ નહી રહી સકવાથી એવણ ચુપચુપ વાલકેશ્વરને બંગલે આવીને મારા સેકરેટરીનો નકામો અરધો કલાક અગાડી તે ધારી ધારીને જોઇ ગયાં હતાં એવું આએ ઉછાળજીનું પગલું મને જરા પસંદ આવ્યું નહીં! હવે ખરૂં કહું એવું પગલું આલાં નહી પણ તું (નાજી) ભરશે એવી મારી પકી વકકી હતી, પણ તેમાં હું ઠગાયોછ તારી

આએ સહનશીળતા જાણ્યા પછીજ મારૂં મત તારે વિષે બદલાયું હતું. વળી આટલું બધું રોજ રંધાતું હતું તે છતાં મારે સારૂ મોકલવાની કાળજી કરનાર પણ તુંજ મારી દયાળુ દીકરી હતી ! તારામાં એવી સમજદારી અને સારા ગુણો જોઇનેજ આજે આએ મોતીની માળા મેં તુને પેહેરાવીછ વારૂં, આએ બીચારા મી૦ ફરનાનડીસને ખોટી ના કર–એને કહે કે કાલે આવીને એનો જે કાંઇ પગાર ચઢેલો હોય તેનો 'ચેક' એ લઇ જાય." અને એટલુ બોલી જાલકાકા બધા નોકરોની તાલીઓના હર્ષનાદ વચ્ચે પોતાના ઓરડા તરફ ચાલી ગયા.

પ્રકરણ ૧૬ સું.

"ઓ ફરેસ્તાઓ !–મારી મદદ આવો !"

[દોહરો.]

કર્મવાન પણ કર્મનાં, સુખ દેખે નહિં સર્વ.
"હીરે દીધી છાંટ ને, રૂપે દીધો ગર્વ"

(દિલજાન.)

બીજે દીવસે નાસ્તા પછી જાલકાકાએ છોકરીઓને હુકમ કીધો કે હવે રોજ રાંધણીમાં જવા અને પકાવવાની જરૂર નથી; પણ દર આતવારે એકેક જણે પોતાને હાથે રાધવું અને તે દીવસે જવાંમર્દ ધીરાની કે બીજા બોય–બુટલેરો પાસે રાંધણીનું કશુ કામ કરાવવું નહી. હાથે ચઢેલો હુન્નર ઉતરી નહી જાય તે માટે તે ધરડા અહસ્થે આ ગોઠવણ ફરમાવી હતી.

પેલા "મી૦ મેહેરવાનજી" તથા મી૦ ફરનાનડીસને પરીક્ષાની બહારવણે જાલભાઇ શેઠે તેમની અચ્છી કદર બુજી રવાના કીધા ફીરગી નો કાંઇ બોલ્યો નહી–માત્ર ખુશ થઇને ગયો, પણ "મી૦ મેહેરવાનજી" એ તો જાલભાઇ શેઠે પોતાની ભત્રીજીઓને અપાવેલી આ ઘરસંસારી મુખ્ય કેળવણી માટે પુષ્કળ તારીફ કીધી અને તેમને રૂડે પગલે બીજા માતબરો પણ ચાલે એવી દુવા દઇ તેઓ 'ધન લૉડજ' છોડી ગયા.

તે બન્ને પકવાન માસ્તરો રવાના થયા પછી જાલકાકા આલાં નાજાંને પોતાના ઓરડામા તેડી ગયા અને પોતે એક રૉકીંગ ચેરપર જગ્વા લઇ બેઉ ભત્રીજીઓને પોતાની સામેની ખુરશીઓ લેવાનું ફરમાવ્યું. પ્રથમ તેવણે ગત કાલે આપેલી કબુલાત મુજબ આલાને એક 'બરેસલેટ' બક્ષીશ આપી, જે ખાસ્સી એથી ત્રણ હજાર રૂપીયાની કીમતની હતી. જો કે પેલી લાખ રૂપીયાની મોતીની માળા આગળ આ નગીનો બીસાત વગરનો હતો, તે છતાં, આલાં તે "બરેસલેટથી રાજી થઇ.

"કેમ દીકરીઓ તમે કાંઇ પણવા–અદરાવાનો વિચાર કીધોછ કે નથી કીધો?" રાધણકળાની પરીક્ષા પુરી થયા પછી જાલકાકાએ વળી આ નવો સવાલ હાથ ધરતાં આલા-નાજાંને પુછ્યું.

બેઉ છોકરીઓ આ સવાલ સાંભળતાજ હરીને શરમાઇ ગઇ, પણ તે પોંહચેલા બદ્દરે પોતાની ચગરી આંખોથી ઝટ જોઇ લીધું કે આ સવાલ થતાંજ આલાં માત્ર શરમથી નીચે જોઇ શાંત રહી, ત્યારે નાજાંના ગાલપર એક પ્રકારનો રતાસ ધાઇ આવી પાછો જોતાંજોતામાં નાબુદ થઇ ગયો!

"મને તમારો જવાબ જોઇયેછ," તેવણે ફરીથી પુછ્યું.

"જી, અમે એવો કશો વિચાર હજી સુધી કીધો નથી." આશાં બોલી.

"કાંય ? નહીં કાંય કીધો ? શું તમે હજી બાવાજીની ચુચીઓ છો કે એ વિષે કશોજ વિચાર કીધો નહીં ? કેમ નાજા, તું જરા જરામા લાલ કેમ થઇ આવેછ ? જાંહ છે તાંહ તેં તારો સંસારી સોબતી ત્યારે શોધી રાખ્યોછ ખરો, હે, ખરૂં કે ?"

નાજા નીચું માથુ કરી ચુપ બેસી રહી–તેણીએ કશો જવાબ આપ્યો નહી, આ વખતે તેણીની છાતીના ધબકારા તેણી પોતે પ્રગટ સાંભળતી હતી

"દીકરી શરમાવાનુ કંઇ કારણ નથી." જાલકાકાને કાંઇ વ્હેમ ઉપજવાથી તેઓ પોતાની 'આરગ્યુમેન્ટ' ચાલુ રાખતાં જણાવ્યું. 'હવે તમે મ્હાડે–વારેની દીકરીઓ થઇછ–તમે એ વિચાર કરવોજ જોઇએ. આલા, તેં કોઇને પસંદ કીધોછ કે ?"

"નહી કાકાજી," તેણીએ વાંકું માથુ કરી લજવાઇ જઇ હસીને જવાબ આપ્યો.

"ને નાજાં દીકરી તે ?",

નાજાં શું બોલે !–તેણીનાં "પાણી વાંચનાર જાણે છે કે મુવેલાં" હતાં ! મુશ્કેલી તો એ હતી કે તેણીની પસંદગી જાલકાકાને ઝેર કરતા જ્યાદા કાતીલ થઇ પડનારી છે એમ તેણી જાણતી હતી !

"તું જવાબ કેમ નથી આપતી, છોકરી ?" જાલકાકાએ ફરીથી પુછ્યું તેવણનો વહેમ હવે ડગલે ડગલે મજબુત થતો ગયો "હા કે ના કહેવામાં અડચણ શી છે ?"

"મને માફ કરજો, કાકાજી, પણ મને પુછવા ગમેછ, કે પરણવા અટકાવવાના સવાલ વિષે તમારા વિચારો કેવા છે ને હું પહેલાં જાણવા માગું છ !" અતે નાજાંએ જેમ તેમ હીમત એકઠી કરી એક પેચદાર પ્રશ્ન મુકયા.

જાલકાકા ચકિત થઇ એક પળ નાજાં તરફ જોવા લાગ્યા ! "પરણવા–અટકાવવા વિષેના મારા વિચાર ?–ને તું જાણવા ઇચ્છેછ - એ કેવો 'સ્ચુપીડ કુવેશચન' તું મને કરેછ, દીકરી ! એટલે તું શું એમ કહેવા માંગેછ કે હું તમો લોકને પરણવાની વિરૂધ છું ?"

"નહી, તેમ હું કહેતીજ નથી, કાકાજી, તમે અમોને પરણાવવાની વિરૂધ હો તો પેહેલ્લા એ સવાલ કહાડોજ નહી તે હું સારી રીતે સમજું છ, પણ મારી પુછવાની નેમ એ છે કે દરેક પરણવા ઇચ્છનાર પોતાની મરજીનું સ્વતંત્રપણું ધરાવેછ એ વાતમાં તમો માનવાવાલા છો કે નહી ?"

જાલકાકાએ અહી શકનું ડાકું હીલાવ્યુ. આટલી સરખી ચણુકલી છુકરીએ પોતાનો સવાલ એવી સીફતથી પુછયો કે કાકાજીનાં તો બાજુજ બેસી ગયા !

તેવણ ભવા ચડાવી આઇગ્લાસ લુછી પાછો નાખપર ચડાવતાં શું જવાબ આપવો તે બાબે જાણે ઘભરાટમા પડયા !

"હા–કોઇબી પરણવા ઇચ્છનારનું સ્વતંત્રપણું અલબતાં સચવાવું જોઇયે" અતે તેવણે ખુલાસો કરવાની ફરજ વિચારી.–જો કાંઇ કઢગા સંજોગો વચ્ચે નડતા નહીં હોય તો !"

"એટલે ને વળી શું ? તમે શું કહો છો તે હું સમજી શકતી નથી. પરણવા અઢારવાનાં પાક કામમાં સંજોગ ને કુંજોગ શું જોવાય છે ?"

"યાને સારા સંજોગ હોય તો કશી હરકત નથી. પણ–પણ–જો કાંઈ માઠો સંજોગ તે સવાલની વચ્ચે આડે આવતો હોય તો–"

"તો શું ?"

"તો ત્યા જરા વિચાર કરવો જોઇયે."

"મને કશી સમજ પડતી નથી, કાકાજી," નાજાંએ કાકાજી કને હજી પુરેપુરૂં અંકે કરાવા ચાહયુ. "ધારો કે હું એક જવાનને ચાહતાં શીખીજ, તો ત્યાં મેં મારી સ્વતંત્ર મરજીથી પરણુ !"

"પણ તેં કોણને ધાર્યો છે તેનુ નામ તો કહે ?" જાલકાકા પેચમાં પકડાઇ જવાથી અસલ સવાલ ઉડાવી દઇ ભલાનાજ પ્રશ્ન પુછવા પડયા.

"કાંય ?"—જો હું સ્વતંત્ર મરજીથી પરણી શકુ તો નામની જરૂર શું છે ?" નાજાંએ હીમતથી પુછયું.

"ત્યારે શું અમો તારાં સગાં–વાહલાંઓથીબી તું તે છુપાવશે કે ?"

"અહીં છુપાવવાનો સવાલ નથી, કાકાજી, જો તેવુ કંઇ હશે તો તે તેના લાયક વખતે આપો આપ ખુલ્લું થશે, પણ હું જે જાણવા માંગું છે તે એજ કે અમો બેઉ બેહેનો અમારી રાજીખુશીથી અમારી મરજીમાં આવે ત્યાં પરણી શકીએ છે કે નહી ''

"તમારી સ્વતંત્રતા હું છીનવી લેવા ઇચ્છતો નથી, નાજાં, જાલકાકા કાંઇ છુપા ચાચવાટથી ગંભીર ચેહેરે બોલ્યા. "પણ મારૂં

કહેવું એ છે કે તમારી પસંદગી અમો તમારાં વાલીઓને આગમ-થી જાહેર કરીને પરણવામાં તમોને કાંઇ અડચણ નરેછ કે શું ?'

"એનો જવાબ તો હુ ક્યારની આપી ચુકીછ, કાકાજી, કે જ્યારે વખત આવશે ત્યારે તે તમોથી છુપી રહેશે નહી"

"પણ ત્યારે આજે કાંય નહી ?" જાલકાકાએ જીદ લીધી.

"આલાંએ તો કોઇને ધાર્યોજ નથી એટલે તેની વાત હાલતુરત બાજુએ રહી, પણ તુ તો કોઇને ચાહતાં શીખીછ, ત્યારે મને કહે-વામાં અડચણ શી છે ? જાલકાકા નાજાને "પકડી પાડી" પુછવા લાગ્યા.

નાજાં ફગલાઇ ગઇ !—તેણીએ કદી ધાર્યું ન હતું કે કાકાજી તેણીને એવો સીધે સીધો સવાલ એકદમ પુછશે.

"તુ સાબુત પકડાઇ ગઇછ-હવે પાટીયા ગોઠવરો તે અહીં ચાલવાનાં નથી." તેણીને ચુપ જોઇ તે ઘરડા અહમ્થે ફ્રીથી કહયુ.

"મે કોઇને ધાર્યો હોય કે નહીંબી હોય, જાલકાકા, પણ મારી સ્વતંત્રતાપર હું મુસ્તાક કહેવાઉં કે નહીં ? પરણવા—અરગવાની બાબત પારકી નહી પણ પોતાની પસંદગીપર આધાર રાખેછ એ તો તમે કબુલ રાખોછ કેની ?"

"જો, નાજાં, સાંભળ !" અહીં જાલકાકાએ પોતાને ચેહેરે, ઘડીની વચ્ચે વિકાળ વાઘ જેવો બનાવી દઇ કહયું. "હું વ ારે તક રારમાં ઉતરવા માગતો નથી, કારણ કે મારી છાતી અંદરથી મને કઇ જુદા પ્રકારના ઇશારા હાલ આપી રહીછ. તે ગમે તે હોય—પણ

મારા વિચારો એ બાબદમાં શું છે તે તું જ્યારે બજીદ થઇ જાણવાજ ઇચ્છેછે, ત્યારે મેં તે દાદમાં રાખીને વગોળ્યા કરવામાં કસ્સો સાર નથી. હું એક બે વાકયમા ટુંકમાંજ મારા જે કંઇ ખરા વિચારો છે તે જણાવી દેવા ઇચ્છુંછ કે મારી ભત્રીજીઓ પોતાની પુર સ્વતંત્રતાથી પોતાની મરજીમા આવે તેની સાથ પરણે તે વિષે મને જરરાખી વાંધો ન—"

પણ કાકાજી, ત્યારે ત્યારથી હુ તમોને શું પુછુંછ ?–હું એજ પુછું છ કે અમારી સ્વતંત્ર મરજી—"

"જરા સબર કરી મર, દુકતી ! એટલી વીહલી ને આકળી શાની પડેછ–મને બોલતો કાય અટકાવેછ ?–મારો આખો વાકય તેં કયાં સાભળ્યોછ કે વચ્ચે એકદમ કુદી પડેછ !" જાલભાઇ ચીનાઇ નાજાંપર છેડાઇ પડયા તેમના અધુરા વાકયપરથી નાજાં એવો ખ્યાલ લઇ દોડી કે કાકાજી લગનનો સવાલ તેમની પસંદગીપરજ મુકે છે અને તેમ માની લઇ તેણી તેમનાં વાકયની વચ્ચે કુદી પડી હતી ! પણ તેમ ધારવામા તેણી ઠગાઇ હતી. "હું ફરી ફરીથી સાફ સાફ કેહુ છ, છોકરીઓ,—માઇન્ડ ડીઅર !—કે તમારૂં પરણવું–અદરાવું તમારી પોતાની પુર સ્વતંત્રતા ને મરજી ઉપર રહેશે–તેમાં હું પોતે કે કોઇ ખલલ નાખવાનાં નથી–પણ–'અને અહી તેવણ અચકી ગયા !

"નાજાંનાં આગમાથી તેજ પળે ધાસ્તીનુ એક ધુજરૂં વિજળી ને વેગે પસાર થઇ ગયું. તે ચંચળ ચતુરા ઝટ ચેતી ગઇ કે "પેલો ભયાનક ઠરાવ" જે વખત જાય છે તેમા કાકાજીના મોહુડાંમાંથી નીકળવાની અણીપર હતો !

તેણી ધ્રુજી-કંપી-પણ હીમત પકડી પાછી તુરત સાવધ થઇ સાંભળવા લાગી !

“—પણ હું ધારૂં છું કે મને અહીં ધનબાઇની જરૂર પડશે.” પેલા અધુરા વાકય જાલભાઇએ આમ બોલી પુરો કીધો.

“મારાં મમ્મા ડીયરને નાહક તસદી આપવાની હું કશી જરૂર જોતી નથી ! નાજાંએ મામલો પામી જઇ હીમતથી જવાબ આપ્યો.

“ચાલ, તેમ તો તેમ-મારી ના નથી !-સાંભળો, નાજાંબાઇ ! તમે આજે ઘણાંજ ડાહ્યાં થઇ વડાંઓનું વડપણુંબી વીસરી ગયાંછ તો તેની ચિંતા નથી, પણ તમે એટલું તો કબુલ કરશો કેની કે હું તમારો બાપ તોલનો કાકો છું !”

“ઓ કાકાજી, એ સવાલજ કેવો કરવાનો ?--બેશક તમો અમારા બાપ સમાન છો !” નાજાં ગમુ એટલી શીકકી પડી હતી, તે છતાં, હીમતથી જવાબ આપ્યો.

“જો મારી ભત્રીજીઓ મને પોતાના બાપ તોલનો કાકો સમજતી હોય તો તે કાકાની જે કાંઇ ખાહેશ હોય તેને માન આપવાને તેઓ બંધાયલી છે એમ મારે અહીં માની લેવાનું છે.”

“પણ કેઇ બાબદમા ?” નાજાંએ તરત સવાલ કીધો.

“ખાસ કરીને પરણવાની બાબદમાં.” જાલકાકાએ ઝટ જવાબ આપ્યો.

“અહીં કાંઇ ભેદ છે !” નાજાં અરધું મન સાથ-અરધું

મગટ પટપટી.

"ખરી વાત છે! અને તે ભેદ એ છે કે—નવરોજજી નામનો મારો એક ભાઇ હતો ને—"

"તમે અમારા નવલકાકા વિષે બોલવા માગોછ, નહીં કાકાજી? ગરીબ બીચારી ભોળી આલાં અહી શું આટો બફાતો હતો તે સમજ્યા વિના નિર્દોષીથી વચ્ચે બોલી પડી

"તે નાપાકનું નામ આજ પછીથી મારી આગળ ખબરદાર જો ફરીથી કાઢયુંછ તો!" જાલકાકા એક ફેંકાયલી માછલુ મીસાલ છછણી પડી ખુરશીમાં તદ્ર થતાં લગભગ એક બરાડ મારી બોલ્યા. તે નાલાયકનું નામ મને આજે ફરજયાત તમોને મારી હકીકત સમજાવવા સારૂ બોલવું પડયું છે–પણ હૂ હવે તે પાછું વાપરવાનો નથી!"

આલાએ જોરથી પોતાની જીભ કરડી તેણીની માતાએ આપેલી પેલી નસીહત ભુલી જવાનું આ પરીણામ તેણીને અહીં છાતીમાં તુટેલા એક જાલેમ ચમટા સહિત યાદ થયું!

"તેણે મારી સાથ જે બુરી ચાલ ચલાવી હતી તે શી હતી તે તમારાં મમ્મા સારી પેઠે જાણેછ–માટે તમે જો તે નહી જાણતા હો તો તેવણને પુછજો. તેજ વખતે–આજથી વીસ વરસની વાતપર–મે એક હરડતા કસમ લીધા હતા કે એ નાપાકનુ કે તેનાં છીલપીલનું નામ જેમ મે લેવું નહી તેમ મારા વાહલાઓને લેવા દેવું નહીં તે નાલાયક આદમી તો પોતાની કીધી કરણીનો જવાબ આપવા——
—ઓ નાગનં-નાજુ દીકરી? શું છે? તું ધ્રુજેછ કાંય? અરે! તું

એટલી કંપેછ કાંય ?-કંઈ જીવ બીન તો નથી ફરી આવ્યો ?"

ખરેજ તે કોમળ કુમારીકા વાઘને જોઇને એક બકરૂં ધ્રુજે તેમ પોતાની ખુરશીપર થરથર ધ્રુજતી હતી !—ગોયા તેણી હોશ ખોઇ બેહોશ થવાની અણીપર હતી !

"આ નહીં !-કાકાજી મને-મને કંઇ-કંઇ-નથી- "

"કંઇ નથી તો તું ધ્રુજેછ કાંય ? શુ તારા જીવને આજે કંઇ સારૂં નથી ?—ઉકળાટથી તારો જીવ બેતાબ તો નથી મારી આવ્યો ?-કંઇ ઠંડું પીણું લેછ ? જરા કંઇ કોલ્ડ ડ્રીંકસ મંગાઉં ?—"

"નાજાં !—મારી વ્હાલી બેહેન, શું છે ? એમ કાંય કરેછ ? મમ્માને બોલાઉં ? આ માય ! હવે શું કરૂં ! રખેને ખુરશીપરથી——"

પણ નાજાં આટલા વખતમાં તો પાછી સચેત બની હતી. પોતાની નબળાઇ રખેને કાકાજીએ પકડી કાઢી હોય તેનો ખ્યાલ થતાંજ તેણી ઝટ સાવધ બની ખુરશીપર તડી થઇ. તેણીએ જમણી બાજુએ નાંખી દીધેલું ડોકું પાછું આગળની માફક ખડું થયું અને જાણે કાંઇજ બન્યું નહીં હોય તેમ તેણીના લોહી વગરના ફીકકા હોઠોપર તેવુંજ ફીકાસભાર હસતું મોઢી મારા-મસ્તીથી પ્રગટી નીકળ્યું !

"આલાં, નકામો કાંય ધભરાટ કરેછ ? મને શું છે ? હું અહીં તારીજ માફક બેસીને કાકાજીની વાત શાંતીથી સાંભળુંછ !" નાજાંએ વાત ઉડાવવા ચાહી

ભોળી આલાંને આ સખુનો સાંભળી ધીરજ મળી પણ જાલ-કાકાએ ફરી એકવાર શકનું માથું હલાવ્યું.

" છોકરી–છોકરી ! તું કેટલી પક્કી ને પાકવરદી છે !" તેવણ મન સાથ પટપટયા "ઓ મારા પરવરદેગાર ! અહીં તો કંઇ અજબ ભેદ સમાયલો દેખું ! મને શક જાએછ–મજબુત શક જાએછ ! રખેને પેલા—"

" તમારી વાત ચલાવોની, કાકાજી, બોલતા બંધ કાંવ થઇ ગયા?" નાજાએ કાકાજીનાં દીલના વિચારો શું છે તે એકવાર જે તે જાણી લેવા માટે, નામુરાદ થયલાં મનની ગમે એટલી કરાજી છતાં, એક જીવતોડ કોશેષ કીધી.

" નહી, દીકરી, તારી તબીયતમાં આજે મને કંઇ ખલલ જેવું જણાએછ તેથી હું એ વાત કોઇ બીજા મોકાપર મુલતવી રાખવા ચાહુંછ." જાલકાકાએ ચોખા ચાંપી જોયો.

" ઓ કાકાજી ! મને કંઇ નથી. તમે સુખેથી બોલો."

" ત્યારે તું આએ વાત સાંભળતાં ધ્રુજી કાંય ?—ફીક્કી કેમ પડી ગઇ ?–તારી આંખે અંધારા જેવાં કેમ આવી ગયાં ?–ખરૂં બોલ !"

"મારા જીવને કંઇ અચબુચ બેચેની થઈ આવી–પણ હવે મને કંઇ નથી. બોલો–કાકાજી, બોલો–તમે શું કહેવા માગોછ તે મને સાંભળવા ગમેછ."

જાલકાકાએ નાજાં તરફ એક શંકાશીલ નજર ફેંકી અને પછી બોલ્યા. "તું એટલી બજીદ થાએછ ત્યારે મને બોલવું પડેછ. મેં મારાં મન સાથ આજ વીસ વીસ વરસ થયાં વીટ મારેલી છે કે તે નાપાક કે તેનાં છીલપીલનું નામ લેવું નહી, તેમજ જેઓ મારાં પોતીકાં છે તેઓને લેવા દેવું નહીં." અહીં તેવણ જરા થોભ્યા અને

પાછુ બોલ્યાઃ " હવે છોકરીઓ ! યાદ કરો ! આપણે તમારા પરણવા-અહરાવાના સવાલપર તકરાર ચલાવતાં હતાં અને હું શું કહેવા માગુંછ તે તમે બાવાજીની બુચીઓ નથી કે માંડીને કહેવું પડે !– ચાલો સાહેબજી ! આજે ચીનાઇ મેલ ઉ છે અને મને ઘણાં અગત્યનાં કાગળો લખવાનાં છે."

" ઓ ફરેસ્તાઓ ! મારી મદદે આવો !"–નાજા –ગરીબ બીચારી કમનસીબ નાજાં !–તેણી એટલાજ શબ્દો પોતાના મન સાથ ઝટપટી શકી ! તેણીએ ખુરસીપરથી ઉઠવાની એક જોરાવર કોશેષ કીધી, પણ તેણીનાં શરીરના તમામ સાંધાઓ જાણે અકડાઇ–જકડાઇ ગયા હોય તેમ જડ થઇ ગયા ! જ્યારે અલાએ મદદનો હાથ લંબાવ્યો ત્યારેજ તેણી ઉપર એક પ્રકારનો જુલમ કરીને ઉઠી ઉભી થઇ. મહા મુશ્કેલીથી આલાંનો હાથ મજબુત પકડી, અરધી બેફામ ને બેઅકલ હાલતે ઘસડાતી–ફસડાતી તે ઓરડો છોડી ગઇ !

જાલકાકા તે દયાજનક દેખાવ ફાટે ડોળે જોતા અચરતીથી દંગ થઇ ગયા ! તે ઘરડા અહસ્થે પોતાનું રૂપેરી કસબદાર માથું ફરી એકવાર શકની નજરથી હીલાવ્યું અને—"છે, છે,–એમાં કંઇભી ભેદ છે !" એમ વિચારી એક નરમ નીસાસો નાખતાં તેઓ ખુરસીમાંથી ખભળી ઉઠયા !

પ્રકરણ ૧૭ મું.

તકદીરની તાસીર-ભેદ ફુટો !–" અહીં તો કેથો બધો રંધક રંધાઈ ચુકેલો દેખું !"

[દોહરો.]

જતી આવતી એક ગમ, કરવત વ્હેરે જેમ;
અવળો–સવળો ગાલપર, પડે તમાચો તેમ.

[દિલજાન.]

તેવણે ઉશ્કેરાયલી હાલતમાં જોશથી ચંગ દાબ્યો.

" શું હુકમ છે, સાહેબ ?"

" ધનબાઇને કહે કે એકદમ અહીં આવે !"

" ઓ માય ! એ વળી નવું રોખડું શું છે ?" કરતાં બીજીજ પળે ધનબાઇ ઓરડામાં ઝડપથી દાખલ ગયાં.

" કેમ, બાવા ?"

" જરા બેસો, બાવાળી મરે ને બપાવાળી મરે, અહીં તો કેથો બધો રધક રંધાઇ ચુકેલો દેખું," જાલકાકા ચીચવાઇને બોલ્યા. ધન-બાઇએ એક તડાકે જોઇ લીધું કે અહીં તો " ડેનજર સીગનલ " કયારની ચઢી ચુકેલી હતી .

" પણ છે શું, જાલભાઇ, કંઇ સમજ તો પડે ?"

" ભાભીજી, તમારા બાએ તેતગ અહીં ચાલવાના નથી, હોવ ?

હું સાફ સાફ કહી દેઉં છ કે તમે ને તમારી દીકરીઓ જો મને છેકનાં છેવટ વેર એમ ઠગવાની બાજી લઇ બેઠાં હો, તો—"

"અરે ચપો–બાવા–ચપો! એ તમે શું બોલોછ તેનું તમોને કંઇ ભાન–બાન છે, જાલભાઇ?" ગરીબ બીચારાં ધનબાઇ જેવણ આ ઓરડામાં છેલ્લા કલાકમાં શું બન્યું તેથી તમામ નાવાકેફ ને નિર્દોષ હતાં, તેવણ જાલકાકાને બોલતા અટકાવી વચ્ચે બોલી ઉઠયા "હુ તમોને ઠગું? હું તમોને છેતરૂં?–ઓ મારા ખોદાય! ધરતી ઉપર જઇ આસમાન નીચે આવે તોજ એવું કંઇ બને! ઓ જાલ-ભાઇ જાલભાઇ! તમે મારી ઉપર આજે આએ કેવુ બોહતાન—"

"સબર કરો," જાલભાઇ ચીનાઇ એક નરારો પાડી બોલ્યા. "હું તમોપર બોહતાન મુકતો નથી. હું તો જે નજરે જોઉં છ તે બોલું છ."

"તમે શુ જોયુ?–અરે બાવા, ખોદા ખાતર મને નકામી ધલ-ગની ના મારો,–જલદીથી શુ છે તે કહી દેવો,–હું કંઇ જાણુતી નથી–કાલ ગઇ, અહીં છોકરીઓ આવી'તી તે?"

"એ છોકરીઓનીજ વાત છે તો, આજે સાબુત ચોરી પકડાઇ ગઇ," જાલકાકા વળી બખાળયા.

"છોકરીઓનીજ વાત?–ને સાબુત ચોરી પકડાઇ ગઇ? કોણુની?"

"તમારી દીકરી નાજાંની!"

"એટલે–એટલે? તે શું? શાની ચોરી?"

"તે જઇને તમારી દીકરી થનીને પુછો!"

"પણ મને જરા કેહવો તો ખરા? હું તેને પુછસ—પણ શું પુછવું તેની કંઇ ધનનસલ જાણું તો પુછું કેની?"

"મારે સત્તર પંચાતીમાં પડવું નથી." જાલકાકા ઝનુનથી બોલ્યા. "હું તમોને એકજ ખુલાસો પુછવા માગું છ"

"અને તે?" ધનબાઇએ ઝટ પુછ્યું.

"તે પેલા મારા નનામાં નાપાક વડા ભાઇના બચ્ચાઓના બાબમાં છે."

"પુછોની—ખુસીએથી પુછો."

"એ લોકો હાલ કયાં છે?"

"કયાં છે તે હું શુ જાણું? પણ વરસોની વાતપર એમ એક વાર ખબર મળી હતી કે મારી જેઠાણીનાં બે બચ્ચાં થાણા તરફ પોતાના મમશાળમાં રહેલાં છે."

"તે નાપાકને કેટલાં ફરજંદો હતાં?"

"મને ચોકકસ ખબર નથી પણ સાંભળવા મુજબ આઠ દશ બચ્ચાં હતાં તેમાંથી ઉપરાસાપરી ૪—૫ દીકરા ને એક—બે દીકરી સાફ થઇ ગયા ને હાલ એક દીકરો ને એક દીકરી હૈયાત છે"

"દીકરો છે ખરો કેની? ત્યારે તો એજ મોહકાણ આખરે મને નડી, ખરૂં કહો ધનબાઇ, તે બેઉ ભાઇ—બેહેનની "ધન લૉઝ"મા આવણ—જાવણ હતી એ ખરી છેની?"

"તદન ખોટી વાત,—કોઇ દહાડે તે લોક અહીં આયાં—ગીયાં નથી—ખરૂં પુછો તો અમે કોઇએ તે બચ્ચાંઓ કેવાં છે તેઓને નજ-

દેખી જોયાં નથી ," ધનબાઇએ મજબુતીથી જવાબ આપ્યો.

"એમ ?—ત્યારે નાજાં આજે પકડાઇ કેમ ગઇ ? મેં એ બેઉ છોકરીઓને પુછ્યું કે તમે કોઇ તરફ પસંદગી કીધીછ કે—ત્યારે નાજાં પેહેલાં લાલ થઇ આવી પછી ફ્રગલાઇને ફીકકી કેમ બની ગઈ? વળી મેં પેલા નાપાક ભાઇ તરફ તેમજ તેનાં છીલપીલ તરફ મારો સખત ધીક્કાર જાહેર કીધો ત્યારે તમારી એજ નાજાં દીકરી અરધી બેફામ જેવી કેમ બની ગઇ ?"

"જાલભાઇ—જાલભાઇ, ખુદાના બંદા હો તો માનજો કે એ બીના હું કશી જાણુતી નથી. નાજામાં તમારી પુછપરછથી એટલો ફેર ફાર કેમ થયો તેનો જવાબ હું શું આપી શકું ?—એ તમારો કંઇ ખાલી ધખારો લાગેછ—મારાં બચ્ચાંઓ એવાં છેજ નહીં—મારી દીકરી મારી જાણમાં તો શું પણ જાણ બહારથી તે લોકને મળે ભેટે એ વાત હુ કદી માનું નહી."

"તમે ગમે તે બોલો–પણ મને ઉપજેલો શક હવે કદી દુર થવાનો નથી. સાંભળો—બાનીજી ! આજના બનાવથી મારૂં દીલ હદની બહાર દુઃખાયુંછ. નાજાં મારી પુછપરછથી ફ્રગલાઇ કેમ ગઇ તેનો ભેદ જાણવાની ભારે જરૂર છે. કબુલ કરૂંછ કે તમે લોકો કદાચ એ બાબતથી અંજાણું હશો, પણ નાજાં કંઇ ઉડાં પાણીમાં ઉતરીછ એમ મારી તો હવે બાલેબાલ ખાત્રી થઇ. તમે એની તપાસ કરો. હું તમોને આઠ દહાડાની મુદત આપુંછ. તેટલા વખતમાં તમે એ છોકરી પાસેથી હરકોઇ સુરતે એ ભેદ કઢાવો. હું આજ ને આજ અહીંથી ચાલી જાઉંછ ને આજથી આઠમે દહાડે તે જો તેણી કાબુને

આહેછ તેનું નામ—નીશાન મને નહીં મળશે—તો–યાદ રાખજો—કે, જાલભાઇ પીનાઇનાં પગલાં ' ધન લોડજમાં ' તમે પાછાં જોશો નહીં." અને અહીં તેવણે ફરીથી ઘંટ દાબ્યો.

એક નોકર દાખલ થયો.

" કોચમેનકુ બોલો કે જલદી લાવ!'

ધનબાઇ રડમસ ચેહેરે નાજાંના ઓરડા તરફ ગયાં અને વચ્ચે ૧૦ મીનીટ વધુ પસાર નહીં થઇ તેટલાં જાલકાકા ડગલી પાઘડી પેહેરી ઘરમાં કોઇને પણ કહયા બોલ્યા કે મલ્યા–ભેટયા વગર વાલકેશ્વરને બંગલે હંકારી ગયા.

*　　　*　　　*

જાલકાકા મહાલક્ષ્મીથી વાલકેશ્વર ચાલી ગયા ત્યારે ફીરોઝ ઘરમાં હતો નહીં. તે પોતાની ઓફીસમાં ગયો હતો. જયારે તે સાંજે પોતાના રસ્તા મુજબ ઘરે આવ્યો ત્યારે જાલકાકાનું ફટાઉં થઇને ચાલી જવું સમજી મન સાથ હેરત થયો! વધુ પરપુછ કરતાં નાજાના ભેદથી તે પણ હવે વાકેફ થયો! નાજાંએ ધનબાઇની પરપુછમાં રૂસ્તમ રોમ રસાયની પોતાની મોહબતનો ખુલ્લેખુલ્લો એકરાર કરવાથી ઘરમાં દરેક જણ અચરતીથી ફાટી રહયા!

" ઓ છોકરી–છોકરી! એ તેં શું કીધું?–તારી આએ તકસીર જાલકાકા તને કદી માફ કરવાના નથી." ધનબાઇ હવે છેડાઇ પડયાં. " તેં મનેબી વાકી કે?–મનેબી ઠગી ટેં?–અરે! તુ દરરોજ સાંજે એકલી બગીચામાં છેક અંધારૂં થાય ત્યાં સુધી ફરવા જતી હતી તેનો ત્યારે આએ ભેદ હતો કે? અરે મરેરે! મારી શુધબુધ કાંહ ફુટી

ગઇ હતી ?—નાજાં, આએ પગલું ભરીને તેં તારૂંજ નહીં પણ બધાંનું નખ્ખોદ વાલ્યું !—જાલકાકા તો આએ બીના જાણતાંજ ઝેહેર ફાકશે ! તેવણુ આપણને બધાંને ઓવાર—નીવાર કરી મુકશે—એક વખતનાં આપણાં સુખી કુટુંબમાં આએ નાપાક કલેસ તેં કાંય જગાડ્યો—છોકરી ? ”

“ મમ્મા !—એમાં ભુલ મારી નહીં પણ તમારી છે ! તમે એ ભેદ અમો બચ્ચાઓને વરસો આગમચથી-અમો સમજમાં આવ્ય ત્યારથી—જણાવવો હતો ! નાજાંએ પોતાની માયને તાણો માર્યો.” તેમ કીધું હતે ને પછી હું મારા રૂસીના પ્યારમાં ફસી હતે તો હું તમારા ઠપકાને પાત્ર થતે !—તમે તો એ ભેદ જાલકાકા ચીનથી ઉપડવાનો તાર આયો તે દહાડે અમોને પેહેલવહેલો કહ્યો—તેટલાં તો બધું રંધાઇ ચુક્યું હતું !—કહો મમ્મા, હવે એમાં મારો શું કસુર ?”

નાજાં બોલેબોલ ખરૂં બોલતી હતી. જાલકાકાને પોતાના વડીલ ભાઇ નવરોજજી અને તેવણનાં છીલપીલ તરફ જે ધીક્કાર આજથી વીસ વરસની વાતપર બેઠો હતો, તે વાત ધનબાઇએ જાલકાકા ચીનથી ઉપડવાનો તાર આયો તેની આગમચ પોતાનાં બચ્ચાંઓ આગલ કદી કીધી નહીં હતી—ખુદ વડો દીકરો ફીરોજ પોતે પણ એ જુની તવારીખ જાણતો ન હતો આ વાત થતી હતી ત્યારે. આલાં તથા ફીરોજ ત્યાં હાજર હતાં અને નાજાએ કીધેલો બચાવ, તેઓએ જોઇ લીધું કે ઇનસાફની નજરથી જોતાં વગર શકે, સંગીન ને સાચો હતો.

“ મરેરે , હું શું જાણું કે આય દહાડો આવશે, નહીં તો તમે દશ-દશ—બાર—બાર વરસના થયાં ત્યારથીજ ચેતાવી મુકતે ,” તેવણ

હવે વનવતવા લાગ્યાં. "મુઇ હું,–મેં બધું કીધું ને જે કરવાનું હતું તેજ નહીં કીધું, ઓ નાજાં દીકરી, હજીબી સમજ?–હજીબી એ બાબતપરથી હાથ ઉઠાવ?"

"ઓ મમ્મા, તમે એ શું બોલોછો?" નાજાં ઉછળીને ઉભી થતાં બોલી. "મારા પ્યારપરથી હું હાથ ઉઠાઉં?–મારા રૂસીને હુ બેવફા થાઉ? ઓ નહી–નહી–એ કદી બનવાનું નથી. પુર્વનો સુરજ પશ્ચિમે ઉગતો થાય, ગગન નીચે આવી જમીન ઉપર જાય ને બેહેસ્ત –દોજખ પોતપોતાની ઉત્તર–દક્ષિણની દિશા અદલબદલ કરે તોબી–ઓ મમ્મા! ખાત્રીથી માનજો કે હવે હું મારો બાંધેલો વિચાર ફેરવી શકું નહીં! મારા તે જાન કરતા જ્યાદા દિલજાનની મોહબ્બત આગલ આખી દુનીયાની દોલતને હું રદબાતલ સમજુંછ. તમે નાહક ફીકર કરોછ, મમ્માજી, કાકાજી કદાચ કહેર બતાવશે તો મારીપર બતાવશે–પણ મારી તકસીરનો દંડ તમો બધાં વ્હાલાંઓને સબરદબર ભોગવવો પડે એ વાત હું માનતી નથી–કાકાજી ગમે એવા જીદી કે મમતી હોય પણ સમજદારીમા કાચા નથી. મારી ને રૂસ્તમ વચ્ચેની મોહબત કઇ આજકાલની નથી. તે પાક પ્યાર અમારી વચ્ચે આજ પાંચ પાચ વરસથી એકમેકની છાતીમાં પોશાતો ને પોખાતો આવેછ જે કઇ કરવાનું હતુ તે આગમચથીજ થવું જોઇતું હતું–હવે તે માંટે અતિ ઘણું અસરૂ થયુ છે–હવે તે બનવું બેજા અને મહાલ છે!"

ધનબાઇએ એક છુપો નીસાસો ખેંચ્યો. ખરેજ નાજાં કહેતી હતી તેમ "જે કંઇ કરવાનું હતું તે આગમચથીજ થવું જોઇતું હતુ." એકાદ દાહડો આગમચ તેઓએ જાલકાકાના આ ભયભીત ઇરાદાથી આલાં

-નાજાને-આગાહ કીધી હતે તો આજે એવું પરીણામ કદી આવતે નહી !

" શું ત્યારે આએ તારો ઠરાવ છેવટનોજ છે ?"

" હા, મમ્માજી !'

" જો નાજાં, હજુરથી સમજ-હજુરીથી કંઇ આંખો વિચાર પુગાડ '"

" ઓ મમ્મા ડીયર, ખુદા ખાતર આએ બાબદમાં તમે મારી ઉપર જુલમ ના કરો !" નાજાં અહી પોતાના બન્ને હાથો આખ્યો-પર ઢાંકી રડી દેતાં બોલી. "તે વ્હાલાને હું કેવી રીતે બેવફા થાઉ ? અરે જો તમે મને જુનમથી જુદી પાડશો તો હું તેના વિયોગથી ઝુરીને મરી જવસ ,',

' મમ્મા ,–બસ કરો , મેહેરબાની કરી અહીથી તમે ઉઠી જાઓ ,' અહી એક મરદાંની સાદ સંભળાયો અને તે ફીરોજનો હતો " નાજાં બિચારી નિર્દોષ છે ,— એના ખુલાસા પછીથી હું એની કશી કસુર જોતો નથી. ના રડ નાજાં ચુપ થઇ જા ," સકડામણમાં આવી પડેલી તે બેહેનને માટે તે ભલા ભાઇનો જીવ બળી ગયો. " હદ થઇ—જાલફાકા હવે તો રફતે રફતે અનેરું કરેછ !"

" આપણાથી એમ નહીં બોલાય, દીકરા !"

' શું નહીં બોલાય—માયજી ? એ તે કંઇ ન્હાનો ગુનો જુલમ છે ? આજનાં ઉઘરતાં બચ્ચાંઓના પરણવા—અદરાવાના ગંભીર ને મોટા સવાલપર એમ આંકોશ મુકી નાહક તેમને દુઃખી કરવાં એમાં શુ ડહાપણ છે ? જીંદગીની સૌથી મોતેબર ને બુલંદ મુરાદફર એકો

નાલાયક કાબુ મુકવો એ એક 'સેનસીબલ મેન'નું નામ પણ 'સ્ટુપીડ' માણસનું કામ છે! નવલકાકાપર એવણને કેહેર હોય તો તે એવણ પોતાનાં દીલમાં રાખે—એમ બચ્ચાંઓને નાહક સતાવવામાં ને તેમની મરજીની માલેકીપર પોતાની માલેકી કબુલાવવામાં એવણ શું પોતાને એક જુના વિચારના 'ઑરથૉડોક્ષ' તરીકે પુરવાર નથી કરતા?—મમ્મા, હું તમોને ખુલ્લું કહુંછ-આએ બાબદમાં નાજાંપર તમે જરાબી દબાણ ચલાવનાં ના! એક જોડાયલાં જીગરને વધુ જોડવાને બદલે તોડવું એ એક મરગરજાન ગુનાહ છે અને હું જોઇને દલગીર છું કે જાલકાકા એવા વાહીયાત વિચારોથી એવી રીતે આપણને વશ કરવા ધુચ્છેછ."

"શાબાશ!-ફીરોજ-ભાઇ થજો તો તારે જેવો થજો!" આ માયાળુ શબ્દોથી નાજાંની આંખમાં પાણી આવી ગયા અને તેણીએ આ ઉભરો દેખાડયો. "મે કઇ જાગી જોઇને મને, તમો લોકને કે કાકાજીને દુખી કરવા સારૂ આગમે પગલું ભર્યું નથી—મારી તમામ બેખબરી ને નિર્દોષી વચ્ચે એ કામ કુદરતે પોતે કીધુંછ—હું નિર્દોષ છું મારાં વ્હાલાઓ!—મારા હાલપર દયા કરો—હું નિર્દોષ છું!"

"બેશક તુ નિર્દોષ છે, મારી વ્હાલી બહેન!" અહીં ફીરોજનો ઉભરો રહી ન શકવાથી તે પોતાની ખુરસીપરથી ઉઠી તેણીની નજદીક ગયો અને તેણીના ખુશાથી ખીલી નીકળેલા પરવાળા જેવા લાલ હોઠપર એક ભાઇને છાજતા પ્યારથી તેણે એક ચુમી લેતાં કહયું. "તું જરાબી ફીકર કરતી ના—નાજુ, હુ તારો બચાવ કરશ ને તારે માટે કાકાજી સાથ એક જંગી લડત લડવાને ચુકસ નહીં."

તે આભારી બેહેને રૂગાં હેશાનમાં મોતી જેવાં આંસુઓ ખેરવતાં, પોતાના વહાલા ભાઇને એક કોટી કરી તેના ગાલપર એક વળતી ચુમી લીધી!

ફીરોઝ નાગનથી છુટટો પડતાં આલાં તેની પાસે ગઇ અને તેજ ધ્યારથી તે બેઉ બેહેનોએ પરસ્પર આલીગન કીધું. આલાં કાંઇજ બોલી નહીં, પણ વગર બોલવે તેણીએ જોયા "ફીરોજનુ મત તેજ માઇ મન" એવી મુગી બહાલી આપી!

ગરીબ બીચારા ધનબાઇ રોમર' તેવણુની હાલત "ધોબીનો બળદ—નહી ઘેરનો નહી ઘાટનો" તે મીસાલ થઇ પડી! તેવણુ જુના વિચારનાં નહી હતાં. પણ જાલભાઇ ચીનાઇ જે ચીજગી નારાજ થાય તે ચીજ તેવણુ કરવા માગતા નહી હતાં! તેવણે ફરી ફરીથી ચાહયું કે નાજાં હજુરથી સમજે!" પણ આ તરફ તે ત્રણે ફરજંદો એકમત થઇ ગયલાં હોવાથી અતે કે નાજાં હજુરગી સમજે," પણ આ તરફ તે ત્રણે ફરજ દો એકમત થઇ ગયલા હોવાથી અંતે "સાદી સમજ" તેવણુપર ફાવવા પામી. તેવણુ પોતાનાં મન સાથ એટલું તો કબુલ કીધા વિના રહયાં નહી કે નાજાં ઇંચે ઇંચ નિર્દોષ હતી!

પ્રકરણ ૧૮ મું.

જાલકાકાનું મરણ-અચબુચ આવી ઉભેલો અજલનો ફરેસ્તો.

[દોહરો]

મરણ ન મુકે કોઇને, હિકમત હોય હજાર;
અર્જુન સમ અકડી ગયા, ધનુષ્યનાં ધરનાર.

(હિલજાન.)

"મને કંઇ સુજ પડતું નથી." તેવણ છોકરાંઓ સાંભળે તેમ એકલા પટપટયા "જાલભાઇ તો આઠમે દહાડે જવાબ માગશે, તે હું શું આપશ ?"

"તે જવાબ આપવાનું તમે મારીપર મુકો, મમ્મા !--તમુને ચિંતા કરવાનું કંઇ કારણ નથી ?" અહી ફીરોઝે તે મુઝવણમાં આવી પડેલી માવતરની ઇનતેજારી ભાંજી નાખતાં કહયું. "શું જવાબ આપવો તે હું સારી પેઠે સમજું."

"તું જાલકાકા સાથ આએ બાબદમાં અથડી અથડી પડતો ના જો, ફીરોજ, નહી તો તેવણનો તારી પરથીની મનઉતારો થઇ જશે જો !" ધનબાઇએ ધારતી બતાવી.

"નહી અથડું, માયજી, તમે ફીકર ના કરો ! હુંજ જાલકાકાના વિચારો સીફતથી હળવે મારી એક 'આરગ્યુમેન્ટ' મુકીને સુંધારસ."

"જાલકાકા આએ બાબદમાં સુધરશે એમ તું ધારેછ ?--મારા

ખોદાય ! જો આએ કામ તું પુરેપુરૂં બજાવી બતાવે તો દીકરા ફીરોજ, તુને હું એક માણુસજાત નહી પણ ફ્રરેસ્તો સમજસ !"

"બોલી બજાવવા કરના બજાવીબનાવવું સારૂં છે-એમ જ્તાં હું અભીમાની કરતો નથી—પણ મમ્મા, તમે જાણોજી કે કાકાજીને મહાત કરવાની એક બળવાન કુચી મારી પાસે જે. તે એક પાવરફુલ પોઇંટ છે"

"તે કેઇ, ફીરોજ ?" ધનબાઇએ પુછયું

'શાબાશ, ફીરોઝ, આફ્રીન છે તારી અક્કલ ઉપર," નાજાં તેને ફરી એકવાર હર્ષથી ભેટી તેનાં 'ઓવરણાં' લઇ બોલી "જીવતો રહેજે વહાલા ભાઇ, ને ઘણું સુખ જોજે ?–ખચીત્ત એ એક 'પાવરફુલ' પોઇન્ટ' છે અને કાકાજી તે સાંભળતાંજ લાજવાબ થઇ જશે !"

* * *

પેલી તરફ વાલકેશ્વરને બંગલે શું બનતુ હતું ત્યાં હવે જરા નજર કરીયે. જાલકાકા "ગ્રનલૅાડ્જ" માંથી "જાલભાઇ પેલેસ" મા આવી પુગ્યા બરાબર તાનાવીખા થઇ ગયા. તેવણે પોતાના સોલીસીટરો મેસર્સ "જેમીસન એન્ડ જાહાંગીર"પર ટેલીફાન કરી બેઉ ભાગ્યાઓને તાબડતોબ જાલભાઇ પેલેસમાં આવવા ફરમાવ્યું અને તેઓ આવી પહોંચે તે આગમચ પોતાનાં વીલનો એક ખરડો જાલકાકાએ ઘડી મુકયો. જાલકાકાએ ચીનમાં જોકે પોતાનુ વશિયતનામું પાચેક વરસપર કરી મુકેલું હતું તે છતાં, તે આગલુ વીલ રદ કરી પેલા સોલીસીટરો મારફતે તે ને તેજ દહાડે એક બીજું "નવું વીલ" કીધું અને ત્યારેજ તેમના જીવને કળ વળી.

તે વશિતનામું તેવણે મેસર્સ જેમીસન એન્ડ જાહાંગીર સોલી-સીટરોનાજ હવાલામાં સોપ્યું અને જ્યારે પોતાની કજા થાય ત્યારે ચાહરમને દીવસે પોતાનાં વારસો આગળ વાંચી સંભળાવવા ફરમાવ્યું.

“વીલ” કીધા પછી તેવણુ થોડેક દરજ્જે ઠંડા પડયા, પણ વાર-વાર નાજાંવાળી બીના યાદ થતા તેમનો જીવ ઉશ્કેરાઇ આવતો હતો. તેવણ દરરોજ ફીરોઝનાં આવવાની ગત જોતા હતા પણ ફીરોઝ પેલી આઠ દીવસની મુદત પુરી નહી થાય ત્યા સુધી ત્યા જવાના અખાડા કરવાના ઠરાવપર આવેલો હોવાથી તે વાલકેશ્વર ગયો નહી જાલકાકા રોજ તેની રાહ જોતા પણ કંઇ “કામમાં હશે”–“રોકાણમાં હશે”– “ અથવા તો નાજા પોતાનો ભેદ આપતી નહી હશે તેથી તેને મારી આગળ આવવાનું ભારી થઇ પડયું હશે.” એવી એવી તરેહવાર તર્કોનાં કાલ્લા પોતાનાં મન સાથ બાંધ્યા જતા હતા!

‘હું બી જોઉં છું કે એ બેટ્ટો બાપ કેટલા દહાડા નથી આવતો,” ધન લૉંડજ છોડીઆ પછી પાંચમે દહાડે જાલકાકા મન સાથ બબડયા “ મને તયાંથી આવ્યાને અજે પાંચ દહાડા થયા–હવે બાકી રહ્યા ત્રણ!–પાંચ ને ત્રણ આઠ! આઠમે દહાડે મને બનબાઇ તરફથી કંઇબી જણાવુંજ જોઇયે-નહી તો પછી એ ફીરોઝ દુકતાને ધધડાવાને ‘ટેલીફોન’ કરતા મનબી આવડે છે તો! એ લોકની મકદુર શું કે એવી રીતે મને અહી આગે ઢંઢાર જેવા ‘પેલેસ’મા એકલો સબડતો નાખે!–પાંચ ગયા ને ત્રણ રહ્યા–એ ત્રણ દહાડા પુરા થાય ત્યાં સુધી મારે કાંઇજ કરવું નથી જે કઇ થાય તે ચુપચુપ જોયા કરવું છે—ને હમે!

અફસોસ ! માણસ ધારે છે શું અને ખુદા કરે છે શું ! જાલકાકા જુદીજ ગણત્રીમાં હતા ત્યારે આ કુદરત કાંઇ જુદોજ ભાગ ભજતી હતી !

ઓ ઇનસાન ! તારી કાયા કાચની એક બરણી સમાન છે તેનું તને ક્યાં ભાન છે ? પાણીનો એક પરપોટો જોતાં જોતાંમાં ફુટી જઇ પલકવારમાં ગેબ થઇ જાય તેમ આ નાશવત શરીરનો ભરૂસો કોણથી કરી શકાય ? મોત કઇ વખતે અચબુચ આવીને ઉભું રહે છે તે કોણને ખબર છે ? જાલકાકાના બાબમાં પણ કમનસીબે તેમજ બન્યું.

જે સહવારે તેવણ ઉપલા વિચારો કરતા હતા તેજ દીવસની સાંજે તેઓની છાતીમા કાંઇ ધીમો દુખારો થવો શરૂ થયો. તેવણને વારંવાર એમ થઇ આવતુ હતું, તેમ થયુ હશે એવું વિચારી તેઓ નભરવસ રહ્યા. જાલકાકા પોતે અરધા ડાકટર હતા. બનતાં સુધી તેવણ ડાકટરની મદદ લેતા નહી હતા. પોતા પાસની દુખારો નરમ થવાની દવાનો એક ભાગ તેવણે તુરત લઇ લીધો, જેથી તે પછીન-અરધા કલાકમાં તે દુઃખતું નાબુદ થઇ ગયું. એ પછી પેલેસના એક લાને નહીં સોહવાવાથી તેઓ બાગમાં ફરવા નીકલ્યા. તેવણ પોતાનાં કામમાં એટલા બધા રોકાયલા રહેતા હતા કે બાગમા રોજ ફરવા ઉતરવાનો તેમનો ધારો નહી હતો, પણ આજે જીવ બેચેન હોવાથી તેમને બાગમાં ઉતરેલા જોઇ બગીચાનો વડો માલી તથા બીજા નોકર ચાકરો પણ અજબ થયા તેવણે ખાસ્સા દોઢ બે કલાક બગીચામાં અહીંથી તહીં ખુશાલ ચેહેરે ફરી માલીઓને તરેહવાર હુકમો આપ્યા. "ચ્યાએ ગુલછડીને અહીંથી કહાડી મારા ઓરડાની બારીઓ તરફ

રાપો "—"આએ નરગેશનાં કુડાં અહીંથી ઉંચકી પોર્ટીકામાં લઇ જઇ હારે હાર ગોઠવો !"—" આએ ' દયાની દેવી 'નુ બ્રાન્ઝનુ પુતળું અહીં બરાબર શોભતું નથી, તેથી કાલે કારભારી આવે ત્યારે અહીંથી ખસેડાવવાની મને યાદ આપજે." એવા એવા કંઇ ડઝનબંધ હુકમો આપીને તેવણ પાછા પેલેસમા આવ્યા અહીં જરાવાર લાઇબ્રેરી વાળા રૂમમાં તે દીવસનું ' ટાઇમ્સ ' વાંચ્યુ–થોડો વખત ઉપલા મજલાની ગેલેરીપર ઉભા રહી બગીચાની રચના જોઇ–તે પછી દીવાનખાનામા જઇ વિચારમાં ને વિચારમાં એમથી તેમ ફેરા આંટી ખાતાં પોતાના માનીતાં અસલી ગીત—

જુવો પેલી ચ'પેલી —કેવી ખીલી રહી છે !
જુવો તેની લંપટ ! કેવી ઉડી રહી છે !
જુવો તેની સુરત ! કેવી શોભી રહી છે !

હું તો એને તોડયા વગર નહી રેઉં–રેઉં–રેઉ !

—ની એકાદ બે કળી ખુશ મીજાજે ધીમે ધીમે ગાઇ તેવણે ખાણું કાઢવાનો હુકમ આપ્યો. ખાણાની ટેબલપર પણ તેવણ ખુશ હતા. નોકર–ચાકરો સાથ હસી–બોલી તથા તેમને હસી–હસાવી ખાણું પુરૂં થવે તેવણ આગલાં દીવાનખાનામાં ગયા ત્યાં એક ' ઇગ્લીશ આરગાન "ની પેટીને કુચી આપી તેમાના બેચાર રાગ વજાડી તે પેટી બંધ કરી ફરીથી વાંચવા બેઠા. આશરે દશેક મીનીટ તે સાંજનું " સાંજ વર્તમાન " વાંચી તેવણે તે પડતું મેલ્યું અને મેહેલના કારભારીને " સઘળું જોઇ જાઇને " સુવા જવાની તાકીદ કરી રાતે ૧૦॥ ને અમલે પોતે પોતાના ઓરડામાં આરામ લેવા ગયા. અફ્સોસ !

તે તેમનો “ છેલ્લો આરામ ” હતો !

મધરાતે ૧૨॥ અને ૧ ની વચ્ચે મહાલક્ષ્મીનાં “ ધન લોડજ ”ના આગલા દરવાજે ત્રણ ચાર નોકરોએ ધુમાધુમ ને ઘભરાટ સાથ હલમલાવી મુકયો. બાલાં અને નાજાં તે રાત્રે આગમચથી સુવા ગયાં હતાં, પણ ધનબાઇ અને ફીરોઝ લગભગ બાર વાગ્યા સુધી “ નાજાંનેજ લગતી ” વાતચીત કરી મોડેથી બીછાને ગયાં હતાં. હજી તો તેમને શાંત નિંદ્રામાં પડવાને ભાગ્યે અરધો કલાક થયો ન હશે તેટલાં આ અચણુચ “ રોખડું ” જાગ્યાથી પ્રથમ ફીરોઝ અને તે પછી ધનબાઈ પોતપોતાના ઓરડાઓમાંથી “ એ શું છે ?” કરતાં ચમકીને આગલા દરવાજા તરફ દોડી આવ્યાં. આ વખતે “ બાઇ સાહેબ—જલદી દરવાજા ખોલો !” એમ “ધન લોડઝ” ના રાતપાલીના રામોસીનો સાદ તેઓએ સાંભળ્યો. ફીરોઝે તે સાદ ઓળખી લઇ ઝટ આગલો દરવાજો ઉઘાડી ઘભરાટમાં પુછયું: “ કયુ રામદીન, કયા હય ?”

“ સાહેબ, વાલકેશ્વરસે બડે સાબકે જ્હાંસે આપકુ અઊર બાઈ સાહેબકુ તાકીદસે બુલાનેકો આદમીયાં આયેં હયેં ” રામદીને જવાબ આપ્યો.

“ ઓ છેટ—છેટ, જલદી ચાલો તમુને ને બાઈ છાએબને ને બધાંને મોટા છેટે તાકીદે તેડેલાં !” ફીરોઝ વરંડાપર આવી વધુ પુછ-પરછ કરે તે આગમચ તે ત્રણ ચાર નોકરો માંહેથી એક નોકરે ભારે ગભરાટ વચ્ચે કલ્લાહોલ્લ કરી મેલી. “ મોટા છેટની છાતીમા કંઇ અચણુચ દુખારો નીકલી આવેલો ને તીઓનુ મુશ્કેલીથી છ્વાછ

તાણુતા પડેલા છે. અરે બાપજી! અમે અહિ આઇવા તેટલાં તો કોણ જાણે શુંનું શું થઇ રીઉં ઓછે!–ચાલો–ચાલો–જલદી કરો છેટ! વખત ખોછો તો પછતાછો!"

"ઓ માય! હવે શું કરું? કાંહ જઇને મરું! ફીરોજ–ફીરોજ, જલદીથી ડગલો ઓાલવી લે ને એકદમ ગાડી જોડવાનો હુકમ આપ." ધનબાઇએ આ અચબુચ સાંભળેલી ખબરથી ધાસ્તીથી ધ્રુજતાં ફીરોજને કહ્યું. "હું છોકરીઓને જગાડીને લઇ આઉં તેટલાં તું જલદી તઇયાર થઇ રહેજે." એમ બોલતા તેવણ આલાં–નાજાંને ઉઠાડવા દોડયાં.

"રામદીન, કોચમેનકુ બોલો કે જલદીસે ગાડી–"

"અરે છાબ ગાડીની જરૂર છે નથી. અમે તમારે છારૂ મોટા છેટની ગાડી લાવેલા છે." પેલો ખબર આપનાર બોલ્યો.

"એમ?–ત્યારે તો બહુ સારૂ!" એટલું બોલી ફીરોઝ અંદર દોડયો. તેણે ઝડપથી બુટ–મોજા પેહરી લઇ ડગલો દીલમાં ઓાળવી લીધો અને ફેંટો તથા એક લાકડી હાથમાં લઇ તે આલાં–નાજાંના ઓરડા તરફ ધસ્યો. તેઓ તેને સામાં આવતાં મળયાં અને બીજીજ પળે ભારે ગભરાટ અને ધાસ્તીનાં ધ્રુજરાં વચ્ચે ઝડપથી ચારે જણાં ગાડીમાં બેસી જઇ ભારતી ગાડીએ વાલકેશ્વર તરફ હંકારી ગયાં!

* * * *

"ઓ એ કોણ દીકરો ફી–ફી–ફી–ફી–ફીરોજ કે? ઓ બાનીજી! તુમે આયાં–આય–આયાં કે? મ–મ–મારી દીકરીઓ ક–ક–કહાં છે? ઓ વ–વ–વહાલાંઓ! આવો–આવો મારી પાસે આવો!–જલદીથી

મને મળી ભેટી લેવો,-મમ-મારી છાતીમાં આકર આવેછ-દર વરસે હા-હા-હાર્ટ ડીઝીઝનો હુમલો મ-મ-મને આજે-આજે-થ-થ-થઇ આયોછ, ચી-ચી-ચીનમાં એક વખત એક દ-દ-દાહેકાપર એવાજ થયું હતુ-પણ આજે-આજે-હવે છેલ્લી સલામ આવી પુગી, ફી-ફી-ફીરોજ દીકરા, ગભરાતો ના! મારી સફર હવે પુ-પુ-પુરી થઇછ! હું જાઉંછ-હું જાઉંછ-હું મરૂંછ! મેં ચ-ચ-ચાર પાચ દીવસ થયા મ-મ-મારૂં વી-વી-વી-વી-વીલ કરીલું છે ને તે મારા સોલીસીટરો મેસર્સ જેમીસન અને જ-જ-જ-જાહાંગીરને ર-ર-રાખવા આપેલું છે તે મુજબ અમલ ક-ક-કરજો! ઓ મને પકડો! સાહેબજી!-મ-મ-મારાં વ્હાલાંઓ-સ-સ-સાહેબજી!—ગુ-ગુ-ગુડ નાઇટ!-અપેમ-અપેમ-અપેમ! ન-ન-નાજાં દીકરી-સ-સ-સંભાલજે!-ફીનીશ!" અને આટલુ બોલી જાલકાકાની છાતી સદાની દબાઇ ગઇ!

* * * *

બીજી સહવારે આ દુખ-દાયક સમાચાર આખા મુંબઇ શહેરમાં વીજળીને વેગે પસરી રહ્યા. ફીરોઝે ડહાપણ વાપરી જાલકાકા હક થયા બરાબર ટેલીફોન મારફતે કોટમાં એક મિત્રને ખબર આપી તેમનાં મરણની નોંધ સહવારનાં રોજીંદાં પત્રોમાં ઝડપથી આપી દેવાની ખાહેશ દેખાડેલી હોવાથી "જાલભાઇ શેઠ"ના મરણ-સમાચાર ચો તરફ આસાનીથી ફરી વળ્યા અને સહવારે આઠ વાગે "જાલભાઇ પેલેસ"માં પાયદસ્તની એક ઠઠમાર મીજલસ મરહુમને "છેલ્લુ માન" આપવા માટે ભેગી મળી!

ધનબાઇ, ફીરોજ અને આલાં-નાજાંની દલગીરીનો પાર નહતો.

તેવણુ એટલાં અચણુચને એકાએક મરી જશે એમ કોઇ ધારતું ન હતું. તેમના નોકરોના કહેવા મુજબ ઓરડામા આરામ લેવા ગયા પછી પણુ ખાસ્સો એક કલાક તેવણુ ઉંઘ નહીં આવવાથી ઓરડામાં એમથી તેમ ફેરા ફરતા જણાયા હતા! કારભારીનાં કહેવા મુજબ તો મધરાને ૧૧॥ ના અમલે તેવણે "કોફીનું એક કપ" માગ્યુ હતું અને તે બનાવી લાવે તેટલાં તેવણુ બીછાનામાં પડી અરધા બેભાન હાલતમાં મુશ્કલીથી દમ ખેંચતા જણાવાથી તેણે બીજા નોકર ચાકરોને જગાડી ડાકટર વગેરેની દોડાદોડી કરી મેલી હતી એજ વખતે તેવણે લગાર શુધ્ધીમાં આવી ધનબાઇ તથા તેવણનાં બચ્ચાઓને બોલાવવા સારૂ મારતી ગાડીએ નોકરોને રવાના કીધા હતા! જો ધનબાઇ એક પાચજ મીનીટ પાછળ આવતે તો જાલકાકાને તેમની હઇયાતીમા જોવા પામતે નહીં, એટલો બધો આ ગમખાર બનાવ અચ્ચુચ ને નહી ધારેલો બની ગયો હતો.

પ્રકરણ ૧૯ મું.

રૂસ્તમ રોમર.

(દોહરો.)

સજજન તું સજોગને, જબરો ગણજે જોગ.
સો સુખ છે સંજોગનાં, રમથી કાઢે રોગ.

(દિલજાન)

મરનારને અવસમંજલ પહોંચાડી ફીરોજ "જાલભાઇ પેલેસ"માં ઘણાં દર્દમંદ દીલે પાછો ફર્યો. છેલ્લા પાંચ છ દીવસથી તે તેવણને નાણાંવાળી ખટપટને લીધે મલવા પણ ન આવ્યો હતો, તે તેને આજે ઘણું ખટક્યા કરતું હતું. "અરે! હું શું જાણું કે કાકાજી એમ અચાનક મરી જશે, નહીં તો હું કદી એવણુ સાથ એમ વરતતે નહીં." તે પોતાની આવતર પાસ પોતાનાં દુઃખનો ઉભરો ખાલી કરતાં ફફડ્યો—પણ હવે તે બધું નકામું અને નિર્થક હતું!

ફીરોજ જાલકાકાનાં મરણની દુઃખદાયક ખબર તાર મારફતે ચીન મોકલવાને પણ ચુકયો ન હતો. સરવ કોઇને રોશન હતું કે હવે તે મરહુમ ચીનાઇ શેઠીયાની મોટી દોલત અને અસક્યામતનો એક પુરો હક્દાર વારસ ફીરોઝ હતો. પહેલા ત્રણ દહાડા સુધી તો જાલભાઇ પેલેસમાં દીલસોજી દેખાડનારાંઓનાં ગોયા "બીડાં ભાગ્યાં" હતાં અને ફીરોઝ તેમા એટલો રોકાયલો રહેતો હતો કે બીજી જરૂરી બાબતોપર ધ્યાન આપવાનું તેનાથી મુતલગ બની શકતું નહતું. તે છતાં, મોડી રાત સુધી જાગીને તેણે પોતાની માલેકી હેઠળ આવેલી તમામ મીલકતોના ઘટતા બંદોબસ્ત કરાવની તથા લાયક હુકમો છોડવાની સાલુચેની વાપરવામા જરાએ કચાસ રાખી ન હતી.

ચોજે દીને પાછલા પો.હે.રે મરહુમના ઉઠમણાંની મીજલસમાં ફીરોઝે મરહુમની પુંજીમાંથી રૂ. ૧૫ લાખની સાદ્દશાર્ડી રકમ ધરમ ખાતે કાઢેલી જાહેર કીધી, જે ખબરથી આખી પારસી કોમમાં મરહુમની કદરશનાસીના વખાણનો વરસાદ વરસી રહયો. મરનારે પોતાનાં વાલમાં શું લખ્યું હતું તે ફીરોજ જાણતો ન હતો, પણ

જાલદાદા હુક થતાંજ તેણે તેમના સોલીસીટરોને તે બાબેની ત્રુતાંત્રુતં ખબર આપેલી હોવાથી બેઉ ભાગ્યાઓ મરનારની પાયદસ્તે આવ્યા હતા અને તે ફરજમાંથી ફારેગ થવા પછી ધનબાઇ અને ફીરોજ સાથ એક ખાનગી મસલત ચલાવી મરનારે પોતાની પુંજીમાંથી રૂ. ૧૫) લાખ ' ગરીબ જરથોસ્તીઓ માટે સસ્તાં ભાડાંના સુખવાસી મકાનો બંધાવવાનાં ફંડ" માટે કાઢેલા હોવાની ખાત્રી આપેલી હોવાથી ફીરોજે તે સખાવત વખતસર જાહેરમા મેલી હતી. વળા સોલીસીટરો મેસર્સ જમીસન અને જહાંગીર તેમને આ ખબર પણ આપતા ગયા હતા કે મરનારે પોતાનું વસીયત, જે તેમના અખત્યારમા આપેલું હતું, તે તેમનાં "ચાહરમ" ને દાને વાંચવા ફરમાવેલું છે માટે તેમનાં દરેક સગાંને તે બાબે જાણ કરી સાંજે ચાર વાગે "જલભાઇ પેલેસ"મા પધારવાની ખબર આપવી. જાલભાઇનાં ખેશીઓમા માત્ર તેમના વ ા ભાઇ નવરોજજીનાં વિધવા અને બે બચ્ચાં—માણેક અને રૂસ્તમ-માત્ર હતા, જેથી ફીરોજે તે ફરમાન જાણુતાજ પોતાનાં માવતરની સલાહ લઇ રૂસ્તમપર થાણે ને મુકામે તાર કીધો હતો !

"તારા નવલકાકાને ત્યાંનું કોણ આયું હતું કે ફીરોજ ?" ઉઠમણાની સાંજે ધનબાઇએ પોતાના દીકરાને પુછ્યું.

"હા મમ્માજી, હું ધારૂં છ કે તે રૂસ્તમજ હતો."

'તું ઓળખતો નથી ત્યારે તે કેમ જાણ્યુ કે તે રૂસ્તમજ હતો." ધનબાઇ ઇંતેજારીથી પુછવા પડ્યાં.

"મને તેના ચેહેરાપરથી લાગ્યું : આપણાજ કુટુંબનો ઘાટઘટમ, તેજ આબાદ ચેહેરો-તેજ દેખાવ-તેજ પેસાની ને આપણા જ જેવો

ખાનદાની હસ્સો !"

"કોઇ બીજો કાંય નહીં હોય ?"

"નહીં મમ્મા, તે કોઇ બીજો નહીં હતો તેની બીજી સાબેતી એ છે કે તે બીચારો બેહેસ્તી તરફનાં કુદરતી વ્હાલથી ખેંચાઇ છુપો આંખ પાણી ભરતો હતો ! પાયદસ્તની મીજલસમાં તેમજ ઉઠમણાંની મીજલસમાબી તે હાજર હતો. વળી બેહેસ્તીની પાયદસ્ત કાઢના આગમચ અંદર સેજદો કરી આવીને 'વરંડા' પર તેની લાગણી રહી નહી શકવાથી એક બચ્ચાં મીસાલ મે તેને રડતાં જોયો હતો, ખરૂજ, મમ્મા, તે વખતનો દેખાવ જોઇ મારી છાતીમાં ઘણું મુંથાઇ આવયું હતું પણ શું કરૂં ?–હમે એકાએક તેને પીછાનતા નહી હોવાથી મારી ઘણી મરજી છતાં તેની પાસે હું જઇ શકયો નહી. ગરીબ બીચારો! બાપ સાથની દુસ્મનીનો બેટો ભોગ થયો ! મને તે ઘણું લાગેછ." ભલા ફીરોજે ભલાઇ બતાવી.

"એ અંદર 'સેજદો' કરવા આયોતો તો મેં તેને કેમ નહી જોયો ?" ધનબાઇએ શંકા બતાવી.

"મમ્મા–એમ શું કરોછ ? તમે તેને ઓળખોછ થોડા કે પીછાની શકો ? વળી તે વખતે તમે રડતાં હતાં તેથી તમારી આસપાસ બીજાં બઇરાઓનું ટોળું વળેલું હતું, જેથી તમે તેને જોઇ શકયાં નહી હશો. તે ને હું બેઉ સાથેજ અંદર દાખલ થયા હતા અને મમે એવાં દૃખ જનાં મેં તે વખ્તે બરાબર માર્ક કીધું હતું કે બેહેસ્તીનાં રવાનને 'સેજદો' કીધા પછી તેણે બાનુઓ તરફ પણ એક પળ નજર ફેરવી એક છુપો નીસાસો નાખી તે બાહેર ચાલી

ગયો હતો. મને લાગેછ કે તમોને તથા આલાં-નાજાને મલવાની અને ઘટતી દીલસોજી દેખાડવાની તેની મરજી હતી, પણ પછી પોતાની કમનસીબ સ્થીતિનો ખ્યાલ થતાં કદાચ તમો તરફથી તેને અપમાન મલવાના ડરથી તે ચુપચુપ બાહેર નીકળી વરંડાપર રડમસ ચેહેરે જઇ ઉભો હતો !"

"મરેરે-મરેરે ! ગરીબ બીચારાએ તેણે આપણુ શું બગાડયું કે હું તેને અપમાન આપુ ?" અહીં ધનબાઇ કગળી પડયાં. "વારૂ, ફીરોજ તેં એને બેહેરતીનું વીલ કાલે વંચાય ત્યારે તેવણુની ખાહેશ મુજબ અહી તેવણુના એક સગા તરીકે હાજર રહેવાની ખબર આપીછ કે ?"

"હા મમ્માજી, મી૦ જાહાંગીર સોલીસીટરની સુચના મુજબ મેં તુરતજ તે વિષે તેને મેં થાણે તાર કીધેલો છે. તમે ગરબડમાં ભુલી ગયાંછ મમ્મા, તે તાર મેં તમોને પુછીનેજ કીધો હતો."

"બહુ સારૂં કીધું પણ અહીં આવ દીકરા, એ રૂસ્તમ કેવો છે?"

"કેવો એ કેવો સવાલ ? મારેજ જેવો તંદરોરત ને તાજો ! કોઇ અંજાણુ આદમી જોય તો તેબી ઝટ પારખી કાઢે કે એ જાલ-ભાઇ શેઠનાં ખાનદાનને લગતો છે."

"દેખાવલો છે કે ?" ડોસાંએ પુછયું.

"દેખાવલો પુછોછ ? ઘણોજ 'હેન્ડસમ ફેસ' છે આપણી નાજાંએ કીધેલી ચુટણી કંઇ જેવી તેવી હોય, મમ્મા ?-એ દુકતી બડી બાહોશ છે !-ખુદા એ જોડાંને સલામત રાખે, પણ કાકાજીએ પોતાનાં વીલમાં કંઇ કચુંબર કીધી નહી હોય તો સારૂં !"

"ફીકર ના કર, દીકરા, તેનું સઉ થઈ રહેશે. ઘણું કીધું હશે, તો એને વારસામાંથી બાતલ કીધી હશે; એજ કે કંઇ બીજું? પણ આપણે જીવતાં છઇએ ત્યાં સુધી તો—"

અહીં પીરોજને કોઇ મળવા આવવાથી તે વાત તહીંજ અટકી.

* * * *

પીરોજની અટકળ ખરી હતી. તેણે જે જવાનને જોયો હતો તે રૂસ્તમ રોમર પોતે હતો! વાંચનાર જાણે છે કે તે છેક થાણે રેહતો હતો. મોડી રાતે અચબુચ બનેલા આ બનાવની ખબર પેપર મારફતે તેને બહારવણે સહવારે ખબર પડતે, તેમ છતાં તે પાયદસ્તની વખતે વખતસર હાજર થઇ શકતે નહીં, પણ એક અચાનક સંજોગ આગલી સાંજે એવો બની ગયો હતો કે તેની ઓફીસમાં એક જરૂરી કામ માટે તેને છેક રાતે ૧૦ વાગ્યા વેર ફરજયાત રોકાઇ રહેવાનું બનવાથી તે જયારે મોડેથી ઓફીસથી છુટ્યો, ત્યારે થાણા માટેની એકબી ટ્રેન તેને બામદાદ સુધી લાગે એમ ન હોવાથી એવા વખતે તે અવારનવાર જેમ એક મિત્રને ત્યાં મુંબઇમાંજ રાત તોડી પાડતો તેમ તે રાત્રે પણ થયલું હોવાથી જાલકાકાનાં હક થવાની ખબર તે સહવારમાં વાચતાં વાર તેજ મિત્રનો જામો પીછોડી લઇ તેમની પાયદસ્ત ક્રીયામાં વાલકેશ્વર ખાતે વખતસર હાજર થઇ શકયો હતો!

મરહુમનાં ચાહરમને દહાડે સઉથી ફીકરમંદ ચેહેરો નાજાંનો દીસતો હતો. તેણી જાહેર હોવા છતાં પીરોઝમાં જાલકાકાને "છેલ્લો સેજદો" કરવા તથા તેમની પાયદસ્ત ક્રિયામાં સામેલ થવા તેમજ ઉઠમણાની ક્રીયામાં હાજર થવાને ચુકયો ન હતો! તેણીએ પોતાનાં મન સાથ

ઘણું ચાહ્યું કે તે પ્રેમ-મુરતિને તેણી એકજ પળ દુરથી જોવા પામી હતે! અરે! જાલકાકા ચીનથી આવવા આગમચની પેલી યાદગાર સાંજ, કે જે સાંજે એક નહી ધારેલી તીખી તકરાર ઉભી થવાથી તે વ્હાલા જોડે રૂસણાને પોતે બાગમાંથી બંગલામાં ચાલી ગઇ હતી, તેને એક મુદત બલકે પ્યારની નજરથી જોતાં "એક જમાનો" વહી ગયો હતો! વળી ચાહરમને દીને કાકાજીનું વીલ વચાય તે વખતે ખાસ પધારવાનું ફીરોઝે તેને—મરહુમનાં ફુરમાન મુજબ—તારથી તેડું કીધું હતું, એ બીના પણ તેણી જાણવા પામી હતી, માટે હવે તેણી વિચારમાં પડી હતી કે તે વ્હાલો આવે ત્યારે પોતે ત્યાં દર્શન આપવા કે નહી? જો કે તેણીનું જીગર "વ્હાલા રૂસી"ને જોવા માટે મહીનાઓથી તરસી ગયું હતું, પણ પેલી યાદગાર સાંજે તેણીએ લીધેલા કસમ અને કીધેલા મજબુત ઠરાવની યાદ થતાં રૂસ્તમ આવે ત્યારે રૂબરૂમાં રજુ થવું કે નહીં થવું તે બાબે તેણીનું જીગર કાંઇ પણ છેલ્લા ઠરાવપર આવવાને ધસીને નાજ પાડતું હતું. ઘડીકમાં તેણી જે ઓરડામાં વીલ વંચાય ત્યાં હીંમતથી હાજર થવાનો વિચાર કરતી, ત્યરે ઘડીમાં ત્યાં હાજર નહીં થવાના ઠરાવપર આવતી. આ હાલતમાં તેણીએ ચાહરમના દીવસની આખી સહવાર પસાર કીધી, પણ બપોર પછી તેણી એવા મજબુત ઠરાવપર આવી કે વીલ વંચાય ત્યાં તેણીએ હાજર નહીજ થવું પણ એટલુ છતાં, કોઇ સીફતથી પોતે છુપી રહી તે વહાલા જીવનો મીઠડો ને આંખ તથા જીગરને ખરેખરી તાજગી આપનારો ચેહરો જોવાને ચુકવું નહી!

તેણીએ તે ઠરાવપર આવતાં વાર તે બાબે પોતાની માવલરને વાકેફ કીધી. તેણીએ તે વિષે પ્રથમ "નહીં કાંય આવે?" એમ વધો

લીધો, પણુ તેટલાં ફીરોજ ત્યાં આવી લાગવાથી અને ફીરોજને નાજાંનો ઠારવ પસંદ પડયાથી ને તકરાર મટી ગઇ. ફીરોજે પોતાણી માવતરને સમજાવ્યું કે "નાજા કરેછે તે બરહક કરેછે, કારણકે કાકાજીનાં વીલમાં એની વિરૂધ કાંઇ બખાળા કાઢેલા હશે તો બધાંનાં દેખતાં એની હાલત કઢંગી થઇ પડશે, વાસ્તે એ કરેછે તે ઠીકજ કરેછે. એને વીલ વંચાય ત્યાં ખાસ આવી બેસવાની ફરજ ના પાડો!" અને તે ડાહી માતા તેનાં મતને મળતી થઇ.

પ્રકરણ ૨૦ સું.

જાલકાકાનું "વીલ."

[દોહરો]

દાદી દૈવ ડરામણુ, મટી શકે નહિ મેખ;
દમયંતી દાસી બની, લલાટના એ લેખ

(**દિલજાન.**)

અંતે સાંજે ચાર વાગે, આગમચથી કરવામાં આવેલા ઠરાવ મુજબ, મરહુમ શેઠ જાલભાઇ ચીનાઇના સોલીસીટરો મેસર્સ જેમીસન ઍન્ડ જાહાંગીરે "જાલભાઇ પેલેસ"માં તેવણનુ છેલ્લું "વીલ" એક ન્હાના મેળાવડા સનમુખ વાંચી સભળાવ્યું. મરનારની દોલત જો કે અીશિયાર અને બેશુમાર હતી, પણ મરનારના સગાવલાંઓ ગણત્રીનાંજ અને થોડાં હતાં, જેથી જેમ એવા પ્રસંગોએ મરહુમની દોલતમાંથી હીસ્સો મેળવવા માટે ગરીબ સગાંઓની તુટાતુટ પડે છે તેવો

મામલો અહીં બન્યો નહી. ખરૂ પુછો તો માત્ર રૂસ્તમ રોમર સિવાય બાહેરનું બીજું સગું કોઇ નહીં હતું. નાજાં સાથના સબંધ તરફ જોતાં રૂસ્તમ પણ કાંઇ પારકો ન હતો, કારણ કે તેને કે તેના માબાપને હીનનારા એકજ્ઞા મરહુમ જાલકાકાજ હતા, જ્યારે, તેમની કજાબાદ "ધન લોડજ"માં હાલ જે જે હતાં તે સર્વ તેને ચાહનારાં હતાં !

"વીલ" વચાયું ત્યારે મરહુમ જાલભાઇ શેઠના ઓરડામાં તેવણનાં બેઉ સોલીસીટરો, મરનારનાં પ્રાઇવેટ સેક્રેટરી મી૰ કાંગા અને ધનબાઇ, ફીરોજ, આલાં તથા રૂસ્તમ રોમર એટલાં ૭ જણાં હાજર હતાં. નાજાએ ત્યા દેખાવ દીધો ન હતો. વાંચનાર જાણે છે કે તેણી પોતાના "વ્હાલા રૂસી" ને દર્શન આપવા ઇચ્છતી નહતી, એમ છતા આગમચથી રાખેલા સકેત મુજબ, જે ઓરડામાં તેઓ બેઠાં હતાં તે ઓરડાની પાડોશના ઓરડામાં તેણી એક બધ બારી પાછળ ચીમાઇને ઉભી હતી અને તે બારીના 'વિનિશન'ની ફાટમાથી પોતાનું છબર વરસોથી જીતી ચુકેલા તે રોબદાર જવાનનાં દર્શન તેણી લઇ ચુકી હતી !

આલાં અને ફીરોજે, પોતાની ન્હાની બેહેન નાજાને રૂસ્તમનો ચેહેરો જોવાની જોગવાઇ બરાબર બને એટલાં માટે જાલકાકાનાં ઓરડામાં આગમચથી ઘટતી ગોઠવણ કરાવી રાખી હતી. જે ટેબલ આગળ તેઓ ગોળ ફરતે બેઠાં હતાં તે ટેબલ નાજા ઉભી હતી તેની બરાબર સામે આવવા પામે તેની સાહુચેતી તેઓએ આગમચથી વાપરી હતી. વળી ખુરસીઓ પણ ગણત્રીનીજ રાખેલી હોવાથી રૂસ્તમ રોમરની

જગ્યા એવી રીતે કીધી હતી કે તેનો ચેહેરો બરાબર બારીની સામે આવે.

સાંજે ચારને ટકોરે સોલીસીટરો બરાબર વખતસર આવી પુગ્યા, પણ રૂસ્તમ રોમરને આવતાં પા કલાકની ઢીલ થઇ. આ ઢીલથી તેઓ અકળાયાં નહીં તે આવ્યા વિના રહેવાનો નથી. એમ સર્વ કોઇની ખાત્રી હતી અને અંતે તે ખાત્રી ખરી પડી.

આજનું કામ મરહુમ જાલભાઇ શેઠના વીલને લગતું હોવાથી ત્યાં જે કોઇ આવે તેને આવકાર આપવાની ફરજ ઘરનાં વડા તરીકે ફીરોઝની નહી પણ તે વીલને ગતીમાં મુકી આપનારા મરહુમના ધારાના હીમાયતીઓની હોવાથી રૂસ્તમ આવ્યો ત્યારે આગલા દરવાજા પર તેને માન સહિત "રીસીવ" કરવા સારૂ તે બેઉ ભાઆઓ હાજર હતા. તેઓ તેને જાલકાકાના ઓરડામાં લઇ આવ્યા, કે જ્યાં સેક્રેટરી મી૦ કાંગા, ધનબાઇ, ફીરોજ અને આલા બેઠેલાં હતાં. પ્રથમ તેઓએ સઘળાં જોડે તેને 'ઇનટ્રેડ્યુસ' કરાવ્યો અને પછી ટેબલ આગળ બેઠક લીધી.

ફીરોજ અને આલાએ જે ખુરસી રૂસ્તમ રોમરને માટે રાખી હતી તેજ ખુરશીપર તેણે જગ્યા લેવાથી તેઓ રાજી થયાં. પેલી તરફ પડો- સનાં ઓરડામાં બારીની પાછળથી ચીમાઇને જોતી ઉભેલી નાજાં પોતાનાં વ્હાલાના લાંબી મુદતે દર્શન થયલાં જોઇ ઉમરનો કરાર પામી, પણ જેમ તેણીએ તેમ ધનબાઇ, ફીરોજ અને આલાંએ એક તકાકિ જોઇ લીધું કે તે ઓરડામાં નાજાંની ગેરહાજરી જોઇ રૂસ્તમ રોમરનો ચેહેરો કુદરતી રીતે ફીકો પડી ગયો હતો!

"હવે બીજું તો કોઇ આવનાર નથીની?" મી૦ જેમીસને ફીરોઝ-જને પુછયું.

"નહીં જી."

"પણ તમારાં સીસ્ટર, મીસ નાજા રોમર ક્યાં છે?" પેલા બીજા ભાગ્યા મી૦ જાહાંગીર સોલીસીટરે તમામ નિર્દોષી વચ્ચે સવાલ કીધો.

"જી, તેણીની તબીયત જરા ઠીક નથી" ફીરોઝ કાંઇ બોલે તે આગમચ ધનબાઇએ જવાબ આપ્યો. "મારી એ દીકરીની હાજરીની અત્રે કસી જરૂર નથી. તમે તમારૂં કામ શુખેથી ચલાવો, મી૦ જાંહગીર!"

"ઑલ રાઇટ! મને કશો વાંધો નથી" અને અહીં એક ન્હાની દસ્તેકોત્રી જે આગમચથી ટેબલપર મુંકી રાખી હતી, તે પોતાની પાસે ખેંચી કુંચી લગાડી ઉઘાડી

"આ મોહોરબંધ સીલ કરેલું લાંબું પેકેટ મરહુમ શેઠ જાલભાઇ રૂસ્તમજી રોમર ઉરફે ચીનાઇનું 'છેલ્લું વીલ' છે." મી૦ જાંહગીર સોલીસીટર તે પેકેટ હાથ ઉંચો કરી બધાંને દેખાડતાં બોલ્યા. "આ પેકેટનાં દરેક સાંધાપર મરહુમ પોતાનાં હાથની ઇનશીયલ્સ અને પોતાના લાખનાં સીલો છે કોઇને કાંઇ શક હોય તો સુખેથી તપાસવું."

કોઇ કાંઇ બોલ્યું નહીં.

કોઇનો કશો વાંધો નહી હોવાથી હું હવે તમો બધાં સમક્ષ આ મોહોરબંધ પેકેટ ઉઘેડું છું." તેઓ જરાવાર થોભીને બોલ્યા અને

તે લાંબાં બ્લુ કવરનાં સીલો તોડી મરનારનું વશિયતનામું બહાર ખેંચી કાઢ્યું.

ને "વીલ" તેમની મોટી દોલતને અનુસરતો એક મોટો ને લંબાણ દસ્તાવેજ હતો તેમા પોતાની જુદી જુદી જાગીરો અને અસકયામતોની એક લાંબી ટીપ આપી તેની વ્યવસ્થા કેમ કરવી તેની સમજ આપી હતી. મીલકતનો કુલ મુખ્તયાર પોતાના ભત્રીજા ફીરોજ રોમરને બનાવ્યો હતો. આખા વીલમાં એકદંર ૩૪ કલમો હતી, જેમાંની ઘણી ખરી આપણી વાર્તા સાથ સબંધ ધરાવનારી નહીં હોવાથી અત્રે ટાંકી લઇ આ વાર્તાને નાહક લંબાણ કરવાની જરૂર નથી તેથી મી૦ જાહ-ગીરે જ્યારે તે વીલ વાંચવા માંડયુ ત્યારે તેમાંની જે બે ત્રણ અગત્યની કલમો સાથ આપણને કામ છે, તેજ વાંચનાર સનમુખ અતરે રજુ કરીશું:—

કલમ ૯ મી:-

"હું વશીયત કરનાર મારાં આ છેલ્લાં "વીલ" માં મારા મરહુમ ભાઈ પેસ્તનજી રૂસ્તમજી રોમરના ત્રણ ફરજંદો જેમાં એક છોકરો અને બે છોકરી (અનુક્રમે ફીરોજ, આલાં અને નાજાં) છે તેઓને એવું ફરમાવી જાઉ છુ કે મારા વડા મરહુમ ભાઈ નવરોજી રૂસ્તમજી રોમરે મારી જોડે પોતાની હયાતીની દરમ્યાન ઘણીજ નાલાયક ચાલ ચલાવેલી છે. માટે મન તેની તરફ તેમજ તેનાં છીલપીલ અને આલ ઓલાદ તરફ જે મોટો ધીક્કાર બેઠલો છે. તેવો ધીક્કાર તેઓએ પણ તેમની તરફ દેખાડી મારેજ પગલે ચાલીને, તેનાં છીલપીલ સાથ આવ-જાવનો, આદર સત્કારનો, મળવા બેસવાનો, મોહબતનો, મિત્રાચારીનો

કે સગાઈનો કશોજ સંબંધ રાખવો નહીં, મારા મજકુર ત્રણે ભત્રીજાઓએ એમજ સમજવું કે તેમનાં નવરોજજી કાકાનું કુટુંબ દુનીયાની હસ્તીમાં છેજ નહીં. જો તેઓ મારાં આ સખ્ત ફરમાનથી જુદાં જાય તો ત્રણમાંથી ત્રણે અથવા ત્રણમાંથી જે કોઈ તેવા મારા વિચારથી વિરૂધ્ધ વર્તન બતાવે તેમને અથવા તેને મારા વારસામાંથી એક ફુટી બદામ પણ મળે નહીં."

મી૦ જહાંગીર સોલીસીટર જ્યારે આ નવમી કલમ પુરેપુરી વાંચી રહ્યા ત્યારે પડોશનાં ઓરડામાં કાંઇ ખળભળાટ થયલો સમજાયો. ધનબાઇ, આલાં અને ફીરોજ એકમેકનાં મોહડાં જોવા લાગ્યા, પણ તુરત વેળા તેઓ કાંઇ કરી શકયાં નહીં.

પેલા પારસી સોલીસીટર જા ભાઇ શેઠનું "વીલ" વધુ ને વધુ વાંચતાં આગળ વધ્યા. તેમાં ૧૧ મી કલમ નીચે મુજબ વાંચીઃ—

કલમ ૧૧ મી,—મારી સવા કરોડની રોકડ દોલતમાંથી રૂપીયા ૧૦,૦૦,૦૦૦) એકે દશ લાખ હું મારાં લાયકીવાળાં ભાભી ધનબાઇ તે મારા મરહુમ ભાઇ પેસ્તનજી રૂસ્તમજી રોમરનાં વીધવાને, પોતાનાં બચ્ચાંઓની તરબીયતનાં બાબમાં તેવણે દેખાડેલી એક માવતર તરીકેની દાનાઇ અને કાલજીભરેલી બાહોશીની કદરદાનીમાં, મારી તરફથી બક્ષેસ કરૂં છું. મારી બેઉ ભત્રીજી આલાંમાય અને નાજામાયને મારા એકઝીકયુટરોએ, મારી કજા બાદ તેરમે મહીને, દરેકને વીસ વીસ લાખ રૂપીઆની રોકડ રકમ મારી તરફના વારસા તરીકે બક્ષેસ કરવી અને બાકીની રકમમાંથી ઉપર ૪ થી કલમમાં રૂ ૧૫) લાખની જાહેર સખાવત જણાવી છે તે બાદ કરતાં બીજી તમામ દોલત તથા

બંગલાઓ, વાડીઓ, વછુઆઓ, જાગીરો. હીંદુસ્તાનની તથા શ્રી ચીન ખાતેની તમામ જંગમ તથા સ્થાવર મીલકતો એ બધું હું મારા વારસ બેટા ફીરોજને આપી જાઉં છું, પણ તેનેઆ ૯ મી કલમ લાગુ પાડવા સાથે વધુ શરત એ લાગુ પાડું છું કે તેણે આ વીલ વંચાય તે દીવસથી પોતાનુ અસલ નામ "ફીરોજ પેસ્તનજી રોમર" બદલીને "ફીરોજ જાલભાઇ ચીનાઇ" એવુ ધારણ કરવું છુ ફરી એકવાર અત્રે ઉમેરું છું કે મારાં આખાં વીલમાં સઉથી મોતેબર વજન ૯ મી કલમ પર હું મુકું છું, અને મારાં ત્રણે ભત્રીજાઓને હું તે કલમ ખાસ લાગુ પાડું છું માટે તે કલમપર મારા એકઝી-કયુટરોએ બારીક ધ્યાન આપી તેનાં સંજોગો જોઇ પુરેપુરી અમ-લમાં મુકવી.

કલમ ૧૨ મી —હું વશીયત કરનાર આ બારમી કલમમાં એવુ ફરમાઉં છું કે ઉપર લખેલી ૯ મી કલમની શરતો મારાં જે વારસો નહી સ્વીકારે અને અમાન્ય કરે તથા મારા હુકમની વીરૂધ જઇ માગ મરનાર ભાઇ નવરોજજી રોમરનાં હરકોઇ ફરજંદ સાથે સાદીનાં ગાંઠથા જોડાવાની ઇચ્છા રાખે તો તેને મારા વારસામાંથી એક દમડીબી આપવી નહી. મારી કજા બાદ જો કોઇ એવો સંજોગ ઉભો થાય તો મારી શરતને અમાન્ય કરનારનાં તે વારસાની તમામ રકમ અનામત બેંકમાં બ્યાજે મુકવી અને દસ વરસની મુદત સુધી તેને કોઇએ હાથ લગાડવો નહી. મારી કજા બાદ બરાબર એક દાહેકો પસાર થયા પછી આએ વશીયતનામા જોડે મેં એક બીજું મોહોરબંધ ન્હાનું પેકેટ મુકેલું છે તે, તેનાં કવરપર લખ્યા મુજબ દશ વરસ પુરાં થવે ખોલીને તેમાં ફરમાવ્યા મુજબ તે વારસાની વ્યવસ્થા કરવી. ઉપલી મુદત પુરી

થાય ત્યાં સુધી હરગેજ તે પેકેટને હાથ લગાડવો નહીં.

જાલકાકાનાં વીલની એ પછી બીજી કલમો વાંચનાર કાજે કાંઇ ઝાઝી જાણવાજોગ હતી નહીં, જેથી આખું વીલ વંચાઇ રહેવે તે ઓરડામા થોડીક પળ શાંત ચુપકીદી ફેલાઇ રહી.

પ્રથમ તે બેઉ ભાગ્યાઓએ ઉઠી "મી૦ જાલભાઇ ચીનાઇ" ને મરનારનાં કુલ મુખત્યાર વારસ થવા કાજે હસીને શેકહેન્ડ કરતાં મુબારકબાદી આપી, જેનો તે લાયકીવાળા જવાને એક ગ્રહસ્થને છાજતી અદાથી લાયક શબ્દમાં યોગ્ય ઉત્તર વાળી તેમનો આભાર માન્યો.

એ પછી તે મીજલસ બરખાસ્ત થવા ઇચ્છતી હતી, પણ મી૦ જાહાંગીર સોલીસીટરે તેમને જરા થોભાવ્યાં.

"હજી મારે એક નાની ફરજ અદા કરવી છે." તેવણ બોલ્યા. "વીલવાળાં અસલ મોહોરબંધ પરબીડાંમાં આ એક બીજુ ન્હાનું એનવેલોપ મરનારે સીલ–મહોર સાથે આજથી ૯ દીવસપર જ્યારે તેવણે અમારી સમક્ષ વીલપર સહી કરી ત્યારે આ મોટા પેકેટમાં મુકયુ હતું" અને અહીં તે ન્હાનું મોહોરબંધ 'પેકેટ' તેવણે સઘળાં જોય તેમ હાથ ઉંચો કરી દુરથી દેખાડયું. "એની ઉપરભી મરનારનાં પોતાના હાથની ઇનીશીયલ્સો અને સીલો છે. આ પેકેટમાં શું લખેલું છે તે અમે જાણુતા નથી, પણ તેનાં કવરપર નીચે મુજબ લખેલુ છે તે હું તમો સર્વને સંભળાઉં છું" એમ કહી તેવણે તે લેખ નીચે મુજબ વાંચ્યો:—

આએ કવરમાં લખેલી એક ખાસ જુદી કલમને મારાં વીલનીજ એક વધારાની કલમ તરીકે સમજવી, પણ હું હુકમ કરૂં છું કે જે દહાડે મારૂં "વીલ" વંચાય તેજ દહાડે આએ કવર નહીં ઉઘેડતાં તે દીવસથી ગણતાં બરાબર દશ વરસે-યાને બીજા બોલોમાં મારા મરણનો બરાબર એક "દાહેકો" પસાર થવે-આ કવર ઉઘેડી તેમાં ફરમાવ્યા મુજબ અમલ કરવો. તેટલો વખત આ મહોરબંધ કવર મારા સોલીસીટરોએ પોતાનાં ખાસ કબજામાં રાખવું.

લી૦ જા. રૂ. ચીનાઈ.

જનશભાઇ શેઠની આ " ભેદભરી ખાસ જુદી કલમ " માં શો ભેદ સમાયલો હશે તે કોઇ કળી શક્યું નહીં શીરીએ પોતાનાં મરહુમ મુરબ્બીજીનું તે **અસલ વીલ** હવે પોતાનાં કબજામાં લીધું અને પેલું **મહોરબંધ** ન્હાનું પેકેટ તેની એક દાહેકાની મુદત પાકે ત્યાં સુધી મરનારનાં ફરમાન મુજબ, તેમનાં સોલીસીટરોનાં હવાલામાં મોટા સંતોષ સાથ સપુરદ કીધું.

અહીં તે ગંભીર મીજલસ બરખાસ્ત થઇ. સોલીસીટર સાહેબો ઘટતી તાજીમતવાજે કરી રવાના થયા અને તેમની પાછળ રૂસ્તમ સોમર પણ હવે જવા ઉઠયો, તેના ચેહેરા પરથી ખુલ્લું જણાઇ આવતું હતું કે તે લાગણીવાલો જવાન એકદમ ત્યાંથી ચાલી જવા ઇચ્છતો ન હતો તેની મરજી " કાશીમાય " ને મળવાની હતી.

અગરે શીરોઝ તે મામલો ઝટ ચેતી ગયો. તે તુરત રૂસ્તમની પાસે ગયો.

"મી૦ રૂસ્તમજી, તમોને જોઇને હું ઘણો ખુશી થયો છું."

"થેંક યુ, તમે ઘણા ભલા છો-મી૦ શીરોઝ! હું તો વિચારમાં પડયોછ કે અહીંથી જતા કાકીમાયને મળ્યા વગર જવાની અસભ્યતા હું કેમ બતાવી શકું? બેહેસ્તી જાલકાકા તો પોતાનાં 'વીલમા' અમો નિર્દોષ બચ્ચાંઓ તરફથી નાહક એટલો બધો અણગમો-" અને અહીં તેના બીજા શબ્દો ગળામાંજ ગુંગળાઇ ગયા, શીરોઝે તેજ પળે જોઇ લીધુ કે તે મોહામણા જવાનની આંખમા આટલુ બોલતાં પાણી આવી ગયા હતાં!

"તમોને મુઝાવાનુ કશું કારણ નથી મી૦ રૂસ્તમ!" શીરોઝે કહયું. "કાકાજી તરફનાં મારા દરેક માન છતાં-હુ કહીશ કે તેવણે વીલ જેવા એક અગત્યનાં દસ્તાવેજમાં એવો ઇશારો કરવો જોઇતો ન હતો. તમે મમ્માને મળવા ઇચ્છોછ? આવો મારી સાથે-હું તમોને લઇ જાઉ-નહી, તમે જરાબી ઓશકાવો નાં!"

શીરોઝ રૂસ્તમનો હાથ પકડી તેને પોતાની મા આગળ લઇ ગયો. રૂસ્તમ જતાંવાર વાંકો વળી તે બુઝર્ગ બાનુને પગે પડયો અને હેતથી પુછયું "કાકીમાય, કેમ છેવો?-મારી કમનસીબ સરજત એવીજ હશે કે ૩૦ વરસે હું આજે મારાં કાકીમાયને પેહેલ્લો મળવા પામ્યો!"

"કઇ નહી, દીકરા ધીરજ રાખ-તકદીરમા લખેલું ટળતું નથી. તારાં માય-બેહેન કેમ છે? બીચારાં નાજબાનુને જોયાને તો મને એક જમાનો થઇ ગીયો!"

"ગરીબ બીચારાં મારાં મમ્મા !–છે સારી કાની છે, પણ બીચારાંની આંખે હવે બરાબર સુજતું નથી મારી માણેક બેહેનબી ગીએ વરસે પરણી ગઇ, એટલે હવે ઘરમાં આમે બેજ માય દીકરાં ગરીબ સંસારે આબરૂ ઇજતથી અમારો વખત પસાર કરીએછ."

'માણેક પરણી? કયાં પરણી, રૂસ્તમ! દીકરા!'

"જી, તે મુલતાનમાં કોઇ મોદીવાળાંને ત્યાં પરણીછ."

"કોણ પેલા મંચેરશાહ મોદીને ત્યાં?"

"હાજી, તેવણ મારી બેહેનના સસરા થાય."

"પેલા જાગીરદાર છે તેવણ કે?" અહી આલાં વચ્ચે પુગાઇ.

"હાજી." રૂસ્તમે જવાબ આપ્યો, પણ આ વખતે તેનો જીવ તો આ સુંદર તકનો લાભ લઇ, પોતાની માનીતી માહબુબ નાજાંને મળવામાં ભરાયલો હતો!

તેણે ઝટ સવાલ કીધો, "કાકીમાય, નાજા કયા છે?"

"કાકીમાય" આ અચબુચ સવાલથી ચમકી ઊઠયા! તેવણ શું જવાબ આપવો તેની ગુચવણમાં ગુચવાતાં હતાં તેટલા નાજાની આયા રોઝાલીન ત્યાં ગભરાયલે ચેહેરે નાજાનેજ પુછતી આવી કે "બાઇ, અહી નાજાબાઇ છે?"

"નહીં–નાજાં અહીં કયાં આવીછ?–તારી બાઇના ઓરડામાં જોની?" ધનબાઇએ જવાબ આપ્યો

"ઓરડામાં નથી–આખા બંગલામા નથી! હું બધે શોધીને અહી તમોને પુછવા આવી."

"આખા બંગલામાં નથી? એ શું બોલો છો?" વીજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ ધનબાઇ પોતાની ખુરસીમાંથી ભડકી ઉઠ્યાં ! ફીરોઝ ને બાલાંનાં ચેહરા ફીકકા પડી ગયા—રૂસ્તમ રોમર તો આ વાક્ય સાંભળતાં જાણે પથ્થરનું એક પુતળું હોય તેમ અચરતીથી ફાટી રહયો !

તેજ પળે દરેક જણ ઓરડાની બાહાર દોડી ગયાં.

જે જે નોકર ચાકર સામા મળતાં તે પોતેજ તેઓને પુછતાં કે "નાજાંબાઇ કયાં છે?" ખરી વાત તો એ હતી કે જયારે જનકાકાનાં ઓરડામાં પેલાં દશ વરસની બાંધેલી મુદતવાળાં પરબીડાં વીશે મી૦ જાહગીર સોલીસીટર તેઓને સમજ આપતા હતા ત્યારથીજ નાજાંની શોધાશોધ ત્યાં ચાલી રહી હતી !

"જાલભાઇ પેલેસ" એક જંગી મેહેલ હતો તેમાં નીચે અને ઉપર મળી લગભગ ૮૦ ઓરડા હતા. નોકર ચાકરો ઓરડે ઓરડે ફરી વળ્યા, પણ નાજાં ત્યાંથી કેથેબી મળી નહી !

દર પળે ધનબાઇનો ગભરાટ હદને દરજ્જે વધી ગયો. તેવણે ગુસ્સાના માર્યાં ફીરોઝને ઠપકો આપ્યો કે વીલ વંચાય ત્યાં તેણે તેને આવવાની ફરજ પાડી હતે તો આ નવી મુસીબત ઉભી થતે નહી ! પણ નાજાં શા માટે ઓરડામાં નહી આવી તેનું એકલું કારણ એકજ છૂન જાણતો હતો અને તે ગરીબ બીચારો રૂસ્તમ રોમર હતો !

તે પણ ફગલાઇને ફાટી રહયો હતો ! દરેક જણે મનમા ધારી લીધું કે કાકાજીનાં વીલની પેલી કરડી કલમ સાંભળયાથી તેણી નાસભર થઇ જઇ દુ:ખની મારેલી કેથે જતી રહેલી હોવી જોઇએ.

પણ તેણી ક્યાં જાય? કાં નહીં તે મેહેલનાજ કોઇ છુપા ભાગમાં ભરાઇ બેઠી હોય? ધનબાઇનાં હુકમથી ફરીથી તમામ નોકર ચાકરો આખા પેલેસમાં ફરી વળ્યાં આખો બગીચો ખુંદાળી માર્યો, પણ નાજાં તેમને મળી નહી!

આ ધમગટ ચાલે છે અને રડમસ થયલાં ધનબાઇને ફીરોઝ બેગો રુસ્તમ રોમર ધીરજ આપે છે તેટલાં પેલીજ આયા નાજાનાં ઓરડામાંથી 'મોટા બાઇ પાસે દોડી આવી તેમનાં હાથમાં એક ચીઠી મુકતાં બોલી:—"આએ ચીઠી નાજાંબાઇના બીછાનામાંથી તકીયા તલે મુકેલી મને હમણાજ મળી આવી છે."

ઝટ ફીરોઝે તે ચીઠી હાથમાં લઇ અતિ ઇંતેજારીથી નીચે મુજબ વાંચી:—

મારાં વહાલાં મમ્મા,

તમે, ફીરોઝ કે આપાં મારે માટે દુઃખી થશો ના. કાકાજીની કરડી કલમ ફાનિકોન સાંભળ્યા પછી હું હવે તમો ભેગી રહી શકતી નથી. મુંઇ હું તમારે પેટે પેદાની પડતી! મારી રસ્તંતપર એવી રીતે આંકોરા મુકાય તે હું સહન કરી શકતી નથી માટે ખુદા મને જ્યાં લઇ જાય ત્યાં હું જાઉં છું. તમો વાહલાંઓ જરાબી દુઃખી થશો ના—હું જ્યાં હોવસ ત્યાં સુખમાંજ હોવસ. મારા થોડાક અંગત દાગીના સિવાય મેં બીજું અહીંથી કશુ લીધું નથી—પેલી લાખ રૂપીઆની મોતીની માળાબી નહીં? તે મારી નાનકડી તીજોરીમાં અનામત મુકેલી છે. તેની કુંચી મારી આલમારીનાં ચોર વખારમાં છે. આલમારાની કુંચી તમારાં બીછાનાંની નીચેથી મળશે. બહાલાં મમાં, તમે જરાબી દુઃખી થશો નાં. ખુદા મેળવશે તો મલસ નહીં તો તમારી અભાગણી દીકરી હસ્તીમા હતીજ નહીં એમ સમજીને રહેજો,

લી॰ દુઃખી દીકરી **નાજા.**

પ્રકરણ ૨૧ સું.

પેસી પીક્ચર.

[દોહરો.]

સારી સોબત હોય તો, સાચો ઉપજે સંગ;
મુરખની મિત્રાઇમાં, ભલી ઉમેદો ભંગ?

[દિલજાન.]

વખતના ઘોડો કોઇને માટે ખોટી થતો નથી. વખતનો વેગ વિજળીના વેગ કરતાં વધુ ઝડપી હોય છે. દુનિયાંમાં થતા ફેરફારો વખતના ફેરફાર વગર થતા નથી. કાતીલમા કાતીલ જખમોને રૂજ લાવનારો કુદરતી મલમ 'વખત' છે.

નાજાંનું અચાનક ગુમ થવું ધનબાઇ રોમર અને તેવણનાં ફરજંદોને શરૂઆતમાં ઘણું કડવું લાગ્યું, પણ જેમજેમ વખત વેહતો ગયો તેમ તેમ તેઓ તકદીરની તાસીરને નામે થતાં ગયાં.

પેલી તરફ ગરીબ બીચારા રૂસ્તમ રોમરની હાલત દયાજનક હતી. વીલ વંચાયું તે દીને નાજાં વીલવાલા ઓરડામાં નહીં આવી તેનું ખરૂં કારણ શું હતું તે રૂસી જેવા ચાલાક જવાનને વિચાર કરવા બેસવું પડે એમ ન હતું. તે ચગરો જવાન ચેતી ગયો કે પોતાનો પેલી યાદગાર સાંજનો બોલેલો બોલ પુરેપુરો પાળવા માટેજ તણી તેને તેજ દહાડે "ધન લાડજ" છોડી ગઇ હતી. નાજાંએ તેને કહ્યું હતું કે 'જે દહાડે કાકાજીનો એવો કરડો ઠરાવ હું જાણુસ તે

ક્હાડો "ધન લોડજ" માં મારો ભેલ્લો સમજજો" અને તે સદગુણી સુંદરીએ પોતાના સાચા પ્યારની સાબેતીમાં તે ઠરાવ, રૂસ્તમે જોયું કે બોલબોલ સાચો પાડી આપ્યો હતો.

એક તરફ ધનબાઇ અને શીરીને તેમ બીજી તરફ રૂસ્તમ રોમરે નાજાં ક્યાં ગઇ હતી તેની છુપી તપાસ કરવામાં કશી બાકી રાખી નહી, પણ નાજાંનો પત્તો કશોજ મળ્યો નહીં તેણી મુંબઇમાં હતી કે મુંબઇ છોડી મુફસીલમાં ઉતરી નેઠી હતી તે પણ તેઓ જાણી શક્યાં નહીં !

સૌ કરતાં ગરીબ બીચારા રૂસ્તમ રોમરને નાજાનું ગુમ થવું બહુ કાતીલ થઇ પડયું. તે ઘણો નાઉમેદ ને નાસબર થઇ ગયો. જાલ-કાકા તેનાં સગા કાકા હોવા છતાં પોતાની કરોડોની દોલતમાંથી તેને એક ફુટી પાઇ વરીક આપી ગયા નહીં તેની તેને એક તચાકડી ભાર પણ દરકાર ન હતી—તે ઉદયોગી જવાન પોતાની ગરીબ સ્થીતિમાં પુરતો સંતોષી ને સુખી હતો તથા પોતાના બાજુનાં બળપર મુસ્તાક હતો, પણ નાજાં—એકવારની તેની જીવેજાન મધુરી માશુખ નાજાં—કાકાજીની કઠણ શરતોથી મનમાં ઓછું લાવી હીંમતથી તેને પડખે આવવાને બદલે અચણુચ નહીં ધારેલી ગુમ થઇ ગઇ એ તેને બહુ લાગતું હતું.

જોડાયલાં જીગરોની સ્થીતિ કાંઇ ઓરજ હોય છે. પરસ્પરનાં પ્રેમમાં મુસ્તકીમ થયલાં પ્યારાંઓમાં જયારે વિયોગ થાય છે ત્યારે તેમને પળેપળ જે દુઃખ ઉપજે છે તે સાધારણ માણસની સમજમાં આવવું મુશ્કેલ છે. કવિ દલપતરામના બોલોમાં "દરદ દીલ દરદીનું

હરદીજ જાણે" તે શબ્દે શબ્દમાં ખરૂં છે. આપણા રૂસ્તમ રોમરની સ્થીતિ હાલ તેવી હતી. નાજાંને ગુમ થયલી જાણતાંજ જાણે તેની આખી દુનિયા આજે ઉલટાઇ ગઇ હતી. કોઇબી ચીજમાં, કોઇબી કામમાં તેને સુખ કે આરામ મળતાં ન હતાં. તે બાવરો અને બેઅકલ બની ગયો હતો. નાજાંની ગેરહાજરીએ તેનાં મગજપર એટલી અસર કીધી હતી કે તે લગભગ એક જીવલેણ બીમારીનો ભોગ થઇ પડયો હતો. તેને "બરેન-ફીવર" લાગુ પડી હતી. ડાકટરો ધાસ્તી આપી ગયા હતા અને એક મહીનો સુધી તે માંદગીને બીછાણે પડી "ગબાઇને ગુડા જેવો" થઇ ગયો હતો. આરાં નમીબે તેની બુઢી મા ઉપરાંત તેને તેની આ ભયભીત બિમારીમાં એક કાળજીવંત દોસ્તની કુમક મળી ગઇ હતી. પેસી પીલચર નામે તેના એક "જાની-મિત્રે" તેની આ મોટી માંદગી દરમ્યાન રાત દહાડો ખડે પગે તેની માંવજત કીધી, અને તેથીજ તે દુઃખી જવાન લગભગ જીવલેણ થઇ પડનારી તે બેજાંની તાપનાં ત્રાસદાયક હુમલામાંથી બચી જવા પામ્યો હતો! ત્રણ ત્રણ મહીના સુધી રૂસ્તમ પોતાની ઓફીસે જઇ શકયો નહી, તેટલું છતાં તેના ભલા ખવાસની વફાદાર સેવાઓની કદર બુજી તેનો આખો પગાર (દર માસે રૂપીયા અઢીસેં) તેને ઘર બેઠાં પુગાડયો હતો.

ત્રણ માસનો "ખાટલો" સેહરી રૂસ્તમ રોમર પાછો જરા જરા ટટાર બન્યો, પણ નાજાંની વ્હાલી યાદ તે વીસર્યો નહીં. વધુ તંદરોસ્ત બનતાં તે પાછો પોતાની આફીસનાં કામપર આવતો જતો થયો, પણ તે બાપડાની અંદરખાનેની હાલત એક પળની પણ શાંતિ પામતી ન હતી.

"તુંને કંઇ ખબર કે દોસ્ત, આજે તો મને મારા ઓફીસર સાથ સખ્ખજડ બાઝી ગઇ !" એક દહાડે પેસીએ રૂસ્તમને ખબર આપી.

"કેમ વારૂ !" રૂસ્તમે બેદિલ દીલથી પુછ્યું. તેને બીજી કોઇબી વાતમાં ઉલટ મળતી ન હતી.

"નફ્ફોદ ગયો હરરોજ દપકાવ્યા કરેછ કે તું ઓફીસમાં જલદી નથી આવતો ને મહીનામાં બેચાર વાર કાંઇ ને કાંઇ જુડાં બાહાનાં કાહાડી ખલ્લી જાએછ હવે કોઇ પુછે? આપણેબી રોકડું પરખાવ્યું કે નહીં પરવડે તો સુખેથી નોકરી છોડી જવાની નોટીસ આપવી." પેસી અરધો હસીને ને અરધો ગંભીર ચેહેરો કરીને બોલ્યો.

"આપણા 'સાહેબ' કે 'સુપીરીયર' સાથ એમ તુંડાઇ નહીં વાપરવી; પેસી! તેં જો એવો જવાબ આપ્યો હોય તો મોટી ભુલ કીધીછ એમ હું માનુંછ. એકદમ પાણીચું પકડાવશે તો તું રવડી જશે"

"કોઇ રખડતું નથી. મેહેનતજ કરશું તો ચાકરીનો તોટો નથી અહીં નહીં તો કેથે બાહારગામ! હું ખરૂં કહુંછ, રૂશી ડીયર, કે મુંબઇથી હવે હું કંટાળી ગયોછ. મને તો કેથે બાહારગામ નોકરીપર જવા ગમેછ. ત્યાં પગારબી મોટો મળશે ને——"

"બધું ખરૂં, પણ બાહારગામનાં ખરચબી મોટા છેની? ત્યાં નવેસરથી ઘેરબાર માંડવાની કડાકુટજ કેની?"

"અરે ઘેર ને બાર, પણ સબર, રૂસ્તમ, આએ ટેબલપર તસવીર છે કોણની? વૉટ આ બ્યુટીફુલ ગર્લ! ખરૂં કહે રસી એ કોણની સખી છે?" પેસીએ પુછ્યું.

"એ મારી ડીયરેસ્ટ નાજાં રોમરની તસવીર છે, પેસી!"



પાનુ [illegible] આ [illegible] બાજુના।
વોટ આ [illegible] ગયો।

(જુવો પાનુ ૧૮૦)

રૂસ્તમે એક હાય મારતાં જવાબ આપ્યો. " ઓ નાઝનં !- ઓ નાઝનં ! ખુદા જાણે વ્હાલી તું કયાં હશે ? "

નાઝાનું નામ સાંભળતાંજ પેસી ચુપ થઇ ગયો. તે જાણતો હતો કે રૂસ્તમ રોમર તેને જાન કરતાં જાદા ચાહતો હતો. તેણે નાઝાંને કે નાઝાંની તસવીરને કદી જોઇ નહીં હતી તેથી આજે આગમે સબી જોઇ તેણીની અણુહદ ખુબસુરતી કાજે તે મન સાથ હેરત રહયો.

" એ એનાં કાકાની દીકરી થાએછ ને હું જાણુ છ " પેસી પોતાના મન સાથ પટપટયો "પણ મે એટલી બધી 'એકસત્રા ઓાડી-નરી હેનસમ લેડી ' એ મેં આજેજ માન્યું. માઇ ગૉડ ! મેં બી ઘણી નખરાંબાજ નાઝનીનો ને ' ટાઇપ આફ બયુટીઓ ' જોઇછ પણ આએ બગલું તો કંઇ અજબ તોર ધરાવેછ. " અને અહી તેણે રૂસ્તમને પ્રગટ પુછયું. " એ બીચારીનો પ-તો ત્યારે નહીંજ મલ્યો કે, રૂસી ? પુઅર ગર્લ ! ખરેજ આવી નાદર ખુબસુરતી છતાં તું અનફૉરચ્યુનેટ હોવો જોઇએ કે એને ખોઇ બેઠો."

પેસીના આ ઇશારાથી રૂસ્તમનું પોતાનું દુ:ખ ઉભરી આવ્યું— તેની છાતી જોરથી ઉપસાવા લાગી. આ મામલો જોઇ પેસી આ સાદ આપવા માટે તેની માફ માગી, બીજી બીજી વાતો કરી પોતનાં ઘર તરફ ચાલતો થયો.

પ્રકરણ ૨૨ મું.

મીસ સનોબર.

] દોહરો.]

ખુબી અપારે ખલકમા, કીરતી અપરંપાર;
હીરો ન્હાનો હોય પણ, માગે મૂલ્ય હજાર.

(દિલજાન.

નવાબ ખુરશેદજંગ બહાદુર નિઝામી રિયાસતમાં ગુલશનાબાદની સુબાગીરીનો માનવંત ઓધ્ધો રઇયતની ભારે લોકપ્રિયતા વચ્ચે ભોગવતા હતા. તેઓનાં ધણીઆણી મહેરબાનુ અતિ માયાળુ ખવાસનાં એક નમુનેદાર મહેરદાર હતાં. તેમને પેટે શીરીન, ગુલ અને પીલા નામે ત્રણ બેટી અને સાવક નામે એક બેટો મળી એકદર ૪ ફરજંદ હતાં. નવાબ સાહેબ નામદાર નિઝામના ઘણા માનીતા હતા અને નીઝામી દરબારમાં તેમનો લાગવગ ભારે હતો.

એક સહવારે નવાબ સાહેબનાં બેગમ મેહેરબાનુ, જેઓ "ગુલશનાબાદનાં રાણી" ની વાજબી ઉપમા પામ્યાં હતાં, તેઓ બાદશાહી તોરથી શણગારેલાં પોતાના મકાનમાં દિવાનખાનામા ટપાલમાં આવેલા કાગજો વાંચતાં બેઠાં હતાં, ત્યારે તેમની ત્રણે બેટીઓ તેમની પડોશમાં વાંચવા ગુંથવા તથા ડ્રાઇંગ વગેરેનાં કામમાં ગુંટાયલી હતી.

"લેવો છોકરીઓ, તમારી મ્યુઝીક માસ્તર મુંબઇથી કાલે ગુલશનાબાદ આવેછ" તેઓએ તે કાગજ વડી દીકરી શીરીનના હાથમાં પાસ કરતાં કહયું. "ચાલો, બબ્બે મહીના થયા તમે ત્રણે જણી માથુ

દુખતી રહી'તી તે હવે ખુશી થઇ? ગુલ્લ સાંભળોછ કે! એ તેં જો મારી પુઠ લીધી નહીં હતે ને પપાને પટાવી સમજાવી, શીસામાં ઉતાર્યા નહીં હતે તો હું કંઇ એટલો મોટો પગાર આપતે નહી જો?"

તે ત્રણે બ્હેનો-વાજબી બોલીયે તો નવાબજાદીઓ--પોતાની નવી "માસ્તર ઓફ મ્યુઝીક" આવે છે એમ જાણી ખુશી ખુશી થઇ ગઈ.

"મમ્મા, ત્યારે તેવણુનો આખરે માસિક મુસારો શું ઠર્યો?" નવબજાદી શીરીને સવાલ કીધો.

"ખાઇ પીને બસો રૂપીઆ."

"ને રેહવાનું?"

"રેહવાનું વળી આપણા બંગલામાંજ—આપણી સાથેજ!"

"ત્યારે તો બહુ સારૂં!"

"એવણે પોતાની ઉમર શુ જણાવીછ?"

"પચીસ વરસની."

"વાહ! ત્યારે તો જવાન હોવી જોઇયે. ચાલો આપણુને એક નવો "કમ્પેનીયન" મળશે." નવાબજાદી ગુલ્લગાનું એ હરખ બતાવ્યો.

"એની લખાવટપરથી એ કોઇ બાહોશ છોકરી લાગેછ." બેગમ સાહેબ મેહેરબાનુ બોલ્યાં. "ગમે તેવી હોય, પોતાના હુનરમાં હુશીયાર હોય એટલે બસ. તમારા પપા તો બસ તમો ત્રણુને ઉંચામાં ઉંચું 'મ્યુઝીક' શીખેલાં જોવા માગેછ."

"એવણુ કેઇ ત્રેનમાં આવનાર છે?"

"મેલમાં, કાલે સાંજે ચાર વાગામાં તો અહીં દાખલ થઇ જશે."

"મમ્મા, તમારી રજા હોય તો હું સ્ટેશન સુધી જાઉં ?—સારૂં લગશે." પીલુએ પુછયું.

"હા, જજેની દીકરા, મને કશી હરકત નથી."

નવાબ ખુરશેદજંગનું આખું કુટુંબ ઘણુંજ મોજીલું, શોખીલુ અને મળતાવડા સ્વભાવનું હતું. નવાબ સાહેબ પોતે એક ઉમરાવ દિલના ખુલ્લા ગ્રહસ્થ હતા. બેગમ મેહેરબાનુ પણ છુટા વિચારના ને સખી હતાં. તે ધણીધણીઆણીનો તમામ વારસો તેમના ફરજંદોમાં ઉતરેલો હતો. આટલી બધી બાદશાહી જાહોજલાલી ને ચલતી છતા તેમનામા તકોબરી કે ગુમાની જેવુ કશું ન હતું.

બીજે દહાડે મેલને ટાઇમે પીલુ પોતાના પપાની બે ઘોડાની ભપકાદાર ગાડીમાં પોતાની મ્યુઝીક માસ્તરને ગુલશનાબાદનાં સ્ટેશનપર લેવા ગઇ અને હરખભર્યા આવકાર સાથ "ખુરશેદ મીનાર" મા લઇ આવી.

તે એક પચીસ વરસની અતિ સોહામણી સકુમારી હતી. બેગમ મેહેરબાનુ અને તેમની બેટીઓ તેમની અણહદ ખુબસુરતી જોઇ છક થઇ ગયાં. તેણીનો મીઠો ચેહેરો, ચપળ આખ્યો, મીઠાસદાર બોલવુ અને ઠસ્સાદાર બેસવુ-ઉઠવું જોઇ બેગમ સાહેબની બેટીઓ હેરત રહી

"કેમ શીરા, આપણી આગલી મ્યુઝીક માસ્તર મીસ કારટરનો ચીનાઇ ચેંકેપાઇ જેવો ચેહેરો કયા ને આએ અ.પણી મીસ સનોબર દાવરનો દમામદાર દેખાવ કયાં? આસમાન ને જમીનનો ફેર—ખરૂં—કે?"

ગુલાંએ ખાનગીમાં વડી બેહેનને પુછ્યું.

"બેશક તેમાં શું શક છે? મીસ કારટર તો નવું વંડારૂં જેવું હતું!"

પેહેલેજ તડાકે તે નવી "મ્યુઝીક માસ્તર" સઉ કોઇનું સારૂં મત મેળવવાને નસીબવાન નીવડી પાએક કલાક પસાર નહીં થતો તેટલાં તે કોઇ મીસ સનોબર નવાબજાદીઓ સાથ એવી પળોટાઇ ગઇ કે બેગમ મેહેરબાનું તે દેખાવ જોઇ ખુશ ખુશ થઇ ગયાં.

"જાંહાં છે તાંહા એ છોકરી કોઇ સારાં ખાનદાનની, કેળવાયલી ને અચ્છી તરબીયત પામેલી છે. મારી દીકરીઓ એની સંગતમાં વગર શકે સુધરશે" બેગમ મેહેરબાનુંએ મન સાથ મત બાંધ્યું.

રાત્રે ખાણાંની ટેબલપર છોકરીઓ ભેગી મીસ સનોબરને જોઇ નવાબ ખુરશેદજંગ પણ ખુશ થયા વિના રહયા નહીં. તેવણ આગળ શીરીન તેણીને લઇ ગઇ, જેને તે દયાળુ દિલના ઉમરાવે હસતે મોહડે આવકાર આપી માનથી "સેકહેન્ડ" કીધી.

"હું તમોને જોઇને ઘણો ખુશી છું મીસ સનોબર, આજથી મારી ત્રણે દીકરીઓને અમે તમારા હવાલામા સોંપીયેછ." તેવણ બોલ્યા

"એ નવાબજાદીઓને હું મારી બેહેનો કરતાં આલાં સમજસ, સાહેબ!" તેણીએ લાયકીથી ઉત્તર આપ્યો. "મોરનાં ઇંડાં કંઇ ચીતરવાં પડતાં નથી. આજે સાંજે મેં એમની થોડીક તપાસ લીધીછ અને તે મને ઘણી 'એસફુલ' લાગીછ."

તે દિવસે ખાણાંની ટેબલપર તરેહવાર પકવાનો જોડે નવાબ સાહે-

બના ફરંગી બટલર એન્ટોની "આલબલાસ" ની વિલાયતી વાણી બનાવી હતી, પણ બરાબર બનાવતાં ન આવડવાથી બધું કચુંબર કરી મેલ્યુ હતું.

એન્ટોની, આય "આલબલાસ'ની ડીશ કોણે બનાવી? તે કે મેંગોલીને?' બેગમ સાહેબે જમતાં-જમતા પુછ્યુ.

"જી, મેં બનાવી!"

"હરવાયો તું બનાવતો! મને બીલકુલ ગમતી નથીં. બેગમ સાહેબે એન્ટોનીને ઠપકો આપતાં કહ્યુ." નથી આવડતી તો ગુપચુપ ભરીઆભારમાં બેસી કાં નથી રહેતો?"

"એના ઉસ્તાદે એને બરાબર શીખવ્યું નહી હશે!" નવાબ સાહેબે 'ફ્રાઇ' કાધેલા એક ઉમદા શીકારની ટાંગ કાપતા ટકોર કીધી. "અરે પણ મેહેરાં, સારી યાદ પડી. તું જાણેછ કે? મારો પ્રાઇવેટ સેકરેટરી અબદુલ કરીમ બીચારો એકાએક સીક થઇ ગયોછ ને બે માસની તુરતવેળા રજા લીધીછ. આજે ખબર કહાડતાં એમ જણાયું કે એ વધારે બીમાર થઇ ગયોછ તેથી એનો બાપ એને હવાખોરીપર લઇ જવા ઇચ્છેછ." જો તેમજ હશે તો એ પાછો નોકરીપર આવે એમ લાગતુ નથી, તેથી મે આજે મુંબઇ ખાતે "ટાઇમ્સ"માં એક નવો સેક્રેટરી મેળવવા સારૂ જાહેર ખબર છાપવા મોકલીછ."

"ગરીબ બીચારો!" બેગમ સાહેબ કદર ખાઇ પડયાં. "એકદમ બીજાની તજવીજ શું કામ કીધી? એ સારો થઇને પાછો આવેબી,"

"આવશે તો હું એને એકાદ તાલુકાપર તાલુકદારી આપી દેવસ.

ખુદાની દીધી આપણા હાથમાં સત્તા શું ઓછી છે? ખુદા નિઝામ સરકારને સલામત રાખે "

બીજે દીને રાતનાં ખાણાં માટે મીસ સનોબર ટેબલપર આવી નહીં. તેણીનું માથું દુખતું હોવાથી ખાવા ગમતું નથી માત્ર કોફીનું એક કપ ને બે ત્રણ બીસ્કીટ તેણે લીધી છે એમ ગુલબાનુંએ પોતાનાં મા-બાપને ખબર આપી.

ખાણું અરધું પસાર થતાં બેગમ સાહેબ આલબાલાસની વિલાયતી વાણી ફરીથી આજે ટેબલપર રજુ થયલી જોઇ અચરત થયાં.

" એન્ટોની, આએ શાની ડીશ છે?" તેવણે પુછ્યુ.

" આલબાલાસની છે, બાઇ સાહેબ!"

" એ વાણી તુંને બનાવતાં આવડતી નથી ત્યારે પાછી કાંય બનાવી?" બેગમ સાહેબે કાઇક ચીચવાટથી પુછ્યું.

" ગેઇ કાલે બગડી ગઇ તેથી આજે સંભાલથી ફરીથી બનાવી હશે, ડીયર!"

નવાબ સાહેબે જમતાં જમતાં એન્ટોનીનો બચાવ કીધો. " જરા એ ડીશ અહીં પાસ કર, જોઉં?"

" વાહ! આજે વગર શકે આપણા એન્ટોનીને પાંચ ગોલ્ડ મોહોરનું ઇનામ ઘટેછ?' નવાબ સાહેબ તે 'ડીશ'નો 'ટેસ્ટ' કરી બોલ્યા. આપણો આગલો બટલર રોઝારીયો એ વાણી અચ્છી પકાવી જાણુનો હતો, પણ એન્ટોનીએ તો આજે તેનેબી ભુલાવી નાખ્યો."

" શું ખરેખર એ વાણી એટલી બધી સરસ થઇછ, પપા?"

વડી નવાબજાદીએ પપાને પુછયું.

"હા દીકરા, તું જરા ટેસ્ટ તો કરી જો! ટેબલપરની બધી વાણી વીસરી જશે." પપાએ જવાબ આપ્યો.

શીરીને તે ટેસ્ટ કીધી તેણીને પણ તે વાણી ઘણી સ્વાદીષ્ટ જણાઇ. એક પછી એક દરેક જણે તે ચાખી જોઇ અને બેગમ સાહેબ મહેરબાનુને તો એટલી ગમી કે તેવણે તે પછી બીજી કોઇ વાણીને હાથ લગાડયો નહીં!"

"ખરૂં બોલ, એન્ટોની! એ ડીશ કોણે બનાવી?"

એન્ટોની ચુપ ઉભો રહયો—તેણે કશો જવાબ દીધો નહી

"મમ્મા શું પુછેછ તે તું સાંભળેછ કે બેહેરો છે, એન્ટોની?" અહીં ગુલાંએ તેનું ધ્યાન ખેંચ્યું.

"હું સાંભળુંછ બાઇ" તેણે જવાબ આપ્યો.

"સાંભળેછ ત્યારે જવાબ કેમ નથી આપતો?" અહીં બેગમ સાહેબે તેને ધમકાવ્યો. "હું એમ પુછુંછ કે એ વાણી કોણે બનાવી? તેં કે મેગોલીને?"

એન્ટોની પાછો મુગો થઇ ગયો!

"મને સમજ પડતી નથી—એમાં કંઇ ભેદ છે!" બેગમ સાહેબ બબડયાં.

"કેમ, એન્ટોની, ખાણાંની ટેબલપરનો વિવેક તું સમજેછ કે?" અહીં નવાબ સાહેબે એન્ટોની તરફ સહેજ ડોળા કકડાવી પુછયું. "શું જવાબ કેમ નથી આપતો?"



પીલ મોતી [illegible] ઉપરાંત આજવી
[illegible] પાસ ચિત્રશાળાના [illegible]
[illegible]

(જુઓ પાનું ૧૮૯)

"એ વસ્તુ અમે બેઉએ બનાવી નથી, સાહેબ!" એન્ટોનીને અંતે એકરાર કરવાની ફરજ પડી.

"એ શું બોલ્યો?" અહીં શીરીન વચ્ચે પુછાઇ. "તમે બેઉએ નહીં બનાવી તો એ બનાવવા રાંધણીમાં કોઇ ફરિસ્તો આવ્યો હતો શું?"

"તેમજ છે, બાઇ સાહેબ!"

"એટલે એટલે?" અહીં દરેક જણની આ ભેદ જાણવા સારૂ જીજ્ઞાસા ઉશ્કેરાઇ.

"એકદમ બોલી દે, એન્ટોની, આએ ડીશ કોણે બનાવી!" નવાબ સાહેબે ફરીથી તરારો મુક્યો.

"એ અમે બનાવીજ નથી. એનાં બનાવનાર એક બાનું છે, સાહેબ!" એક બાનું?—અને તે?"

"મીસ સનોબર!"

"મીસ સનોબર!" ટેબલપર બેઠલાં દરેક જણ એક અવાજે પોકારી ઉઠયાં. "આએ ડીશ મીસ સનોબરે બનાવી? ત્યારે શું રાંધણકળાનાં નામીચા હુન્નરમાંથી એ પાયક ને પાવરધી છે કે શું? મેહેરાં ડીયર, કેવું અજબ જેવું! એ હીસાબે તો એ છોકરી કોઇ બડી બાહોશ હોવી જોઇએ."

તેમાં શક શું છે, પપા! એવણ એજ નહીં પણ બીજા જાત-જાતનાં હુન્નરોમાંથી બહુ કીસ્બી ને કાબેલ છે!" પીલુ બોલી. "મેં તો મ્યુઝીક ઉપરાંત આજથી એવણ પાસ ચિત્રકળાનાં આર્ટને લગ-તું બી 'લેસન' લીધું છે."

"સીખો-સીખો-એની ઉપરથી તમુને કેટલું બધું શીખવાનું છે, દીકરીઓ, કે કોઇબી હુનર શીખેલો કોઈ દહાડે કામનોજ છે." નવાબ સાહેબે પોતાની બેટીઓને શીખામણ આપી. "ઇનસાનની ચલ્લી બધા દહાડા એકસરખી રહેતી નથી. મેહેરાં ડીયર, જો મીસ સનોબર રાંધણુકળામાંબી પાયક હોય તો દરરોજ આપણુને અકેક ઉમદા વાણીની લેહેજત લેવાની મજાહ પડશે."

"નહીં, તમે તેને એ કામ માટે બોલાવી નથી, ખુરશેદ!-એવું વહીતરૂં કરવા એ અહીં આવી નથી. આપણુને ખરાબ લાગે-તમે કંઇ એને એમ રોજ અકેકી વાણી બનાવવાનું કહેતા-બહેતાના જો!'

"વારૂં ડીયર, જેમ તમારી મરજી."

ખાણું ખલાસ થવે બધા જણાં મીસ સનોબરનાં ઓરડામાં ગયાં. તેણી એક આરમ ચેરપર અઢેલાયલી કાંઇ વિચારમાં મશગુલ હતી. નવાબ સાહેબ અને બેગમ સાહેબે પ્રથમ તેણીની તબીયતના ખેર આફીયત પુછી અને તે બાદ આજની સ્વાદીષ્ટ વાણીની કીમતી

શબ્દોમાં વખાણુ કીધી.

મીસ સનોબર તે સાંભળી શરમાઇ ગઇ!

"મને કંઇ એ હુન્નર બરાબર આવડતો નથીજી. એ 'ડીશ' મને જેવી તેવી આવડતી હતી તેવી બનાવીછેજી."

"જેવી તેવી કેમ છે? એનો સ્વાદ તો અમો બધાંનાં દાંતમા રહી જશે.' અને આહી તેઓ છુટાં પડયાં.

દર દહાડે મીસ સનોબર નવાબ ખુરશેદજંગનાં આલીશાન મકા-

નમાં વધુ માનીતી થઇ પડી, બેગમ સાહેબ મેહેરબાનું તો હવે તેણીને પોતાની પેટની દીકરી મીસાલ ચાહવા લાગ્યાં.

તેણીને ઘરમાં ખબર પડી કે જાતજાતનાં પકવાનો ખાવાનો તેણીનાં પપાને બહુ શોખ છે, જે ઉપરથી મીસ અવારનવાર એહેવા ઉમદા વાણી ટેબલપર રજુ કરતી હતી, જે નવાબ અને તેવણનું કુટુંબ ઘણા હરખથી હોંસે હોંસે ખાતું હતું.

મીસ સનોબર એટલુંજ કરીને રહી નહી. તેણીએ હળવે હળવે શીફતથી તે પણે નવાબજાદીઓને એ હુન્નરનો શોખ લગાડયો, અને પોતાની નોકરીને એક મહીનો નહી થયો તેટલાં શીરીન, ગુલ્લા અને મીનાં પોતે પણ ઉલટથી કેટલીક વાણીઓ પોતાનાં હાથે બનાવતા શીખીને "પપાજીની શાબાશી" મેળવી ચુકી હતી!

નવાબ સાહેબ તેણીની આવી બાહોશી જોઇ એટલા ખુશ થઇ ગયા કે બીજેજ મહીનેથી તેણીનાં પગારમા આપખુશીથી વધારો કરી માસીક રૂ ૩૦૦) નું લવાજમ કરી આપ્યું.

પ્રકરણ ૨૩ મું.

એક દગાખોર દોસ્ત.

[દોહરો]

છીપ ઘણી જોતા જડે, મોઘુ મોતી જેમ;
સત્ય મિત્ર સંસારમાં, મળવા મુશ્કિલ તેમ.

(દિલજાન.)

સાંજનો વખત હતો.

ગુલશનાબાદનાં સુબા નવાબ સાહેબ ખુરશેદજંગ બહાદુરનાં "ખુરશીદ મીનાર"માં બેગમ મેહેરબાનુ સાહેબની ૪૮ મી વરસગાંઠની ખુશબખ્તીમાં નવાબ સાહેબનાં બોહોળાં મીત્રમંડળને નોત્રેલું હોવાથી એક દીલકશ મેળાવડો મચી ચુક્યો હતો. રાત્રે એક બાદશાહી "ડીનર" હતું અને તેની ભારી ધામધુમ ચાલી રહી હતી. એ તેજ દીવસ હતો કે જે દીને આવનારા મેલમાં નવાબ સાહેબનો નવો પારસી પ્રાઇવેટ સેક્રેટરી મુંબઇ તરફથી આવનાર હતો.

પરોણાઓની આમદથી આગલું દીવાનખાનું ચીકાર થઇ ગયું હતું. ત્યાં તરેહવાર રમત ગમતો ચાલી રહી હતી અને રાતનાં ખાણાં પછી એક મોટો "બોલ" નો મેળાવડો થનાર હતો. નવાબ સાહેબ અને બેગમ સાહેબ પોતાની બેટીઓ જોડે આગલા દરવાજાપર હાજર રહી આવતાં પરોણાઓને બા-ઇઝત હસને ચહેરે "રીસીવ કરતાં હતાં.

જ્યારે આવતાં પરોણાની આમદ પુરી થઇ ત્યારે તેઓ દીવાન-ખાનામાં ફરી વળ્યા અને દરેક જણ સાથ કાંઇને કાંઇ "બબ્બે બોલ" બોલી તેમની ખેર આફીયત પુછતાં આગળ વધ્યાં. નવાબજાદીઓનો ઠઠેરો આજે ભારી હતો અને તેમની મ્યુઝીક માસ્તર મીસ સનોબર દાવર પણ તે દીવાનખાનામાં હાજર હતી. તેણીનો પોષાક પ્રસંગને અનુસરતો કીમતી પણ સાદો હતો. આટલું છતાં તે દીવાનખાનામાં ભેગી થયલી ડઝનબંધ રૂપસુંદરીઓમાં સઉ કોઇની નજર તેણી ઉપ-રજ ટીકાયલી હતી. દરેક બાનું અને મહરથોમાં છુપી પરપુછ થતી કે

"આએ ખુબસુરતીની પુતળી કોણ?" અને જ્યારે તેઓ જાણતાં કે તેણી નવાબજાદીઓની નવી મ્યુઝીક માસ્તર" છે ત્યારે સઉ કોઇ તેની અસુક ખુબસુરતીથી દંગ થઇ જઇ તે ત્રણે નવબજાદીઓને મુબારક બાદી આપતાં હતાં.

"મી૦ પેસ્તનજી હજી આયા નહી કે?" પરોણાઓમાં ફરી વળ્યા પછી બેગમ સાહેબે એક કોરાણે જરા રેસ્ટ લેતાં નવાબ સાહેબને પુછયું.

"નહી, હજી નથી આયા. મેં હમણુંજ તપાસ કીધી—આજે મેલ હું લેટ છે અરધા કલાકમાં આવી પુગશે એમ સ્ટેશન પરથી ખબર મલીછ."

"એમ કેમ થયુ વારૂં?"

"કોઇ જગે કાંઇ હરખત થઇ હશે."

અહીં સાજનો વખત પુરો થવાથી આખો "ખુરસીદ મીનાર" ભભુકદાર રોશનીથી ઝલઝલી રહયો. આ વખતે નવાબજાદીઓ પોતાની મ્યુઝીક માસ્તર જોડે દીવાનખાનાની દીવાલપર ટાંગેલું એક રંગીન "હીસ્ટોરીકલ પીકચર' જોતી ઉભી હતી. મીસ સનોબર તેમને તે તવારીખરૂપી 'પીકચર' ની હસને ચેહેરે સમજ આપતી હતી.

"આએ પીકચર પપાનું ઘણુંજ માનીતું છે" ગુલ બોલી. "પણ કેવું અજબ જેવું કે એની એવી રસીલી તવારીખથી આપણે આજ સુધી બીનમાહીતગાર હતાં!" તેણી પોતાની બેહેનોને કહેતી સંભળાઇ અને તુરત મીસ સનોબર તરફ ફરી બોલી; "મીસ સનોબર,પણ

તમે હરેક બાબતમાં પાછવરહાં ને પાકકાં કે, હેં ? મને તો આ તમારી અદેખાઇ લાગેછ !"

મીસ સનોબર હસી—તેણીએ કાંઇ જવાબ આપ્યો નહી. પણ તેજ વખતે આગલા દરવાજામાં એક જવાન પારસી ગ્રહસ્થ દાખલ થયો અને તેને નવાબ સાહેબે "શેકહેન્ડ" કરી બેગમ મેહેરબાનુ સાથ 'ઇન્ટ્રોડ્યુસ' કરતાં કહ્યું; "મેહેરાં, એવણ મારા નવા પ્રાઇવેટ સેક્રેટરી મી૦ પેસી પીલચર !"

"તમોને જોઇને હું ઘણી ખુશી છું, મી૦ પીલગર, આજે 'મેલ' એટલો 'લેટ' કેમ થયો ?"

"જી, ટાંન્ડુરના સ્ટેશનપર 'એનજીન' બીક થઇ જવાથી અમે 'લેટ' થયા." પેલા જવાન ગ્રહસ્થે જવાબ આપ્યો. પણ એજ વખતે નવાબજાદી ગુલાં સાથ દીવાનખાનાની ભભુકદાર રોશની વચ્ચે પોતાની અજાહદ ખુબસુરતીથી સર્વનું ધ્યાન ખેંચી રહેલી મીસ સનોબર પર તેની અચણુચ નજર પડી ગઇ અને તેજ પળ તે ચમકી પડયો !

"માઇ ગૉડ ! વૉટ આ પ્રેટી ગર્લ !—ઓહ ! પણ એ કોણ ?—એનો ચેહેરો મને ધ્યાનમાં આવેછ." તે મન સાથ અચરતીથી ફાટી રેહેતાં પટપટયો. એ તો નકરી નાજાં !—મારા રૂસી ડીયરની નાજાં—ખચીત ખચીત તેજ—તેજ—ધીમ સે ફેસ !—ધી સેમ લેડી !—ઓ એ અહીં ક્યાંથી ? રખેને આગ્ગે તરફ નીકળી આવી હોય ?—કંઇ ફીકર નહીં—જે હશે તે આપ મેળે જણાયા કરશે."

તે હજી કાંઇ વધુ વિચાર કરે તેટલાં નવાબ સાહેબનો કારભારી તેને નવાબ સાહેબનાં હુકમથી તેનાં ઓરડામાં લઇ જવા આવ્યો,

જેની સાથ તે તુરત વેળા ખુરશીદ મીનારનાં અંગે મરમરનાં ચકાદાર દાદર ચઢી બીજા મજલાપર ગયો.

" અહીં કોઇ જવાન પારસી બાનુ નવાબ સાહેબને ત્યાં નોકરી-પર આયાંછ ?" તેણે પેલા પારસી કારભારીને પુછ્યું.

" હા સાહેબ, તમે મીસ સનોબરને સારૂ પુછોછ કે ?"

પેસીએ " હા "નું મોઘમ ડોકું હલાવ્યુ.

" હાજી, તેવણ અમારી નવાબજાદીઓનાં ' મ્યુઝીક માસ્તરણ ' થાય "

" એવણ કયારથી નોકરી, રહ્યાંછ ?'

" હજુર તો દોઢેક મહીનોબી નથી થયોરે, મારા મહેરબાન! પણ ઘણાંજ મજેહનાં છે જો-ઘઅણાઆંઆંજ મજેહનાં! અમારા નવાબ સાહેબ ને બેગમ સાહેબ તો એવણપર બધા જીવ-પરાણ કાદા આપે-અકવે! પણ સાહેબને એ બધું પુછવાનું કંઇ "કારણ?"

" બટ-બટ! કારણ શું હોય? હું તો અમથુ સેહેજ પુછુંછ". અને અહી તેણે તુરત વાત ફેરવી નાખી. " એ આજે અહીં બધી ધામધુમ સાની છે ?"

" ત્યારે તમે જાણતા નથી કે સાહેબ?" પેલો કારભારી અચ-રત થઇ બોલ્યો. " એ તો અમારાં બેગમ સાહેબની આજે ૪૮ મા વરસની શાલગીરાહ ઉગી કેની, મેહેરબાન, તેની ખુશીમાં અમારા ઉમરાવ દીલનાં નવાબ સાહેબે પોતાનાં દોસ્ત અશ્નાવોને 'મોટું ડીનર' આપ્યુંછ સાહેબ, ડીનર પછી ' બાલ ' કે ડૅાન્સ હું કીએ તેબી થવાનો-અકવે!"

"ઑલ રાઈટ ! તમે હવે સીધાવો !"

"સીધારવાનું તો ખરૂં, પણ નવાબ સાહેબે ફરમાવેલું છે કે મુસાફરીનો ડરેસ બરેસ બદલી નીચે આવજો, સાહેબ !"

"વારૂં ઠીક–હું આવું છું—તમે જાઓ."

*　　　*　　　*　　　*

"થેંક ગૉડ !–હું કેવો ભાગ્યશાળી છું કે નાજની શોધ કરવાનું માન મારા નસીબમાં લખાયલું છે !" પેગી પીલચર એક ઈઝીચેરપર અઢેલાઈ આરામ લેતાં મુછ મરોડતો બબડ્યો. "આહ ! એને પેહેલવેહલી જોતાંવાર હું મારૂં ભાન જાણે ભુલી ગયો ! એ છોકરી–છોકરી ! તું હદને દરજજે મેહક ને મધુરી છે ! હું નહી જાણતો હતો કે મારા ફસીની પીત્રાઈ બેહેન એટલી હદ સુધીની હેન્ડસમ છે ! બચ્ચા પેગી ! તારૂં જીગર આજે અંદરથી ધડકે છે કેમ ? મુજ બમાં પોણોસો રૂપરડીમા ગધ્ધા મેહેનત કરતો તો પણ નસીબદેવી તારાપર ખરેજ પ્રસન્ન થયલી હોવી જોઈયે કે ૩૦૦ રૂપીઆના એક ઑફીસરને છાજતા મોટા પગારની આએ નોકરી મને એકદમ મળી ગઈ ! થેંક ગૉડ !–વગર શકે હું ખુદાનો આભારી છું. આવી સરસ નોકરી મળવા સાથ વળી આવી એક 'ટાઈપ આફ બ્યુટીઝ'ની જોડાજોડ રહેવાનું !"—અહી તે જરા થાભ્યો—"મારી ઉપર નસીબદેવી કંઈ વધુ મેહેરબાન તો થવા માગતી નહી હોય ? મારૂં ને એ ખુબસુરત છોકરીનું અહી લગભગ એકજ વખતે ભેગાં થવું કંઈ જુદો રંગ તો નહી પકડવાનુ હોય ? ઓ બાઈ જો !–એમ કાંય નહી હોય કે એ કસ્તમને ચાહતી નહી હોય !–ને તેથીજ આએ તરફ નીકળી આવી હોય ?" સેવકપર એ ગોરી કંઇ ખાટી મીઠી મરજી કરે



પોલ બોલી ' મેં તો મ્યુઝીક ઉપરાંત આજથી,
એનાજ પાસે ચિત્રકળાના આર્ટને
લગતાં લેસન લીધાં "

(જુઓ પાનું ૧૮૯)

કેની તો માઇ ગૉડ!—મને તો ખોદાયજીજ પાય જો! નેવર માઇન્ડ, વખત પોતાનું કામ કર્યા વગર રહેવનો નથી. ધીરજથી—સીફતથી સેવકજી પાસો અજમાવી જોશેજ તો! એ થોડી જાણેછ કે હું રૂસ્તમનો ફ્રેન્ડ થાઉંછ. અરે ફ્રેન્ડ ને બેન્ડ! એ તો જેના 'હાથમાં તેનાં સાથમાં!' કંઇ રૂસ્તમનેજ પરણવાનો જન્મી ત્યારથી ખોદાયજીને ત્યાંથી પરવાનો બરવાનો થોડો લાઇ આવી કે મેં મારો હાત નહી અજમાવવો? બા આજનો જમાનોજ ચીજ્ઝડકનો છે. પેલા અમેરીકનોમાં કહેવત છે તેમ "બનાવ, નહીં તો કોઇ બનાવી દેશે!" ત્યારે સેવક કંઇ બની શકતું હોય તો કાંય નહી બનાવે? એવા નાજુક સવાલમાં બા આપણેથી કંઇ દોસ્તી બોસ્તીનો તરીકો જલવાય બલવાય નહી પણ ચાલ હવે જરા ડરેશ કરીને નીચે જતે! આએ "ખુરશીદ મીનાર" તો હલી મલી રહયોછ. નિઝામ હેદરાબાદની નાઝનીનોને પારખવાની આજે પહેલ્લેજ દહાડે મને સારી તક મળીછ." એમ બોલી પલકમાં પલટી ગયલા તે દગાખોર દોસ્ત ઉઠયો અને હાથ મોહડું ધોઇ કપડાં પેહેરી તઇયાર થઇ બાલ હોળવા સારૂ એક આલમાછરા સામે જઇ ઉભો.

અહીં તે મુઝને મરોડ દેનો આરસીમાં પોતાનું આખું બદન નીહાળતો હતો. આ વખતે તેનાં મગજમાં નાજનીનોજ ખ્યાલ હતો. તેને અચાનક એક શેહતાનીયત ભરેલો ખયાલ ઉપજ્યો. "આહ! બેહડો પાર!" તે પાછું બડબડયો. "આએ સામેની આરસીમાં કોણ દેખાડેછ? નરો જાણે રૂસ્તમ શેમર! આબાદ રૂશી-જરાબી ફરક નહીં મારો ને તેનો ચહેરો કુદરતે કંઇ એટલી અજાયબ હદ સુધી એકમળતો કીધેલો છે કે અમોને જોનારાઓ ઘણીવાર ઠગાઇ જાયેછ રૂસીનાં મઘર

પોતેજી ઘણીવાર મને 'દીકરા રૂસ્તમ, કાહથી આયો ?' કહી ઠમાતાં હતાં તે ? વાહ! તાલ તો ખાસ્સી બેઠી! હું નાજાંની સામે રૂસ્તમ શેમર તરીકેજ રજુ થાઉં તો શી હરકત છે? હું તેને કહેવસ કે તું અચણુચ વગર કેહવે ગુમ થઇ ગઇ તેથી હું તુને શોધનો શોધનો અહીં આવી લાગો' કેમ? હા યાર! ઘણીજ ઉમદા તાલ છે! એ મીકુન લગાડયા વગર એ પોટ્ટી હાથમાં આવવાની નથી!—એમજ—એમજ—બસ એમજ રીતે કામ લેવું' માલેક મેહેરબાન તો ગઢા પહેલવાન! એક પાસો ફેરી તો જોઉં? કીસમત કઇ યારી આપેછ?"

આટલું વિચારી તે ઝડપથી નીચે ઉતરી ગયો અને તે ટીળખુશ મેળાવડામાં ભરાઇ ગયો.

પ્રકરણ ૨૪ મું.

એક ભયંકર દગો.

(દોહરો.)

પાપી પડશે પાપમાં, હઇયું ભલ હરખાય.
હાદી દુનિયામા કદી, "દગો સગો નહિ થાય."

(દિલજાન.)

તે પાપીએ બાચિની તરક ખોટી નહી હતી. તેનો અને રૂસ્તમ શેમરનો ચેહેરો, કદ, દેખાવ, રૂપરંગ દરેક ચીજ એકમેકને એટલાં મળતાં હતાં કે આ ઠગબાજી સહેલાઇથી ફાવે એમ હતું.

પેલી તરફ નાજાંની હાલત શી હતી? જ્યારે પેમી પીલચરને

નવાબ સાહેબ પોતાનાં બેગમ જોડે આગલા દરવાજાપર 'ઇંનટ્રોડયુસ' કરાવતા હતા, ત્યારે તેણીને એક અચબુચ નજર તે દેખાવપર પડવા પામી હતી. તેણીને એક પળ એવુંજ લાગ્યું હતું કે તેમની જોડે વાત કરતો ઉભેલો જવાન તેનો વ્હાલો રૂસ્તમ રેમર પોતે હતો!

પણ હજી તેણી શંકાશીલ હતી. તેણીએ તેને પાસેથી જોયો ન હતો. તેણી તેને ફરીથી જોવા માગતી હતી.

"રખે એણે આખરે મને શોધી કહાડી હોય?" તેણીએ જરા શંકાશીલ બની મન સાથ વિચાર્યુ "પણ રૂસ્તમ અહી અહીં આવેજ કેમ? તેને મારી ખબર મળેજ કેમ? હું તો અહી મીસ સનોબર દાવરના છુપા નામ હેઠલ રહેલી છું વળી એ તો નવાબ સાહેબનો નવો પારસી સેક્રેટરી છે. રૂસ્તમ પોતાની આવી સરસ મુબઇની નોકરી મુકી અહીં આવે એ મને માનવાજોગ લાગતુ નથી-પછી તો ખુદાને ખબર!'

આ વિચારોમાં તેણી મસ્ત હતી તેટલાં બેગમ મેહેરબાનું પાસે પેસી પીલચર સાથ તેણીની આગળ આવી લાગ્યાં.

"નવાબ સાહેબનાં નવા પ્રાઇવેટ સેક્રેટરીને તેં જોયા કે, દીકરી" તેણે સવાલ કીધો.

"નહીંજી."

"તેવણ આએ બહરથ—આજેજ—હમણાજ એક અરધા કલાકપર મુબઇથી આયાછ મી. પેસી પીલચર—અને એવણ મારી દીકરીઓના નવાં મ્યુઝીક માસતર મીસ સનોબર દાવર!" બેગમ સાહેબે બેઉને 'ઇન્ટ્રોડયુસ' કરતા કહયું.

તેણી ચમકી!

"અરે એ તો મારો દુલ્લા રોમર!–આખરે ત્યારે મારો શક ખરો પડયો?" તેણી મન સાથ બુરું પટપટી.

તેણીએ દુરજનો માર્યો પેસીનાં હાથમાં "શેકહેન્ડ" માટે પોતાનો હાથ આપ્યો ખરો, પણ પેસી એક ઝટકે પામી ગયો–અને મન સાથ ખુશ થયો કે તેને રૂસ્તમ રોમર તરીકે ઓળખીનેજ તેણીનો ધ્રુજતો હાથ ટડોગાર થઇ જવા પામ્યો હતો!

તેણીનાં ગભરાટનો પાર ન હતો. તેણીના ચહેરાપર એક વિજળીક ઝડપથી પ્રથમ રતાસ પેદા થઇ તે ઝટ ફીકાસમાં ફેરવાઇ ગયો! તે પળે તેણીએ શું કરવું તે તો તે બાપડીને સુઝ્યુ નહી, તોપણ બેગમ સાહેબને કાંઇ શક ન પડે તેટલાં માટે સહેજ હસીને તેણી તુરત બીજી બાજુએ વટકી ગઇ!

"દાદાર અહુરમજદ તારો આસરો!" તે પાપી મન સાથ પટપટયો. "પેહેલીજ ગોળી શિકારપર સાબુત કારગાહ થયલી લાગેછ. હવે તુરતવેળા એને વધુ ભડકાવવામાં સાર નથી. જરા શાંત પડવા દઇ ખાણું ખલાસ થવા પછી વાત;" એમ બબડી તે એક ખુણાંમાં બેસી ગયો.

તે ખાણું એક બાદશાહી ખાણું હતું. નવાબ સાહેબના મોટાં નામ, કામ અને ઓહદા લાગવગ મુજબ સેંકડો પરોણાંઓ ઉતરી પડેલાં હોવાથી તે જંગી દીવાનખાનાનો દેખાવ એક બાગે પરસ્તાનમઃ ગોયા ફેરવાઇ ગયો હતો!

"ડાઇનીંગ રૂમ"માં ખાણાંની ટેબલોની હાર ને હાર લંબાઇ હતી. અંતે તે ખાણું પુર ફતેહમંદી સાથ પસાર થયું અને પરોણાઓ પાછા

આગળમાં દીવાનખાનાગમાં આવ્યાં. હવે ધીમેધીમે "બાલ" અને "ડાન્સ" ની તઇયારી થવા લાગી. જેમ જેમ વખત વેહતો ગયો તેમ તેમ તે દિવાનખાનામાં ભારે ધુમચકરી વધતી ગઇ. કેટલાંક પરોણાઓ બગીચામાં ઉતરીને સેહેલ કરવા પડયાં. આ વખતે પેલા પાપી પેસીએ મીસ સનોબર કયાં હતી તેની શોધ પાછી ચલાવવા માડી.

તે આખું દીવાનખાનુ ફરી વળ્યો પણ સનોબર તેને જણાઇ નહીં. પેલી નવાબજાદીઓ તો પોતપોતાની સહી-મીતીઓ જોડે તરેહવાર રમત ગમતમાં મશગુલ થઇ ગઇ હતી. તેમની પાસ સનોબર હતી નહી એમ જોઇ તે હવે બાગમાં ઉતર્યો, પણ આખો બગીચો ખોળી મારવા છતા ત્યાં તેણી મળી નહી, જેથી તે પાછો ઉપર આવ્યો. હવે તે દીવાનખાનાની અત્રાફની ગેલેરી તરફ ગયો, જયાં તેની મોટી અજાયબી વચ્ચે તેણે તેણીને તે ગેલેરીના કટેરા ઉપર પોતાનાં બેઉ હાથપર ગાલ ટેકવી અરધી વાંકી વળીને એક ખુણામા એકલી કાંઇ વિચારમાં ઉભેલી જોઇ!

તે ધીમેથી પોતાની હાજરી તેણીને નહીં જણાય તે રીતે તેણી તરફ ગયો અને એક મીનીટ તેણીની પાછળ ચુપચુપ ઉભો રહયો. તે પછી તેણે ધીમેથી તેણીનાં ખભાપર પોતાનો અલગો હાથ મેલી પુછયું? કેમ છેતો મીસ નાજાં રેમર!

નાજાંએ આ શબ્દો સાંભળનાંજ ચમકી પીઠ ફેરવી જોયું; તો પેસી પીલચર આબાદ જાણે રૂસતમ રેમર—તેણીની સામે પોતાનાં હાથ ઝટ પીઠ પાછળ લઇ જઇ હસતે ચેહેરે ઉભેલો હતો!

"મીસ નાજાં રેમર!—કંઇ ખુબ વિચારમાં અહીં એકલાંજ ઉભાંછ?"

"કોણ કહેછ કે હું મીસ નાઝાં રોમર છું ?"

"રૂસ્તમ રોમર-તમારા કાકાનો દીકરો-કહેછ કે તમે મીસ નાઝાં રોમર છો !" પેમીએ ઝટ જવાબ આપ્યો.

"તમે અહીં કંઇ ભુલ કરોછો, સાહેબ !"

"જરાબી નહીં. મીસ સનોબરનાં નકલી નામમા તમે અહીં સંતાયલાં છો. પણ રૂસ્તમ રોમરની પ્યારની આંખો પોતાની પ્યારી નાઝાંને ઓળખવામાં કદીબી ભુલ કરવાની નથી !"

નાઝાં ચુપ થઇ ગઇ ! તેણીએ વિચાર્યું કે આ જવાન જો રૂસ્તમ પોતે નહીં હોય અને કોઇ બીજોજ હોય તો તેણીને આમ ઓળખી શકેજ કેમ ?

તેણી ઠગાઇ !-ગરીબ બીચારી !-એક સરખા ચેહરાએ તે ભોળી કુમારીકાને ભોળવી નાખી !

"નાઝાં-પ્યારી નાઝાં ! હવે એ બધા ઢોંગ બાજુએ મુક ! મેં તુને સાબુત પકડી કહાડીછ. તું બીજાંઓને છેતરી શકશે પણ તારો સાચો આશક રૂસ્તમ રોમર કદી છેતરાવાનો નથી. કાકાજીનું વાલ વંચાયા બરાબર તું મુંબઇથી ગુમ થઇ ગઇ, પણ અને મેં તારી ભાલ મેલવી !

"પણુ તમે તો અહી પેસી પાલચરને નામે આયાછ-તમે રૂસ્તમ રોમર હો તો નામ બદલવાનું કારણ શું ?"

"તેં તારૂં નામ કાંય બદલ્યું, નાઝાં, ? જેમ તું અહીં છુપે નામે આવીછ તેમજ હુંબી આયોછ. શું તું ના પાડેછ કે હું રૂસ્તમ

રોમર નથી.

નાજાંથી ના કેમ પડાય ?-તેજ ચેહેરો—તેજ અદબ અદા-તેજ પેશાની, તેજ રંગ રૂપ, ત્યારે નાજાં કેમ કહી શકે કે તે રૂસ્તમ રોમર ન હતો ?

"અહીં કોઇ આવી લાગશે, ડીયર, માટે આપણે બાગના પાછલા એકાંત ભાગમા જઇ નીરાંતે બેસીને વાત કરીયે." પેના પાપીએ તેણીને વીચારમાં પડેલી જોઇ હીમતથી ચલાવ્યું. "મારે તારી સાથ વાત કરવીછ."

"નહીં રૂસ્તમ, હું ત્યાં આવી શકતી નથી. તમે ભલે મને શોધી કહાડી હોય, પણ ખુદા ખાતર અહી કોઇને વેહેમ પડે એવી રીતે મારી સાથ તમે વરતશો ના."

"શું બોલી ? નાજાં વહેમ પડશે ? શાનો વેહેમ પડે ? ત્યારે તું શું એમ કહેવા માગેછ કે આટલી આટલી જેહમતથી મેં તને શોધી કાહડયા પછી હું દુર થાઉં ?—તારાથી દુરનો દુર રહું ?—કાંય ?—શાને માટે ?—તે મારેથી હવે હરગેજ બનવાનું નથી !"

"પણ તમે કહેવા શું માગોછ ?

"વળી શું કહું ? ખુદાએ આપણુને લાંમી જુદાઇ પછી મેળ-વ્યાંછ તો હવે લગનનાં ગાંઠથી જોડાઇને આપણે એક થઇયે."

"ઓ નહી ! હાલ તેનું મારે કશું કરવું નથી ! વખત આવ્યે સૌ થઇ રહેશે."

ગેસી આ જવાબ સાંભળી અચકી ગયો. તેણીને હવે કેમ મના

વળી તે બાબે તે પાપી જવાન પોતાનાં મન સાથ તરેહવાર કલ્પના ચલાવતો થોડીવાર ઉભો.

આ વખતે નાજાંને એક વહેમ પડયો. તે રૂસ્તમ રોમરનાં ચેહેરાને આબાદ મળતો આવતો હતો ખરો. પણ પાપી પેસીની બે ચોકકસ ખાસીયતોપર ખાસ ધ્યાન ખેંચાવાથી તેણી અહીં કાંઇક સંકાશીલ બની.

પેસીને આખો વખત પોતાની આંખ પીલપીલાવ્યા કરવાની અને કોઇ સાથ વાતચીત કરતો હોય ત્યારે ડાબી બાજુનું ખભુ વારંવાર હીલાવ્યા કરવાની કુદરતી આદત હતી, જે આદત તેણીએ પોતાનાં વ્હાલા રૂસ્તમમા કદી જોઇ ન હતી!

"રખેને હું કોઇ મળતા ચેહેરાની મુશકેલીનો ભોગ થઇ પડી હોઉં? મારો રૂસી પોતાની આખ આખો વખત ચુંચી ક્યારે કરતો હતો? વળી તેનું ડાબું ખભુ ઉંચું–નીચું ક્યારે થયા કરતું હતું? રૂશીને નામે કોઇ ભલતોજ જવાન મારી ખુબ-સુરતીપર લોભાયો તો નહી હોય?' તેણીને એક પળ આ શંકા ઉપજી, પણ બીજીજ પળે બીજો વિચાર પેદા થયો કે "આ કોઇ પારકો જવાન હોય તો રૂસ્તમ રોમર સાથનાં મારા પ્યારની વાત તે કયાથી જાણે? જે વાતથી ખુદ મારાં મમ્મા, ભાઇ ફીરોજ અને બેહેન આલાં વટીક અંજાણાં હતાં, તો આ કોઇ પારકો જવાન તે ભેદ પામેજ કેમ? નહીં મારો વ્હેમ ખોટો છે. એ જ્યાં છે ત્યાં મારો રૂસી પોતેજ છે! મારી જુદાઇ એ ખમી શકયો નહીં અને તેથી મારી પુઠ પકડીને એને મને શોધી કહાડીજી. જે કુટુંબમાં હું નોકરી છેઉં તેજ કુટુંબમાં નોકરી

મેળણી પોતાનું નામ બદલીને એ આવેલો લાગેછ !"

ગરીબ બીચારી ભોળી કુમારીકા ! તેણીને ઊપજેલા સાચા શકને તેણીએ અહીં તરછોડી કાઢયો !–"એ રૂસ્તમ રોમર પોતે છે" એમ તેણીએ માની લીધું, પણ હજી વધુ સાવધ રહેવાને મન સાથ તેણીએ મક્કમ ઠરાવ કીધો.

" તું શું બોલી, નાજાં, હાલ તેવું કશું કરવું નથી ? એટલે તેને અર્થ શું ? શું તું મારો પ્યાર ના પાડેછ ? તું મને હવે ચાહતી નથી કે શું ? "

" હું તેમ કહેવા માગતી નથી. "

" ત્યારે શુ કહેવા માગેછ ? "

" એજ કે પારકાં ઘેરમાં–પારકે ઠેકાણે આપણું અચણુચ મળવા પામ્યાંછ, માટે અહીં આપણે એકમેકને ઓળખતાંજ નહી હોઇએ તે રીતે આબરૂ દરકારથી રેહેવું જોઇયે. "

" અને તે કયાં સુધી ? " તે પાપીએ અધીરો પડી પુછયું.

" મારી મરજીમાં આવે ત્યાં સુધી ! ઓછામાં ઓછું એક વરસ છ મહીનાબી તેમ બનવું જોઇએ. "

" કદી બનશે નહી–મેં તુંને શં શું ઝેહમતે શોધી કહાડીછ તે તું જાણેછ ? નાજાં ડીયર, હું તો આજથી આઠ દહાડામાં તારી સાથ પરણવા માગુંછ–અને તેબી અહીંજ ! "

" ઓ મારા ખુદા ! એ કેમ બને ? રૂસી–રૂસી, જરા તો વિચાર–"

" નહીં મેં પુરતો વિચાર કીધોછ. આપણા જાલકાકાએ તુંને

પોતાનાં વારસામાંથી બાતલ કીધી તે કોણને લીધે કીધી તે હું સારી પેઠે સમજુ છ. મારી સાથનાં તારા સાચ્ચા પ્યારને લીધે તે તારો વીસ લાખનો બાદશાહી વારસો ખોહી દીધા પછી હવે હું જો તુંને મારા આસરામા નહીં લેઉં તો મારે જેવો મુરખો દુન્યામાં કોઇ કહેવાય નહીં. નહીં નાજાં, હવે મારે વધુ વખત થોભવું નથી આજથી બરાબર આઠમે દહાડે હું તુંને મારી કરવા માગુ છ જો તું મારૂ નહી માનશે તો હું નવાબ સાહેબ અને બેગમ સાહેબ આગળ તારો ને મારો તમામ ભેદ ફોડી આપશ. શુ તેવો રૅસ્તો જોવાને તું રાજી થશે ?"

"ઓ નહીં ! તેમ હુ થવા દેવાની નથી !" તેણીએ ગભરાટથી કહ્યુ.

"જો તેમ થવા દેવું નથી તો મારી માગણી એકદમ કબુલ કર ! નાજાં ડીયર ! વરસ છ મહીના પછીબી આપણે જે રસ્તો લઇશું તે હમણાંજ કાંય નહી લઇયે ?" તે પાપી જવાને હુજત લીધી.

નાજા લાજવાબ થઇ ગઇ !

તેણીએ વિચાર્યું કે "રૂસી" નું કહેવું ખોટું તો નહીજ હતું !

"પણ એ વાત આપણે કેમ જાહેર કરી શકશું ?"

"તે હું પોતે બધું સરસ રીતે કરીશ—તેં તે બાબે કશી ચિંતા કરવી નહી. હું કાલ ને કાલ બેગમ સાહેબને જણાવસ કે તમારી શાહગીરેદ મને તમારે ત્યાં પગ મુકતાના વારમાં ફુલીછ. હુ કેહવશ કે ગેઇ કાલેજ અમે અરસપરસ પાક પસંદગીથી એકમેકને કોલ આપી એક થયાંછ, વાસ્તે, હવે આજથી સાતમે દહાડે અમોને ચાર ચોખા છંટાવી આપો !"



એક અજાણ [illegible] પોતાના હાથ [illegible]
ને પાણીના [illegible] બચાવી લીધો

(જુઓ પાન [illegible])

"તે હસી ?–આપણે બધાંની હસીમાં—"

"નહીં, આપણે બધાંની અજાયબીમાં પરણી જઇશું. પરણ્યાં પછી તારી મરજી હશે તો આપણે અહીંજ રહીશું ને નહીં તો પાછાં મુંબઇ જઇશું. ડીયર, એ બાબતમાં હું તારી મરજીથી બાહેર જનાર નહી, પણ હવે લગન તો આજથી આઠમે દહાડે થવાંજ જોઇએ! જરા પાસે આવ કલેજા-મને એક ખાસ આપ!" અને અહીં તે પાપી પુરૂષે તેણીનો હાથ પકડી તેને પોતા તરફ ખેંચી.

પણ નાજનં હજી પેલી "ચુંચી આખ" ને "હીલનાં ખભા" માટે કાંઇક શકમંદ થયુંપડ્યું હોવાથી એક ઝટાટ મારી તેણીને પોતાનો હાથ ઝટ તે પાપીના હાથમાંથી ખેંચી લીધો.

"હું હાલ એવું કશુ કરવા દેવાની નથી!" તેણીએ લગાર ગુસ્સાથી જવાબ આપ્યો. "આપણે ક્યા ઠેકાણે છીએ તેનો જરા ખ્યાલ કરો, રૂસ્તમ!–કોઇ અહીં અચાનક આવી લાગ્યું તો આપણે માટે શું ધારે? જ્યાં સુધી આપણે શાદીથી એક થઇયે નહીં ત્યાં સુધી તમે મારાં દામન તમારાં આગળી પણ લગાડવી નહી!"

"એહે? તમારી એવી મરજી છે, મડમ સાહેબ?"

"હા–એ હું એક ખાસ શરત આપણી વચ્ચે કરવા માગું છું."

"જેમ તારી મરજી, ડીયર!' પેસીને તેણીએ જ્યાં ત્યાંથી તુરતવેળા રાજી રાખવાની પાપી મકસદથી કહ્યું. "પણ આજથી આઠમે દહાડે—"

"હા, તે મને કબુલ છે તમે મનું કેહેલી આપવાની સમજદાર

આપોછ ત્યારે બેહતર રસ્તો એજ છે કે ભરી આબરૂમાં—"

'હવે કેવી ડાહી લાગેછ, મારી ડારલીંગ !–ત્યારે હું કાલે સાંઝે એકાંત તક જોઇ બેગમ સાહેબ પાસે વાત છેડસ ને તેવણુજ આપણાં લગનને લગતી બધી તઇયારી કરશે, કેમ ?"

'જેમ તમુને ગમે તેમ-ચાલો હવે હું જાઉછ. પણ સાંભળોછ કે ફરી, તમે વારવાર મને મલવાની કોશેશ કરતા ના કોઇ વખત નડીચપણે મલશુ તેટલાપરજ સંતોષ પકડજો. "સાહેબજી !"

પેસીની ઘણી મરજી થઇ કે તેણી ત્યાં હજી વધુ વખત થોભે, પણ નાજનં ત્યાં થોભી નહી. તેણી લાગવી ગેલરીપરથી ચકરાવો લઇ પોતાના ઓરડામા ગઇ અને બારણું અંદરથી બધ કરી એક આરામ ચેરમા અલેટાઇ પોતાના તકદીરની આ વિચિત્ર તાસીરપર હેરત થતી તરેહવાર વિચારમાં પડી !

પ્રકરણ ૨૫ મું.

"ચોરપર મોર !"—એક લગનના બે "વરરાજા !"

(દોહરો.)

"કહિયે તેનુ પામિયે દગો કગો નહિ થાય;
"અંધારૂં દીવા તળે લોભે લક્ષણ જાય.

(દિલકહન.)

બીજે દીને પાપી પેસીએ પોતાનાં ઓધ્ધાનો ચાર્જ લીધા પછી સાંજે એક એકાંત તક જોઇ બેગમ મેહેરબાનું આગળ મીસ સનોબર (ઉરફે નાઝાં રોમર) ને લગની પોતાની ફીદાગીરી જાહેર કરી સાતમે દીવસે લગન કરી આપવાની માંગણી કીધી તેણે બેગમને સમજાવ્યું કે તેણીને તેણે અગાઉ મુંબઇમાં જોઇ હતી ત્યારથીજ તેણીપર તે ફીદા હતો જે ફીદાગીરી ગઇ કાલે તેવણનીજ શાલગીરેહના મુબારક દીવસે મીસ સનોબર આગળ રજુ કરતાં તે તેણીએ ખુશીથી સ્વિકારી છે ।

બેગમ મેહેરબાનુ આ ખુશ ખબર સાંભળી હરખાઇ ગયાં તેવણ કોઇનુ બી ભલુ થયતું જોવાને હમેશાં રાજી હતાં પ્રથમ તેવણે તે બીનાથી નવાબ સાહેબને અને તે પછી પોતાની બેટીઓને વાકેફ કીધાં, જેઓ દરેક જણે આ અચબુચ બનાવપર હેરત થઇ મીસ સનોબરને મુબારકબાદીપર મુબારકબાદી આપી. આ લગનની સરવે તઇયારી કરવાનુ બેગમ સાહેબે મીસ સનોબર તરફનાં પોતાનાં વ્હાલને લીધે પોતે જાતે માથે લીધું અને બીજેજ દીવસથી તેવણે દરેક પ્રકારની તરત તઇયારી કરવા માંડી. પેસી અને સનોબરની ખાહેશથી લગન ખાનગીમાંજ ઘરમાં ને ઘરમાં કરવાના હોવાથી નવાબ સાહેબના પાંચ પંદર ખાસ ફ્રેન્ડો સીવાય બીજા કોઇને તેડવા બોલાવવાના નહી હતાં વરરાજા કે વરરાણી તરફથી પણ કોઇ આવનાર ન હતું, એટલે બધી તરવેર બેગમ સાહેબેજ કરવાની હતી. ચાર દીવસમાંતો દરેક તૈયારી તેવણ કરી ચુકયા હતા અને હવે લગનના દહાડાની સૌ કોઇ રાહ જોતા હતાં. નવાબજાદીઓ પણ ખુશખુશ થઇ ગઇ હતી. તે દરેક બેહેનોએ પોતાની માસ્તર ઓફ ન્યુઝીકનુ એમ અચ-

બુચ નસીબ ખીલવા માટે હેરત થઇ પોતપોતાના તરફથી કીમતી ભેટ સોગાદો તૈયાર કીધી.

અંતે લગનનો દહાડો બી આવી પુગ્યો. સહવારથી નાજાં પોતાના વ્હાલા રૂસી સાથ એક થવાના ખુશ ખ્યાલથી અંદર ને અંદર હરખા ઇ રેહી હતી. જો કે પોતાના લગન જેવા યાદગાર દીવસે તેણીને તેનાં મા અને ભાઇ–બેહેનની ગેરહાજરી માટે ઓછું લાગ્યુ નહીં હતુ, પણ સરજતના સંજોગને શરણ થઇ તેણીએ મોટું મન કીધું હતું ગુલશનાબાદનો "ખુરશીદ મીનાર" તે દહાડે પુષ્કળ ધામધુમથી ગાજીવાજી રહયો. બેગમ સાહેબે જે ટુંક પરોણીઓને નોતર્યા હતાં તેઓ સઘળા મોટે ખાચરેનાં અને દરજજાદાર પારસી કુટુંબનાં સ્ત્રી–પુરૂષો હતાં. દરેક પરોણાઓ આ અચબુચ ઠરેલા લગનની વાત જાણી હરખાઇને હેરત થયાં હતાં!

"વરરાજા" (?) ની ખુશાલીનો તો પારજ ન હતો. તેનણ મુછીયાં મરોડતા મનમા ને મનમા એવું એક ફાંકડું બગલુ ઝડપી જવાના ખુશ ખ્યાલથી મલકાયા કરતા હતા. બપોરનુ ખાણુ ભારે ખુશાલી વચ્ચે પસાર થયું અને ખાણાની ટેબલપર "આજની સાજ-વારીનું કામ ફતેહમંદ ઉતરો!" એવી એવી અનેક સલામતીઓ લેવાઇ ગુઇ હતી

અંતે સાંજે સાહજનનો વખત થતાં સીકંદરાબાદના વડા દસ્તુર-રજી સાહેબ પોતાના ગોઠયાઓ જોડે બાઆદરમાન સાથે ખુરશેદ મીનારમાં આવી પહોંચ્યા, જેમને તેમના મોટા દરજ્જાને અનુસરતું દરેક માન કરયા પછી વરરાજાને "નાહન" નહવાડી મીજલસમાં લાવી બેસા-

હ્યા. મીજલસ જો કે ન્હાની હતી, પણ નવાબ સાહેબને ત્યાંનું કામ હતું એટલે તેનો દબદબો ને દમામ પુછવાં પડે એમ ન હતું એક સુંદર મીલીટરી બેન્ડ પોતાના સુંદર સરોદો કાઢી પગેણાઓને રીઝવી રહ્યું હતું.

લગનની ક્રિયા નીચલા દીવાનખાનામાં થનાર હતી, જ્યાં બાનુ-ઓનો પચરંગી મેળાવડો ભાતભાતનાં પોશાકો અને હીરા મોતીનાં દાગીનાંઓથી દીપી રહ્યો હતો મરદોનું સાહજન દીવાનખાનાની બહાર ગેલેરીપર બેઠું હતુ. આજે નવાબજાદીઓનો ઠંડરો પણ ભારે હતો તે ત્રણે "પ્યુપીલો" પોતાની "માસ્તર ઓફ મ્યુઝીક"ની પાસેની પાસે રહી તરેહવાર રમુજથી આજની ખુશબખ્તીને બેવડી ખુશાલી બખશતી હતી

બરાબર છને ટકોરે "વરરાજા" દરવાજાપર આવી ઉભા અને વડી નવાબજાદી શીરીનબાનુંએ તેવણને "આછુંમીછું" કરી માન સહીત અંદર લીધા. તેવણ હસ્તે ચેહેરે ભપકામાં આગળ ધસી પર-ણવાની ખુરશીપર જઇ બેસે, છે તેટલા ત્યાં એક બનાવ બન્યો. ઇનસાન ધારે છે શું અને ખુદા કરે છે શું તેનું તે એક બોધ લેવા લાયક ચિત્ર હતું !

પેલો દગાખોર પેસી નાજાંને રૂસ્તમ રોમરના રૂપમાં ઠગાઇથી પરણવા આવ્યો હતો. ત્યાં હાજર રહેલાં દરેક ઇનસાનો તેનાથી ઠગાયાં હતાં ખુદ "વરરાણી" નાજાં પોતે પણ તેને રૂસ્તમ રોમર સમજીનેજ પરણવા રાજી થઇ હતી, પણ કુદરત તે પાપીને તેના પાપી પ્રયત્નમા ફાવવા કેમ દે ? ખુદાની નજરમાં તો કાઇ જુદીજ રમત ત્યા રમાતી હતી !

પેસી પરણવાની ખુરશીપર જઇ બેઠા બરાબર ખુરશીદ મીનારનાં પોર્ટીકોમાં એક ગાડી ધસારાબંધ આશાને ઉભી રહી અને તેમાંથી એક દેખાવડો જવાન એક્દમ—અચબુચ કુદી પડી ઝડપુ પગલે શીડી ચઢી ઉપર આવ્યો. આ વખતે દીવાનખાનાના આગલા દરવાજા આગળ નવાબ સાહેબ ખુરશેદજંગ પોતાના મોહોરદાર સાથ કાંઇ વાત કરતા ઉભા હતા ત્યાં તે સોહામણા જવાને આવી પહોંચી હસતે ચેહેરે તેમને સલામ કીધી. બેગમ સાહેબ પણ તે નવો આવનાર કોણ છે તેને અચરતીથી જોવા પડયા!

"ઓ મેહેરા માસી, કેમ છેવો? શું તમે ને માસાજી મને ઓળખતાં નથી? હું તમારો ભાણેજ રૂસ્તમ ગેમર છું!"

"ઓ દીકરા, ભલે આયો!" બેગમ સાહેબ તેને ભેટી પડી બોલ્યા "મેં તુને બચપણમા મુબઇમા જોયલો-વરસો પછીથી તું મને ઓલખમાં એકદમ આવી શકયો નહી. સારે વખતે આયો, દીકરા, આજે મારા ઘેરમા ભલાઇ છે. ઓ ખુરશેદ ડીયર જોયા શુ કરોજી? તમારા ભાણેજને મળોની?"

નવાબ સાહેબ હેરત તા રૂસ્તમને ભેટી પડયા. "હું તમુંને જોઇને ખુશી છું દીકરા! આજે અચબુચ કાંહાંથી નીકળી પડયો? ભલા? આદનો કાગળ નહી લખ્યુ તો નહી, પણ ઉપરતી વખતે એક તાર તો કરવો હતો? હું ગુલશનાબાદનાં સ્ટેસનપર તારે સાઉ મારી ગાડી મોકલતે?"

હજી તો આ શબ્દો નવાબ બોલે છે, તેટલાં, દીવાનખાનામાં એક ભયંકર ચીસ સંભળાઇ!—તે ચીસ પાડનાર કોઇજ નહી પણ

આપણી નાઝનં ઉર્ફે મીસ સનોબર દાવર હતી!

નવાબ-બેગમ અને રૂસી એકદમ ત્યાં ધસી ગયાં. જે દીવાનખાનામાં એકજ મીનીટની વાતપર ખુશાલી પોતાનો પુર અમલ ચલાવી રહી હતી, ત્યાં બીજીજ પળે હેબત અને ધભરાટથી સઉ કોઇ ફાટી રહ્યાં!

"મીસ સનોબર અચબુચ બેશુધ થઇ ગયાછ!" કોઇએ એકદમ પોકાર માર્યો અને બેગમ સાહેબ બધાંઓ સાથ તે તરફ દોડયા.

"શું છે? શું?" તેવણે પુછયું, પણ તેજ પળે રૂસીની નજર નાઝનપર પડી. તે તેણીને જોતાં એકદમ ફાટી રહ્યો!

"ઓ મારા ખુદા! એ કોણ? નાઝનં? મારી નાઝનં?-મારા હૃદયાનું હેત?-મારી આંખનો આરામ? ઉભાં રહો માસીજી, અહીં કઇ ભેદ છે!" તેણે બેગમ સાહેબનું પાંખડું પકડી પુછયુ. "આએ બેશુધ થયલી જવાન બાનુ કોણ છે?"

"એ મારી દીકરીઓની મ્યુઝીક માસ્તર મીસ સનોબર દાવર છે, પણ છોડ મારો હાથ-મને એની મદદમાં જવા દે! લાવો-કોઇ જલદી જઇ કોલનવોટરની નહી તો સ્મેલીંગ સૉલ્ટની શીશી લઇ આવો!" બેગમ સાહેબે ધભરાટ કરી મુકયો.

પણ રૂસ્તમનો ધભરાટ કઇ ઓછો ન હતો!

"જરા સબર કરો, માસીજી, તમે એનું નામ શું કહયુ? મને મેહેરબાની કરી જલથી કહેશો?"

"મીસ સનોબર દાવર!" બેગમે હાંફ્લો જવાબ આપ્યો.

"નહી!-એ તો મારા કાકાની છોકરી મીસ નાઝનં રેમર છે

એ માસીજી અહીં ક્યારે આવી ?"

"એક મહીના થયા."

"બરાબર છે–મારી તપાસ મુજબ એ મહીનાની વાતપરજ એ મુબઇથી ગુમ થઇ હતી ! ઓ ખુદા ! તારો કેવો આભાર ? હું એની શોધમાંજ હતો !"

"અરે પણ એ છોકરી જલદી હુશિયાર થવી જોઇયે–એનાં તો આજે લગન છે !" તે બીજલસમાંથી કોઇનો સાદ સંભળાયો.

"કોણનાં–મારી નાજાનાં લગન ?–માઇ ગૉડ ! કોણની સાથે ?"

"મારા પ્રાઇવેટ સેક્રેટરી મી૦ પેસી પીલચર સાથે" નવાબ સાહેબ ખુરશીદજંગ જેવણુ રુસ્તમની પડોશમાંજ ઉભા હતા, તેવણે જવાબ આપ્યો.

રૂસ્તમ રોમરની જાણે વાચાજ આ વાક્ય સાંભળતાં બંધ થઇ ગઇ !

"તમે શું નામ કહ્યું ? બીજીજ પળે તેણે એક બરાડ મારીને પુછ્યુ. "આએ છોકરી કોણ સાથ પરણેછ ?"

"મી૦ પેસી પીલચર સાથ !"

"ઓ દગો !–ઓ દગો ! અહીં કાંઇ સાણુત દગો છે ! મારો તે કહેવાતો દોસ્ત છે ત્યારે અહીં હેદરાબાદમાં આવી ભરાયોછ કે ? ઓ માસાહેબ–જરા સબર કરો ! તે નાપાક કયા છે તે મને બતાવો !"

"આએ શું–"વરરાજા" તો અહીં બેઠાછ !–" કોઇએ તુરત રૂસ્તમનું ધ્યાન ખેચ્યું રૂસ્તમ રોમર ઝટ તે તરફ ધસી ગયો.

"ક્યાં છે તે નાપાક ?–ઓ દગાખોર ! તને મારો દોસ્ત કહું કે સાત ભવનો દુશ્મન કહું ?"

તે આખું દીવાનખાનું ગોયા ધ્રુજી રહ્યું. સાહજનની મીજલસ જોતાં જોતાંમા ઓરમાઇ ગઇ. સર્વે કોઇ દીવાનખાનામાં ધસ્યાં. પ્રથમ તો ત્યાં શું બની રહયું છે તે કોઇને કાંઇ સમજ કે સુજ પડયું નહીં, પણ પછી રફતે રફતે મામલો આપ મેળે ખુલ્લો થઇ ગયો. એક ઝટકે સરવે કોઇની ખાત્રી થઇ ગઇ કે મીસ સનોબરનાં નામ હેઠળ છુપાયલું મ્યુઝીક માસ્તર મીસ નાજાં રોમર હતી અને રૂસ્તમ રોમર તેનો વરસોનો ચાહેલો ભવિષનો ભરથાર હતો !

"ઓહ ! આજના 'બગરાબત' શું અહી તમે છો કે પેસ્તનજી પીલચર ?' રૂસી પેસી નજર ધસી જઇ અણકાથી બોલ્યો. "ઓ દગાખોર દોસ્ત ! તારી–મારી વરસોની દોસ્તીનો તેં મને આએ ફેજ બતાવ્યો કે ? ઓ બદમાશ ચંડાળ ! ઉઠ એકદમ આએ ખુરશીપરથી નહી તો આજે અહી તારૂં મુદડુ પાડુ છ !" અને એમ બોલતાંની સાથેજ રૂસ્તમ રોમરે પેસ્તન પીલચરનું પાંખડુ પકડી તેને ખુરશી પરથી નીચે તોડી પાડયો અને લાત મુકકીના મજબુત મારથી તેનાં હાડકા પાસળાં જોતાં જોતાંમાં દોદરાં કરી નાખ્યાં !

તે પાપીની પાઘડી ઉડીને કોણુ જાણે કયાં જઇ પડી. ગળાંમાં પેહેરેલો ફુલનો હાર રૂસ્તમે મારેલા ઝટકાથી તુટીને વેર વીખેર થઇ ગયો અને તેનાં જામા–પીછોડીનાં ચીરીયે ચીરીયાં નીકળી ગયાં !

"ઓ મને કોઇ બચાવો !–મને આએ આદમી મારી નાખશે !" બેરી પીલચરે રૂસ્તમ રોમરની લાત મુકકીનાં મજબુત માર વચ્ચે

બીજાંઓનાં કાલાવાલા કીધા. "માફ કર રૂસ્તમ રોમર, મને માફ કર ! હું તારી સાથ સાબુત દગો રમ્યોછ ને તારા ને મારા એક મલતા ચેહેરાને લાભ લઈ મેં તારી નાજાંને ફાંદામાં ફસાવવા ઇચ્છી, પણ કુદરતના ગેબી બાપે મારાં પાપની મને છેક અંતની ઘડીએ વાજબી સજા કીધીછ. ઓ રૂસી-રૂસી ! દયા કર ! હાથ જોડીને તારી પાસ માગી લઉંછ કે હું અબઘડી અહીંથી ચાલી જાઉંછ, પણ તું મને—"

અહીં તેનોં સાદ તે દીવાનખાનામાં મચી રહેલા ભારે ધબરાટથી કોઇને સંભળાયો નહી. કેટલાક દયાળુ ગ્રહસ્થોએ તે પાપીને રૂસ્તમના ઝનુની પંજામાથી મહા મુસ્કેલીથી છોડવી વરંડા તરફ કાઢી મેલ્યો, જ્યાંથી તે જીવ લેતો કે પોતાની હદઅહાર હીણપસ્તી વચ્ચે નહાસીને જોતા જોતાંમાં બગીચો વંટાવી ગુમ થઈ ગયો !

પેલી તરફ બેગમ સાહેબ અને બીજી બાનુઓની મદદથી મીસ સનોબર (વાજબી બોલીયે તો હવે મીસ નાજાં રોમર) મોટી મુશકેલીથી શુદ્ધિમાં આવી અને શુદ્ધિમાં આવતા વાર ધસીને એકદમ "ઓ મારા સાચા રૂસી !" બોલી રૂસ્તમ રોમરના હાથમાં જઇ પડી પછી બેશુદ્ધ બની ગઇ !

* * *

હવે લંબાણુ કરવાની જરૂર નથી. ખરૂં શું હતુ તે રૂસ્તમ રોમરે તે તમામ મેળાવડા સન્મુખ ખુલ્લે ખુલ્લું જાહેર કીધું અને એક દગાખોર દોસ્ત કેવો હોય તેનું ચિત્ર દર્શાવતાં પેસીએ તેના એક મલતા ચેહેરાનો કેવો ગેરલાભ લીધો હતો તે વિગતથી બયાન કીંનું. જ્યારે નાજા-

પછી શુદ્ધિમાં આવી ત્યારે રૂસ્તમે તેને સઉથી પેહેલ્લો સવાલ આ પુછયો; "નાજાં ડીઅર, તુંને ખુદ ખુદાનાં કસમ છે—હું એક વાત પુછુંછ તેનો ખરી 'મનશની—ગવશની ને કુનશની'થી એકરાર કરજે. તું આએ ચંડાળ સાથ આજે પરણુવા તઇયાર થઇ તે એને કોણ સમજીને?"

"રૂસ્તમ રોમર સમજીને, મારા રૂસી! મારી એ બેવકુફાઇ તું મને માફ કરશે કે વ્હાલા?"

"એમાં તારો કશો કસુર છેજ નહીં; મારી નાજુ, તું નાહક ઓસકા ના." રૂસ્તમે તેણીને પ્યારથી પાસામાં લઇ સઉની હાજરીમાં પ્રગટ ખુલાસો કીધો, "જે બદમાશને જોઇને મારાં સગાં માવતર વટીક કેટલીક વાર ઠગાતાં હતાં કે 'મારો દીકરો આયો!' ત્યાં હું તારો તો શું વાંક કહાડું? મને અને તે બદમાસને ઓળખવાની માત્ર બેજ છુપી નીશાની એ છે અને તે એકે તે નાલાયકને આખો વખત પોતાંની આંખ્યો પીલપીલાવ્યા કરવાની તથા ઘડી ઘડી ડાબી બાજુનું ખભું હીલવવાની આદત છે. જે બેઉ કમાલ એબથી હું ખુદાની બક્ષેશથી નીરાળો છું."

"એજ—બસ એજ બેઉ નીશાનીપર મનેબી વ્હેમ ઉપજ્યો હતો રૂસી ડીયર, હજી હું એની લનતરાણીપર લોભાઇ. વળી તે તમારો કેહેવાતો દોસ્ત હોવાનો મને સ્વપ્નેબી ખ્યાલ નહીં હતો, એટલે એણે જે જે અચુક ભાગ ભજી બતાવ્યા તે ઉપરથી હું સાબુત ઠગાવા પામી." નાજાં કગળી પડી.

"પણ ખુદાનો આભાર માન, નાજુ કે તે માલેકે ગેબી મદદથી

અણીધીક વખતે મને અહીં લાવી મુકયો." વળી રૂસ્તમે ખુલાસો કીધો "તું જાણુતી નથી, પણ જે બેગમસાહેબની નોકરીમાં તું હાલ છે, તેવણુ મારાં સગાં માસી છે, અને આએ મોભાવાળા ને ઉંચા દરજ્જાના નવાબ સાહેબ ખુરશીદજંગ મારા માસા થાય છે. મુંબઇથી તું ગુમ થવા પછી હું બેન ફીવરથી પટકાઇ પડયો અને મરતો મરતો બચ્યો. તે બાબે મારાં મમ્માએ આએ મારાં માસીપર લખ્યું હશે તેવી એવણે બોંહોસ કરીને મને થોડા દહાડા હવા ખાવા સારૂ આએ તરફ બોલાવ્યો પણ તુરતાતુરત હું આવી શકયો નહીં. હાલ અચણુચ બે ચાર દીવસપર મારૂં મન થઇ આયું કે વરસોથી મેં મારા માસી માસાને જોયાં નથા તેથી તેમને જોઉં—મલું ને બે દહાડા મારાં દુઃખી દીલને રાહત આપું—એ ખ્યાલથી એ લોકને વગર ચેતાવવે હું અચણુચ અહીં ઉપડી આયો એમાંબી ખુદાનોજ ગેબી હાથ હતો, જો તે માલેક મને અચાનક ત્યાં લાવતે નહીં તો એ ચંડાળ પોતાની નીચ નેમમાં આસાનીથી ફાવી જતે, ને હું તું વ્હાલીની જુદાઇમાં હાથ ઘસતો રહી જતે!"

આ અજાયબ જેવી કાહાણીથી તે આખી મીજલસ દંગ થઇ ગઇ. પેલા "પ્રાઇવેટ સેક્રેટરી સાહેબ મી૰ પેસી પીલચર" તો ક્યાંનાં કયાં અગીયાર ગણી ગયા તેની કશી બાતમી કોઇને મળી નહીં. હવે પરોણાઓ આ રીતે રંગમાં ભંગ થએલો જોઇ ખુરશીદ મીનાર છોડી જવા ઉઠી ઉભાં થયાં, પણ રૂસ્તમ રોમરે તેમને જવા દીધાં નહી.

"મહેરબાન બાનુંઓ અને સાહેબો, હું હાથ જોડીને અરજ

કરૂંછ કે તમો કોઇએ અત્રેથી ચાલી જવું નહીં. તમો એક તાજવારીની ખુશબખ્તી ભરેલી ખુશાલીમાં ભલાઇથી ભાગ લેવા આવેલાં છો એ તમારે ભુલી જવાનું નથી. તે ચંડાળ 'વરરાજા' નું રાજ પુરૂં થઇ ગયું છે, પણ આજ સાંજનો ખરો 'વરરાજા' તો હું છેઉં. હું એક પા કલાકમાં નાહન નાહી ડ્રેસ કરી મીજલસમાં આઉંછ અને એજ કુમારીકા સાથે તમારી હાજરી અને રાજી-રજાવંદીથી આપણા માનવંત દસ્તુરજી સાહેબ અમારૂં જોડું જોડી આપશે બાનુંઓ અને સદ્દગૃહસ્થો, કોણની પકાવેલી ખીચડી કોણ ખાઇ જતું હતું તે તમોએ તમારી નજરે જોયું છે, પણ શુકર તે બારે હકતાલાનાં કે આ તની ઘડીએ તે ગેબી માલેક એક નિર્દોષ અબળાનો અંતે નિગેહબાન થયો છે."

રૂસ્તમ રોમરનાં આ રમુજી ભાષણથી તે મીજલસમાં પછી ખુશાલી પેદા થઇ સૌ કોઇનાં જીવ જે આટલો વખત રંજીસ થઇ ગયાં હતા, તે મામલો. ફરી એકવાર જોતાં જોતામાં ફેરવાઇ ગયો. નાજાં પોતે તો લગનનાં પોશાકમાં તૈયાર હતીજ. [illegible] માસી સાથ અંદર ગયો. અને પંદર વીસ મીનીટમાં "વરરાજા" બની દીવાનખાંનામાં આવી બેઠો! આવખતે સર્વે કોઇએ તે લાયકીવાળા હીંમતવાન જવાનને તાળીઓથી વધાવી લીધો.

હવે કહેવાની જરૂર નથી કે તેજ દહાડે પેલા પાપી પેસીને બદલે ખરા રૂસ્તમ રોમર સાથ નાજાં રોમરના "ખુરશીદ મીનાર" માં ભારે ધામધુમથી લગન થયા. જે લગન એક કલાકની વાતપર નવાબ સાહેબનાં નોકરોનાં લગન" હતાં, તે હવે "નવાબ શાહેબના

અતલગનાં ખેશીઓનાં લગન" માં બદલાઇને "ખરનાંજ લગન" રૂપે સર્વ કોઇની હશીખુશી વચ્ચે પુર ફતેહમંદીથી પાર ઉતર્યાં.

એ રીતે નાજાં રોમર એક ચંડાળનાં ફાંસામાં ફસી પડતી ખુદાની ગેબી મદદથી સેહેજમાં બચી ગઇ! વગર શક તે એક ગેબી મદદ હતી તે ગેબી ગફ્ફારે પોતાની ગેબી કરામતથી ખચીત એક ગેબીજ ભાગ ભજી બતાવ્યો હતો!

લગનની બાહારવણે રૂસ્તમ નાજા સાથ "હનુમીન" માટે, દરેક જણાનાં આશીશ વચ્ચે, મધરાસ ઉપડી ગયો. તેણે મધરાસ પોંહોંચી તે ખુશ ખબર પ્રથમ તારથી તથા પાછળથી કાગળો મારફતે પોતાના માવતરપર થાણે અને "કાઇમાય"પર મુબઇ મોકલી આપી, તે સુખદાયક સમાચાર સાંભળી તે બન્ને અબળાઓએ ખુદાનો અંતઃકરણથી આભાર માન્યો.

પ્રકરણ ૨૬ મું.

"વીસ લાખના વારસો" અંતે નાજાંનેજ મળ્યો!

[દોહરો.]

પાક પ્રેમને અત્તનિસા, આવે નહિ દ્રષ્ટિ આંચ.
પ્રેમે વશ રાખી શકી, પાંચાળી પતિ પાંચ.

(હિકમાન.)

ફીલ્સુફો કહી ગયા છે કે કીસ્મતમાં લખેલા લેખ કદી મટના નથી. રૂસ્તમ રોમર વર્ષોની જુદાઇ પછી નાજાંને પોતાની કરી શકયો ખરો, પણ તેની ગીરદેશીનો ઘેરો હજી પુરો થયો ન હતો. "સ્રીના વચનો રતીપર લખાયલાં હોય છે" એવું માનનારાઓ માહેલો તે એક હતો પણ તેની પ્રેમ પ્રીયા નાજને એ કાકાજીનાં વીસ લાખનાં વારસાને ઠોકરે મારી પઇસા કરતા પ્યારને આપેલી ઉચ પદ્વિથી હવે તેની પુરે-પુરી ખાત્રી થયલી હોવાથી તેનું તે આગલુ મત વગર શકે ફેરવાયું હતું. તેણે પોતાની મધુરી માહજબીન આગળ મથરાસ ખાતેના પોતાના વસવાટ વચ્ચે એકથી અનેકવાર કબુલ્યું હતું કે 'બધીજ સ્રીઓ સરખી હોતી નથી. ઓરતજાતમાં પણ પઇસા કરતાં પ્યારને શ્રેષ્ટાપ આપનારી તું જેવી સાચી અને સદગુણી સ્રીઓ હોય છે, એવી હવે મારી પુરેપુરી ખાત્રી થઇ છે."

ગુમ થયલી નાજાં નિઝામ હૈદરાબાદમા રૂસ્તમના માસીને ત્યાંથી અચબુચ મળી આવી અને રૂસ્તમ સાથ પરણીને "ઠેકાણે પડી." આ સમાચાર ધનબાઇ રોમરને સઉ કરતાં વધુ સંતોષ આપનારા થઇ પડયા તેવણે ફીરોજની સલાહ લઇ તે ખુશ ખબરનાં વળતા જવાબમાં રૂસ્તમ પર લખી વાળ્યું કે હવે ગઇ ગુજરી બધી ભુલી જઇ નાજાં તથા પોતાના માવતર નવાજબાઇને લઇ પોતાની સાથે "ધન લોડજ" માં આવી વસવું, પણ તે હેતભર્યું આમંત્રણ તે જવાન જોડાંએ ઉપકાર સહિત ના પાડી પોતાની ગરીબડી ચટણી-રોટલીપરજ રાજી રહેવાનો ઠરાવ કીધો. મથરાસમા એક મહિનો "હનીમુન" ભોગવી તેઓ ગુપચુપ થાણે આવ્યાં અને એક અઠવાડીયાંમાં ત્યાંનું ઘરબાર ઉઠી રૂસ્તમ રોમર પોતાનાં મા તથા મોહોરદાર સાથ પેશાવર તરફ જઇ વસ્યો.

અહીં તેને એક નોકરી મળી હતી. નાજાંનો વિચાર મુંબઇથી બનતાં સુધી દુર રહેવાનો હોવાથી રૂસ્તમે મુંબઇની નોકરી છોડી દીધી હતી, પણ એમ કરવામાં તે જવાન જોડાંએ જબરી છક્કડ ખાધી હતી. જ્યારે ઇનશાનપર ગીરદેશાનો ઘેરો ગલબો કરે છે ત્યારે ગમે એવાં ડાહ્યાં માણસો પણ પોતાનું ડહાપણ ભુલી જાય છે ભલા રૂસ્તમનો પણ તેજ હાલ થયો, તે ભલે "ધન લોડજ" માં જઇ વસ્યો નહીં હતે, પણ મુંબઇમાંજ પોતાની અસલ નોકરીને વળગી રહેતે, તો પાછ- ળથી તેને જે જે મહાન સંકટો ખમવા પડયાં તેમાંથી બચી જતે, પણ બનવા કાળ ચુકતો નથી. ગરીબનાં નસીબ હંમેશા ગરી- બજ હોય છે તે પેહેલ્લી શરૂઆતમાંજ તેના પાળમાં ખરું પડયું. પેશાવરમાં નવી નોકરીપર હરીમાગ થયા પછી ૨ વરસ નરમ ગરમ પસાર થયા, પણ ત્રીજે વરસથી જાણે તેની બદબખ્તીજ બેઠી હોય તેમ કોલેરાના એક અચાનક હુમલાથી તેના બુઝર્ગ માતા નવાજબાઇ બેહેસ્તનશીન થયા. રૂસ્તમ અને નાજાં આ દુખથી ઘણા દુ:ખી થયાં, પણ મરનાર બાનુને હકમાં તે બનાવ સારો હતો, કારણ કે તે પછી ગરીબ બીચારા રૂસ્તમ રોમરપર જે જે વીત્યુ તે જોઇને દુઃખી થવાને તેવણ જીવ્યાં નહીં. માવતરનાં મરણને છ માસ નહીં ગયા તેટલાં રૂસ્તમ ઉપર એક મોટી તવાઇ આવી, તે પેશાવરનાં એક જાણીતા યુરોપીઅન ઝવેરીની દુકાનમાં રૂ. ૨૦૦) ના પગારે નોકરી હતો. એ ઝવે- રીની દુકાનના ચીપ મેનેજરે દુકાનના હીસાબમાં મોટો ઘોટાળો કરી એવી સીફતની ઠગબાજીથી નાણું ઉચાપટ કીધુ કે તેની તમામ જોખમદારી રૂસ્તમ રોમરને માથે આવી અને તે લુચ્ચો મેનેજર સાબુત છટકી ગયો! ગરીબ બીચારો રૂસ્તમ, જે તમામ નિર્દોષ હતો

તે આ મામલો જોઇ ઠમલાઈ ગયો. તેણે પોતાથી બની શકતો દરેક બચાવ કીધો, પણ કમ કીસમતનાં ભોગે સંજોગો તેની એટલા વિરૂધ હતા કે રૂસ્તમને ત્રણ વરસનાં સખત કેદખાનાની અને ૧૮૦૦ રૂપીયાનાં દંડની ભારે સજા થઇ. નાજાં આ મામલો જોઇ ફીકરથી ફાટી રહી ! એક લુચ્ચા બદમાશની ચાલુચેતી ભરેલી ઠગબાજીથી તેણીના વ્હાલા ભરથારની થઇ પડેલી એવી દુ:ખદાયક સ્થીતિથી તેણીનો તમામ આધાર-આસરો તુટી ગયો.

રૂસ્તમ જેલમાં ગયા પછી દુ:ખી અબળાની નિરાધાર સ્થીતિ બહુ દયાજનક થઇ પડી. આજે દુનિયામાં નિર્દોષો કેવાં દંડાય છે તેનો આ એક મોતેબર દાખલો હતો. એક તો તે વ્હાલાની જુદાઇ, બીજું તો તેની ગેરહાજરીમાં પોતાનું ગુજરાણ કરવાની તેણીપર આવી પડેલી અચાનુચ આફત અને ત્રીજું સૌથી મોટું અને મહા દુ:ખ ઉપજાવનારૂં એ હતું કે દુનીયાની નામોશી તેનું કલેજું વીંધી નાખતી હતી નાજાં ચાહતે તો આ વખતે તેણી પોતાની વ્હાલી માવતરનો આસરો સેહેલાઇથી મેળવી શકતે, પણ નહીં. જે સીડીથી તેણી પોતાનો ટેક સાચવવા માટે આપ મરજીથી ઉતરી હતી તે સીડીએ પાછા જવું—એ ગમે એવી હીણપસ્તી વચ્ચે પણ તેણીને ગમ્યું નહીં. છત્રીસ-છત્રીસ મહીનાઓ સુધીની તે જાલેમ જુદાઇ તે સહનશીળ સુંદરીએ એક મરદને પણ હેરત કરે એવી હીમત અને સબુરીથી સહન કીધી. અંતે ત્રણ વરસ પુરાં થત્તાં રૂસ્તમ કેદમાંથી છુટી ઘરે આવ્યો, પણ હવે તેનું નામ હલકુ થયલું હોવાથી તે જ્યાં જ્યાં જતો ત્યાં ત્યાંથી હીણાઇને પાછો ફરતો પેશાવર છોડી તે નાજાં સાથ લાહોર ગયો, આ અભાગ્યાને ત્યાંબી એને નોકરી મળી નહીં. તે લાહોરથી નીકળેલો

કેશમીર તરફ ગયો જંગબાર જવા આગમચ તે નાજાને કહેતો ગયો કે આપણા પરણ્યા સંસારનો આ પહેલ્લો તબકકો દુઃખથી ભરપુર નીવડવા પામ્યો છે, તો તેની ચિંતા નથી, પણ પુરૂષનું નસીબ પાદડાં તળે એ કહેવત તેં હરગેજ ભુલવી નહી. ગમે એવી ગરીબાઇની ગીરદેશી વચ્ચેબી આપણો પરસ્પરનો પ્યાર સાબુત છે એજ બસ છે, માટે ધીરજ છોડવી નહીં."

રૂસ્તમ જંગબાર ગયા પછી નાજાં પેશાવર ખાતે બહુજ કંગાળ દિવસો પસાર કરવા લાગી. તેનાં ગમનો હવે પાર રહયો નહી જે પ્યારા સાથ ગમે એવા ગરીબાઇ વચ્ચે 'એક સુખી સંસાર' ભોગવવાની તેણીના જીગરમાં વસ્મેલી એક ઉમેદ બરપા થયલી હતી, તે ઉમેદ તેની ખીલ્તી જવાનીમાજ આમ કરમાઇ જવાથી તેણી ગમે એવી સહનશીલ છતાં નાસબર બની. સુકી રોટી અને ચટણી ખાઇનેબી રહેવાનું હોય તો તે તેમ રહેવાને રાજી હતી, પણ પોતાના વાહાલા રૂસ્તમની જાલેમ જુદાઇ તેનું અંતકરણ હર પળે કોતરી ખાતી હતી. ગમે એવા ભુખમરા વચ્ચેબી રેહવાનું હોય, તે છતાં તેનો જીગરજાન વાહાલો તેનાં પાસાંમાં હોય તો તેને તે દુઃખ નહીં પણ સુખ સમજે એટલી તેણી તેને માટે અધીરી પડી હતી.

એવા એવાં સેંકડો સંકટો વેઠતાં અંતે તે ત્રણ વરસ પુરાં થવે રૂસ્તમ જંગબારથી પાછો ફરયો. તે પોતે પણ હવે એકલો રહેતા કંટાળી ગયો હતો. વળી જંગબારની નોકરી પણ જોખમભરેલી હતી અને તે જોખમભરેલી ફરજો અદા કરવા છતાબી તેને આગળ વધવાના "ચાન્સીસ" નહીં હોવાથી તે હવે પોતાની મુદત પુરી થતાં

પેશાવર ખાતે પાછો ફરયો હતો

"મારા જાન, ખુદા ખાતર હવે તો ચટણી ને રોટલી ખાઇ ને રહીશું પણ તું વાહાલો મને છોડીને પરાયા પ્રદેશમા ના જા." રૂસ્તમ જગબારથી આવતાં વાર નાજાંએ પરીયારો કીધો "તારી જુદાઇ હુ ખમી શકતી નથી." ખુદા જે દાળ–રોટલી આપણને અહી આપશે તે ખાઇને સબુરી પકડશું, પણ તારા પ્યારા હવાલામાથી મને દુર હાંકી ના કહાડ. મને ગરીબાઇની ગીરદેશી નથી મારતી, તેટલી તારી જુદાઇની જાલેમ આગ મારી નાંખેછ "

રૂસ્તમે તેણીને ધીરજ આપી અને હવે છુટાં નહી પડવાનો ઠરાવ કરી તુરતવેળા તે પેશાવરમાંજ રહયો, પણ અહીં ગુજારો થવો મુશકેલ થઇ પડવાથી તે બેઉ ધણી-ધણીઆણી ત્યાંથી ઘરબાર ઉંચકી મધરાસ જઇ વસ્યા "

ઇનસાનના બધાજ દહાડા સરખા જતા નથી. જેઓ દુ:ખી હોય છે તેઓ દુ:ખનાં વાદળો પસાર થવે સુખી થાય છે અને જેઓ સુખી હોય છે તેઓ સુખનો છાયો નીકળી જવે દુ ખરૂપી દરીયામા પડે છે આપણા રૂસ્તમ રોમરની પણ તેજ હાલત થઇ.

મધરાસમા એક ઇગ્રેજ ઓધેદારના પ્રાઇવેટ સેક્રેટરીની ખાલી પડેલી જગ્યાપર રૂસ્તમ ગોઠવાઇ ગયો અને સારાં નસીબે તેને એક સારા પગારે તે નોકરી મળી ગઇ. એક વરસ વધુ પસાર થયું અને કુદરતે હવે તેને તેની નિર્દોષતાનો બદલો વાળી આપ્યો. પેશાવર ખાતે જે ઈંગ્રેજ ઝવેરીના લુચ્ચા મેનેજરે દગાઇ કરી તેને કાયમની નામોશી

અપાવી તે લુચ્છો પેશાવ-માં મરવા પડયો અને અંતે મોતના બીછાનાંપર તેણે ખરેખરો એકરાર કરી રૂસ્તમ રોમર તમામ નિર્દોષ હતો એમ જાહેર કરીને મરણ પામવાથી જાહેર છાપામાં તે સમાચાર ચોતરફ આશકારા થયા. મદ્રાસના એક આગેવાન પેપર મારફતે આ "ખુશ ખબર રૂસ્તમે પણ વાંચી, જે વાંચીને તે ભલા જોડાંએ સાથે ઉભાં રહી એક બંદગી કરી તે દયાળુ દાદારની દરગાહમા સર નમાવી તેનું હજારો હજાર હેશાન માન્યું.

* * * *

બરાબર ૧૦ વરસનો એક દાહેકો પસાર થવે, એક દહાડે, મરહુમ જાલકાકાનાં સોલીશીટરો મેસર્સ જેમીસન અને જાહાંગીર આગમચથી ખબર આપીને "ધન લૉડજ" માં પધાર્યા અને બધાની સમક્ષ પેલું ન્હાનું મોહોરબંધ પરબીડું ઉખેળી તેમાં મરનારે જે એક "વધારાની કલમ" લખેલી હતી તે નીચે મુજબ વાચી સંભળાવી:—

વધારાની કલમ:—મારા છેલ્લા વીલમાં ૧૨ મી કલમમા મેં ફરમાવ્યું હતું કે "વશયતનામાની ૯ મી કલમની શરતો મારા જે વારસો નહી સ્વીકારે અને અમાન્ય કરે તથા મારા હુકમની વિરૂધ્ધ જઈ મારા મરનાર ભાઇ નવરોજી રોમરનાં હરકોઇ ફરજંદ સાથ શાદીના ગાંઠથી જોડાવાની ઇચ્છા રાખે તો તેને મારા વારસામાથી એક દમડીબી આપવી નહી. મારી કજા બાદ જો કોઇ તેવો સંજોગ ઉભો થાય તો મારી શરતને અમાન્ય કરનારનાં તે વારસાની તમામ રકમ અનામત બેંકમાં વ્યાજે મુકવી અને દશ વરસની મુદત સુધી તેને કોઇએ હાથ લગાડવો નહી. મારી કજા બાદ બરાબર એક દાહેકો પસાર થવે આએ વશીયતનામાં જોડે મે એક મોહરબંધ

ન્હાનું પેકેટ મુકેલું છે તે, તેનાં કવરપર લખ્યા મુજબ દશ વરસ પુરાં થવે ખોલીને તેમાં ફરમાવ્યા મુજબ તે વારસાની વ્યવસ્થા કરવી." હવે એ વ્યવસ્થા શું કરવી તે હું અહી સમજાઉં છું. મારા ખાનદાનમાં ખાનદાની ટેક કેવો અને કેટલા પ્રકારનો છે, તથા મારાં વારસો પઇસાને મોતેબરી આપે છે કે પ્યારને તેનું માત્ર માજણું જોવા સારૂંજ મેં આએ કરડી શરતો કીધી હતી. જો કે તે કેવી રીતે પળાશે તે જોવા માટે હુ જીવતો રહેવાનો નથી, તોપણ માનોછ જેહાનમા મારા આત્માને તેની આગાહી થયા વીના રહેવાની નથી. મને મોટામાં મોટો શક મારી વ્હાલી ભત્રીજી નાજાં માટે છે જો મારા વારસોમાંથી કોઇબી મારા હુકમની બહાર જશે તો તે એકલી નાજા જશે એમ હું ખાત્રીથી માનતો હોવાથીજ આએ શરત મે મુકી હતી, પણ એમ કરીને મેં મારા મરનાર ભાઇની એ ન્હાની બેટીની કસોટી લીધી છે. દુનીયામાં પઇસા એક એવી પલીદ ચીજ છે કે ડાહ્યા માણસોનાં ડાહપણ પણ ઘડીની વચ્ચે જતાં રહે છે, માટે મારા વીસ લાખના વારસાપર મારી નાજાં દીકરી લોભાઇ જઇને મારો વ્હાલો ભત્રીજો રૂસ્તમ (કે જેને મેં કદી નજરેબી જોયો નથી તેને) એ બેવફા થાય છે કે નહી તેજ હું જોવા માગતો હતો. મારી વ્હાલી દીકરી નાજાને કહેજે કે તારા કાકાજીની કસોટીમાં તું પહેલે નંબરે પસાર થઇ છે. જો કે એ દશ વરસના ગાળા દરમયાન તેં અને તારા ધણીએ ગરીબાઇનાં ઘણાં ઘણા દુઃખો સહન કીધાં હશે, પણ હવે તે વધુવાર રહેવા પામવાનાં નથી. હું મારા એકઝીકયુટરોને આ લખ્યાથી ફરમાઉં છું કે સાચા પ્યારને માટે જેમ મેં મારો બાપીકો હીસ્સો જતો મેલ્યો હતો તેમ આ નેક દીકરીએ મારો

પગલે ચાલી મને એવડો ખુશ કીધો છે, માટે વીસ લાખનો આ વારસો તેનાં વ્યાજ સાથે એ વર બધયરને હુ આજથી બક્ષીશ કરૂ છુ. જે, તેઓ જ્યાં હોય ત્યાંથી શોધ કરીને તેમને સ્વાધીન કરવો.

લા૦ **જાલભાઈ રૂ. ચીનાઈ.**

વહાલાં વાંચનાર ! હવે હુ તમને વધુ ખોટી કરીશ નહી. એક વખત એવોબી હશે કે મરહુમ જાલકાકાને તમે 'જંગલી' ધાર્યા હશે, પણ ઉપલી "વધારાની કલમ" વાંચ્યા પછી તમારા મોહડાંમાંથી તે માનવત બુજર્ગ ગ્રહસ્થ માટે "આફ્રીન" બોલ બોલ્યા વિના રહેશો નહી !

જ્યારે સુખ આવે છે, ત્યારે સામટુ જ આવે છે પેલી તરફ નિઝામ હૈદરાબાદવાળા પેલા માનવત નવાબ સાહેબ ખુરશીદજંગ મરણ પામ્યા અને મરણ પ્રસંગે તેમનો એકપુરો બેટો સાવક, જે ગુલબરધાનો તાલુકદાર હતો તે તેમની આગમચનો ગુજરેલો હોવાથી નવાબ સાહેબ પોતાની લાખો રૂપીયાની દોલતનો એકલો વારસ આપણા રૂસ્તમ રોમરને કરી ગયા. આ ખુશ ખબર જ્યારે મધરાસમાં રૂસ્તમ અને નાજાંની જાણમાં આવી ત્યારે તેમનાં હરખનો પાર રહયો નહી. તેઓ તુરત હૈદરાબાદ દોડયા, પણ ત્યાં નાજાંની ખબર કાઢતા ફીરોજ જઇ પહોચ્યો, જેણે જાલકાકાના વીસ લાખના વારસાની વધુ ખુશ ખબરી ઉમેરવાથી તે જવાન જોડું હરખથી ગેલા ઘેલું બની ગયુ !

આજે મુંબઈનાં "જલભાઈ પેલેસ" મા ધનબાઈ અને ફીરોઝ ઉપરાંત નાજાં તેનો રૂસ્તમ તથા 'ગુલશનાબાદનાં રાણી" બેગમ મેહેરબાનું અમનચમનમા પોતાનાં દીવસો ગુજારે છે. રૂસ્તમની બેહેન માણેક, ફીરોઝની બેહેન આલાં અને પેલી નવાબજાદીઓ શીરીન, ગુલ તથા પીલા હાલ ત્યા પરોણાં આવેલા તે અને પોતપોતાનાં ગુલાબી ગુલગુલીયાંઓને હરખથી રમાડે છે. હું ધારૂ છું કે હવે મારૂં કામ પુરૂં થયું છે નાજાં વીસ લાખનો વારસો મેળવી ચુકી છે અને વારસા ઉપરાત પૈસા નહી પણ પ્યાર સરસ એ વાત તેનીએ પુરવાર કરી આપી છે ! સાહેબજી !

સમાપ્ત.

પ્લીઝ !

જ્યારે બી તમુને-

તમારાં ઘરો માટે—બંગલાઓ માટે—અથવા તેની અંદરના—કોઈપણ ભાગો માટે શણગાર કરવાની, તેને ભપકાબંધ બનાવવની તમુને જરૂર પડે ત્યારે—હમારી

બોમ્બે ટાઇલ માર્ટની

દુકાન કે—

જે મુંબઇ બેંકની સામે આવેલી છે ત્યાં દરેક જાતની રંગબેરંગી ટાઇલ્સો ગરીબ તેમજ તવંગરો માટેની એક-સરખા ભાવે ઘણી સસ્તેથી વેચવામાં આવે છે.

મારસેલ્સની રંગબેરંગી લાદીઓના તથા સ્ટીલની શીલીંગના એ-કે-કા ડીઝાઇનોના નમુનાઓ તમુને હાથ-માંથી મુકવાબી ગમશે નહીં.

ફકત એકજ વખતની હમુને ટ્રાયલ આપો.

ધી બોમ્બે ટાઇલ માર્ટના માલેક.

ગુલામઅલી ગુલામહુસેન.

સ્થાપી ૧૮૮૮, ૨૧, બેંક સ્ટ્રીટ મુંબઇ.